ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની આસ સભા, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, શનિવાર તા. ૯-૧-૧૯૫૪ના રોજ બપોરના ૧૨-૦ કલાકે મળેલી અને રવિવાર તા. ૧૦-૧-૧૯૫૪ના રોજ પણ તે જ સમયે ચાલુ રહેલી, તેમાં હાજરી નીચે પ્રમાણે હતી:

		તા. ૯-૧-૧૯૫૪	તા. ૧૦-૧-૧૯૫૪
૧.	શ્રી. હરસિદ્ધભાઇ વ. કિવેટિયા, વાઇસ-ચાન્સેલર	હાજર,	હાજર,
૨.	શ્રી. એન. આર. ત્રિવેદી	ગેરહાજર,	ગેરહાજર,
૩.	ડૉ. મોતીભાઇ ડી. પટેલ	હાજર,	હાજર,
૪.	શ્રી. બદુભાઇ એચ. દેસાઇ	હાજર,	હાજર,
૫.	ડૉ. ભાસ્કર આર. પટેલ	હાજર,	ગેરહાજર,
૬.	શ્રી. ભાઇલાલભાઇ ડી. પટેલ	હાજર,	હાજર,
૭.	શ્રી. ઝીણાભાઇ ૨. દેસાઈ	ગેરહાજર,	ગેરહાજર,
૮.	શ્રી. બી. કે. મુન્શીભદ્રાર	ગેરહાજર,	ગેરહાજર,
૯.	શ્રી. મગનભાઇ પ્ર. દેસાઈ	હાજર,	હાજર,
૧૦.	શ્રી. રતિલાલ એમ. ત્રિવેદી	હાજર,	હાજર,
૧૧.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	ગેરહાજર,	ગેરહાજર,
૧૨.	પ્રિન્સિપાલ કે. જી. નાયક	હાજર,	ગેરહાજર,
૧૩.	પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી	હાજર,	હાજર,
૧૪.	પ્રિન્સિપાલ એમ. બી. દેસાઈ	હાજર,	હાજર,
૧૫.	પ્રિન્સિપાલ આર. પી. પટેલ	હાજર,	હાજર,
૧૬.	પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર	હાજર.	ગેરહાજર.

૯/૧૦-૧-૧૯૫૪

૧. તા. ૫-૧૨-૧૯૫૩ના રોજ મળેલી સિન્ડિકેટની ત્રેવીસમી બેઠકના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૧ અ. તા. ૫-૧૨-૧૯૫૩ના રોજ મળેલી સિન્ડિકેટની સભામાં થયેલા કામકાજ નં. ૭૫, ૭૭, ૭૯, ૮૦ અને ૮૨ માં મુકરર કરેલી શરતોમાં ફેરફાર કરવાની શ્રી. એ. કે. ત્રિવેદીની સૂચના.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે પ્રમાણે ફેરફાર કરવા:

કામકાજ નં. ૭૫

શરતો (૧) અને (૨) ને બદલે નીચે પ્રમાણેની શરતો રાખવી:

(1) That the suggestions and arrangements as agreed to by the Principal in the matter of accommodation be carried out before 19th June 1954.

(2) That the Museum be equipped and located in a separate room before 19th June 1954.

શરતો નં. (૩) થી (૬) જુદા જુદા ક્લાસમાં દાખલ કરવાના વિદ્યાર્થીઓની સંખ્યાને લગતી હોઇ તે સેનેટના એજન્ડામાં છાપવી નહિ.

કામકાજ નં. ૭૭

શરતો (૧) અને (૨) ને બદલે નીચે પ્રમાણેની શરતો રાખવી:

(1) That the College Authorities carry out the suggestions and arrangements as agreed to by the Principal, before 19th June 1954.

(2) That the Department will be provided with the necessary furniture and other equipment before 19th June 1954.

ઠરાવના પેરા ૧ માં "15th March 1954" ને બદલે "15th June 1954" કરવું.

શરત નં. (૩) ક્લાસમાં દાખલ કરવાના વિદ્યાર્થીઓની સંખ્યાને લગતી હોઈ તે સેનેટના એજન્ડામાં છાપવી નહિ.

કામકાજ નં. ૭૯

શરત નં. (૧) ને બદલે નીચે પ્રમાણેની શરત રાખવી:

(1) That the College appoints one more suitable teacher in the English Department before 19th June 1954.

શરત નં. (૨) રદ કરવી.

ઠરાવનંબર નં. ૮૦

શરતો (૧) અને (૨) રદ કરવી અને ફક્ત શરત નં. (૩) રહેવા દેવી, અને તેને (૨) નંબર આપવો.

ઠરાવનંબર નં. ૮૧

ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવમાંથી નીચેના શબ્દો કાઢી નાખી બાકીનો ભાગ મંજૂર કરવો.

"and that the College be not granted extension of affiliation for courses of study leading to the B.E. (Civil, Mechanical and Electrical) Examination."

૨. ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનની જગ્યા માટે બોલાવેલા ઉમેદવારોના ઇન્ટરવ્યુ લઇ મંજૂર જગ્યા ઉપર નિમણૂક કરવા બાબત:

આઠ ઉમેદવારોને ઇન્ટરવ્યુ માટે બોલાવવામાં આવ્યા હતા તેમાંથી ૭ ઉમેદવારો હાજર હતા, તેમના ઇન્ટરવ્યુ લેવામાં આવ્યા.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાસુદેવ પ્રાણશંકર મહેતાની નિમણૂક રૂા. ૨૫૦-૧૫-૪૦૦ ના ગ્રેડમાં રૂા. ૨૫૦-૦-૦ના શરૂઆતના પગારથી એક વર્ષના પ્રોબેશન ઉપર કરવી.

પગાર ઉપરાંત તેમને યુનિવર્સિટીના નિયમો પ્રમાણેનાં લાભાંશો આપવાં.

૩. ૧૯૫૪ના માર્ચ-ઍપ્રિલમાં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકો નીમવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે મિટીંગમાં થયેલા ફેરફારો સાથે પરીક્ષકોની નિમણૂક મંજૂર કરવી.

(લિસ્ટ છાપવામાં આવ્યું નથી.)

૪. સૌરાષ્ટ્ર સરકારે રૂપિયા એક લાખની બે નાન-રિફંડીંગ ગ્રાન્ટ આપવાની ઇચ્છા પ્રદર્શિત કરી છે તે ગ્રાન્ટ આભાર સાથે સિન્ડિકેટે સ્વીકારી છે તો તે રકમ કયા કયા કામમાં વાપરવી તે નક્કી કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગ પોસ્ટ-ગ્રેજ્યુએટ કોઓર્ડિનેશન અને રિસર્ચ માટેની સ્કીમ ઘડી કાઢવા માટે નીમેલી કમિટીના રિપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૬. ગુજરાત યુનિવર્સિટીની એમ.ડી. (મેડિસિન), એમ.ડી. (ફાર્મેકોલૉજી) અને એમ.ડી. (મિડવીફરી) ની પરીક્ષાઓના કન્વેકેશન બાબતના મેડિકલ કાઉન્સિલ ઑફ

ઇન્ડિયાએ નીમેલા ઇન્સ્પેક્ટર્સના રિપોર્ટ સહિત, મજકૂર કાઉન્સિલ તરફથી આવેલો પત્ર તથા તે ઉપરનો મેડિકલ ફૅકલ્ટીનો ઠરાવ.

આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ ફૅકલ્ટીનો ઠરાવ મંજૂર કરવો અને તે પ્રમાણે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના સેક્રેટરીને જવાબ આપવો.

(મેડિકલ ફૅકલ્ટીનો ઠરાવ આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૭. વિદ્યાર્થીઓના માઇગ્રેશન અંગે મુંબઇ યુનિવર્સિટીની સિન્ડિકેટે નીચે મુજબ ઠરાવ કરેલો છે, તો આ યુનિવર્સિટી મજકૂર ઠરાવ અનુસાર રેસીપ્રોકેટ કરવા તૈયાર છે કે કેમ તે જણાવવા બાબતનો મજકૂર યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તરફથી આવેલો પત્ર.

"Resolved that students who have migrated from this University and are pursuing a course of study at another University, but who prior to their migration have kept terms or appeared and failed at an examination of this University and desire to appear thereat be permitted to do so, provided that the University to which they have migrated has no objection to the students appearing at the examinations of this University. Provided further that such permission be granted only on condition that the University at which the students are pursuing their studies reciprocate with this University by giving similar permission to its students pursuing a course of studies in this University."

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી મુંબઇ યુનિવર્સિટીના ઠરાવ પ્રમાણે અરસ-પરસના ધોરણે માન્યતા આપવા (reciprocate કરવા) તૈયાર છે એમ મુંબઇ યુનિવર્સિટીના રજિસ્ટ્રારને જણાવવું.

૮. આગામી સેનેટની બેઠક સમક્ષ નીચે મુજબનો ઠરાવ રજૂ કરવા બાબતનો શ્રી. એમ. ડી. અવસારેનો પત્ર:

"The Senate resolves to recommend to the Syndicate to lay down the following as the minimum scales and grades of pay for the members of the staff of all affiliated colleges.

(1) Full-time Professors (including Assistant Professors)	300-20-500
(2) Full-time Lecturers (including assistant or Junior Lecturers or Lecturer Demonstrators)	200-10-300
(3) Full-time Demonsttators or Tutors.	150-5-200

Plus D.A. as per government rules in force from time to time."

આથી બધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ આ ઠરાવની તરફેણમાં છે એમ સેનેટને રિપોર્ટ કરવો

૯. લેબર વેલ્ફેર, સોશિયોલૉજી અને ઇન્ડસ્ટ્રીયલ ટ્રેડ યુનિયન અને ટેક્સેશન લૉઝ વિગેરે વિષયોમાં યુનિવર્સિટીએ ડિપ્લોમા આપવા બાબતનો પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોરનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ આવા ડિપ્લોમા કાઢવાની જરૂરિયાત જોતી નથી.

૧૦. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટનાં શ્રી. ડી. એસ. દેસાઇ અને શ્રી. વી. આર. સોમનાથીની પ્રોવિઝનલ એલિજિબિલિટિ સર્ટિફીકેટ માટેની અરજીઓ અનુક્રમે તા. ૨૪ અને ૨૭-૧૧-૧૯૫૩ના રોજ આવેલી છે તે સ્વીકારવી કે કેમ?

આથી ઠરાવવામાં આવે છે કે આ ઑફિસના સરકયુલર નં. ૬૮૪૧-૬૮૬૭ તા. ૨૩-૨-૧૯૫૩ કે જેના પ્રત્યે આ ઑફિસના સરકયુલર નં. ૨૩૨૪૪-૨૭૧ તા. ૧૯-૬-૧૯૫૩ થી ધ્યાન દોરવામાં આવેલું છે તે પ્રમાણે વિદ્યાર્થી પ્રોવિઝનલ એલિજિબિલિટિ સર્ટિફીકેટ રજૂ કરે નહિ તો તેને કૉલેજમાં દાખલ કરવો નહિ. છતા જો કાંઈ ખાસ કેસમાં દાખલ કરવામાં આવે તો તે બાબતનો રિપોર્ટ તે અંગેનાં કારણો સાથે યુનિવર્સિટીને જુલાઈના પહેલા અઠવાડિયામાં કરવાનું મુકરર કરવામાં આવ્યું છે તે પ્રમાણે આ કેસોમાં કૉલેજે કર્યું નથી તેથી આ અરજીઓ સ્વીકારવી નહિ અને વિદ્યાર્થીઓ નિયમ પ્રમાણે કૉલેજમાં દાખલ થયા નથી એમ જણાવું અને તેથી તેમની અત્યાર સુધીની હાજરી ધ્યાનમાં લઇ શકાય નહિ અને આ વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દેવા નહિ એમ કૉલેજને જણાવવું.

૧૧. યુનિવર્સિટીએ એક્સ્ટર્નલ ડિગ્રીઝ આપવા અંગેની પદ્ધતિ અખત્યાર કરી હોવાથી યુનિવર્સિટીએ જોડાયેલી કૉલેજો તથા માન્ય થયેલી સંસ્થાઓમાં નિમાતા શિક્ષકો માટે નિમણૂક અંગે જે નિયમો કરેલા છે તેમાં ફેરફાર કરવો જરૂરી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબતનો પ્રિન્સિપાલ અ. ક. ત્રિવેદીનો પત્ર:

આથી ઠરાવવામાં આવે છે કે આ કામ અકેડેમિક કાઉન્સિલ તરફ અભિપ્રાય માટે મોકલી આપવું.

૧૨. શેઠ વી. એસ. જનરલ હૉસ્પિટલમાં હાઉસ સર્જન કે અનુસ્નાતક વિદ્યાર્થી તરીકે રહી તેઓ એમ.ડી. પાર્ટ ૧ ની પરીક્ષામાં બેસી શકે કે કેમ તે જણાવવા બાબતનો ડૉ. એસ. બી. અંકલેસરીયા વિગેરેનો પત્ર:

Resolved that the following reply be given.

All post-graduate teaching in the Gujarat University is conducted on behalf of the University by the various teachers recognised for the purpose and therefore all post-graduate teaching done in various Colleges and Institutions is deemed to be teac-

hing by and on behalf of the University and available to all post-graduates who have been duly registered in the University in their respective subjects.

It follows therefore that the post-graduate students in the Medical Faculty of this University who have joined either of the two Institution: B. J. Medical College and V. S. Hospital, are entitled to attend lectures and get post-graduate instruction in their respective subjects in any of the two Institutions. Necessary certificates, if any, required by the rules for admission to the respective examinations, shall be given by the teacher through the Head of the College or Institution when the students have undergone the courses.

Copies be sent to the two Institutions.

૧૩. યુનિવર્સિટી સ્કુલ ઑફ સોશિયલ સાયન્સીઝ અને યુનિવર્સિટી સ્કુલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ અને લીટરેચરના ડાયરેક્ટરો નીમવા અંગે ઑ. ૬૬ મુજબ સિન્ડિકેટે સિલેક્શન કમિટી ઉપર ત્રણ સભ્યો નીમવા બાબત:

(નોંધ:-નીમાનાર સભ્યો સેનેટના અથવા ફૅકલ્ટીના સભ્ય હોવા જોઈએ નહિ તેમજ શિક્ષક હોવા જોઈએ નહિ.)

આથી ઠરાવવામાં આવે છે કે:—

૧. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના ડિરેક્ટરની નિમણૂક માટેની સિલેક્શન કમિટી ઉપર નીચેના ગૃહસ્થોને નીમવા:

૧. શ્રી. બી. બી નારાયણસ્વામી નાયડુ
ચેરમેન, ફૉરવર્ડ માર્કેટ કમિશન,
ઑફિસ ઑફ ધી ટેકસ્ટાઇલ કમિશ્નર, બૅલાર્ડ એસ્ટેટ, મુંબઈ.

૨. ડૉ. એલ. સી. જૈન,
પ્રોફેસર ઑફ ઇકોનોમિકસ, સૌગર યુનિવર્સિટી, સૌગર. (મધ્ય પ્રદેશ)

૩. ડૉ. એન. એસ. આર. શાસ્ત્રી,
ડિરેક્ટર ઑફ સ્ટેટિસ્ટીકસ, રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા, મુંબઈ.

૨. યુનિવર્સિટી સ્કૂલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ ઍન્ડ લિટરેચરના ડિરેક્ટરની નિમણૂક માટેની સિલેક્શન કમિટી ઉપર નીચેના ગૃહસ્થોને નીમવા:

૧. ડી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી,
પિત્તલે મેન્શન, સી. પી. ટેન્ક પાસે, મુંબઈ.

૨. શ્રી. કાકા કાલેલકર,

૩. શ્રી. રામપ્રસાદ પી. બક્ષી,
પ્રિન્સિપાલ, પોદ્દાર હાઈસ્કૂલ, સાંતાક્રુઝ.

૧૪. પરીક્ષાના પરિણામો તૈયાર કરવા માટે ભવિષ્યમાં કઇ પદ્ધતિ અખત્યાર કરવી તે અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિના સભ્યો પૈકી પ્રિ. એન. એમ. શાહ અને પ્રિ. એસ. વી. કેસાધ હવે સિન્ડિકેટના સભ્યો ન હોવાથી તેમની જગ્યાએ બીજા સભ્યોની નિમણૂક કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે આ જગ્યાઓએ ડૉ. કે. જી. નાયક અને પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદીને નીમવા.

૧૫. ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૫૧-૫૨ના ઓડિટ થયેલા હિસાબો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હિસાબો મંજૂર કરવા. (મંજૂર થયેલા હિસાબોની નકલ આ સાથે પરિશિષ્ટ "બ" તરીકે આપવામાં આવી છે.)

૧૬. ફાઇનાન્સ કમિટીના નીચે મુજબના ઠરાવો.

૧. સને ૧૯૫૧-૫૨ના હિસાબો અંગેની ઓડિટ નોટ અને તે ઉપરના ઑફિસે તૈયાર કરેલા જવાબો.

ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૫૧-૫૨ના વર્ષના હિસાબો બાબતમાં સરકારી ઓડિટરોએ કરેલી નં. ૩ અને ૬ સિવાયની ટિકાઓ ઉપર ઑફિસ તરફથી તયાર કરવામાં આવેલા જવાબો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. નં. ૩ અને ૬ બાબતનો નિકાલ કરવા તે સિન્ડિકેટ તરફ પાછા મોકલવા."

૨. માર્ચ-એપ્રિલ ૧૯૫૪ની પરીક્ષાઓ માટે જરૂરી એન્સર બુકસ તૈયાર કરાવવા બાબત.

ઠરાવ

"આવેલા ત્રણ ટેન્ડરોમાંથી મે. કલ્પના પ્રિન્ટરી, અમદાવાદના ભાવતાલ પ્રમાણે કુલ ખર્ચ સૌથી ઓછું થશે તેથી આ કામ નીચેના ભાવે તેમને આપવા આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

૧. મેઇન એન્સર બુકસ	૧,૦૦,૦૦૦	ભાવ	રૂા. ૧૦—૪—૦	હજારના
૨. સપ્લીમેન્ટરી બુકસ	૨,૦૦,૦૦૦	"	રૂા. ૭—૪—૦	"
૩. ગ્રાફ "	૧૦,૦૦૦	"	રૂા. ૨૦—૧૨—૦	"
૪. એકાઉન્ટસ બુકસ	૧૦,૦૦૦	"	રૂા. ૨૯—૪—૦	"
૫. પ્રેકટીકલ્સ "	૭૦,૦૦૦	"	રૂા. ૯—૧૨—૦	"
૬. પ્રેકટીકલ્સ ગ્રાફ સિવાય	૧૦,૦૦૦	"	રૂા. ૭—૮—૦	"
૭. પ્રેકટીકલ્સ ફ્રી'ંગ સિવાય	૨૦,૦૦૦	"	રૂા. ૭—૦—૦	"

૩. લાયબ્રેરી માટેના જરૂરી ફરનીચર ખરીદવા બાબત.

ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે નીચેનું ફરનીચર નીચે જણાવેલા વેપારી પાસેથી ખરીદવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧. સ્ટીલ કબાટ નં. ૪

આવેલા ચાર વેપારીના ભાવતાલમાંથી મે. સ્ટીલ એઇજ ઇન્ડસ્ટ્રીઝ લી. ના ભાવ રૂા. ૧૭૫ નંગના સૌથી ઓછા છે. પરંતુ તેમની શરત પ્રમાણે તેઓ સ્ટેશન ડિલિવરી આપશે. અને ઇન્સ્યુરન્સ માટે યુનિવર્સિટીએ વધારાના ૧ ટકા તરીકેનું આપવાનું રહેશે તે જોતાં કબાટ નં. ૪ ગોદરેજ એન્ડ બોઇસ મેન્યુ. કું. લી., મુંબઈ પાસેથી રૂા. ૧૮૦ નંગના યુનિવર્સિટી ડિલિવરી ભાવે ખરીદવા.

૨. ગ્લાસડોર બન્ને બાજુ ખુલતા કબાટ નં. ૩

આ કબાટો સ્પેશિયલ ટાઇપના હોવાથી ફક્ત ગોદરેજ અથવા સ્ટીલ એઇજ બનાવટનાં જ લેવાં. સ્ટીલ એઇજ ઇન્ડસ્ટ્રીઝના ભાવ રૂા. ૧.૨૨૦ (સ્ટેશન ડિલિવરી) વત્તા ૧ ટકો ઇન્સ્યુરન્સના વધારે આપવાના હોઈ આ કબાટો ગોદરેજ એન્ડ બોઇસ મેન્યુ. કું. લી., પાસેથી રૂા. ૧,૩૦૭. યુનિવર્સિટી ડિલિવરીના ભાવે ખરીદવા.

૩. કાર્ડ ઇન્ડેક્ષ કેબીનેટ નં. ૧

સૌથી ઓછા ભાવ નડિયાદ સેફ એન્ડ આર્મર વર્કસના રૂા. ૪૧૦ હોવા છતાં તેમનું કામ સ્પે પેઇન્ટીંગનું હોવાથી આ કેબીનેટ રવિન્દ્ર એન્ડ કું. પાસેથી રૂા. ૪૯૦ ના ભાવે (યુનિવર્સિટી ડિલિવરી) લેવા.

૪. બુક સપોર્ટર્સ નં. ૫૦૦

આવેલા પાંચ વેપારીના ભાવતાલમાંથી મીસ્રી ઉમેદરામ મગનલાલના ભાવ રૂા. ૦-૧૫-૦ નંગના સૌથી ઓછા છે. પરંતુ તેમનું કામ સ્પ્રે પેઇન્ટીંગનું હોવાથી આ બુક સપોર્ટર્સ નં. ૫૦૦ મે. રવિન્દ્ર એન્ડ કું. અમદાવાદ પાસેથી રૂા. ૧-૨-૩ ના ભાવે (યુનિવર્સિટી ડિલિવરી) ખરીદવાં."

૧. આથી ઠરાવવામાં આવે છે કે ઓડિટ નોટની આઇટેમ નં. ૨, ૪, ૫, અને ૭ થી ૧૨ બાબત ઑફિસે તૈયાર કરેલા જવાબો મંજૂર કરવા.

આઇટેમ નં. ૩ બાબત નીચે પ્રમાણે જવાબ આપવો

"When the Syndicate by its resolution No. 15 dated 6-10-1951 sanctioned the House Rent to the Registrar, it decided to give him House Rent at Government Rates. Under S. 134 the Syndicate has the power to give such allowances at it thinks fit and the House Rent allowance granted to the Registrar, is sanctioned by the Syndicate by resolution mentioned above. It is therefore in order and should be continued."

આઇટેમ નં. ૬ બાબતમાં એમ ઠરાવવામાં આવે છે કે આવતા વર્ષથી એકાઉન્ટન્ટના કેસમાં પણ ફાઇડેલિટી ઇન્સ્યોરન્સ રૂ. ૩,૦૦૦-૦-૦ નો લેવો અને રજિસ્ટ્રાર, લાયબ્રેરિયન અને ડ્રાઇવરના કેસમાં પણ સિકયુરિટિ અગર ફાઇડેલિટી ઇન્સ્યોરન્સ લેવામાં આવે છે કે કેમ તે બાબત મુંબઇ, પૂના, કર્ણાટક અને વડોદરા યુનિવર્સિટીઓને પૂછાવવું અને આ સવાલ વિચારણા હેઠળ છે એવો જવાબ આપવો.

આઇટેમ નં. (૨) અને (૩) બાબતમાં ફાઇનાન્સ કમિટીના ઠરાવ મંજૂર કરવા.

(ઓડિટ નોટ તેમજ તેના જવાબો આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૧૭. ૧૯૫૩ના ઑકટોબર-નવેમ્બરમાં લેવાયેલી પરીક્ષાઓમાં પરીક્ષકો, સિનિયર તથા જુનિયર સુપરવાઇઝરો, કેન્ડિડેટમ વિગેરેએ કરેલી ભૂલો અંગે રિપોર્ટ કરવા સિન્ડિકેટે નીમેલી સમિતિનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે સમિતિનો રિપોર્ટ સ્વીકારવો. (રિપોર્ટની નકલ આ સાથે પરિશિષ્ટ "ઘ" તરીકે આપવામાં આવી છે.)

૧૮. ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી, અમદાવાદમાંની સિન્ડિકેટે મંજૂર કરેલી સ્કોલરશિપ શ્રી. એસ. એલ. સુરંગેને આપવાનું સિન્ડિકેટે ઠરાવ્યું છે. પરંતુ તેઓ લૅબોરેટરી છોડી ગયા હોવાથી હવે મજકૂર સ્કોલરશિપ શ્રી. નરેન્દ્રનાથને આપવા બાબતનો ડૉ. કે. આર. રામનાથનનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરીના ડિરેકટરની સલાહ સ્વીકારવી.

૧૯. એકસ્ટર્નલ પરીક્ષા માટેના વિદ્યાર્થીઓના Identification માટે કઇ જાતની વ્યવસ્થા રાખવી તે નક્કી કરવા બાબત.

(નોંધ-પૂના યુનિવર્સિટીમાં આ માટે કોઇ વ્યવસ્થા નથી. આપણે ત્યાં જે રેગ્યુલર વિદ્યાર્થીઓ હોય તેઓને કૉલેજો તરફથી પરીક્ષાની ફીની રીસીટ લાવવાની હોય છે. અને આ રીસીટ ઉપર વિદ્યાર્થી પ્રિન્સિપાલની હાજરીમાં પોતાની સહી કરે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં નીચે પ્રમાણેની વ્યવસ્થા કરવી.

૧. વિદ્યાર્થીઓએ નીચે જણાવેલા અમલદારો પૈકી કોઇ પણ એકની પાસે સર્ટિફાય કરાવેલો પોતાનો પાસપોર્ટ સાઇઝનો ફોટો એકઝામિનેશન હોલમાં જતી વખતે પોતાની પાસે રાખવો અને તે સિનિયર સુપરવાઇઝરને બતાવવો અને સિનિયર સુપરવાઇઝરે ફોટા ઉપરથી વિદ્યાર્થીની આઇડેન્ટીટી ચેક કરી લેવી.

૧. સરકારના ગેઝેટેડ ઑફિસરો

૨. કૉલેજના પ્રિન્સિપાલો

૩. પ્રિન્સિપાલ સિવાયના સેનેટના બીજા સભ્યો.

૨. જો કોઇ પણ કૉલેજે કોઇ વિદ્યાર્થીને rusticate કર્યો હોય તો તેની યુનિવર્સિટીને તાત્કાલિક ખબર કરવી અને યુનિવર્સિટી ઑફિસે દરેક કૉલેજને સરકયુલરથી તે બાબતની ખબર આપવી.

૨૦. પરીક્ષાની ફીની રિફંડ બાબતના હાલના ઑર્ડિનાન્સો એકસ્ટર્નલ પરીક્ષાના વિદ્યાર્થીઓ માટે લાગુ પાડવા કે કેમ તે નક્કી કરવા બાબત.

(નોંધ:-પૂના યુનિવર્સિટીમાં એફ.વાય. સિવાયની પરીક્ષા માટે રિફંડ આપવામાં આવે છે. એફ.વાય. ની પરીક્ષા માટે રિફંડ આપવામાં આવતું નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ ઇયરની પરીક્ષા માટે પરીક્ષાની ફીનું રિફંડ આપવું નહિ અને બાકીની પરીક્ષાઓ માટે ઑર્ડિનાન્સ ૧૩૦ મુજબ એકસ્ટર્નલ વિદ્યાર્થીઓના કેસમાં પણ અમલ કરવો.

૨૧. ૧૯૫૪ની સાલથી નવા કોર્સ મુજબની બી.ઇ. ની સિવિલ, મિકેનીકલ અને ઇલેકટ્રીકલ એમ ત્રણે બ્રાન્ચની પરીક્ષાઓ લેવાની છે. તો તે માટે પરીક્ષાની ફી નક્કી કરવા બાબત.

(નોંધ:-જુના કોર્સ પ્રમાણે બી.ઈ. માં પાર્ટ-૧ અને પાર્ટ-૨ છે અને દરેક પાર્ટની ફી રૂા. ૬૦-૦-૦ છે. પરંતુ નવા કોર્સમાં પાર્ટસ રાખવામાં આવ્યા નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષાની ફી રૂા. ૧૦૦-૦-૦ મુકરર કરવી, અને તે પ્રમાણે ઑ. ૧૨૯માં સુધારો કરવો. (મજકૂર સુધારો આઇટેમ નં. ૨૨ના પરિશિષ્ટ "ચ" માં લેવામાં આવ્યો છે.)

૨૨. એમ.એસ.સી. (એગ્રિ.) ની પરીક્ષા માટે ઑર્ડિનાન્સ ૧૨૯ મુજબ પરીક્ષા શરૂ થવાની તા. ૯-૩-૧૯૫૪ની આવે છે પરંતુ બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદના પ્રિન્સિપાલના કાગળથી ગઇ સાલ તારીખ બદલીને ૧-૬-૧૯૫૩નો રાખવામાં આવી હતી તો આ વર્ષે આ પરીક્ષા માટે તારીખ નક્કી કરવા બાબત. અને જો કાયમ માટે ફેરફાર કરવાનો હોય તો ઑર્ડિનાન્સ ૧૨૯માં સુધારો કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એસ.સી. (એગ્રિ.) ની પેપર્સ અને પ્રેકટીકલ્સની પરીક્ષા શરૂ થવાની તારીખ જૂનનો પ્રથમ સોમવાર રાખવો અને એમ.એસ.સી. (એગ્રિ) ની થિસિસ અને પેપર્સની પરીક્ષા શરૂ થવાની તારીખ જૂનનો પ્રથમ સોમવાર અને નવેમ્બરનો પ્રથમ સોમવાર એ પ્રમાણે રાખવી અને ઑર્ડિનાન્સ ૧૨૯ માં તે પ્રમાણે સુધારો કરવો.

(સુધારેલા ઑર્ડિનાન્સની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે આ સાથે સામેલ છે.)

૨૩. ટાઇપિસ્ટ શ્રી. વી. પી. શાહની નિમણૂકને તા. ૨૬-૮-૧૯૫૩ના રોજ એક વર્ષ પૂરું થયું હોવાથી તેમને તે જગ્યાએ કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. પી. શાહને તા. ૨-૮-૧૯૫૩થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૨૪. જુનિયર ક્લાર્ક શ્રી. આઇ. એન. શાહની નિમણૂકને તા. ૧૫-૧-૧૯૫૪ના રોજ એક વર્ષ પૂરું થતું હોવાથી તેમને તે જગ્યાએ કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આઇ. એન. શાહને તા. ૧૫-૧-૧૯૫૪થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૨૫. ટાઇપિસ્ટ શ્રી. એન. ડી. માધુની નિમણૂકને તા. ૧૬-૧-૧૯૫૪ના રોજ એક વર્ષ પૂરું થતું હોવાથી તેમને તે જગ્યાએ કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. ડી. માધુને તા. ૧૬-૧-૧૯૫૪થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૨૬. જુનિયર ક્લાર્ક શ્રી. વી. એ. ચોકસીની નિમણૂકને તા. ૧૫-૧-૧૯૫૪ના રોજ એક વર્ષ પૂરું થતું હોવાથી તેમને તે જગ્યાએ કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. એ. ચોકસીને તા. ૧૫-૧-૧૯૫૪થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૨૭. કેટલોગર શ્રી. એ. આર. દેસાઇની નિમણૂકને તા. ૪-૨-૧૯૫૪ના રોજ એક વર્ષ પૂરું થતું હોવાથી તેમને તે જગ્યાએ કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામા આવે છે કે શ્રી. એ. આર. દેસાઇને તા. ૪-૨-૧૯૫૪થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૨૮. હમાલ શાન્તિલાલ વી. તન્નાની નિમણૂકને તા. ૧૫-૧-૧૯૫૪ના રોજ એક વર્ષ પૂરું થતું હોવાથી તેમને તે જગ્યાએ કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. શાંતિલાલ વી. તન્નાને તા. ૧૫-૧-૧૯૫૪થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૨૯. હમાલ શ્રી. ચુનીલાલ ડી. બારોટની નિમણૂકને તા. ૧૫-૧-૧૯૫૪ના રોજ એક વર્ષ પૂરું થતું હોવાથી તેમને તે જગ્યાએ કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ચુનીલાલ ડી. બારોટને તા. ૧૫-૧-૧૯૫૪થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૩૦. પટાવાળા શ્રી. એમ. બી. પુરાણીની નિમણૂકને તા. ૧૬-૧-૧૯૫૪ના રોજ એક વર્ષ પૂરૂં થતું હોવાથી તેમને તે જગ્યાએ કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. બી. પુરાણીને તા. ૧૬-૧-૧૯૫૪થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૩૧. ઑક્ટોબર-નવેમ્બર ૧૯૫૩ની પરીક્ષાઓ અંગે નિમાયેલા પરીક્ષકો અને સિનિયર સુપરવાઇઝરો પૈકી જેમણે ના પાડેલી તેમની જગ્યાએ બીજાઓની નિમણૂક કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૩૨. બિલ્ડીંગ કમિટીની તા. ૧૫-૧૨-૧૯૫૩ના રોજ મળેલી બેઠકના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બિલ્ડીંગ કમિટીના કામકાજની નોંધ મંજૂર કરવી.

(કામકાજની નોંધની નકલ આ સાથે પરિશિષ્ટ "છ" તરીકે આપવામાં આવી છે.)

૩૩. બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૪-૧૨-૧૯૫૩ના રોજ મળેલી સાતમી બેઠકના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૩૪. નીચે મુજબની દરખાસ્ત બાબતનો પ્રિન્સિપાલ એમ. બી. દેસાઇનો પત્ર.

Proposal :

"In the short career of the Gujarat University, a number of suits have been filed in the Courts of Law which make the University one of the respondents. This adversely affects the prestige of the University and detracts in considerable measure its attention from its legitimate functions of promoting and encouraging higher learning in its area. It also involves unnecessary costs to the University which money can be profitably used towards better purposes. If this tendency is allowed to continue, it is feared that in due course the problems of the University, instead of being discussed by educationalists will be technically treated by lawyers in courts.

The proposal may, therefore, be suitably re-drafted in the form of a recommendatory resolution requesting the Government of Bombay to insert in the Gujarat University Act a provision making the filing of suits by any one in Law courts difficult, if not impossible, by laying down that all disputes regarding the University should be referred to the Chancellor and the Vice-Chancellor and their decision in the matter should be final and binding on the parties making a reference to them."

આથી ઠરાવવામાં આવે છે કે ઍક્ટની કલમ ૫૯ ના ધોરણે ઍક્ટની કલમ ૫૮ માં સુધારો કરવા સરકારને ભલામણ કરવી.

૩૫. એમ. ટી. બી. કૉલેજ, સુરતના શ્રી. મદનલાલ ચંદુલાલ શેઠની એમ.એસ.સી. ની થિસિસ રેફરીઝે મજકૂર ડિગ્રી માટે સ્વીકાર્યા બાબતની ભલામણ ઉપરથી તેમને તે ડિગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઈસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૩૬. ઇન્ડિયન ઇકોનોમિક એસોસિએશનની ૩૬મી વાર્ષિક બેઠક તા. ૨૮, ૨૯ અને ૩૦મી ડિસેમ્બર ૧૯૫૩ દરમિયાન રાજપુતાના યુનિવર્સિટીના આશ્રય હેઠળ જયપુર ખાતે મળનારી હોવાથી આ યુનિવર્સિટીના રેલીગેટ તરીકે પ્રિ. એમ. બી. દેસાઈને નીમ્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઈસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૩૭. બી.એસ.સી. ના અભ્યાસક્રમમાં જોગ્રાફી પ્રિન્સિપાલ વિષય તરીકે ઉમેરી તે અંગે અભ્યાસક્રમ વિગેરે ઘડવા અંગેના પ્રશ્નો બાબતના ડૉ. એમ. ડી. અવસારેના પત્ર ઉપરના બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન જોગ્રાફીના ઠરાવને સિન્ડિકેટે નામંજૂર કર્યો છે, તે બાબતમાં સ્પષ્ટ ખુલાસો મોકલવા બાબતનો ડૉ. એમ. ડી. અવસારેનો પત્ર.

બૉર્ડનો ઠરાવ

"The Board resolves that it agrees with the main contents of Dr. Avsare's letter but with a modification that the higher course in Geography should be on the Arts side for the B.A. special course in view of the fact that Geography is already a subject of study in F Y. Arts and in the F.Y. Science."

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. અવસારેને જણાવવું કે સિન્ડિકેટે હાલ જે સ્થિતિ છે તેજ કાયમ રાખવા ઠરાવ્યું છે.

૩૮. વી. પી. મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગરમાં દાખલ થયેલા શ્રી. રાવળજી પી. કે ની એનરોલમેન્ટ સર્ટિફીકેટ માટેની અરજી પ્રિન્સિપાલ મારફત તા. ૧૭મી ડિસેમ્બર ૧૯૫૩ના રોજ આવેલી છે તો તે સ્વીકારવી કે કેમ?

(નોંધ:-એનરોલમેન્ટ સર્ટિફીકેટ માટેની અરજી પહેલું સત્ર પુરૂ થયા પહેલાં આવી જવી જોઇએ.)

આથી ઠરાવવામાં આવે છે કે આ અરજી સ્વીકારવી.

૩૯. જ્યાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોય તેવી કૉલેજોમાં પ્રિન્સિપાલ અને ફેકલ્ટરની ફરજો ભેગી કરવા બાબતમાં વિચારણા ચાલતી હોવાથી યુનિવર્સિટીને કાંઇ વાંધો છે કે કેમ તે જણાવવા બાબતનો સૌરાષ્ટ્ર સરકારના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે બે જગ્યાઓ ભેગી કરવા સામે યુનિવર્સિટીને વાંધો છે, અને જો કોઈ કૉલેજમાં આવી રીતે બે જગ્યા ભેગી કરવામાં આવી હોય તો તે જૂન ૧૯૫૪ સુધીમાં છૂટી કરી નાખવી એમ સૌરાષ્ટ્ર સરકારના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનને જણાવવું.

૪૦. એફ.વાય. આર્ટ્સની એક્સ્ટર્નલ પરીક્ષાને અંગે માર્કસ વેરિફીકેશન વગેરેની જે ફી આવે તે અંગે કાંઇક યોગ્ય નિયમ કરવા બાબતનો પ્રિ. અ. ક. ત્રિવેદીનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ ઇયર આર્ટ્સની પરીક્ષામાં વેરિફિકેશન પદ્ધતિ અખત્યાર કરવી નહિ અને માર્કસ સ્ટેટમેન્ટ ઇસ્યુ કરવા અને તે અંગેની ફી લેવા કૉલેજોને સત્તા આપવી.

૪૧. એફ.વાય. આર્ટ્સની એક્સ્ટર્નલ પરીક્ષાના પરીક્ષકોને મહેનતાણું આપવા બાબતનો પ્રિ. અ. ક. ત્રિવેદીનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૫૫ની પરીક્ષાથી ફર્સ્ટ ઇયરની પરીક્ષાના એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓ પાસેથી પરીક્ષા ફી રૂા. ૨૫-૦-૦ લેવી અને તેમાંથી રૂા. ૧૦-૦-૦ યુનિવર્સિટીએ રાખવા અને રૂા. ૧૫-૦-૦ જે કૉલેજમાંથી વિદ્યાર્થી પરીક્ષા આપે તે કૉલેજને મોકલવા, અને બૅ. ૪૩૭ માં તે પ્રમાણે સુધારો કરવો.

(સુધારેલા ઑર્ડિનન્સની નકલ આ સાથે પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૪૨. ૧૯૫૨-૫૩ની સાલમાં એનરોલમેન્ટ સર્ટિફીકેટ સિવાય એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં દાખલ થયેલા વિદ્યાર્થી શ્રી જી. વાય. શેઠ, એફ.વાય. આર્ટ્સમાં દાખલ થવા માટે લાયક નથી અને હાલ મજકૂર વિદ્યાર્થી ઇન્ટર આર્ટ્સમાં અભ્યાસ કરે છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:-સિન્ડિકેટના ઠરાવ પ્રમાણે કૉલેજમાંથી આ વિદ્યાર્થીની ઓરિજિનલ અરજી મંગાવી છે તેમાં જોતાં જણાય છે કે એણે કરેલી અરજી પ્રમાણે વિષયો બરાબર છે જ્યારે એનરોલમેન્ટ ફોર્મ્સ સાથે આવેલા માર્કસ સર્ટિફીકેટમાં જોતાં તે લાયક નથી. મૂળ અરજીમાં સંસ્કૃતમાં પાસ થયેલા જણાવ્યું છે જ્યારે માર્કસ સર્ટિફીકેટ જોતાં તે સંસ્કૃતમાં પાસ થયેલ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીએ ફર્સ્ટ ઇયર આર્ટ્સ અને ઇન્ટર આર્ટ્સમાં રાખેલી ટર્મ્સ રદ કરવી અને તેને ફર્સ્ટ ઇયરની પરીક્ષામાં નાપાસ થયેલ ગણવો.

૪૩. સેનેટે પસાર કરેલા સ્ટે. ૧૨૮-બી, અંગે શ્રી. ચાન્સેલર તરફથી આવેલી નીચેની સૂચના ઉપરથી મજકૂર સ્ટેટ્યુટમાં સુધારો કરવા બાબત:

સૂચના

Statute 128-B :- As Shri H.V. Divatia is referred to by name in the Statute the word "First" is unnecessary. It may cause confusion with an appointment under section 64 in which the conditions are stipulated by Government and not by statutes. The word "nomination" is more accurate than the word "appointment" used in this Statute in as much as the word "nominated" is used in section 10. The Statute should be reworded as under:-

"Statute 128-B :- The conditions subject to which the office of Vice-Chancellor is to be held by Shri H.V. Divatia as an Honorary Officer shall be as under :-

(1) That Bombay be the permanent residence of Vice-Chancellor Shri H.V. Divatia.

(2) That he be paid the travelling allowance as per Ordinance No. 153 from the date of his nomination as long as he holds his office.

(3) That he be paid Daily Allowance, when out of Head Quarters (i.e. Bombay) on University work, at the rate admissible to Grade I Officers of the Bombay State or at the rate admissible to the Vice-Chancellor, Bombay University, whichever is higher from the date of his nomination as long as he holds his office.

(4) In addition to items (2) and (3) the Vice-Chancellor be provided with house accommodation suitable to his status, including lighting and telephone facilities and motor conveyance at Ahmedabad, from the date of his nomination as long as he holds his Office."

The Chancellor's assent to Statute 128-B as amended above may be assumed."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ચાન્સેલરની સૂચના મુજબ સ્ટેટ્યુટ ૧૨૮-બી ને ઉપર મુજબ સુધારેલો મસદો મંજૂર કરવો.

૪૪. જુનિયર ક્લાર્ક શ્રી. વી. કે. ઠાકોર આ યુનિવર્સિટીની નોકરીમાંથી છૂટા થયા હોઈ તેમનું પ્રોવીડંટ ફંડ પરત કરવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૫. એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીમાં જુનિયર બી. એસ. સી.માં બીજા સત્રમાં દાખલ થયેલા વિદ્યાર્થી શ્રી. એમ. એમ. ડૉક્ટરની ઍલિજિબિલિટિ સર્ટિફીકેટ માટેની અરજી તા. ૨૨-૧૨-૧૯૫૩ના રોજ આવેલી છે તે સ્વીકારવી કે કેમ ?

આથી ઠરાવવામાં આવે છે કે આ અરજી સ્વીકારવી.

૪૬. બી.કૉમ. અથવા એમ.કૉમ. ની પરીક્ષામાં પ્રથમ નંબરે આવનાર વિદ્યાર્થીને ઈનામ અથવા સુવર્ણચંદ્રક આપવા અંગે રૂા. ૫,૦૦૦-૦-૦નું દાન આપવા બાબતનો શેઠશ્રી અમૃતલાલ હરગોવનદાસનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ દાન સ્વીકારવું અને એમ. કૉમ. ની પરીક્ષામાં પહેલા વર્ગમાં જે વિદ્યાર્થી પહેલો આવે તેને ચંદ્રક આપવો. (પત્રની નકલ આ સાથે પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૪૭. સિન્ડિકેટે તેની તા. ૫-૧૨-૧૯૫૩ની બેઠકમાં મેન્ટલ હૉસ્પિટલની માન્યતા અંગે કરેલા ઠરાવ બાબતમાં પ્રિન્સિપાલ અ. ક. ત્રિવેદી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગેનો ઠરાવ સેનેટની આગળ મૂકવાની અને સરકારને મોકલવાની જરૂર નથી.

૪૮. દિલ્હીમાં રેઇન રિસર્ચ યુનિટ અને પૂનામાં ક્લાઉડ (Cloud) રિસર્ચ યુનિટ સ્થાપવા બાબતમાં ક્લાઉડ ફિઝિક્સ અંગે પ્રાયોગિક કામ કરવા બદલ યુનિવર્સિટીઓને ગ્રાન્ટ ઇન એઇડ આપવાની છે તો તે બાબતમાં યુનિવર્સિટીએ યોજના મોકલવા બાબતના હિંદ સરકારના કેળવણી ખાતાના સેક્રેટરીના પત્ર અંગે સિન્ડિકેટના ઠરાવ અનુસાર ડૉ. રામનાથનને પુછાવતાં એમની સૂચના અનુસાર ડૉ. વાય. જી. નાયક પાસે સ્કીમ મંગાવતાં તેમના તરફથી આવી છે તે ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. વાય. જી. નાયકે રજૂ કરેલી સ્કીમ સરકારને મોકલી આપવી.

૪૯. એક્સ્ટર્નલ પરીક્ષાઓ અંગેના પ્રોગ્રામની વિદ્યાર્થીઓને જાણ કરવા માટે શી વ્યવસ્થા કરવી તે નક્કી કરવા બાબત.

(ખાસ કરીને એફ. વાય. આર્ટ્સની પરીક્ષા કે જે કૉલેજોમાં લેવાય છે તે બાબતમાં નક્કી કરવાની જરૂર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ ઇયરની પરીક્ષા સિવાયની પરીક્ષાઓના પ્રોગ્રામની વર્તમાનપત્રોમાં નોટિસ આપવી અને તે પરીક્ષાઓમાં ફોર્મ ભરીને બેસનાર દરેક વિદ્યાર્થીને પ્રોગ્રામની નકલ અન્ડર સર્ટિફીકેટ ઑફ પોસ્ટીંગ મોકલવી. જો તે તેને કોઇ પણ કારણસર

ન પહોંચે તો તેને માટે યુનિવર્સિટી જવાબદારી લેતી નથી, અને વિદ્યાર્થીએ યુનિવર્સિટીની ઑફિસે તપાસ કરવાની તેની ફરજ છે એમ તેને જણાવવું.

ફર્સ્ટ ઇયરની પરીક્ષા બાબતમાં વિદ્યાર્થીએ પ્રોગ્રામ માટે જે કૉલેજમાંથી તે પરીક્ષા આપવાનો હોય ત્યાં તપાસ કરી લેવી એમ જણાવવું.

૫૦. વી. પી. મહાવિદ્યાલયમાં જૂન ૧૯૫૩માં ફર્સ્ટ ઇયર ગ્રુપ "બી" માં દાખલ થયેલા વિદ્યાર્થી શ્રી. જી. પી. પટેલની ગ્રેનરોલમેન્ટ સર્ટિફીકેટ માટેની તા. ૨૪મી ડિસેમ્બર ૧૯૫૩ના રોજ આવેલી અરજી સ્વીકારવી કે કેમ ?

આથી ઠરાવવામાં આવે છે કે આ અરજી સ્વીકારવી.

૫૧. નીચે જણાવેલી કૉલેજો તથા સંસ્થાઓના Triennial Inspection માટે કમિટીઓ નીમવા બાબત:

૧. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ.

૨. બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદ.

૩. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ, આર્ટસ તેમજ સાયન્સ.

૪. શેઠ બી. જે. ઇન્સ્ટીટ્યુટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદ.

૫. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે મુજબની ટ્રાયેનિયલ ઇન્સ્પેકશન કમિટીઓ નીમવી:

૧. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ.
   ૧. ડૉ. બી. વી. પટેલ ડ્રગ કન્ટ્રોલર, બૉમ્બે.
   ૨. શ્રી. એચ. આર. નાનજી, મુંબઇ.

૨. બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદ.
   ૧. શ્રી. એચ. એમ. દેસાઇ,
   ૨. શ્રી. બી. એસ. પટેલ.

૩. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.
   ૧. ડૉ. કે. જી. નાયક,
   ૨. પ્રિન્સિ. એ. કે. ત્રિવેદી,
   ૩. પ્રિન્સિ. એન. એમ. શાહ.

૪. બી. જે. ઇન્સ્ટીટ્યુટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદ.
   ૧. પ્રિન્સિ. એ. કે. ત્રિવેદી,
   ૨. પ્રોફેસર આર. પી. કાંગલે, એલ્ફીન્સ્ટન કૉલેજ, મુંબઇ.

૫. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ.
   ૨૧. પ્રિન્સિ. વાય. ડી. કેસ્કરની જગ્યાએ શ્રી. વી. વાય. કોલ્હાટકર.

૫૨. એમ. એન. કૉલેજ, વિસનગરમાં દાખલ થયેલા વિદ્યાર્થી શ્રી. એ. આર. દેસાઇની એનરોલમેન્ટ સર્ટિફીકેટ માટેની તા. ૧૧-૧૨-૧૯૫૩ના રોજ આવેલી અરજી સ્વીકારવી કે કેમ ?

આથી ઠરાવવામાં આવે છે કે અરજી સ્વીકારવી.

૫૩. યુનિવર્સિટીઓમાં શિક્ષણ અને સંશોધનની સગવડોના Co-ordination અંગે મુંબઇ સરકારે નીમેલી કમિટીનો tentative programme મોકલ્યા બાબત તેમજ યુનિવર્સિટી તરફથી કયા ગૃહસ્થો કમિટીને મળશે એ જણાવવા બાબતનો મજકૂર કમિટીના મેમ્બર સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે કમિટીને મળવા નીચે મુજબના ગૃહસ્થોને નીમવા:

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર,
૨. ડૉ. કે. જી. નાયક,
૩. પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી,
૪. ડૉ. મોતીભાઇ ડી. પટેલ.

૫૪. સેનેટે પસાર કરેલા નીચે મુજબના ઠરાવ બાબતમાં ઘટતાં પગલાં લેવા સિન્ડિકેટના ઠરાવ અનુસાર પ્રિન્સિપાલોને જણાવ્યું હતું તે અંગે ગુજરાત કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલો પત્ર.

ઠરાવ

"આર્ટસ'ના પ્રથમ વર્ષની ૧૯૫૪ની પરીક્ષામાં અને આર્ટસ'ના બીજા વર્ષની ૧૯૫૫ની પરીક્ષામાં વિદ્યાર્થીઓને પરીક્ષાના જવાબો અંગ્રેજીમાં અથવા ગુજરાતીમાં આપવાની છૂટ આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે સેનેટના ઠરાવનો અમલ કરવો જ જોઇએ અને તે બાબતમાં કોઇ પણ જાતની છૂટછાટ નહિ આપી શકાય એમ ગુજરાત કૉલેજના પ્રિન્સિપાલને જણાવવું.

૫૫. વડોદરા ડિસ્ટ્રીક્ટ સ્કૂલ બૉર્ડનું નામ આપણી યુનિવર્સિટીમાં આવેલી ડિસ્ટ્રીક્ટ સ્કૂલ બૉર્ડ્ઝની યાદીમાં મૂકવું કે કેમ તે નક્કી કરવા બાબત.

(નોંધ:-મુંબઇ સરકારે વિલિનીકરણ બાદ જૂદા જૂદા જીલ્લાઓમાં ડિસ્ટ્રીક્ટ સ્કૂલ બૉર્ડ્ઝની રચના કરી છે તેમાં ગયા વર્ષ દરમ્યાન વડોદરા જીલ્લામાં પણ ડિસ્ટ્રીક્ટ સ્કૂલ બૉર્ડ થઇ છે. બરોડા યુનિવર્સિટીનો એરિયા વડોદરા સીટી અને યુનિવર્સિટી ઑફિસથી ૧૦ માઇલના radius પૂરતો છે. વડોદરા જીલ્લાનો બાકીનો ભાગ આપણી યુનિવર્સિટીમાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે વડોદરા ડિસ્ટ્રીક્ટ સ્કૂલ બૉર્ડની ઑફિસ કયાં આવેલી છે તેમજ બરોડા યુનિવર્સિટી એરિયાની અંદરની શાળાઓ તેના તાબામાં છે કે કેમ વગેરે હકીકત મંગાવવી.

૫૬. ફ્રેટ ઇયર આર્ટ્સમાં ૧૯૫૫ના જૂનથી શિક્ષણનું માધ્યમ ગુજરાતી અને/અથવા હિન્દી કરવા બાબત સિન્ડિકેટે ઘડેલા સ્ટેચ્યુટ બાબતની જોગવાઈ કરી છે, તે બાબતમાં સૌરાષ્ટ્ર સરકારના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન તરફથી આવેલો પત્ર:

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજોમાં ઇંગ્લીશ ફરજિયાત વિષય તરીકે રહેવાનું છે તેથી સૌરાષ્ટ્ર સરકારના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનની સૂચના સ્વીકારી શકાય તેમ નથી એમ જણાવવું.

૫૯. તા. ૪-૧૨-૧૯૫૩ના રોજ મળેલી ચેન્જીઝ ઇન કૉલેજ સ્ટાફની સ્ટેન્ડીંગ કમિટીની છઠ્ઠી બેઠકના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કામકાજની નોંધ મંજૂર કરવી. (કામકાજની નોંધની નકલ આ સાથે પરિશિષ્ટ "૮" તરીકે આપવામાં આવી છે.)

૫૮. ગુજરાત યુનિવર્સિટીની હેન્ડ બુક ભાગ-૩ ની કિંમત નક્કી કરવા બાબત.

(નોંધ:-હેન્ડબુક ભાગ ૩નું ખર્ચ એક નકલના રૂા. ૨-૦-૦ આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે હેન્ડબુક પાર્ટ ૩ની કિંમત રૂા. ૩-૦-૦ રાખવી.

૫૯. સિનિયર ક્લાર્ક શ્રી. ૨. દ. ભગતને પોતાની પત્નીની માંદગીમાં દવા અંગે થયેલા ખર્ચ તેમજ તેમના ભાઇના બાબના વાળ ઉતરાવવાના હોવાથી તે અંગે ખર્ચ થનાર હોવાથી તેમની પ્રોવિડંટ ફંડની રકમમાંથી સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ રૂા. ૧૦૦-૦-૦ની લોન આપ્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૬૦. અ. ઓક્ટરનલ પરીક્ષાઓના વિદ્યાર્થીઓના ફાઇનલ એલિજિબિલિટિ સર્ટિફીકેટ કઢાવી લેવાની તારીખ ૩૧-૧૨-૧૯૫૩ વીતી ગઇ હોવાથી તે લંબાવવા બાબત.

બ. ફાઇનલ એલિજિબિલિટિ સર્ટિફીકેટ કઢાવી લેવાની તારીખ ૩૧-૧૨-૫૩ વીતી ગઇ હોવાથી તે લંબાવવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અ. અને બ. બન્ને કેસોમાં મુદત વધારીને તા. ૩૧-૧-૧૯૫૪ સુધીની રાખવી અને કૉલેજોને ખબર આપવી કે કોઇ પણ સંજોગોમાં હવે મુદત વધારવામાં આવશે નહિ એવી વિદ્યાર્થીઓને તેમણે જાણ કરવી.

૬૧. પ્રાશ્નિકો અને પરીક્ષકોને અપાતી સૂચનાઓ ૧૯૫૪ના વર્ષ માટે મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે "ઇન્સ્ટ્રકશન્સ ટુ એકઝામિનર્સ" મંજૂર કરવી. (સૂચનાઓની નકલ પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૬૨. પ્રાશ્નિકો અને પરીક્ષકોને અપાતાં મહેનતાણાં અંગેના નિયમો ૧૯૫૪ના વર્ષ માટે મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રજૂ કરેલા નિયમો મંજૂર કરવા. (મંજૂર થયેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

૬૩. ઍા. ૪૨ અનુસાર ફોરેઇન યુનિવર્સિટીઝ ઇન્ફરમેશન બ્યુરોના સભ્યોની મુદત ત્રણ વર્ષ માટે હોવાથી સિન્ડિકેટે તેની તા. ૫-૩-૧૯૫૧ની બેઠકમાં નીમેલા સભ્યોની મુદત તા. ૫-૩-૧૯૫૪ના રોજ પૂરી થતી હોવાથી તેમની જગ્યાએ સભ્યો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફોરેઇન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યુરો ઉપર નીચે મુજબના ગૃહસ્થોને નીમવાઃ

૧. ડૉ. કે. જી. નાયક,
૨. પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર,
૩. ડૉ. આર. પી. પટેલ,
૪. શ્રી. મગનભાઇ ડી. પટેલ,
૫. શ્રી. સરદાર દાવર ટી. કે. મોદી,
૬. પ્રિન્સિપાલ કે. એલ. દેસાઈ,
૭. પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ.

૬૪. મુંબઇ યુનિવર્સિટીમાંથી ગુજરાત યુનિવર્સિટીમાં એમ.એસ.સી. (મેડિકલ) માટે રજિસ્ટ્રેશન બદલવા અંગે પરવાનગી આપવા બાબતની શ્રી. વી. એ. પટેલની અરજી.

(નોંધઃ-રજિસ્ટ્રેશન બદલવાની છેલ્લી તારીખ ૧૫-૧૦-૧૯૫૨ હતી. આવી પરવાનગી સિન્ડિકેટે તા. ૫-૯-૫૩ની બેઠકમાં શ્રી. એમ. જી. અમીનને આપેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે માગેલી પરવાનગી આપવી.

૬૫. કન્વેન્શન્સ (૧૯૫૧) ગેરસમજુતી ભર્યાં હોઇ તે રિવાઇઝ કરવા બાબત પ્રિન્સિપાલ અ. ક. ત્રિવેદી તરફથી આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં યોગ્ય કરવા નીચે મુજબની કમિટી નીમવીઃ

૧. ડૉ. કે. જી. નાયક,
૨. પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી,
૩. ડૉ. મોતીભાઇ ડી. પટેલ.

૬૬. એક કરતાં વધુ યુનિવર્સિટીઓમાં પરીક્ષક તરીકે નીમાતા પ્રાધ્યાપકો વિગેરે કામના બોજાને લીધે કામ ઉતાવળથી અને બેદરકારીભરી રીતે ન કરે તે માટે અરજી પત્રકમાં અમુક સ્ટેટમેન્ટ માગવા બદલ પ્રિ. અ. ક. ત્રિવેદીનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદીની સૂચના મંજૂર કરવી અને કેટલી વખત પરીક્ષક નિમાયા છે તે પણ અરજીમાં જણાવવા સૂચવવું.

૬૭. ૧૯૫૩ના માર્ચમાં લેવાયેલી ઇન્ટર સાયન્સની પરીક્ષાના ફિઝિક્સ (થિયરી) માર્ક્સ શીટ્સના ટોટલમાં પરીક્ષકોની ૩૮ જેટલી ભૂલો માલૂમ પડી હતી અને વધારે ભૂલો હોવાથી સિન્ડિકેટે શ્રી. એન. જી. મોહિલેને બે વરસ સુધી પેપર સેટર કે પરીક્ષક તરીકે નીમવા નહિ અને પ્રોફેસર એસ. એચ. ધ્રુવ, પ્રોફેસર ડી. એમ. ભટ્ટ, પ્રોફેસર એમ. એસ. જોષી અને પ્રોફેસર એન. જે. પટેલના તેમણે પોતાનાં માર્ક્સ શીટ્સ ચેરમેન શ્રી. મોહિલેને મુકરર કરેલી તા. ૧૬મી એપ્રિલ સુધીમાં કેમ મોકલ્યાં નહિ અને મોડાં કેમ મોકલ્યાં તે અંગે મંગાવેલા ખુલાસા આવતાં તે ઉપરના સિન્ડિકેટના ઠરાવ અનુસાર શ્રી. જી. કે. ત્રિવેદી અને શ્રી. એસ. એસ. જોષીના મંગાવવામાં આવેલા ખુલાસા.

આથી ઠરાવવામાં આવે છે કે આ કાગળો દફતરે કરવા.

૬૮. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં જુન ૧૯૫૩માં ફર્સ્ટ યર ગ્રુપ "બી" માં દાખલ થયેલા વિદ્યાર્થી શ્રી. પી. એન. શાહની એનરોલમેન્ટ સર્ટિફીકેટ માટેની તા. ૭-૧-૧૯૫૪ ના રોજ આવેલી અરજી સ્વીકારવી કે કેમ!

આથી ઠરાવવામાં આવે છે કે અરજી સ્વીકારવી.

૬૯. આર. આર. લાલન ઇન્ટરમિડિયેટ કૉલેજ, ભુજનું ઇન્ટરમિડિયેટ આર્ટ્સ અને ફર્સ્ટ યર સાયન્સના વર્ગો માટેનું જોડાણ ચાલુ રાખવા અને ઇન્ટર સાયન્સ માટે જોડાણનું એક્સ્ટેન્શન આપવા બાબતની અરજી, તે ઉપરનો સ્થાનિક તપાસણી સમિતિનો રિપોર્ટ અને ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"Resolved that it be recommended to the Syndicate and the Senate that R.R. Lalan Intermediate College, Bhuj, be granted continuation of affiliation for courses leading upto Intermediate Arts and F.Y. Sc. examinations and extension of affiliation for courses leading upto the Intermediate Science Examination for a period of two years from 15th June 1954 i.e. upto the 19th June 1956."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે સેનેટને રિપોર્ટ કરવો.

૬૦. આર. આર. લાલન ઈન્ટરમિડિયેટ કૉલેજ, ભુજને બી.એ. (જનરલ અને સ્પેશિયલ) માટે જોડાણનું એકસ્ટેન્શન આપવા બાબતની અરજી, તે ઉપરનો સ્થાનિક તપાસણી સમિતિનો રિપોર્ટ અને ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"Resolved that it be recommended to the Syndicate and the Senate that R.R. Lalan Intermediate College, Bhuj, be granted extension of affiliation for teaching courses leading upto the B.A. Special and General Examination in Gujarati and Economics and B.A. General only in English, Sanskrit and History for a period of two years from 20th June 1954 i.e. upto the 19th June 1956 on the College authorities fulfilling the following conditions to the satisfaction of the Syndicate :

(1) One additional Lecturer in English and one additional Lecturer in Gujarati to be appointed before June 1954.

(2) One Professor each in English, Gujarati, Sanskrit and History-Economics to be appointed before June 1955;

(3) A non-recurring grant of Rs. 2,000/- and a recurring grant of Rs. 500/- for Library to be provided in the year 1954-55 and also in the year 1955-56."

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૬૧. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડાનું ઇન્ટરમિડિયેટ આર્ટ્સ સુધીના અભ્યાસક્રમ માટેનું જોડાણ ચાલુ રાખવા અને બી.એ. માં જનરલ અને સ્પેશિયલના અમુક વિષયો માટે જોડાણનું એકસ્ટેન્શન આપવા બાબતની અરજી, તે ઉપરનો સ્થાનિક તપાસણી સમિતિનો રિપોર્ટ અને ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ:

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"Resolved that it be recommended to the Syndicate and the Senate that Darbar Gopaldas Mahavidyalaya, Aliabada, be granted continuation of affiliation for courses leading upto Intermediate Arts and extension of affiliation for courses leading upto B.A. General in Gujarati and Sanskrit and B.A. General in Gujarati, Sanskrit, Philosophy (Psychology) and Economics (Principles of Economics) for a period of two years from 15th June 1954 i.e. upto 19th June 1956 on the college authorities fulfilling the following conditions on or before the 20th June 1954 to the satisfaction of the Syndicate :

(1) Building extension to the extent of 3 halls (16 x 20' each) being made.

(2) Addition of books to the Library costing Rs. 1,000/- in each year before 20th June of that academic year being made.

(3) Rs. 5,000/- being set apart before 20th June 1954 for possible deficits."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સેનેટને રિપોર્ટ કરવો.

૭૨. શ્રી. આર્યકન્યા ગુરૂકુળ, પોરબંદરની ઇન્ટરમિડિયેટ કૉલેજ ફૉર વિમેનને ઇન્ટર-મિડિયેટ આર્ટ્સ સુધીના અભ્યાસક્રમ માટે જોડાણ આપવા બાબતની અરજી, તે ઉપરનો સ્થાનિક તપાસણી સમિતિનો રિપોર્ટ અને ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"Resolved that it be recommended to the Syndicate and the Senate that Intermediate College for Women, Probandar, be granted affiliation for courses leading upto the Intermediate Arts for a period of two years from 20th June 1954 i.e. upto the 19th June 1956 on the college authorities fulfilling the following conditions on or before 20th June 1954 to the satisfaction of the Syndicate:

(1) That lecturers in Gujarati, Sanskrit, English, History and Economics be appointed before 20th June 1954.

(2) That an initial amount of Rs. 5,000/- be spent for the Library establishment on or before the 20th June 1954 and provide for an annual recurring amount of Rs. 1,000/- for Library."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સેનેટને રિપોર્ટ કરવો.

૭૩. શ્રી. રામચંદ્ર જગન્નાથ સોમન તરફથી ઇકોનોમિક્સ વિષયમાં પી.એચ.ડી. ની ડિગ્રી માટે આવેલી થિસિસ અંગે રેફરી નીમવા બાબતની બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન ઇકોનોમિક્સની નીચે મુજબની ભલામણ અને તે ઉપરની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ:

બૉર્ડની ભલામણ

"The Board resolves to recommend to the Academic Council that the following referees be appointed for the Thesis in Ph.D. degree in "Economics" received from Shri Ramchandra Jagannath Soman of Ahmedabad.

Names of the referees

1. Shri S.D. Puneker
2. Shri Khandubhai Desai,

3. Shri Gulzarilal Nanda,

4. Shri Rege-Labour Department, Government of India, New Delhi.

5. Shri R.G. Gokhle – Mill Owners' Association, Bomay.

6. Shri S.R. Deshpande, Labour Department, Government of India, New Delhi.

7. Shri V.V Giri,

8. Shri N.M. Joshi."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ખંડુભાઇ દેસાઇને રેફરી તરીકે નીમવા અને જો તેઓ ના પાડે તો શ્રી. એસ. આર. દેશપાંડે, લેબર ડિપાર્ટમેન્ટ, ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયા, ન્યુ દિલ્હી, ને નીમવા."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૭૪. નીચે જણાવેલા વિદ્યાર્થીઓ તરફથી તેમના નામ સામે જણાવેલ વિષય તથા ડિગ્રી સંબંધી આવેલી થિસિસ અંગે રેફરીની નિમણૂક કરવા બાબતની બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન સાયકોલૉજી, લૉજીક, ફિલોસોફી અને પૅલિટિકલ ફિલોસોફીની ભલામણ અને તે ઉપરની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

	વિદ્યાર્થીનું નામ	કઇ ડિગ્રી માટે	વિષય
૧.	શ્રી. કેશવલાલ બી. વ્યાસ, એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, નવસારી.	પી.એચ.ડી.	"Philosophy" "Absolutism in Modern Western Philosophy."
૨.	શ્રી. જ્ઞાનન નારાયણ જોષી, એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, નવસારી.	"	"Philosophy" "The Evolution of the concepts of ATMAN and MOKSA in the different system of Indian Philosophy."

બૉર્ડની ભલામણ

"આથી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરના વિદ્યાર્થીઓ તરફથી આવેલી થિસિસ માટે નીચેના રેફરીની નિમણૂક કરવી:

વિદ્યાર્થીનું નામ	કઇ ડિગ્રી માટે	વિષય
૧. શ્રી. કેશવલાલ બી. વ્યાસ, એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, નવસારી.	પી.એચ.ડી.	**External** 1. Dr. V. H. Date, M.A., Ph.D., Maharaja College, Jaipur. or 2. Prof. N. G. Damle, M.A., Poona, **Internal** (Prin. A. K. Trivedi, M.A.,LL.B.)
૨. શ્રી. જગ્નનન નારાયણ જોષી, એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારિમા સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, નવસારી.	,,	**External** 1. Dr. R. D. Ranade, M.A., D.Litt., NIMBAL. M. & S. M. Rly. or 2. Prof. G. H. Bhatt, M.A. Director, Oriental Institute, Baroda. **Internal** (Principal A. K. Trivedi, M.A., LL.B.)

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે નીચે મુજબ ફેરફારો નીમવા:

૧. ડૉ. વી. એચ. દાતે, એમ.એ., પી.એચ.ડી., મહારાજા કૉલેજ, જયપુર.

૨. ડૉ. આર. ડી. રાનડે, એમ.એ., ડી.લીટ., નીંબાલ., એમ. ઍન્ડ એસ. એમ. રેલ્વે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૭૫. લાયબ્રેરી કમિટીનો નીચે મુજબનો ઠરાવ:

ઠરાવ

"લાયબ્રેરીઅને રજૂ કરેલા લાયબ્રેરીના ઉપયોગ માટેના નિયમો પસાર કરવામાં આવે છે. આ નિયમોનો અમલ લાયબ્રેરી નવા મકાનમાં વ્યવસ્થિત ગોઠવવામાં આવે તે પછી શ્રી. વાઇસ-ચાન્સેલર નક્કી કરે ત્યારથી કરવામાં આવશે. આ નિયમો સિન્ડિકેટની જાણ માટે મોકલી આપવા."

આથી ઠરાવવામાં આવે છે કે લાયબ્રેરી કમિટીનો ઠરાવ મંજૂર કરવો.

(નિયમોની નકલ આ સાથે પરિશિષ્ટ ૬-૧ તરીકે સામેલ છે.)

૭૬. લાયબ્રેરી કમિટીનો નીચે મુજબનો ઠરાવ:

ઠરાવ

"તા. ૧-૭-૫૩ થી તા. ૩૦-૯-૫૩ સુધીના ત્રિમાસિક આવક જાવકના હિસાબની નોંધ લેવામાં આવે છે. આ હિસાબ સિન્ડિકેટની જાણ માટે મોકલી આપવો."

આથી ઠરાવવામાં આવે છે કે હિસાબો મંજૂર કરવા. (હિસાબો આ સાથે પરિશિષ્ટ "ઢ" તરીકે આપવામાં આવ્યા છે.)

૭૭. લાયબ્રેરી કમિટીની નીચે મુજબની ભલામણ:

૧. લાયબ્રેરીમાં સામાયિકો વાંચવા માટે "વાંચનાલય વિભાગ" અને પુસ્તકો વાંચવા માટે "અધ્યયન વિભાગ" ની વ્યવસ્થા શરૂ કરવામાં આવે ત્યારથી એ દરેક વિભાગમાં દેખરેખ વગેરે કામો માટે એક એક સેવકની રૂા. ૩૦-૨-૩૫ ના ગ્રેડની યુનિવર્સિટીના બીજા સેવકોને મળતાં ભથ્થાં સાથેની નવી બે જગ્યાઓ ઉભી કરવાની સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે લાયબ્રેરી કમિટીની ભલામણ મંજૂર કરવી.

૭૮. લાયબ્રેરી કમિટીની નીચે મુજબની ભલામણ:

ભલામણ

"લાયબ્રેરીના કેટલોગર શ્રી. અમૃતલાલ આર. દેસાઇને દિલ્હી યુનિવર્સિટીની સ્કૂલ ઑફ લાયબ્રેરી સાયન્સમાં ગ્રંથાલયશાસ્ત્રનું શિક્ષણ લેવા ત્યાં થતા ખર્ચ જેટલી (આશરે રૂા. ૧,૨૦૦) રકમ આપીને મોકલવામાં આવ્યા હતા પરંતુ એમને એમના કુટુંબનું ભરણપોષણ પણ કરવાનું છે એ ધ્યાનમાં લઈને એમની અરજી પર વિચાર કરી એમને ચાલુ પગારે એલાવન્સીઝ સાથે મોકલવામાં આવ્યા છે એમ ગણવું તથા ત્યાં થતા ખર્ચ જેટલી રકમ આપવાનું નક્કી કર્યું હતું

તેને બદલે ત્યાં થતા ખર્ચ માટે વધારામાં માસિક રૂા. ૫૦ નું એલાવન્સ આપવું એવી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે લાયબ્રેરી કમિટીની ભલામણ મંજૂર કરવી.

૭૯. **શિક્ષક મતદાર વિભાગમાંથી થનાર ચૂંટણી માટે પોલીંગ સેન્ટરો નક્કી કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે રજૂ કરેલું લિસ્ટ મંજૂર કરવું. (લિસ્ટ આ સાથે પરિશિષ્ટ "ણ" તરીકે આપવામાં આવ્યું છે.)

૮૦. **દક્ષિણા ફેલોશિપ્સ માટે યુનિવર્સિટીએ નક્કી કરેલા વિદ્યાર્થીઓ પૈકી એમ. ટી. બી. કૉલેજ, સૂરતના શ્રી. ટી. એમ. વકીલ, તેઓને પાર્ટ ટાઇમ લેક્ચરર તરીકે (માસિક રૂા. ૭૫ પગાર તરીકે મળે છે.) ચાલુ રહેવા દે તે શરતે ફેલોશીપ સ્વીકારવા તૈયાર છે તો તે અંગે યોગ્ય કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ સાલની આખરે તેઓ પોતાની પાર્ટ-ટાઇમ લેક્ચરરશિપ છોડી દે એ શરતે તેમને દક્ષિણા ફેલોશિપ આપવી.

૮૧. **લૉ પ્રિલિમિનરીની પરીક્ષા પસાર કરી હોય તેવા વિદ્યાર્થીઓને સિનિયર બી.એ. નાં તે વિષયો સાથે બી.એ. (જનરલ)નાં સત્રો ભરવાની છૂટ આપવી એવો ઠરાવ ઍકેડેમિક કાઉન્સિલે ગઇ બેઠકમાં કરેલો છે તે બાબતમાં કયા કયા વિષયોનાં combination લઇ શકાય તે બાબત સ્પષ્ટપણે જણાવવા બાબતનો એલ. ડી. આર્ટ્સ કૉલેજના પ્રિન્સિપાલનો પત્ર તથા તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:**

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આવા વિદ્યાર્થીઓને કંઈ પણ એકઝમ્પશન આપવું નહિ. આવા વિદ્યાર્થીઓએ કમ્પલસરી ઈંગ્લીશ લેવું જોઇએ અને તે ઉપરાંત બી.એ. (જનરલ)ના નીચેના વિષયોજ તેઓ લઇ શકે:

(1) Constitutional History

(2) Political Science

(3) Principles of Economics

(4) Society and Social Evolution."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો.

૮૨. **ગુજરાત યુનિવર્સિટીમાં આયુર્વેદની ફૅકલ્ટી કાઢવા બાબતની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ:**

"આથી સિન્ડિકેટને અને સેનેટને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીમાં આયુર્વેદની ફૅકલ્ટી કાઢવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો.

૮૩. ભાષા મુખ્ય વિષય લઇ એમ.એ. થયેલા અને હાલ અધ્યાપક તરીકે કામ કરતા ગૃહસ્થોને એમ.એ. ની પરીક્ષા હિન્દી વિષય સાથે આપવાની છૂટ આપી છે તે ઠરાવમાં મજકૂર પરીક્ષાર્થીઓ એમ.એ. માં આઠ પેપરો લઇ પરીક્ષા આપવી કે હિન્દી સ્પેશિયલનાં છ પેપર લઈ પરીક્ષા આપવી તે અને જેઓ છ પ્રશ્નપત્રો લે તેમને બીજા બે પેપરમાં તેમણે અગાઉ લીધેલી ભાષાને આશ્રયે એકઝમ્પશન આપવું કે કેમ તે બાબતનો ઍકેડેમિક કાઉન્સિલનો નીચે મુજબનો ઠરાવ:

ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓએ હિન્દીના છ પેપરોમાં અને તેઓએ અગાઉ જે બે ભાષાઓ લઈ એમ.એ. ની પરીક્ષા પાસ કરી હોય તેનાથી જુદીજ બીજી ભાષાનાં બે બે પેપરો લઇ પાસ થવું આવશ્યક છે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો.

૮૪. બી.એ. (જનરલ અને સ્પેશ્યલ) હિસ્ટ્રી ગ્રુપ "સી" માં ૮મા વિષય તરીકે શીખવાતા "એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર" નો સુધારેલો અભ્યાસક્રમ તથા તે અંગેના પાઠ્ય-પુસ્તકો બાબતની બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન એન્શ્યન્ટ ઇન્ડિયન ઍન્ડ ઈસ્ટર્ન કલ્ચરની નીચે મુજબની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

બૉર્ડની ભલામણ

"વધુમાં આ બૉર્ડ ઠરાવે છે કે બી.એ. (જનરલ અને સ્પેશિયલ) ના રેગ્યુલેશન નં. ૧૮ હિસ્ટરી ગ્રુપ "સી" માં ૮મા વિષય તરીકે શીખવાતા (VIII) Ancient Indian Culture)ના અભ્યાસક્રમમાં નીચે મુજબનો ફેરફાર કરવો:-

R. 18 : (VIII) Ancient Indian Culture

Paper I :

Elements of the History of Ancient Indian Culture :

(i) History of India upto 1000 A.D., the Institutions of Varnas and Ashramas; the Sixteen Samskaras and Village Administration.

Paper II :

An Outline Study of Religion and Art in Ancient India :

Vedic Religions; the six systems of Indian Philosophy; Buddhism; Jainism; forms of Vaishnavism and Shaivism; Plastic Arts.

વધુમાં આ બૉર્ડ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે બી.એ (જનરલ અને સ્પેશિયલ) "એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર"ના ઉપર મુજબ સુધારેલા અભ્યાસક્રમને અનુલક્ષીને નીચેનાં પાઠયપુસ્તકો નિયત કરવામાં આવ્યાં છે તે સ્વીકારવાં.

VIII. Ancient Indian Culture, for the B.A. Examination. (General and Special)

Paper I:

Books for study and reference:

1. Advanced History of India Part I by R.C. Majmudar, H.C. Ray and Dutta (1946) (Macmillan Co.)
2. Ancient India by Nilkanth Shastri. Pub. S. Vishawanathan, Madras.
3. Caste and Class in India (Chs. I to IV and VI) by Shri G. S. Ghurye. (Pub. Popular Book Depot, Bombay)

ષોડશ સંસ્કારો માટે વિશેષ પુસ્તક પરિપત્રથી નક્કી કરવું.

Paper III:-

Books for study and reference

1. Outline of Indian Philosophy by Chatterji and Dutt, Pub. Calcutta University.
2. Shaivism, Vaishnavism and other minor sects by Bhandarkar.
3. A. B. C. of Indian Art by J. F. Blackie, London (1922)
4. Hand Book of Indian Art by E. B. Havell, London (1920)."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડે રજૂ કરેલો અભ્યાસક્રમ મંજૂર કરવો તથા ષોડશ સંસ્કારો માટે વિશેષ પુસ્તક નીચે મુજબ નિયત કરવું:

Hindu Samskaras (a socio Religious Study of : The Hindu sacraments): by Raj Bali Pandeya, Pub. by Vikram Publications, 1952 Benares."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો.

૮૫. આયર્વેદાચાર્યોની કમિટીની બી.એસ.સી. (ફિઝિયોલૉજી અને સબ્સીડિયરી) આયર્વેદાચાર્યોના સ્પેશ્યલ કોર્સ અંગેની નીચે મુજબની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

બૉર્ડની ભલામણ

"The Committee resolves to recommend to the Academic Council that the revised course in Microbiology at B.Sc. (Subsidiary and Principal) as revised by this Committee be approved. The same may be introduced as soon as possible."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડની ભલામણ મંજૂર કરવી"

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો (મંજૂર થયેલા અભ્યાસક્રમની નકલ આ સાથે પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે.)

૮૬. ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્ક્લુડીંગ એજ્યુકેશને નીમેલી કન્વેનર કમિટીના બે સભ્યો ચેકી શ્રી. કે. આર. મોહોલ્લીનું સરનામું પૂરતી તપાસ કર્યા છતાં મળતું નથી તો એક સભ્ય શ્રી. કે. વી. ગજેન્દ્રગડકરથી કમિટીનું કામ ચલાવવું કે કેમ તે અંગે યોગ્ય કરવા બાબતઃ

આથી ઠરાવવામાં આવે છે કે હવે પછીની આર્ટ્સ ફૅકલ્ટીની મિટીંગમાં આ બાબતનો નિકાલ થાય નહિ ત્યાં સુધી શ્રી. ગજેન્દ્રગડકર એકલાને જ કમિટીનું કામ કરવા જણાવવું.

૮૭. એફ.વાય. આર્ટ્સ (એકસ્ટર્નલ) પરીક્ષા માટેના ફૉર્મમાં વિદ્યાર્થીઓ અમુક વિષયોમાં ગુજરાતી દ્વારા અને અમુક વિષયોમાં અંગ્રેજી દ્વારા જવાબ આપવાનું લખે છે તો તે પ્રમાણે છૂટ આપી શકાય કે કેમ તે નક્કી કરવા બાબતઃ

(નોંધઃ-૧૯૫૪ની ફર્સ્ટ ઇયર આર્ટ્સની પરીક્ષા માટે ગુજરાતી અથવા અંગ્રેજી દ્વારા જવાબ આપવાની વિદ્યાર્થીઓને છૂટ આપવાનું નક્કી થયેલું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે અંગ્રેજી સિવાયના બધા પેપરોના અંગ્રેજી અથવા ગુજરાતી જેમાંથી ગમે તે એક ભાષામાં જવાબો આપી શકાય, જુદા જુદા પેપરોના જુદી જુદી ભાષામાં જવાબો આપી શકાય નહિ તેમ જવાબ આપવો અને આ બાબતમાં કૉલેજોને સરકયુલરથી ખબર આપવી અને વર્તમાનપત્રોમાં યોગ્ય જાહેરાત આપવી.

૮૮. ઇન્ટરમિડિયેટ ફાર્મસીના અભ્યાસક્રમ માટે વધારાનું જોડાણ આપવા બાબતની પ્રિન્સિપાલ એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ તરફથી આવેલી અરજી.

(નોંધઃ-મજકૂર અરજીમાં, કૉલેજનું બી ફાર્મ નું જોડાણ ૧૯૫૫ના જુનમાં પૂરું થાય છે, છતાં તે કોર્સના કાયમના જોડાણ માટે વિનંતી કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આજરોજ આ કૉલેજના ટ્રાયેનિયલ ઇન્સ્પેકશન માટે જે કમિટી નીમવામાં આવી છે તે જ કમિટીની આ અરજી તપાસવા માટે સ્થાનિક તપાસણી સમિતિ તરીકે નિમણૂક કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં રેગ્યુલેશનમાં કાંઇ પણ ફેરફાર કરવાની જરૂર છે કે કેમ તે બાબત વિચાર કરી જો જરૂર જણાય તો રેગ્યુલેશનમાં જે સુધારા કરવાના હોય તે કરવા યોગ્ય કરવા આ કામ એકેડેમિક કાઉન્સિલ તરફ મોકલી આપવું.

૮૬. ગુજરાત યુનિવર્સિટીના મકાન માટે બોરીંગનો કોન્ટ્રેકટ ધી સુરત કોટન સ્પીનીંગ એન્ડ વીવીંગ મિલ્સ લિમિટેડને આપ્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૮૭. હિંદ સરકાર તરફથી સ્ટેટિસ્ટીક્સ ડિપાર્ટમેન્ટ માટે મળેલી રૂા. ૧૦,૦૦૦-૦-૦ની ગ્રાન્ટ પૈકી રૂા. ૩,૨૦૦-૦-૦ વધ્યા હતા તે રકમમાંથી ઇલેકટ્રીક ફેસીઇ મશીન ખરીદવા શ્રી. વાઇસ-ચાન્સેલરે કરેલા હુકમને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૮૮. ઑલ ઇન્ડિયા રાઇટર્સ કૉન્ફરન્સ, અન્નામલાઇ નગર ખાતે અન્નામલાઈ યુનિવર્સિટીના ઉપક્રમે તા. ૧૬થી ૧૮મી એપ્રિલ ૧૯૫૪ દરમિયાન મળનારી હોવાથી, આ યુનિવર્સિટીએ પ્રાદેશિક ભાષાના Writer-Professors કે જેઓ યુનિવર્સિટી સાથે સંકળાયેલા હોય તેવા એક અથવા વધુ ડેલિગેટો નીમવા બાબત તેમજ કૉન્ફરન્સ માટે ઉદાર ડોનેશન આપવા બાબતના ઑલ ઇન્ડિયા રાઇટર્સ એસોસિએશનના માનાર્હ મંત્રી તરફથી આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ડેલિગેટ તરીકે કોઈની નિમણૂક કરવી નહિ અને યુનિવર્સિટી કાંઈ પણ ડોનેશન આપી શકે તેમ નથી એવો જવાબ આપવો.

૮૯. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં એફ. વાય. સાયન્સના વર્ગમાં દાખલ થયેલા શ્રી. આર. જી. મકવાણાની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફત તા. ૫-૨-૧૯૫૪ના રોજ આવેલી એનરોલમેન્ટ સર્ટિફિકેટ માટેની અરજી સ્વીકારવી કે કેમ?

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અરજી સ્વીકારવી.

૯૦. તા. ૪-૨-૧૯૫૪ના રોજ મળેલી બૉર્ડ ઑફ એકરદ્રા-મુરલી સ્ટડીઝની ચોથી બેઠકના કામકાજની નોંધને મહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડના કામકાજની નોંધને મહાલી આપવી. (કામકાજની નોંધની નકલ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે આપવામાં આવેલી છે.)

૯૧. તા. ૪-૨-૧૯૫૪ના રોજ મળેલી પબ્લીકેશન બૉર્ડની ત્રીજી બેઠકના કામકાજની નોંધને મહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડના કામકાજની નોંધને મહાલી આપવી. (કામકાજની નોંધની નકલ આ સાથે પરિશિષ્ટ "ઘ" તરીકે આપવામાં આવેલી છે.)

૯૨. શ્રી. વિક્રમ સારાભાઇને તેમની "To carry out baloon ascents with photographic plates to investigate the time variation of cosmic ray primaries at high altitudes in the atmosphere" યોજનાના સંશોધન અર્થે સિન્ડિકેટે રૂા. ૫,૦૦૦-૦-૦ની રિસર્ચ ગ્રાન્ટ મંજૂર કરેલી પરંતુ કૉસ્મીક રેઝ અંગેના સંશોધનમાં ખૂબ ઝડપી પ્રગતિ થયેલી હોવાથી મજકૂર ગ્રાન્ટનો ઉપયોગ સદર યોજનાને બદલે "The establishment of a cubical meson telescope for participation in the coordinate programme of worldwide cosmic ray time variation studies" એ યોજનાના સંશોધન પરત્વે કરવા પરવાનગી આપવા બાબત શ્રી. વિક્રમ સારાભાઈની આવેલ માગણી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યોજનાનો ફેરફાર મંજૂર કરવો.

૯૩. ગુજરાતી અને અંગ્રેજી બન્નેમાં ટાઇપિંગનું કામ કરતા હોવાથી તેમને એલાવન્સ આપવા બાબતની ટાઇપિસ્ટ શ્રી. વી. પી. શાહની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. પી. શાહને ગુજરાતી ટાઈપિંગનું માસિક રૂા. ૧૦-૦-૦ એલાવન્સ આપવાનું મંજૂર કરવું અને આવા બીજા કેસોમાં પણ તેજ પ્રમાણે એલાવન્સ આપવું

૯૪. શ્રી. એમ. જી. દેસાઇને ૧૯૫૪ના માર્ચ-એપ્રિલમાં લેવાનારી ઇન્ટર આર્ટ્સ અને ઇન્ટર કૉમર્સમાં ફ્રેન્ચના પરીક્ષક તરીકે નીમ્યા છે પરંતુ ઇન્ટર આર્ટ્સમાં સંસ્કૃત વિષય સાથે તેમના પુત્ર બેસનાર છે તો તેમને પરીક્ષક તરીકે ચાલુ રાખવા કે કેમ ?

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. જી. દેસાઈ પરીક્ષક તરીકે ચાલુ રહી શકે નહિ.

૯૫. એ. સી. સી. ની ટ્રેનિંગ માટે એલોટ કરેલી રકમ મોકલવા બાબતનો વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગરના પ્રિન્સિપાલ તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલની વિનંતી માન્ય રાખવી.

૯૬. નીચે જણાવેલી ફાઇનાન્સ કમિટીની ભલામણો મંજૂર કરવા બાબત:

ફાઇનાન્સ કમિટીની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આવેલાં ટેન્ડરોમાંથી નીચે જણાવેલા વેપારીઓ પાસેથી તેઓના ભાવ સૌથી ઓછા હોવાથી તેમની સામે જણાવેલ ભાવે નીચેનું ફર્નિચર ખરીદવા સિન્ડિકેટને ભલામણ કરવી:

૧. લેધર ટોપ ટેબલ ૫'x૩'x૨½':	નં.	૫.	કાંતિલાલ પરસોતમદાસ મિસ્ત્રી	રૂા. ૧૪૦ નંગના
૨. ટાઇપિસ્ટ ખુરસીઓ:	નં.	૨.	મહેતા એન્ડ કંપની	રૂા. ૨૦ ,,
૩. ઘોડા નં. ૨૮૯ પ્રમાણે:	નં.	૩.	કાંતિલાલ પરસોતમદાસ મિસ્ત્રી	રૂા. ૩૮ ,,
૪. ટેબલ ૪'x૨'x૨½':	નં.	૫.	ન્યુ ફર્નિચર માર્ટ	રૂા. ૧૦૫ ,,
૫. હેટ સ્ટેન્ડ:	નં.	૧.	પોપટલાલ છોટાલાલ મિસ્ત્રી	રૂા. ૭૦ ,,
૬. ફાઇલીંગ કેબિનેટ્સ:	નં.	૯.	રવિન્દ્ર એન્ડ કંપની	રૂા. ૧૯૦ ,,
૭. સ્ટીલ કબાટો:	નં.	૧૮.	,,	રૂા. ૧૬૩ ,,
૮. સ્ટીલ કબાટો ૨૪ પિજીયન્સવાળાં:	નં.	૫.	જહાંગીર બ્રધર્સ	રૂા. ૨૦૪ ,,
૯. સ્ટીલ કબાટો ૧૮ પિજીયન્સવાળાં	નં.	૨	,,	રૂા. ૧૯૪ ,,
૧૦. ઘોડા ૭"-૪'x૪૬" ૧૫ ઉંડાઈ:	નં.	૨.	,,	રૂા. ૪૯ ,,
૧૧. ઘોડા ૪'-૩'x૪૬" ૧૫ ઉંડાઇ:	નં.	૧.	,,	રૂા. ૩૧ ,,
૧૨. લેટર હેડ સ્ટેન્ડ:	નં.	૫.	,,	રૂા. ૧૪ ,,

૨. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે પ્રશ્નપત્રો છાપવા માટે નીચે જણાવ્યા પ્રમાણે જુદા જુદા સેન્ટરો ઉપર પ્રેસોને કામ આપવા મંજૂર કરવું:

૧. અમદાવાદ સેન્ટર:

નવજીવન પ્રેસને રૂા. ૪૪-૦-૦ દરેક પ્રશ્નપત્રના ૫૦૦ નકલ માટે. દરેક વધારાની ૧૦૦ નકલ માટે રૂા. ૨-૦-૦ વધુ આપવા. આ માટે કાગળનો ભાવ રૂા. ૦-૧૩-૦ રતલ આપવો.

૨. આણંદ સેન્ટર:

ગ્રામોદ્ધાર મુદ્રણાલય તથા ચરોતર પ્રિન્ટીંગ પ્રેસ જો દર પેપરના રૂા. ૫૦-૦-૦ના દરે કામ લેવા માગતા હોય તો એગ્રિકલ્ચર સિવાયની પરીક્ષા માટેનું કામ ગ્રામોદ્ધાર મુદ્રણાલયને આપવું અને એગ્રિકલ્ચર પરીક્ષા માટેનું કામ ચરોતર પ્રિન્ટીંગ પ્રેસને આપવું. ગ્રામોદ્ધાર મુદ્રણાલયને ૫૦૦ ઉપરની દરેક ૧૦૦ નકલ માટે રૂા. ૧-૦-૦ વધારે આપવો. કાગળનો ભાવ ગ્રામોદ્ધાર મુદ્રણાલય અને ચરોતર પ્રિન્ટીંગ પ્રેસને રૂા. ૧૨-૦-૦ અને રૂા. ૧૪-૦-૦ રીમના અનુક્રમે આપવા.

૩. સૂરત સેન્ટર:

મિશન પ્રિન્ટીંગ પ્રેસને રૂા. ૫૦-૦-૦ના દરે કાગળ સાથે આ કામ આપવું.

૪. નવસારી સેન્ટર:

મણી મુદ્રણાલયને ૧૦૦ નકલના રૂા. ૫૦-૦-૦ના દરે આપવું વધારાની દરેક ૧૦૦ નકલ માટે રૂા. ૨-૦-૦ આપવા. કાગળનો ભાવ રૂા. ૧૦-૦-૦ રીમનો આપવો.

૫. રાજકોટ સેન્ટર:

મોહનલાલ દામોદરદાસ મહેતાને જો તેઓ કબૂલ થાય તો રૂા. ૫૦-૦-૦ પ્રશ્નપત્રના દરે કામ આપવું. કાગળનો ભાવ રૂા. ૧૦-૦-૦ રીમના પ્રમાણે આપવો.

૬. મોરબી તથા ભાવનગર સરકારી પ્રેસ હોવાથી આ કામ તેમને સરકારી દરે આપવું."

આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ કમિટીની ભલામણો મંજૂર કરવી.

૯૭. સંગીતના અભ્યાસક્રમ અંગે નિમેલી સમિતિમાં શ્રી. આર. સી. મહેતાને સભ્ય તરીકે ઉમેરવા બાબતનું પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદીનું સૂચન:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. સી. મહેતાને મજકૂર સમિતિમાં સભાસદ તરીકે નીમવા.

નં. સિ. ૧૦૬૩૦-૪૫ ૧૯૫૪.
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯. ૧૯-૨-૧૯૫૪.

ભદ્રિકલાલ અંબાલાલ પટેલ
રજિસ્ટ્રાર

પરિશિષ્ટ 'ફ'

કામકાજ નં. ૩

ગુજરાત યુનિવર્સિટીની બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની સાતમી બેઠક, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, શુક્રવાર તા. ૪-૧૨-૧૯૫૩ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળેથી, તેમાં હાજરી નીચે પ્રમાણે હતીઃ

૧.	શ્રી. હરસિદ્ધભાઇ વ. દિવેટિયા, વાઇસ-ચાન્સેલર,	હાજર,
૨.	શ્રી. આર. સી. પરીખ	ગેરહાજર,
૩.	પ્રિન્સિપાલ એમ. એસ. શાહ	હાજર,
૪.	પ્રિન્સિપાલ એ. ડિ સોઝા	ગેરહાજર,
૫.	શ્રી. મગનભાઈ ડી. પટેલ	ગેરહાજર,
૬.	પ્રિન્સિપાલ ટી. કે. મોદી (સરદાર દાવર)	ગેરહાજર,
૭.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર,
૮.	પ્રિન્સિપાલ એસ. વી. દેસાઈ	ગેરહાજર,
૯.	શ્રી. બી. કે. મુમુમદાર	ગેરહાજર,
૧૦.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર,
૧૧.	પ્રિન્સિપાલ એન. એમ. શાહ	હાજર,
૧૨.	ડૉ. એમ. ડી. અવસારે	હાજર,
૧૩.	શ્રી. સી. સી. શાહ	ગેરહાજર,
૧૪.	પ્રિન્સિપાલ એમ. એમ. કાકેાર	ગેરહાજર.
૧૫.	ડૉ. એસ. બી. અંકલેસરીઆ	હાજર,
૧૬.	ડૉ. એ. બી. ત્રિવેદી	હાજર.

૧. તા. ૧૮-૯-૧૯૫૩ના રોજ મળેલી બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ખાસ બેઠકની મિનિટ્સ મંજૂર કરવા બાબત.

કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા માટે જુદી જુદી કૉલેજો અને માન્ય સંસ્થાઓના અધ્યાપકો તરફથી આવેલી અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સાથે પરિશિષ્ટ "અ"માં જણાવ્યા પ્રમાણેના શિક્ષકોને જૂન ૧૯૫૫ સુધી માન્ય રાખવા, પરિશિષ્ટ "બ"માં જણાવ્યા પ્રમાણેના શિક્ષકોને માન્ય રાખવા નહિ અને પરિશિષ્ટ "ક" માં દર્શાવેલ શિક્ષકની બાબતમાં તેમાં જણાવ્યા પ્રમાણે વિગતો મંગાવવી.

૩. અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે સત્ર (term) રાખવા બાબતમાં વિદ્યાર્થીએ રાખેલ દરેક સત્રને એક અલગ એકમ (unit) તરીકે ગણવા તેમજ તેને કુ ભાષણોમાં તે સત્રમાંજ હાજરી આપી હોય તો તેણે સત્ર રાખેલ છે એમ ગણવા અને એ બાબતના વારાધોરણો (Regulations) માં સુધારા વિગેરે કરવા બાબતના એમ. ટી. બી કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલ સૂચન અંગે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૧૮-૬-૧૯૫૩ના રોજ મળેલ છઠ્ઠી બેઠકમાં આઇટેમ ૩ ઉપર ઠરાવ્યા પ્રમાણે કૉલેજના પ્રિન્સિપાલો અને સંસ્થાઓના વડાઓ તરફથી આવેલ અભિપ્રાય બાબત વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વધુ ખરી કૉલેજો પ્રિન્સિપાલ કે. એલ. દેસાઈની દરખાસ્તની તરફેણમાં હોવાથી તે દરખાસ્ત સ્વીકારવી.

૪. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સૂરતના ઇકોનોમિક્સના પ્રોફેસર શ્રી. આર. કે. પાટીલની પી.એચ.ડી. ડિગ્રી માટે સ્વતંત્ર રીતે કામ કરી સંશોધન કરવા દેવા પરવાનગી આપવા બાબતની પ્રિન્સિપાલ મારફત આવેલ તા. ૩૧-૯-૧૯૫૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર પાટીલ તેમની થિસિસ રજૂ કરતાં પહેલાં નિયમ પ્રમાણે સ્વતંત્ર સંશોધન કાર્ય (Independent research work) પબ્લીશ કરવા તૈયાર છે કે કેમ તે પુછાવવું. જો તેઓ સંમત થાય તો તેમને મળણી પ્રમાણે રજિસ્ટર કરવા.

૫. બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ભલામણો પરથી સિન્ડિકેટે તેની તા. ૫-૪-૧૯૫૨ના રોજ મળેલ સભામાં ઠરાવ્યા પ્રમાણે માન્ય રાખેલી સંસ્થાઓમાં માન્ય રાખેલા શિક્ષકોને શિક્ષણમાં મદદ કરવાને માટે વંચારના શિક્ષકો રાખવામાં આવે છે તેમને સિન્ડિકેટે નક્કી કરેલી શિક્ષકો માટેની લાયકાત તથા પગારનો સ્કેલ અને નોકરીની શરતો લાગુ પાડવાં કે કેમ તે પર વિચારણા કરવા નિમાયેલી કમિટીના રિપોર્ટ, બૉર્ડ ઑફ યુનિવર્સિટીની ટીચીંગની તા. ૫-૧૦-૧૯૫૨ના રોજ મળેલ સભાએ કમિટીને એવી સૂચના સાથે પાછો મોકલેલો કે તેમણે તેમનો રિપોર્ટ કરતાં પહેલાં માન્ય સંસ્થાઓના વડાઓ સાથે મંત્રણા કરવી. આ બાબતમાં સદરહુ કમિટીના તા. ૩૦-૬- ૧૯૫૩ના રિપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

આ થી ઠરાવવામાં આવે છે કે નીચે પ્રમાણેના સુધારા વધારા સાથે કમિટીના રિપોર્ટ સ્વીકારવો.

૧. રિપોર્ટના કૉલમ ૧ના પેટા આઇટેમ નં. ૩માં છેવટે "Bachelor's Degree" એ શબ્દો પછી અને "or" પહેલાં નીચે પ્રમાણે શબ્દો ઉમેરવા:

"Master's Degree in second class with second class Bachelor's degree and five years experience as a teacher in a College."

૨. ક્લૉઝ ૩ના (b)માં પહેલી લાઇનમાં "is a" એ શબ્દો પછી અને "paid" શબ્દ પહેલાં "full-time" એ શબ્દો ઉમેરવા અને બીજી લાઈનમાં "at least" શબ્દોને બદલે "normally" એ શબ્દ વાંચવો.

(સુધારા વધારા સાથેનો રિપોર્ટ પરિશિષ્ટ "૬" પ્રમાણે આ સાથે સામેલ છે.)

૬. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સૂરતના પ્રોફેસર આર. એન. ભટ્ટ કે જેઓ પી.એચ.ડી. કૉમર્સ માટે સ્વ. પ્રિન્સિપાલ વાય. ડી. કેસ્કરના હાથ નીચે રજિસ્ટર થયેલા અને જેઓએ તેમની બે ફર્મો પૂરી કરી છે તેમની પ્રિન્સિપાલ કેસ્કર ગુજરી જવાથી તેમનો બાકીનો અભ્યાસ સ્વતંત્ર રીતે કરવા દેવા પરવાનગી આપવા બાબત પ્રિન્સિપાલ મારફત આવેલ માગણી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. એન. ભટ્ટને તેમને બાકીનો અભ્યાસ સ્વતંત્ર રીતે કરવા પરવાનગી આપવી.

૭. એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, નવસારીના શ્રી. શંકર રામકૃષ્ણ ગોઠીવરેકરની મેથેમેટિક્સ "એ" ગ્રુપ માટેની અનુસ્નાતક માન્યતા માટેની અરજી બાબતમાં બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૧૮–૬–૧૯૫૩ના રોજ મળેલ બેઠકે આઇટેમ ૨ ઉપર મેથેમેટિક્સ "એ" ગ્રુપના કયા પેપરો માટે તેઓ રેકમ્નીશન માગે છે તે પુછાવતાં ઠરાવેલું તે બાબત શ્રી. ગોઠીવરેકરના એસ. બી. ગાર્ડા કૉલેજના પ્રિન્સિપાલ મારફત આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ગોઠીવરેકરની મેથેમેટિક્સ "એ" ગ્રુપ માટેની અનુસ્નાતક માન્યતા માટેની અરજી નામંજૂર કરવી.

૮. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં એમ. એ. માં સંસ્કૃત વિષય માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલા શ્રી. પી. સી. શાહની તેમની બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢમાં સંસ્કૃતના પ્રોફેસર તરીકે બદલી થવાથી તેમની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢમાં ટ્રાન્સફર કરવા બાબતની માગણી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પી. સી. શાહનું રેકગ્નીશન બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢમાં ટ્રાન્સફર કરવું.

૯. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢના સંસ્કૃતના લેક્ચરર શ્રી. આર. એસ. બેટાઇ કે જેઓ પી. એચ. ડી. સંસ્કૃત માટે ડૉ. પી. એમ. મોદીના હાથ નીચે રજિસ્ટર થયેલા છે અને જેઓએ ત્રણ ફર્મો પૂરી કરી છે તેમનું બાકીનું ચોથી ફર્મનું કામ સ્વતંત્ર રીતે કરવા દેવા પરવાનગી મળવા બાબત આવેલ માગણી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. એસ. બેટાઇને તેમનું ખાકીનું કામ સ્વતંત્ર રીતે કરવાની પરવાનગી આપવી.

૧૦. શ્રી. વી. એલ. એન. રાવ, અંબરનાથ, થાણા ડિસ્ટ્રીક્ટ, એમની ફૅકલ્ટી ઑફ ટેકનોલૉજી વિષયમાં પી. એચ. ડી. ડિગ્રી માટે સ્વતંત્ર રીતે કામ કરી સંશોધન કરવા દેવા પરવાનગી આપવા બાબતની આવેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- પી.એચ.ડી. ટેકનોલૉજી માટે હજી યુનિવર્સિટીએ કોઇ શિક્ષક માન્ય કરેલ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. એલ. એન. રાવની માગણી નામંજૂર કરવી.

૧૧. ઇન્સ્ટીટ્યુટ ઑફ એગ્રિકલ્ચર, આણંદના શ્રી એ. એસ. પટેલ કે જેઓએ તેમની એમ એસ. સી. એગ્રિ. માટેની સિનોપ્સીસ તા. ૨૦-૧-૧૯૫૩ના રોજ રજૂ કરી છે તેઓ તેમની થિસિસ જુલાઇ ૧૯૫૩ સુધીમાં રજૂ કરી શકે એમ ન હોવાથી તેમની થિસિસ રજૂ કરવા માટે ૭ મહિનાની વધુ મુદત આપવા એટલે કે નવેમ્બર ૧૯૫૩ આખર સુધીની મુદત આપવા બાબત પ્રિન્સિપાલ મારફત આવેલ માગણી અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:- થિસિસ હવે આવી ગઈ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. એસ. પટેલને તેમની થિસિસ રજૂ કરવા માગણી પ્રમાણે નવેમ્બર ૧૯૫૩ના આખર સુધીનો સમય આપવો.

૧૨. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરના પ્રિન્સિપાલ શ્રી એમ. બી. દેસાઇ કે જેઓ એમ.કૉમ. શિક્ષણ અને સંશોધન અને પી.એચ.ડી. ઇકોનોમિક્સ ફૅકલ્ટી માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલા છે તેમની તેઓ ઇકોનોમિક્સ સાથે એમ.એ. થયેલ વિદ્યાર્થીઓને પી.એચ.ડી. ઇકોનોમિક્સ માટે દોરવણી આપી શકે કે કેમ તે બાબત આવેલા પત્ર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. બી. દેસાઇને ઇકોનોમિક્સ સાથે એમ.એ. થયેલ વિદ્યાર્થીઓને આર્ટ્સ ફૅકલ્ટીમાં પી.એચ.ડી. ઇકોનોમિક્સ માટે દોરવણી આપવા પરવાનગી આપવી.

૧૩. ધી ઇન્સ્ટીટ્યુટ ઑફ ઇકોનોમિક્સ, હૈદરાબાદ ડેક્કનના ડિરેક્ટર તરફથી મજકૂર ઇન્સ્ટીટ્યુટ તેમજ સ્ટાફના બે સભ્યોને યુનિવર્સિટીએ માન્ય કરવા બાબત આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ધી ઇન્સ્ટીટ્યુટ ઑફ ઇકોનોમિક્સ, હૈદરાબાદ ડેક્કનના ડિરેક્ટરની માગણી નામંજૂર કરવી.

૧૪. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં હિસ્ટરી ગ્રુપ "સી" માટે હાલ કોઇ માન્ય થયેલ અનુસ્નાતક શિક્ષક નથી તેથી સદર બાબતમાં અનુસ્નાતક શિક્ષણની બાબતમાં આંતર-કૉલેજ પદ્ધતિ (Inter-collegiate system) અનુસરવા અને અનુસ્નાતક નોંધણી માટેના વિદ્યાર્થીઓને હિસ્ટરીના ગ્રુપ્સ બાબતમાં એક કૉલેજના વિદ્યાર્થીઓને તેમની કૉલેજમાં તે ગ્રુપ માટે માન્ય અનુસ્નાતક શિક્ષક ન હોય તો તેમની અરજીઓમાં બીજી કૉલેજના તે ગ્રુપમાં માન્ય થયેલ શિક્ષક સહી કરે તો તે સ્વીકારવા બાબત એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટના પ્રિન્સિપાલ તરફથી આવેલ પત્ર બાબતમાં વિચારણા કરવા બાબત.

(નોંધ:- સદર બાબતના ધોરણ અંગે મુંબઇ યુનિવર્સિટીને પુછાવતાં મુંબઇ યુનિવર્સિટી તરફથી જવાબ આવ્યો હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે હિસ્ટરીના ગ્રુપ્સ બાબતમાં અનુસ્નાતક શિક્ષણની બાબતમાં આંતર-કૉલેજ પદ્ધતિ (Inter-collegiate system) સ્વીકારવી તેમજ હાજરી, રોલ કૉલ વિગેરે બાબતમાં મુંબઇ યુનિવર્સિટીની પદ્ધતિ અખત્યાર કરવી.

૧૫. એમ. એન. કૉલેજ, વીસનગરના પ્રિન્સિપાલ મારફત કૉલેજના બજકૂરના બોટા-નીના રેમોન્સ્ટેટર શ્રી. એસ. વાય ગુપ્તેની નીચે પ્રમાણે વિનંતીઓ ઉપર વિચારણા કરવા બાબત:

૧. એમ. એસ. સી. ડિગ્રી માટે સ્વતંત્ર રીતે અભ્યાસ કરવા દેવા પરવાનગી આપવા બાબત.

અથવા

૨. વીસનગર કૉલેજમાં કામ કરવા દઇ એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયસન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદના બોટાની માટેના માન્ય અનુસ્નાતક શિક્ષક પ્રોફેસર સી. એમ. પટેલના હાથ નીચે એમ. એસ. સી. માટે સંશોધન માટે રજિસ્ટર થવા દેવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. વાય. ,ગુપ્તેની માગણી નામંજૂર કરવી.

૧૬. ઇન્સ્ટીટ્યુટ ઑફ એગ્રિકલ્ચર, આણંદના ડૉ. એન. પ્રસાદ કે જેઓ બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૧૮-૯-૧૯૫૩ના રોજ મળેલ મિટીંગમાં માયકોબાયોલૉજી વિષય માટે શિક્ષણ (teaching) માટે એમ. એસ. સી.માં માન્ય થયેલ છે તેમની માયકોબાયોલૉજી વિષયમાં સંશોધન માટે માન્ય કરવા બાબત ઇન્સ્ટીટ્યુટ ઑફ એગ્રિકલ્ચર, આણંદના ડિરે-ક્ટર મારફત આવેલ વિનંતી અંગે વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એન. પ્રસાદને એમ. એસ. સી. માટે માયકોબાયોલૉજી વિષયમાં સંશોધન માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા.

૧૭. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપાલ શ્રી. લાલભાઇ રતનજી દેસાઇ કે જેઓ એમ. ઇ. ડી. ડિગ્રી માટે શિક્ષણ (Papers) માટે :-

" Administration of Education and comparative education section 'B' and 'g' of Grop II "

વિષયો માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ છે તેમની એમ. ઇ. ડી ડિગ્રી માટે શિક્ષણ માટે (Papers in general) સંપૂર્ણપણે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા અંગે આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલ એલ. આર. દેસાઇને એમ. ઇ. ડી. ડિગ્રી માટે શિક્ષણ માટે (Papers in general) અનુસ્નાતક શિક્ષક તરીકે માગણી પ્રમાણે માન્ય કરવા.

૧૮. બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન એકાઉન્ટીંગની તા. ૭-૧૦-૧૯૫૩ના રોજ મળેલ બેઠકના આઇટમ નં. ૨ના બૉર્ડે મજકૂરના નીચેના ઠરાવ અનુસાર એમ. કોમ. ની પરીક્ષા માટે એડવાન્સ એપ્લાઇડ એકાઉન્ટીંગના ડ્રાફ્ટ સિલેબસ ઉપર વિચારણા કરવા બાબત :

તા. ૭-૧૦-૧૯૫૩નો ઠરાવ

" The meeting of the Board of Studies in Accountanc7 on scrutiny finds different opinions expressed by the Colleges. Besides the courses appear to be suitable more for research than teaching and feel the matter may be examined by the Board of Post-Granduate Studies."

આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણને અનુરૂપ અભ્યાસક્રમમાં ફેરફાર કરવાને માટે આ કામ બૉર્ડ ઑફ સ્ટડીઝ તરફ પાછું મોકલવું.

૧૯. પ્રોફેસર એ. એસ. પ્રભુદેસાઇ જેઓ બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગરમાં ઇંગ્લીશના અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ છે તેમની ચાલુ ટર્મથી વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગરમાં બદલી થયેલ હોવાથી તેમની ઇંગ્લીશ માટેની એમ. એ. ના અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ટ્રાન્સફર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. એસ. પ્રભુદેસાઇનું રેકગ્નીશન વી. પી. મહાવિદ્યાલય, વલ્લવિદ્યાનગરમાં ટ્રાન્સફર કરવું.

૨૦. પ્રોફેસર એચ. સી ત્રિવેદી કે જેઓ વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગરમાં ઇંગ્લીશના અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ છે તેમની તા. ૧૦-૧૧-૧૯૫૩થી એસ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદમાં બદલી થયેલ હોવાથી તેમની ઇંગ્લીશ માટેની એમ. એ.ના અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ટ્રાન્સફર કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. સી. ત્રિવેદીનું રેકગ્નીશન એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદમાં ટ્રાન્સફેર કરવું.

૨૧. ગુજરાત કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. મહેતા ગંગાપ્રસાદ જગન્નાથ કે જેઓ એમ. એ. માં હિસ્ટરી "એ" અને "સી" ગ્રુપમાં ચાલુ સાલે રજિસ્ટર થયા છે તેમની હિસ્ટરીના બદલે લેન્ગ્વેજીઝસંસ્કૃત અને અર્ધમાગધી વિષયમાં વિષય ફેર કરવા બાબત પ્રિન્સિપાલ મારફત તા. ૨૬-૧૧-૧૯૫૩ના રોજ નવેસર રજિસ્ટ્રેશન માટેની અરજી અને ફી સ્વીકારવાં કે કેમ તે બાબત ઉપર વિચારણા કરવા બાબત:

(નોંધ:- પોસ્ટ-ગ્રેજ્યુએટ નિયમ ૧૧ પ્રમાણે બે વિષયફેર બાબતમાં નવેસર અરજી અને ફી ભરવામાં આવે અને નવા વિષયના અનુસ્નાતક શિક્ષકનું આવશ્યક હાજરી વિદ્યાર્થી પૂરી કરી શકશે એવું સર્ટિફીકિટ હોય તો પહેલી ટર્મમાં જ વિષયફેરની પરવાનગી મળી શકે એમ ઠરેલ છે. સદર બાબતમાં અરજદાર તબિયતના કારણે સમયસર અરજી કરી શકયા નથી એમ જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. મહેતા ગંગાધરપ્રસાદ જગન્નાથની વિનંતી માન્ય કરવી.

૨૨. ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરીમાં પી.એચ.ડી. ના અભ્યાસ માટે લગભગ એમ. એસ.સી. થયેલા વિદ્યાર્થીઓ જ લેવામાં આવતા હોવાથી ત્યાંના સ્ટાફને એમ.એસ.સી. વિદ્યાર્થીઓને દોરવણી આપવાની પૂરતી તક મળતી ન હોવાથી પી.એચ.ડી. ડિગ્રી માટે અનુસ્નાતક શિક્ષક તરીકેના માન્યતા બાબતમાં નિયમોનો સદર સ્ટાફને બાધ આવે છે તેથી પી.એચ.ડી. ડિગ્રી માટે અનુસ્નાતક શિક્ષક અંગેની માન્યતા અંગેના નિયમો (Rules for Recognition) પૈકી નિયમ ૪માં સુધારો કરવા બાબત ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી, અમદાવાદના ડિરેક્ટર તરફથી આવેલ માગણી અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:- નિયમ ૪ નીચે પ્રમાણે છે:

"That teacher to be recognised for the Ph.D. Degree shall have a Doctor's Degree and published work to their credit (excluding publications based on the thesis submitted for any research degree and in the case of subjects of experimental science, shall have successfully guided at least 5 candidates for the Master's Degree by Research provided however, that when the published work is of high merit, a research degree may not be insisted upon.")

આથી ઠરાવવામાં આવે છે કે પ્રચલિત નિયમ ૪માં નીચે દર્શાવ્યા પ્રમાણે છેવટે સુધારો ઉમેરવો:

"Provided further that the condition about having successfully guided at least five students for M.Sc. by research shall not apply to applicants serving in research

Institutions which admit students only for Ph.D. but in such cases the applicant will have to havetto his credit published work of higher merit."

સુધારા વધારા સાથેનો આખોય નિયમ ૪ નીચે પ્રમાણે વંચાશે.

4. That teachers to be recognised for the Ph.D. Degree shall have a Doctor's Degree and published work to their credit (excluding publications based on the thesis submitted for any research degree), and in the case of subjects of experimental science shall have successfully guided at least five candidates for the Master's Degree by research, provided, however, that were the published work is of high merit, a research degree may not be insisted upon. Provided further that the condition about having successfully guided at least five studen's for M Sc. by research shall not apply to applicants serving in research Institutions which admit students only for Ph D. but in such cases the applicant will have to have to his credit published work of higher merit."

ત્યારબાદ બેઠકનું કામકાજ પૂરું થયું હતું.

નં. જન. ૫૫૪૨૬-૪૨-૧૯૫૩,
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ, અમદાવાદ-૯
તા. ૧૬-૧૨-૧૯૫૩.

ભદ્રિકલાલ અંબાલાલ પટેલ
રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "અ"

નીચે જણાવેલા અધ્યાપકોને તેમનાં નામ સામે જણાવેલી પરીક્ષા, વિષયો અને શિક્ષણ (ટીચીંગ) અને/અથવા સંશોધન (રિયર્સ) માટે સને ૧૯૫૫ના જૂનથી ૧૫મી સુધી માન્ય રાખવા :

નામ :	વિષય :	ડિગ્રી :	શિક્ષણ (ટીચીંગ) અને અથવા સંશોધન (રિયર્સ) જેને માટે માન્ય રાખવામાં આવ્યા હોય તે.	કૉલેજ અથવા સંસ્થા :
૧	૨	૩	૪	૫
૧. શ્રી. મોહનભાઈ શંકરભાઇ પટેલ	ગુજરાતી.	એમ.એ.	શિક્ષણ.	કરખાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડા.
૨. શ્રી. મધુકર કિષ્ણ નાયક.	ઈંગ્લીશ.	એમ.એ.	શિક્ષણ.	ગુજરાત કૉલેજ, અમદાવાદ
૩. શ્રી. કાન્તિલાલ મણિલાલ મહેતા	ઇનોર્ગેનિક એન્ડ ફિઝિકલ કેમિસ્ટ્રી.	એમ એસ.સી.	શિક્ષણ.	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
૪. શ્રી. મુરલીધર વિનાયક દેશપાંડે.	ઇલેકટ્રીકલ એન્જિનિયરીંગ	એમ.ઇ. ઇલેકટ્રીકલ સબ્જેકટસ.	સંશોધન.	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરીંગ, અમદાવાદ.
૫. શ્રી. રતિલાલ પ્રભુદાસ પટેલ.	ફાર્માસ્યુટિકસ એમ ફાર્મ. ઍન્ડ ફાર્માસ્યુ-ટિકલ ટેકનોલૉજી.	શિક્ષણ અને સંશોધન (Partly by Research & partly by Papers).		એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ.
૬. શ્રી. ચતુર્ભુજ સાંકરચંદ શાહ.	ફાર્માકોગ્નોસી. એમ.ફાર્મ.	શિક્ષણ અને સંશોધન (Partly by Research & partly by Papers).		એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ.

૧	૨	૩	૪	૫
૭. શ્રી. છગનલાલ રૂદરજી મહેતા.	ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી.	એમ.ફાર્મ.	શિક્ષણ અને સંશોધન (Partly by Researcd & partly by Papers).	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ.
૮. શ્રી. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી.	એન્શ્યુન્ટ ઇન્ડિઅન કલ્ચર (એપિગ્રાફી, ન્યુ મિસમેટિક, આર્કે. યોલાજી હિસ્ટરી ઑફ એન્શ્યન્ટ ઇન્ડિયા ઍન્ડ ગ્રેટર ઇન્ડિયા)	પી.એમ.ડી.	સંશોધન.	બી. જે. ઇન્સ્ટીટ્યુટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદ.
૯. શ્રી. ભાઈભાઈ રણછોડજી નાયક.	પશિંયન.	પી.એચ.ડી.	સંશોધન.	બી. જે. ઇન્સ્ટીટ્યુટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદ.
૧૦. શ્રી. લાલભાઈ રતનજી દેસાઈ.	એજ્યુકેશન.	પી.એચ.ડી.	સંશોધન.	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ.
૧૧. શ્રી. લાલભાઈ રતનજી દેસાઇ.	એમ. ઇ ડી. (એજ્યુકેશન)	એમ.ઈ.ડી.	સંશોધન.	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ.
૧૨. શ્રી. કૃષ્ણ શ્રીનિવાસ સાવનૂર.	ફિઝિકસ.	એમ.એસ.સી.	શિક્ષણ.	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
૧૩. શ્રી. બાલકૃષ્ણ મોહનલાલ પટેલ.	૧. એનિમલ હસ્બન્ડી ૨. ડેઇરી સાયન્સ.	એમ.એસ.સી. (એગ્રી.)	સંશોધન.	ઇન્સ્ટીટ્યુટ ઑફ એગ્રિકલ્ચર, આણંદ.
૧૪. શ્રી કેશવલાલ હિંમતલાલ કામદાર.	હિસ્ટરી મુખ્ય "જી" ઍન્ડ "એચ", (પોલિટીકસ).	એમ.એ.	શિક્ષણ.	વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર, વાયા આણંદ.

પરિશિષ્ટ "અ"

નીચે જણાવેલા અધ્યાપકોને માન્ય રાખવા નહિ :

નામ :	વિષય :	ડિગ્રી :
૧.	૨.	૩.
૧. શ્રી. રામદાસ કિશોરદાસ અમીન.	ઇકોનોમિકસ ગ્રુપ્સ "સી" ઍન્ડ "ઈ".	એમ. એ.
૨. શ્રી. દિનકરરાય હરિલાલ પંડયા.	મેથેમેટિકસ.	એમ. એ. અને એમ. એસ. સી.
૩. શ્રી. ત્રિભુવન દ્વારકાદાસ પટેલ.	મેથેમેટિકસ.	એમ. ઇ.
૪. શ્રી. રામચંદ્ર ભાલચંદ્ર ગુપ્તે.	ઍન્જિનિયરીંગ જિયોલૉજી.	એમ. ઈ. (સિવિલ).
૫. શ્રી. હરીત્ત રણજિત દેરાસરી.	ફાર્માકોલૉજી.	એમ. ફાર્મ.
૬. શ્રી. વિનાયક નારાયણ ઑક.	ફિઝિકસ.	એમ. એસ. સી.
૭. શ્રી. જશભાઇ કાશીભાઇ પટેલ.	ગુજરાતી.	એમ. એ.
૮. શ્રી. લક્ષ્મીપ્રસાદ ઘનશંકર દવે.	ઇનોર્ગેનિક કેમિસ્ટ્રી.	એમ. એસ. સી.
૯. શ્રી. કુમારભાઈ અંબાલાલ ઠાકર.	ઓર્ગેનિક કેમિસ્ટ્રી.	એમ. એસ. સી.

પરિશિષ્ટ "ક"

નીચે જણાવેલ અધ્યાપકની બાબતમાં નીચે દર્શાવેલ વિગત મંગાવવી.

૧. શ્રી. ગિરીન્દ્ર તનુભાઈ પંડયા, ગુજરાત કૉલેજ, અમદાવાદ.	કૉલેજમાં પ્રસ્તુત વિષયના સંશોધન માટેનાં પૂરતાં સાધનો (Equipment) છે કે કેમ તે બાબતની વિગતો મંગાવવી.

પરિશિષ્ટ "ડ"

The Third Meeting of the Committee appointed by the Syndicate on the recommendation of the Board of University Teaching to consider the question of quaiifcations necessary for recognition of an Assistant Teacher, to help the Recognised Teacher in a recognised Institution, their scales of pay and the length of their teaching experience etc., was hold in the Vniversity Office on Tuesday, the 30th June 1953 at 11-45 p. m., when the attendance was as under :-

1. Principal N. M. Shah	A.
2. Principal S. V. Desai	P.
3. Principal R. D. Desai	P.
4. Shri Maganbhai P. Desai	P.

Tentative conclusions arrived at in the first and second meetings were discussed and now the committee begs to report to the Syndicate as under :-

1. The minimum qualifications for an Assistant to a Recognised Post-Graduate Teacher in any Faculty other than the Medical Faculty, must have obtained :

   (1) Ph.D. Degree; or

   (2) Master's Degree in the First Class; or

   (3) Master's Degree in the Second Class with First Class Bachelor's Degree; Master's Degree in Second Class with Second Class Bachelor's Degree and five years' experience as a teacher in a College; or

   (4) Master's Degree in the Third Class with Bachelor's degree in the Second Class, provided he has to his credit some original published work of recognised morit and possesses teaching experience in a College for at least ten years.

   Note.- As there are no classes given in the Master's Degree examinations in the Medical Faculty, any one who holds the degree of M. D. or M. S. in the Branch for which he is applying should be considered eligible for an Assistant's post.

2. For Shastris and Moulvis, i. e. Teachers in Sanskrit, Prakrit, Pali, Persian and Arabic, the above qulifications are not to be insisted upon. But they must have qualifications of having passed special examinations in those subjects which are equivalent to those narrated above. The list of such examinations shold be prepared by getting necessary and adequate information about them.

3. (a) If an Assistant Teacher is an honorary worker, he should be approved as an Assistant only if he puts in at least four periods of teaching work per week throughout the year;

(b) If the Assistant is a full time paid worker, the quantum of weekly work to be put in by him should normally be eight periods per week;

4. A teacher in a Recognised Institution, if not honorary, mast be paid a salary according to the scale Rs. 250–15–400, which is accepted by the University for Assistants Professors in affiliated Colleges, and other rules regarding payment of salary during the vacations should be the same as in the Circular No. Syn/10806 of 1951 dated 9–7–1951;

5. An Assistant, if any, appointed by a Recognised Institutiou for helping any recognised Post–Graduate Teacher. who is guiding Research in that Institution, shold not be recognised as a teacher by the University, as we do not think the appointment of an Assistant necessary to help a recognised Post–Graduate Teacher who is guiding candidates in rosearch.

The Committee has not gone into the questien of the number or Honorary and paid assistants that may be necessary to assist a recognised Post–Graduate Teacher as that would involve a detailed inquiry regarding the numbers of compulsory and optional papers etc. of each subject. The Syndicate, if it thinks necessary, may go into this matter separateiy.

In the case of M. D. and M. S. Examinations there is provision for a unit wherein there is to be one Assistant to a recognised Teacher. There is no such provision in the case of Post–Graduate Teachers in other Faculties fixing the number of Assistants. The Committee hereby draws the attention of the Syndicate to this point for its consideration.

1. Sd/– **N. M. Shah.**
2. Sd/– **S. V. Desai.**
3. Sd/– **R. D. Desai.**
4. S/d– **Maganbhai P. Desai.**

Ahmedabad.

Dated

પરિશિષ્ટ "ખ"

ક્રમાંક નં. ૪૬

EXTERNAL EXAMINATIONS.

Ordinance : 435.

Registration as external students for the first Year Arts, Intermediate Arts, B.A. (External) and M.A. (External) Examinations shall be open to students within the Gujarat University Area, Saurashtra or Cutch living continuously for a period of atleast six months prior to the date of his registration as an external student for a particular Examination. Army Education Corps personnel are exempted from the condition about residential qualification.

(1) No student whose name is registered in a College or at the University during an academic year for any course either in the Arts Faculty or in any other Faculty shall be registered as an external student during that academic year, except in exceptional cases sanctioned by the Syndicate.

(2) Every student intending to registrar as an external student must obtain from the Registrar, the appropriate Registration Form. This duly completed must be received at the University together with the Registration Fee, on or before the date prescribed for registration.

An application for registration as an external student shall be endorsed in a prescribed form by a member of the Senate of the University or by a teacher of the University or an affiliated college or by a Head Master of a High School or by a Gazetted Officer of Government.

Registration as an external student shall be treated as cancelled, if the external student after such registration joins a college or University.

The Registration Fee shall be Rs. 5/-. Registration Fee shall not be returned in any circumstances after the student has been once registered. If the candidate after applying for registration withdraws his application or requests it to be cancelled or does not complete the application or fails to supply the information required for registration and his application for registration is rejected on account of this, only half the fee will be refunded.

(3) The Registrar shall send an official intimation of Registration to every student who has applied for Registration as an external student within a fornight from the date of the receipt of application with the necessary fee, provided the application is in order

Registration as an external student for any examination does not constitute admission to that particular Examination. For admission to an Examination a candidate must on or before the prescribed date forward the necessary application in the prescribed form to the University together with the necessary certificates and fee.

(+) Registration for an External Examination to be held in the next calendar year is valid only for the particular Examination and it cannot be reserved or transferred for any subsequent Examination.

A candidate who has once registrered himself for an External Examination and appeared and failed at that Examination can appear at a subsequent Examination only **after a fresh registration.**

O. 436-A. Exemptions earned by a candidate at an External Examination shall be valid only at the External Examination. Exeptions earned at an Examination as a regular student shall not hold good for purposes of appearing as an External Student.

O. 431-A. Graduates of the Faculties other than the Arts Faculty of this University or any other University shall not be considered eligible for registration for the examinations of the Inter Arts (External) or B.A. (External) directly and consessions available under the rules to collegiate students in this behalf shall not be available to External students.

O. 438-B. A candidate appearing at any external examination shall be reqired to keep with him and produce at the place of Examination his passport size photograph duly signed by him and certified by either (1) a Government Gazatted Officer or (2) a Principal of an affiliated college or (3) a member of the Senate other than a Principal of a College.

O. 439-A. Examination fees once paid for the F.Y. Arts (External) Examination shall not be refunded for any reason. The Examination fees paid for the Inter Arts (External) or B.A. (External) Examinations will be refunded in accordance with O. 130.

O. 439-B. A certificate of marks obtained by a candidate at the F.Y. Arts (External) Examination shall be issued to him by the Principal of the College where he appeared for the F.Y. Arts Examination on his paying the fees prescribed for such a certificate by the College.

O. 440-A. Candidates who have passed either F.Y. Science, Inter Science, F.Y. Commerce or Inter Commerce, shall not be registered for the Inter Arts (External) Examination directly irrespective of the fact whether they have earlier or subsequently passed an examination in a Classical Language or a Modern

European Language at a College affiliated to this University. They must first register for and pass the F.Y. Arts (External) Examination. No concessions shall be granted to such candidates at the F.Y. Arts Examination as External students.

O. 440-B. Candinates who have passed the T.D. Examination of this University or any other University recognised as equivalent, shall be eligible for registration directly for the Inter Arts (External) Examination.

O. 441-A.- Candidates registered for B.A. General and Special as External candidates will not be allowed to offer any of the subjects: (a) Statistics in Group F Mathematics (b) All subjects in Group G. Science mentioned in R. 16.

પરિશિષ્ટ 'ગ'

કામકાજ નં. ૯૦

બૉર્ડ ઑફ એકસ્ટ્રા મ્યુરલ સ્ટડીઝની ચોથી બેઠક ગુરુવાર તા. ૪-૨-૧૯૫૪ના રોજ સાંજના ૪-૦૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં નીચેના કામો ઉપર વિચારણા કરવા માટે મળી હતી અને તેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. હરસિદ્ધભાઈ વ. દિવેટિયા, વાઇસ-ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. એન. આર. ત્રિવેદી	ગેરહાજર,
૩.	શ્રી. રામનારાયણ વિ. પાઠક	ગેરહાજર,
૪.	શ્રી. વિઠ્ઠલદાસ એમ કોઠારી	હાજર,
૫.	શ્રી. આર. ડી. શુકલ	ગેરહાજર,
૬.	શ્રીમતી જ્યોત્સ્નાબેન શુકલ	હાજર,
૭.	શ્રી. સોમનાથ પી. દ્વવે	હાજર,
૮.	પ્રિન્સિપાલ ચં.ન. એમ. શાહ	ગેરહાજર,
૯.	શ્રી. પોપટલાલ જી. શાહ	હાજર,
૧૦.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	ગેરહાજર,
૧૧	પ્રિ. કે એલ. દેસાઈ	હાજર,
૧૨.	પ્રોફેસર એસ. આર. ભટ્ટ	હાજર,
૧૩	ડૉ વાય. જી. નાયક	ગેરહાજર,
૧૪.	ડૉ. કે. જી. નાયક.	હાજર.

૧. બૉર્ડની તા. ૩૧-૭-૧૯૫૩ને રોજ મળેલી સભાની નોંધને મંજુર કરવા બાબત.

બૉર્ડ ઑફ એકસ્ટ્રા મ્યુરલ સ્ટડીઝની તા. ૩૧-૭-૧૯૫૩ના રોજ મળેલી ત્રીજી બેઠકના કામકાજની નોંધને બહાલી આપવામાં આવી અને શ્રી. વાઇસ-ચાન્સેલરે તેના ઉપર સહી કરી.

૨. સને ૧૯૫૨-૫૩ના વર્ષના કામકાજનો અહેવાલ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડને ૧૯૫૨-૫૩ના વર્ષ દરમ્યાન કરેલ કામકાજનો હેવાલ મંજુર કરવો. કામકાજનો હેવાલ પરિશિષ્ટ "અ" તરીકે આપવામાં આવ્યો છે.

૩. સને ૧૯૫૪-૫૫ના વર્ષને માટે બૉર્ડનું બજેટ નક્કી કરવા બાબત.

આથી ઠરાવવમાં આવે છે કે ૧૯૫૪-૫૫ના વર્ષમાં બૉર્ડની પ્રવૃતિ માટે રૂા. ૧૦,૦૦૦ નું બજેટ મંજુર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. ૧૬ મી મી. ની ફિલ્મો અત્યાર સુધી જુદી જુદી સંસ્થાઓ પાસે લોન પર મંગાવવા માં આવે છે. એવી કેટલીક ફિલ્મો ભાડે પણ મળે છે અમદાવાદ બહારના સેન્ટરોમાંથી કેટલીક ફિલ્મો મંગાવી આપવા માટે અથવા તે તેમને પોતે મંગાવવા માટે મંજુરી માંગતી અને તે અંગેનો ખર્ચ મંજુર કરવા માટે વિનંતી આવે છે. તો તેવી રીતે ફિલ્મો ભાડે મંગાવવા અંગે તેમજ તે બાબતના ખર્ચ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જે જુદી જુદી કૉલેજો કેળવણી વિષયક ફિલ્મો અને વિદ્યાર્થીઓના અભ્યાસને પૂરક હોય એવા પ્રકારની ફિલ્મો ભાડે મંગાવે તો તે માટે આર્થિક સહાય આપવી અને તે માટે કુલ બજેટમાંથી રૂા. ૧૦૦૦-૦-૦ ની જોગવાઇ કરવી.

૬. સને ૧૯૫૨-૫૩ના વર્ષમાં બૉર્ડે એક પ્રોજેક્ટર અને એક એપિડાયોસ્કોપ ખરીદ કરવા મંજુર કરેલું પરંતુ ૧૯૫૨-૫૩ના વર્ષમાં પૂરતું બજેટ ન હોવાથી ફક્ત પ્રોજેક્ટર ખરીદવામાં આવ્યું હતું. એપિડાયોસ્કોપ લેવાયું નથી તો ચાલુ વર્ષે તે એપિડાયોસ્કોપ ખરીદવા મંજુર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ સાલના બજેટ પ્રોવીઝનમાંથી એક એપિડાયોસ્કોપ ખરીદવું.

૪. બૉર્ડના કામકાજ માટે એક ક્લાર્કની નિમણુંક કરવા બાબત.

૭. ૧-૩-૧૯૫૨થી એકસ્ટ્રા ર્યુરલ બૉર્ડના સેક્રેટરી તરીકેની ફરજ આસી. રજિસ્ટ્રાર શ્રી. જ. મ. મહેતા બજાવે છે તો તે બદલ તેમને મહેનતાણું આપવા વિચાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડના સેક્રેટરી તરીકે કામ કરવા બદલ શ્રા. આસી. રજિસ્ટારને રૂા. ૧૦૦નું માસીક એલાવન્સ આપવું તથા બૉર્ડના કામકાજ માટે જુદ્દો કલાર્ક ન નીમતાં ઑફિસમાં જે કલાર્ક તે કામકાજ કરે છે તેને તે કામ કરવા બદલ માસીક રૂા ૨૫ નું એલાવન્સ આપવું. ઉપરોક્ત એલાવન્સ તા. ૧-૨-૫૪થી આપવાં.

જ. મ. મહેતા
આસી. રજિસ્ટ્રાર અને સેક્રેટરી,
બૉર્ડ ઑફ એકસ્ટ્રા ર્યુરલ સ્ટડીઝ.

પરિશિષ્ટ 'અ'

બૉર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝનો ૧૯૫૨-૫૩ના વર્ષના કામકાજનો રિપોર્ટ.

(તા. ૧-૭-૫૨ થી તા. ૩૦-૬-૫૩.)

૧. આ વર્ષ દરમિયાન બૉર્ડની બે સભાઓ મળી હતી.

પહેલી સભા:- તા. ૨૦-૮-૫૨ને રોજ યુનિવર્સિટી ઑફિસમાં શ્રી. વાઇસ-ચાન્સેલરના અધ્યક્ષપણા નીચે મળી હતી સભામાં લેવાયેલા નિર્ણયો પૈકીના કેટલાક અગત્યના નીચે આપેલા છે:

૧. બૉર્ડના આશ્રયે દર મહિને એક ભાષણ યોજવું.

૨. ભાષણો માટે બને ત્યાં સુધી નીચેના પૈકીનું એક સ્થળ રાખવું.

અ. ગુજરાત કૉલેજ— જયોર્જ હૉલ

બ. ટાઉન હૉલ

ક. પ્રેમાભાઈ હૉલ

૩. ડિસેમ્બરની તા. ૧૫મી થી તા. ૨૧મી સુધી યુનિવર્સિટી સપ્તાહ ઉજવવું અને તેમાં:

અ. વિદ્યાર્થીઓની સમુહ રેલી

બ. રંજન કાર્યક્રમ

ક. વિદ્યાર્થીઓની હસ્તકલાનું પ્રદર્શન

ડ. વિદ્વાનોના ભાષણો વગેરે યોજવાં.

૪. જુદા જુદા વિષયો માટે કયા વક્તાઓને આમંત્રણ આપવું તેની યાદી પણ તૈયાર કરી હતી.

૫. બહારથી આવનાર ભાષણકર્તાને પહેલા વર્ગનું મુસાફરી ભાડું અને વધુમાં વધુ રૂા. ૧૦૦ નું ઓનરેરીયમ આપવું.

બીજી સભા:- તા. ૪-૩-૫૩ને રોજ યુનિવર્સિટી ઑફિસમાં શ્રી. વાઇસ-ચાન્સેલરના અધ્યક્ષપણા નીચે મળી હતી તેમાં નીચેનાં કેટલાક અગત્યના નિર્ણયો લીધા હતા.

૧. યુનિવર્સિટીની કૉલેજોના વિદ્યાર્થીઓને કેળવણી વિષયક ફિલ્મો બતાવવા માટે ૧૬ મી. મી. એક પ્રોજેકટર ખરીદવું.

૨. બૉર્ડની પ્રવૃત્તિઓ કઇ રીતે વધારવી અને સોશીયલ સર્વિસ અંગેનું કામ કેવી રીતે કરવું તે વિચારી રિપોર્ટ કરવા માટે નીચેના સભ્યોની એક કમિટી નીમવામાં આવી હતી.

૧. શ્રી. પી. જી. શાહ

૨. પ્રો. એસ. આર. ભટ્ટ

૩. પ્રો. વાય. જી. નાયક

૩. ગુજરાત યુનિવર્સિટીનું યુનિયન સ્થાપવું કે કેમ તે અંગે પણ વિચારવામાં આવ્યું હતું પરંતુ પાછળથી તે કામ મુલતવી રાખ્યું હતું.

૨. રિપોર્ટ હેઠળના વર્ષ માટે યુનિવર્સિટીના બજેટમાં બૉર્ડને માટે કુલ રકમ રૂા. ૫૦૦૦ની મંજૂર કરવામાં આવી હતી તે પૈકી વર્ષ દરમ્યાન કુલ ખર્ચ રૂા. ૪૫૨૨-૮-૯ નો કરવામાં આવ્યો છે.

૩ સિન્ડિકેટ તરફથી પ્રો. યશવંત શુકલનો નીચેનો ઠરાવ આ બૉર્ડ તરફ મોકલવામાં આવ્યો હતો, અને બૉર્ડે તે પર જે અભિપ્રાય આપ્યો હતો તે પણ નીચે જણાવેલ છે.

પ્રો. યશવંત શુકલનો ઠરાવ:

ગુજરાત યુનિવર્સિટીએ મુકરર કરેલી ઉનાળાની રજાઓ લગભગ ૩ માસ જેટલા સમયની હોવાથી વિદ્યાર્થીઓની મનોવૃત્તિ અભ્યાસ વિમુખ થવાનો સંભવ છે. એથી આ સભા ઠરાવે છે કે ઉનાળાની રજાઓમાં ઓછામાં ઓછો એક માસ જેટલો સમય વિદ્યાર્થીઓ અધ્યાપકોના સહકારમાં અને તેમની દેખરેખ હેઠળ કોઈ સામાજીક ઉપયોગીતાના કાર્યમાં એવી રીતે ફરજિયાત આપે કે જેથી સામાજીક સેવા કર્યાના પરિણામે એમનાં સામાન્ય જ્ઞાનનો પરિઘ વિસ્તરે. રજાઓનો કયો ભાગ આ કામ માટે અનુકુળ પડશે તે ઠરાવવા તેમજ આ ઠરાવને અમલમાં લાવવા માટેની વિગતવાર યોજના સૂચવવા પ્રત્યેક ફૅકલ્ટીમાંથી બે બે સભ્યોની પસંદગી કરી એક સમિતિ નીમવા આ સભા સિન્ડિકેટને સત્તા આપે છે.

એક્સ્ટ્રામ્યુરલ બૉર્ડનો ઠરાવ:

આથી ઠરાવવામાં આવે છે કે દરેક કૉલેજને પોતાની કૉલેજમાં સોશીયલ સર્વિસીસ લીંગ સ્થાપવા જણાવવું અને એનો હેતુ પોતાના શહેરમાં અથવા આસપાસ ગામડામાં જઈ કાંઇ સામાજિક પ્રવૃત્તિઓ કરે એ રાખવો. એકજ સ્થળની જુદી જુદી કૉલેજોની એવી સંસ્થાઓના પ્રતિનિધિઓ ભેગા મળી એ પ્રવૃત્તિ કેવી રીતે યોજવી તેની યોજના ઘડે તો તે વધુ અનુકુળ પડે એમ આ બૉર્ડનું મંતવ્ય છે.

૪. વર્ષ દરમિયાન બૉર્ડ તરફથી નીચેની બાબતો કરવામાં આવી હતી:

૧. યુનિવર્સિટી સપ્તાહ તા. ૧૫મી ડિસેમ્બરથી તા. ૨૧મી ડિસેમ્બર ૧૯૫૨.

બોર્ડના ઠરાવ્યા અનુસાર અમદાવાદની કૉલેજોના પ્રિન્સિપાલોની સંયુક્ત મદદથી યુનિવર્સિટી સપ્તાહ ઉજવવામાં આવેલું હતું તે અંગેના ટૂંકો રિપોર્ટ નીચે આપ્યો છેઃ

તા. ૧૫-૧૨-૧૯૫૨ને રોજ યુનિવર્સિટી સપ્તાહના પહેલા દિવસે સવારે ૮-૦ કલાકે શ્રી. વાઇસ-ચાન્સેલરના હસ્તે ગુજરાત યુનિવર્સિટીના ધ્વજ, સેનેટના સભ્યો, કૉલેજના પ્રિન્સિપાલો, પ્રોફેસરો અને યુનિવર્સિટી વિદ્યાર્થીઓ તથા ઑફિસ સ્ટાફના સભ્યોની મોટી હાજરીમાં ફરકાવ્યો હતો. ત્યારબાદ નેશનલ કેડેટ કોરની ૪થી અને ૭મી બેટેલીયન તરફથી ડ્રીલ અને લશ્કરી તાલીમના ડેમોનસ્ટ્રેશન રજૂ થયા હતા. તેજ દિવસે સાંજે અમદાવાદના મેયર શ્રી ચીનુભાઇના હસ્તે, વિદ્યાર્થીઓની હસ્તકલાનું પ્રદર્શન ગુજરાત કૉલેજના જયોર્જ હૉલમાં યોજયું હતું તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓના જુદા જુદા પ્રકારનું ચિત્રકામ, ફોટોગ્રાફી, હસ્તકલા, તથા સંગ્રહના નમુનાઓ રજૂ થયાં હતાં. તેજ દિવસે ત્યારબાદ અર્થશાસ્ત્રી પ્રો. સી. એન. વકીલનું "પંચ વર્ષિય યોજના" પર ભાષણ યોજવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓએ તેમજ કૉલેજના પ્રિન્સિપાલો અને પ્રોફેસરોએ ઘણી મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

તા. ૧૬-૧૨-૫૨.ને રોજ એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ તરફથી મહાત્મા ગાંધી ઇલોકયુશન ટ્રોફી યોજવામાં આવી હતી અને તેમાં ગુજરાતની બધી કૉલેજોએ ભાગ લીધો હતો.

તા. ૧૭-૧૨-૫૨.ને રોજ એલ. ડી. આર્ટ્સ અને એમ. જી, સાયન્સ કૉલેજ તરફથી મહાદેવ દેસાઇ વકૃત્વ હરિફાઈ યોજાઇ હતી અને તેમાં પણ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોએ ભાગ લીધો હતો.

તા. ૧૮-૧૨-૫૨.ને રોજ અમદાવાદની કૉલેજોમાં ભણુતા વિદ્યાર્થીઓના સહકારથી એક સંગિતનો મનોરંજન કાર્યક્રમ યોજાયો હતો. લગભગ ૨-૩૦ કલાકના આ પ્રોગ્રામમાં ગરબા, શાસ્ત્રિય સંગિત વગેરે રજુ થયાં હતાં. આ પ્રોગ્રામ અંગે યોજનાથી સમિતિને કૉલેજોએ પુરતો સહકાર આપ્યો હતો અને કાર્યક્રમ ઘણીજ સુંદર રીતે પાર પાડયો હતો. શ્રી. વાઇસ-ચાન્સેલરે વિદ્યાર્થીઓએ જે શિસ્ત જાળવી અને જે કાર્યક્રમ યોજ્યો તે માટે પ્રશંસા કરી હતી.

તા. ૧૯-૧૨-૫૨.ને રોજ ડૉ. બી. બી. રોયનું "મોડર્ન મેડિસિન" પર ટાઉન હોલમાં ભાષણ યોજવામાં આવ્યું હતું.

તા. ૨૦ અને ૨૧ ના દિવસોએ યુનિવર્સિટી ઇન્ટર ગ્રુપ સ્પોર્ટ્સ યોજાઈ હતી અને સપ્તાહના છેલ્લા દિવસે રમતગમતોમાં વિજેતાઓને તેમજ હસ્તકલા પ્રદર્શનમાં જેઓની કૃતિ સર્વોત્કૃષ્ટ માલમ પડી હતી તેમને ઇનામો ગુજરાતના છોટા સરદાર ડૉ. ચંદુલાલ દેશાઇને હસ્તે આપવામાં આવ્યા હતા.

હસ્તકલા પ્રદર્શનમા જેઓને ઇનામો આપવામાં આવ્યા હતા તેમના નામની યાદી આ સાથે પરિશિષ્ટ "અ" તરીકે જોડી છે.

આ ઉપરાંત યુનિવર્સિટી સાથે જોડાયેલી બહારગામની દરેક કૉલેજોએ પણ પોત-પોતાની કૉલેજોમાં યુનિવર્સિટી સપ્તાહની ઉજવણી કરી હતી.

૫. ડિબેટ: ૮મી જાન્યુઆરી ૧૯૫૩ને રોજ યુનાઇટેડ કિંગડમની યુનિવર્સિટીઓની ડિબેટીંગ ટીમ અમદાવાદ આવી હતી અને તેમની સાથે આ યુનિવર્સિટી તરફથી નીચેના વિષય પર એક ડિબેટ ગુજરાત કૉલેજના જયોર્જ હૉલમાં રાખવામાં આવી હતી.

વિષય:-All Human problems can better be tackled by individual rather than Institutional approach.

આ ડિબેટમાં યુનિવર્સિટી તરફથી નીચેનાઓએ ભાગ લીધો હતો:

૧.	શ્રી. એસ. પી. મસન	લૉ કૉલેજ. અમદાવાદ
૨.	શ્રી. એ. એ. મુન્સી	,, ,,
૩.	શ્રી. બી. એસ. સરફ	એલ. ડી. ઍજિનીયરીંગ કૉલેજ અમદાવાદ
૪.	શ્રી. આર. કે. હોમાવાળા	ગુજરાત કૉલેજ ,,
૫.	શ્રી. રામુ પંડિત	કૉમર્સ કૉલેજ, અમદાવાદ.

ડિબેટ વખતે શ્રી. વાઇસ-ચાન્સેલર અધ્યક્ષ હતા.

૭. ભાષણો: તા. ૬-૨-૧૯૫૩ને રોજ ભારત સરકારના સંરક્ષણ ખાતાના સેક્રેટરી શ્રી. એચ. એમ. દેશાઇએ "University students for all India services" પર ગુજરાત કૉલેજના જયોર્જ હૉલમાં શ્રી. વાઇસ-ચાન્સેલર અધ્યક્ષપણે ભાષણ આપ્યું હતું.

તા. ૭-૨-૧૯૫૩ને રોજ ઉત્તર પ્રદેશના ગવર્નર અને સાહિત્યકાર શ્રી. ક. મા. મુન્શીનું એક ભાષણ યુનિવર્સિટીના આશ્રયે યોજાયું હતું.

રિપોર્ટના વર્ષ દરમ્યાન સેક્રેટરી તરીકેનું કામ આસી. રજિસ્ટ્રાર શ્રી. જ. મ. મહેતાએ કર્યું હતું.

ભાષણો અને ડિબેટ તેમજ યુનિવર્સિટી સપ્તાહ પ્રસંગો ગોઠવવામાં કૉલેજના વિદ્યાર્થીઓ તેમજ પ્રિન્સિપાલો, પ્રોફેસરો અને યુનિવર્સિટી ઑફિસ સ્ટાફના સભ્યોની જરૂરી સહાય લેવાય છે અને તે સહાય બદલ તેમનો આ સ્થળે આભાર વ્યક્ત કરવામાં આવે છે.

યુનિવર્સિટી સપ્તાહ દરમ્યાન યોજાયેલા કલા પ્રદર્શનમાં ઇનામોના વિજેતાઓની યાદી પરિશિષ્ટ 'અ' આ સાથે જોડવામાં આવી છે.

પરિશિષ્ટ 'અ'

સિમ્બોલીક આર્ટ

સ્પેશ્યલ ઈનામ	શ્રી રશ્મીકાન્ત ક્ષત્રિય	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.

પેઇન્ટીંગ

પહેલું ઇનામ	મીસ રેના શેઠ	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
બીજું ઇનામ	મીસ ઉષા વી. શાહ	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
ત્રીજું ઈનામ	શ્રી. ભરત ગજ્જર	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
સર્ટિફીકેટ ઓફ મેરિટ.	મીસ માલતી શાહ	ગુજરાત કૉલેજ, અમદાવાદ.

લેન્ડસ્કેપ પેઇન્ટીંગ

પહેલું ઈનામ	મીસ ખાસ્ગીવાલા	ગુજરાત કૉલેજ, અમદાવાદ.

લેન્ડસ્કેપ સ્કેચીંગ

સર્ટિફીકેટ ઓફ મેરિટ	શ્રી. હરિશ પંચાલ	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.

ડીઝાઇનીંગ ઑફ આઇડીયાઝ

સર્ટિફીકેટ ઓફ મેરિટ	શ્રી. દિનેશ	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.

પ્રોટ્રેઇટ સ્કેચીંગ

સર્ટિફીકેટ ઓફ મેરિટ	શ્રી. નટુ પરીખ	ગુજરાત કૉલેજ, અમદાવાદ.

કટાક્ષ ચિત્રો

પહેલું ઇનામ	શ્રી. અમીન	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.

ફોટોગ્રાફી

પહેલું ઈનામ	શ્રી. વિક્રમ દલાલ	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
બીજું ઇનામ	શ્રી. અજીતકુમાર સંઘવી	ગુજરાત કૉલેજ અને લૉ કૉલેજ, ,,

હસ્ત ઉદ્યોગ

પહેલું ઇનામ	મીસ એચ. આર. ઠાકોર (ભરત ગુંથલુ)	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.
બીજું ઇનામ	શ્રી. એમ. ડી. શાહડે (ફોર નેઇલ વર્ક)	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.

૬-૨-૧૯૫૪

સર્ટિફીકેટ ઓફ મેરિટ	શ્રી. ઝવેરી (ફોર લેધર વર્ક)	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.
,,	શ્રી. એન. એચ. ભોજક (ફોર પેપર સ્ટેન્સીલ કટીંગ)	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
,,	શ્રી. પી. જે. કાંગા (ફોર મોડલ)	ગુજરાત કૉલેજ, અમદાવાદ.

હોબીસ

પહેલું ઇનામ	શ્રી. ગીરધરલાલ શ્રોફ	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ.
બીજું ઇનામ	શ્રી. અજીતકુમાર સંઘવી	ગુજરાત કૉલેજ અને લૉ કૉલેજ, અમદાવાદ.

કલેકટીવ વર્ક

પહેલું ઇનામ	એચ. એલ કૉલેજ, ઑફ કૉમર્સ, (ફોર આર્ટ્સ)

પરિશિષ્ટ "ઘ"

કામકાજ નં. ૯૧

ગુજરાત યુનિવર્સિટી પબ્લીકેશન બૉર્ડની ત્રીજી બેઠક, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં ગુરૂવાર તારીખ. ૪-૨-૫૪ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળેલી તે વખતે હાજરી નીચે પ્રમાણે હતી:

૧. શ્રી. હરસિદ્ધભાઇ વ. દિવેટિયા, વાઇસ-ચાન્સેલર.	હાજર.
૨. શ્રી. આર. સી. પરીખ	હાજર,
૩. પ્રિન્સિપાલ એમ. એસ. શાહ	હાજર,
૪. પ્રિન્સિપાલ એ. ડિસોઝા	ગેરહાજર,
૫. ડૉ. એમ. ડી. પટેલ	હાજર,
૬. પ્રિન્સિપાલ મગનભાઇ ડી. પટેલ	હાજર,
૭. પ્રિન્સિપાલ ટી. કે. મોદી સરદાર હાવર	ગેરહાજર,
૮. પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ	ગેરહાજર,
૯. પ્રિન્સિપાલ આર. પી. પટેલ	હાજર,
૧૦. પ્રિન્સિપાલ એન. એમ. શાહ	હાજર,
૧૧. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર,
૧૨. ડૉ. કે. આર. રામનાથન	ગેરહાજર,
૧૩. ડૉ. એમ. ડી. દેસાઈ	ગેરહાજર,
૧૪. ડૉ. સી. સી. શાહ	હાજર,
૧૫. પ્રોફેસર આર. ડી. ગુલાટી	ગેરહાજર,

૧. તારીખ ૧૮-૬-૧૯૫૩ના રોજ મળેલી પબ્લીકેશન બૉર્ડની બીજી મિટીંગની મિનીટ્સ મંજૂર કરવા બાબત.

કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. પબ્લીકેશન બૉર્ડની તારીખ ૧૮-૬-૧૯૫૩ની સભાના એજન્ડાની આઇટમ નં. ૫ પર મુંબઇ સેક્રેટરીએટના રેવન્યુ ડિપાર્ટમેન્ટના સ્પેશ્યલ ઑફિસર શ્રી. ગોવિંદલાલ ડી. પટેલ એમ. એ., પી. એચ. ડી. તરફથી મુંબઇ યુનિવર્સિટી દ્વારા પી. એચ. ડી. ડિગ્રી માટે સને ૧૯૪૬માં પસંદ કરાયેલી તેમની "Land Revenue Settlements in Gujarat under the British" પરની થિસિસ આ યુનિવર્સિટીએ પબ્લીશ કરવા બાબત માગણી આવેલ તે બાબતમાં મુંબઇ યુનિવર્સિટીમાંથી રેફરીના રિપોર્ટો તેમજ તેમણે મુંબઇ યુનિવ-

સિટીમાંથી પબ્લીકેશન ગ્રાન્ટ મેળવવા માટે અરજી કરી હતી કે નહી અને જો કરી હોય તો તેમને ગ્રાન્ટ આપવામાં આવેલ કે નહી વિગેરે વિગતો મંગાવવા ઠરાવ્યા પ્રમાણે મુંબઇ યુનિવર્સિટી તરફથી આવેલ વિગતો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પટેલની પી. એચ. ડી ની થિસિસની એક નકલ મંગાવવી અને તે આવ્યા બાદ તેને પબ્લીશ કરવા અંગેની યોગ્યતા બાબત અભિપ્રાય માટે શ્રી. બી. કે. પટેલ, મુંબઇને મોકલી આપવી ને જો તેઓ ના પાડે તો શ્રી. બી. પી. પટેલ, અમદાવાદનો અભિપ્રાય મેળવવો.

૩. ગુજરાત કૉલેજના સંસ્કૃત અને અર્ધમાગધી વિષયના લેક્ચરર અને હેડ ઑફ ધી ડિપાર્ટમેન્ટ શ્રી. જી. કે. ભટની તેમનાં "ભાસનાં નાટકો" (The Bhasa plays) નાં પ્રકાશન માટે યોગ્ય પબ્લીકેશન ગ્રાન્ટ મળવા બાબતની અરજી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. કે. ભટની માગણી નામંજૂર કરવી.

૪. સર લલ્લુભાઇ શાહ લૉ કૉલેજના પ્રિન્સિપાલ અને સેનેટના સભ્ય શ્રી. એમ. એમ. ઠાકોર તરફથી પંડિત સાતવળેકરજીએ તૈયાર કરેલા વેદ, ઉપનિષદ, મહાભારત, રામાયણ, ગીતા વિગેરે ગ્રંથોના ગુજરાતીમાં પ્રકાશન અંગે યોગ્ય પબ્લીકેશન ગ્રાન્ટ વિગેરે દ્વારા ઉત્તેજન આપવા અંગે આવેલ પત્ર બાબતમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી આ બાબતમાં હાલ કાંઇ કરી શકે એમ નથી એમ પ્રિન્સિપાલ ઠાકોરને જવાબ આપવો

૫. પબ્લીકેશન બૉર્ડની પ્રથમ બેઠકમાં ઠરાવ્યા પ્રમાણે દરેક બૉર્ડ ઑફ સ્ટડીઝને વિનંતી કરી પોતપોતાના વિષયની અંદર જાણીતા લેખકો (Standard Authors) નાં અંગ્રેજીમાં લખેલા ત્રણ અથવા ચાર પુસ્તકો તેમણે પસંદ કરી આ બૉર્ડને સૂચવવા બાબતમાં નીચે પ્રમાણે કેટલાક બૉર્ડ ઑફ સ્ટડીઝ તરફથી સૂચનો આવેલ છે તે પર વિચારણા કરવા બાબત.

નોંધ:— "બૉર્ડની તારીખ ૧૮-૬-૫૩ના રોજ મળેલ સભામાં આઇટેમ નં. ૭ પર આ પ્રમાણે આવેલ કેટલાક બૉર્ડોની સૂચના બાબતમાં બૉર્ડે બૉર્ડ ઑફ સ્ટડીઝે સૂચવેલાં પુસ્તકો જો લાયબ્રેરીમાં ન હોય તો તે ખરીદ કરવા યુનિવર્સિટી લાયબ્રેરીને વિનંતી કરવા ઠરાવેલું તે પ્રમાણે તે યાદિઓ લાયબ્રેરીયનને મોકલી આપવામાં આવેલ છે."

૧. બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન ગુજરાતી

૨. મરાઠી કમિટી

૩. બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન હિન્દી

૪. સિન્ધી કમિટી

૫. બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન ઇંગ્લીશ

૬. જર્મન, ફ્રેન્ચ, પોર્ટુગીઝ ઍન્ડ રશિયન કમિટી,

૭ પર્શિયન ઍન્ડ અરેબીક કમિટી

૮. ઉર્દુ કમિટી

૯. બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન હિસ્ટરી, આર્કીયોલૉજી, એપીગ્રાફી ઍન્ડ ન્યુમીસ્મેટીકસ

૧૦. બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન સોશીયોલૉજી ઍન્ડ એન્થ્રોપોલૉજી.

૧૧. બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન એજ્યુકેશન

૧૨. બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન એન્શ્યન્ટ ઇન્ડિયન ઍન્ડ ઇસ્ટર્ન કલ્ચર

૧૩. બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન ફિઝિકસ

૧૪. બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન કેમિસ્ટ્રી

૧૫. બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન બૉટાની

૧૬. ઝુલૉજી કમિટી

૧૭. માયક્રોબાયોલૉજી કમિટી

૧૮. બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન મેથેમેટિકસ ઍન્ડ સ્ટેટીસ્ટીકસ

૧૯. બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન જ્યૉગ્રાફી

૨૦ બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન જીયોલૉજી

૨૧. બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન પ્રી-કલીનીકલ સબ્જેકટસ, કોમ્પાઇઝીંગ એનેટોમી, ફિઝિયોલૉજી, ફાર્માકોલૉજી ઍન્ડ પેથોલૉજી

૨૨. પ્રિન્સિપાલ એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી.

આથી ઠરાવવામાં આવે છે કે પરિશિષ્ટ "અ" માં જુદાં જુદાં બૉર્ડ ઑફ સ્ટડીઝે જે પુસ્તકોનાં સૂચન કર્યાં છે તે બાબતમાં કેટલાંક બૉર્ડ અંગે નીચે પ્રમાણે કરવા આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે:-

૧. નીચે દર્શાવેલ બૉર્ડોએ સૂચવેલ પુસ્તકો પૈકી Gujarati Language and its Literature Vol. II ના તરજુમો તથા નીચે દર્શાવ્યા પ્રમાણેનાં પુસ્તકોનો ગુજરાતીમાં અનુવાદ (Adaptation અક્ષરશઃ ભાષાંતર નહી) કરાવવા માટે તેની સામે દર્શાવેલ ગૃહસ્થોની સાથે પત્રવ્યવહાર કરવો તથા તે પુસ્તકોના પ્રકાશકોની સંમતિ મંગાવવી.

(અ.) બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન ગુજરાતી

	પુસ્તકનું નામ	
૧.	Gujarati Language and its Literature Vol. II by N. B. Divatia.	શ્રી. રામપ્રસાદ પી. બક્ષીને તરજુમો કરવા પુછાવવું.

2. Origin and Development of Language by Otto-Jesperson. — શ્રી. પ્રબોધ પંડિતને તરજુમો કરવા પુછાવવું.

(અ.) બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન હિસ્ટરી, આર્કિયોલૉજી, એપીગ્રાફી અને ન્યુમીસમેટીક્સ

1. Grammar of Politics Harold Laski. — શ્રી. ડી. એન પાઠક, એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, એમને તરજુમો કરવા પુછાવવું.

(ક.) બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન સોશિયોલૉજી ઍન્ડ એન્થ્રોપોલૉજી

1. Society R. M. Maciver. — શ્રી. અક્ષયકુમાર આર. દેસાઈ મુંબઈ, એમને તરજુમો કરવા પુછાવવું

નોંધ:- બૉર્ડે Elements of Social Sciences નામના પુસ્તકનું સૂચન કરેલ છે પરંતુ તે ખૂબ જુનું હોવાથી ઉપરોકત પુસ્તકનું ભાષાંતર કરવા ઠરાવવામાં આવે છે.

(ડ.) બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન એજ્યુકેશન

બૉર્ડે સૂચવેલાં ચાર પુસ્તકો પૈકી નીચે પ્રમાણેનાં બે પુસ્તકો પૈકી ગમે તે એકની ગુજરાતીમાં તરજુમો કરવા પસંદગી કરવા શ્રી. એલ. આર. દેસાઇને જણાવી તેમનો અભિપ્રાય મંગાવવો.

1. Groundwork of Educational Psychology by Ross.
2. Educational Psychology by Sandiford.

(ઇ) બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન એન્શ્યન્ટ ઇન્ડિયન અને ઇસ્ટર્ન કલ્ચર

1. "Caste In India" by Hutton. — શ્રી. ડી. એમ. કાપડિયા, મુંબઇ એમને તરજુમો કરવા પુછાવવું.

૨. જોઈન્ટ બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન ઇકોનોમિકસે સૂચવેલ પુસ્તકોની યાદી બૉર્ડને રીફર એક કરવી અને પાઠયપુસ્તકો (Text-Books) નાં નામ નહિ પરંતુ કલાસીકલ પુસ્તકોનાં નામ જોઇએ છીએ એમ બૉર્ડને જણાવવું.

૩. બાકીનાં બૉર્ડો તરફથી આવેલ પુસ્તકો પરત્વેની વિચારણા હાલ મુલતવી રાખવી.

૬. શે. જે. અધ્યયન સંશોધન વિદ્યાભવન, અમદાવાદના અધ્યક્ષ માસ્ટ્રત શ્રી. હરિહર પ્રા. ભટ્ટની ભારતીય જ્યોતિષશાસ્ત્રનો ઇતિહાસ, બૃહત્સાંહિતા, વિગેરે જ્યોતિષશાસ્ત્રના લગભગ દશ ગ્રંથોના સંશોધન અને પ્રકાશન વિગેરે માટે રૂા. ૧૯૦૦૦ની ગ્રાન્ટ મળવા બાબતની અરજી અંગે બૉર્ડ તારીખ ૧૮–૬–૧૯૫૩ના રોજ મળેલ સભામાં આઇટેમ નં. ૪ પર શ્રી. હરિહર પ્રા. ભટ્ટને તેમના ગ્રંથો પૈકી પ્રથમ ગ્રંથ આ બૉર્ડને મોકલવા ઠરાવ્યા પ્રમાણે શ્રી. ભટ્ટ તરફથી આવેલ પ્રથમ પુસ્તક "ભારતીય જ્યોતિષ શાસ્ત્રનો ઇતિહાસ"ના પ્રથમ ખંડની હસ્તલિખિત પ્રત બાબત વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. હરિહર પ્રા. ભટ્ટની માગણી નામંજૂર કરવી.

૭. યુનિવર્સિટી જર્નલ કાઢવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે:–

૧. યુનિવર્સિટી જર્નલ કાઢવું.

૨. જર્નલની એડીટોરીયલ કમિટીઓનાં સભ્યોનાં નામો જુદી જુદી ફૅકલ્ટીઓના ડિન પાસેથી મંગાવવા અને તે આવેથી સિન્ડિકેટ સમક્ષ પરબાર્યાં રજૂ કરવાં.

૮. શ્રી. દામોદર પી. દ્વિવેદી, લુણાવાડા એમની "આધ્યાત્મિકાદ્વૈતવાદ" ઉપર પુસ્તક પ્રસિદ્ધ કરવાને માટે રૂા. ૧,૦૦૦–૦–૦ એક હજાર રૂપિયાની પબ્લિકેશન ગ્રાન્ટ મળવા માટે આવેલ માગણી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. દામોદર પી. દ્વિવેદીની માગણી નામંજૂર કરવી.

ત્યારબાદ બેઠકનું કામકાજ પુરૂં થયું હતું.

અમદાવાદ–૯
તા. ૫–૨–૧૯૫૪.

ભદ્રિકલાલ અંબાલાલ પટેલ
રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "અ"

૧. બોર્ડ ઓફ સ્ટડીઝ ઇન ગુજરાતી :

B.A.,B.Sc.	29-3-54 to 13-4-54	14	1. Prin. K. L. Desai, 2. Prof. P. A. Pandya, (29-3-54 to 3-4-54 6 days) 3. Prof. V. R. Trivedi, 4. Prof. J. A. Kazi, (5-4-54 to 8-4-54 4 days) 5. Prof. K. M. Talati, 6. Prof. M. N. Jakate, (4 days rest)
Law,	14-4-54 to 22-4-54	6	Law Exam. 1. C. D. Vyas, 2. D. D. Desai, (14th to 22nd April, 1954. 6 days)

NAVSARI CENTRE

I.A. & I.Sc.

Inter Arts & Inter Science	22-3-54 to 25-3-14	4	1. Prof. M. N. Majmudar. 2. Prof. G. N. Lawande.

RAJKOT CENTRE

I.A. & I.Sc.

Examination:	Dates:	No. of days:	Names:
Inter Arts Inter Sc.	22-3-54 to 25-3-54	4	1. Prof. U. D. Bhatt, 2. Prof. U. C. Pandya, 3. Shri M. N. Patel.
B.A.,B.Sc.	29-3-54 to 13-4-54	14	1. Prin. G. R. Kotwal, 2. Prof. N. Z. Patel, (29-3-54 to 3-4-54 6 days) 3. Prof. D. P. Joshi, 4. Prof. S. T. Bueh, (3-4-54 to 8-4-54 4 days) 5. Prof. K. M. Shah, 6. Prof. R. R. Mishra. (4 days rest)

BHAVNAGAR CENTRE

I.A., I Sc., I.Com., B.Com.,

Examination:	Dates:	No. of days:	Names:
Inter Arts, Inter Sc. Inter Com. & B.Com.	22-3-54 to 27-3-54	6	1. Prin. M. B. Desai, (6 days) 2. Prof. M. M. Parekh, (6 days)
B.A.,B.Sc.	29-3-54 to 13-4-54	14	1. Prin. J. B. Sandil, 2. Prof. N. N. Bharucha, (29-3-54 to 3-4-54 6 days) 3. Prof. I. V. Trivedi, 4. Prof. P. P. Mehta, (3-4-54 to 8-4-54 4 days) 5. Prof. S. S. Dave, 6. Prof. I. V. Gogate, (4 days rest)

MORVI CENTRE

Examination:	Dates:	No. of days:	Names:
Engineering .	5-4-54 to 15-4-54	$9\frac{1}{2}$	1 Prin. S. S. Bhatia, 2. Shri P. S. Lele, (First 5 days) 3. Prof. L. I. Bhatt, 4. Shri A. K. Mehta, (Rest $4\frac{1}{2}$ days)

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની છવ્વીસમી સામાન્ય સભા, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, શનિવાર તા. ૩-૪-૧૯૫૪ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે મળેલી, તે વખતે હાજરી નીચે પ્રમાણે હતી:

૧. શ્રી. હરસિદ્ધભાઈ વ. દ્વિવેદિયા, વાઇસ-ચાન્સેલર	હાજર,
૨. શ્રી. એન. આર ત્રિવેદી	ગેરહાજર,
૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર,
૪. શ્રી. ખટુભાઈ એચ. દેસાઈ	હાજર,
૫. ડૉ. ભાસ્કર આર. પટેલ	હાજર,
૬. શ્રી. ભાઈલાલભાઇ ડી. પટેલ	હાજર,
૭. શ્રી. ઝીણાભાઇ આર. દેસાઈ	હાજર,
૮. શ્રી. બી. કે. મુઝમદાર	હાજર,
૯. શ્રી. મગનભાઇ પ્ર. દેસાઈ	હાજર,
૧૦. શ્રી. રતિલાલ એમ. ત્રિવેદી	હાજર,
૧૧. શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર,
૧૨. પ્રિન્સિપાલ ડૉ. કે. જી. નાયક	ગેરહાજર,
૧૩. પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી	હાજર,
૧૪. પ્રિન્સિપાલ એમ. બી. દેસાઇ	હાજર,
૧૫. પ્રિન્સિપાલ ડૉ. આર. પી. પટેલ	હાજર,
૧૬. પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર	ગેરહાજર.

૧. તા. ૬-૩-૧૯૫૪ના રોજ મળેલી સિન્ડિકેટની પચીસમી, સામાન્ય સભાના કામ-કાજની નોંધને બહાલી આપવા બાબત.

કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને શ્રી. વાઇસ-ચાન્સેલરે તેના ઉપર સહી કરી

૨. યુનિવર્સિટીની પરીક્ષાના પરીણામો તૈયાર કરવા માટેની પદ્ધતિ બાબત વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિનો રિપોર્ટ તથા પ્રિન્સિપાલ અ. ક. ત્રિવેદીનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે કમિટીનો રિપોર્ટ મંજૂર કરવો અને જુનિયર સુપરવાઇઝરો, સિનિયર સુપરવાઇઝરો, પ્રેસ સુપરવાઇઝરો તથા ફેકટોટમને મહેનતાણું આપવાના જે ૬૨ કમિટીના રિપોર્ટમાં નક્કી કરવામાં આવ્યા છે તેને ઑકટોબર ૧૯૫૪ અને ત્યાર પછીની પરીક્ષાઓ માટે અમલમાં મૂકવા.

(કમિટીનો રિપોર્ટ આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે આપવામાં આવ્યો છે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે—

ફાઇનલ મિટીંગમાં કેસો મૂકવા બાબતમાં પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકરની સૂચના ઉપરથી ઑકટોબર ૧૯૫૩માં જે પ્રથા અખત્યાર કરવામાં આવી હતી તે પ્રથા ૧૯૫૪ની પરીક્ષાઓ માટે ચાલુ રાખવી.

યુનિવર્સિટી સ્ટાફને પરીક્ષાઓના કામને અંગે મહેનતાણું આપવા બાબતમાં અત્યાર સુધી સ્ટાફના સભ્યોને જે પ્રમાણે એકઝામિનેશન એલાવન્સ અને ઓવરટાઇમ એલાવન્સ આપવામાં આવતું હતું તે પ્રમાણે આપવાનું ચાલુ રાખવું. પરંતુ આસિસ્ટન્ટ રજિસ્ટ્રારને માસિક રૂા. ૩૦-૦-૦ને બદલે માસિક રૂા. ૫૦-૦-૦ મહેનતાણું આપવું.

આ તબકકે એજન્ડા ઉપરનું કામકાજ નં. ૫૬ પરીક્ષાઓને જ લગતું હોઇ તે હાથ ઉપર લેવામાં આવ્યું.

૫૬. ૧૯૫૪ના માર્ચ માસમાં લેવાયેલી ઇન્ટર આર્ટ્સની પરીક્ષાના ગુજરાત કૉલેજ કેન્દ્રના સિનિયર સુપરવાઇઝરોનો, મજકૂર પરીક્ષા અને બીજી પરીક્ષાઓ અંગેના સૂચનો બાબતનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. વાય. જી. નાયકના કાગળમાં કરવામાં આવેલી સૂચનાઓમાંથી નીચે પ્રમાણે કરવાનું મંજૂર કરવું:

(1) Only one person at each centre of examination should be appointed to remain in charge of printing of all question papers of the separate examinations like Inter Arts, Inter Science and Inter Commerce held simultaneously at that centre.

(2) There should be three bells: the first one should be 15 minutes before time, the second five minutes to time and the third and the final bell at the start of the examination. No student should be admitted after the second bell is rung till after the question papers are distributed by the supervisor, but in no case after 15 minutes of the starting of the examination.

(3) The attention of the paper setters be invited by a circular that the following instructions should be strictly complied with:

(i) All the slips must be numbered and initialled.

(ii) Erasions and corrections in the MSS. should always be initialled.

(iii) The name of the subject, the name of the examination, the date and time when the paper is to be set should be invariably mentioned.

પ્રુફ સુધારવા બાબતમાં ડૉ. વાય જી. નાયકના કાગળમાં કરવામાં આવેલી ભલામણ મંજૂર રાખવી નહિ.

૩. મુંબઇ સ્ટેટની યુનિવર્સિટીઓને લગતા કાયદાઓમાં સુધારા કરવા અંગેના ધારા-સભા સમક્ષ મૂકાયેલા બીલ પ્રત્યે આ યુનિવર્સિટીનું ધ્યાન દોરતા મુંબઈ સરકારના કેળવણી ખાતાના આસીસ્ટન્ટ સેક્રેટરી તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કાગળ દફ્તરે કરવો.

૪. આર. આર. લાલન કૉલેજ, ભૂજને બી. એ. (જનરલ અને સ્પેશિયલ) ના અભ્યાસક્રમ માટે જોડાણનું એક્સ્ટેન્શન આપવા બાબતમાં સેનેટે કરેલી શરતો બાબત ફરીથી વિચારણા કરવા બાબતના શ્રી. આર. એ. ઘાટગે તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચિફ કમિશ્નરની સૂચના પ્રમાણે એફિલિએશનની શરતોમાં ફેરફાર કરવા અને તે સેનેટની આવતી મિટીંગ આગળ મંજૂરી માટે મૂકવા.

૫. સિન્ડિકેટે તેની તા. ૯-૧-૧૯૫૪ની બેઠકમાં એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી અમદાવાદ માટે ટ્રાયેનિયલ ઇન્સ્પેકશન કમિટી નીમી છે પરંતુ મજકૂર કૉલેજ બી. ફાર્મ માટેનું જોડાણ ચાલુ રાખવા તેમજ ઈન્ટર ફાર્મ ને માટે જોડાણનું એક્ટેન્શન આપવા માટે કરેલી અરજી અંગે સ્થાનિક તપાસણી સમિતિનો રિપોર્ટ આવી ગયો છે એ જોતાં ટ્રાયેનિયલ ઇન્સ્પેકશનની જરૂર છે કે કેમ તે નક્કી કરી કમિટિના સભ્યોને ખબર આપવી કે કેમ તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટ્રાયેનિયલ ઇન્સ્પેકશન કમિટી રદ કરવી.

૬. ટ્રાયેનિયલ ઇન્સ્પેક્શન કમિટીનો રિપોર્ટ સિન્ડિકેટ સમક્ષ પહેલો મૂકવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલ સમક્ષ તે બાબત પૂછવતાં મુંબઇ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે ટ્રાયેનિયલ ઇન્સ્પેક્શન કમિટીઓના રિપોર્ટો તપાસી સિન્ડિકેટને સલાહ આપવા નીચેની કમિટી નીમવી:

૧. પ્રિન્સિપાલ ડૉ. કે. જી. નાયક,
૨. ડૉ. મોતીભાઈ ડી. પટેલ,
૩. શ્રી. બદુભાઇ એચ. દેસાઇ,
૪. શ્રી. ભાઈલાલભાઈ ડી. પટેલ,
૫. પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી,
૬. પ્રિન્સિપાલ એમ. બી. દેસાઈ.

૭. ગુજરાત કૉલેજ, અમદાવાદના ટ્રાયેનિયલ ઇન્સ્પેક્શન માટે નીમેલી સમિતિનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે આ રિપોર્ટ કામકાજ નં. ૬માં નિમાયેલી કમિટી તરફ મોકલવો.

૮. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદના ટ્રાયેનિયલ ઇન્સ્પેક્શન માટે નીમેલી સમિતિનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે આ રિપોર્ટ કામકાજ નં. ૬ માં નિમાયેલી કમિટી તરફ મોકલવો.

૯. એમ.ટી.બી. કૉલેજ, સૂરતના ટ્રાયેનિયલ ઇન્સ્પેક્શન માટે નિમાયેલી સમિતિનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે આ રિપોર્ટ કામકાજ નં. ૬ માં નિમાયેલી કમિટી તરફ મોકલવો.

૧૦. અ. દક્ષિણ ફેલોશિપ્સ અંગે સિન્ડિકેટે નક્કી કરેલા ચાર વિદ્યાર્થીઓ પૈકી શ્રો. કેતકી સી. કાકોર, ગુજરાત કૉલેજની ફેલોશિપ ચાલુ રાખવા માગે છે તો તેને બદલે બીજા કોઇ વિદ્યાર્થીને મજકૂર સ્કોલરશિપ આપવી કે કેમ તે નક્કી કરવા બાબત.

બ. એમ.ટી.બી. કૉલેજ, સૂરતના શ્રી. ટી. એમ. વકીલને તેઓ પાર્ટ-ટાઇમ લેક્ચરશિપ ચાલુ વર્ષના અંતથી છોડી દે એ શરતે દક્ષિણા ફેલોશિપ આપવા સિન્ડિકેટે ઠરાવ્યું છે તો તેમને ફેલોશિપ ૧૯૫૩-૫૪ અને ૧૯૫૪-૫૫ એમ બે વર્ષ માટેની આપવી કે ૧૯૫૪-૫૫ના એક વર્ષની આપવી તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કેતકી સી. કાકોરની જગ્યાએ next higher percentage ધરાવતા વિદ્યાર્થીને દક્ષિણા ફેલોશિપ આપવી, અને શ્રી. ટી. એમ. વકીલને ફક્ત ૧૯૫૪-૫૫ના એક વર્ષ માટે દક્ષિણા ફેલોશિપ આપવી.

૧૧. બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન ફિઝિકસની બેઠક જે તા. ૨૪-૪-૧૯૫૪ના રોજ મળનાર છે તેમાં આ યુનિવર્સિટી તેમજ બીજી યુનિવર્સિટીઓના કેટલાક પ્રોફેસરોને આમંત્રણ આપવા બાબતના મજકૂર બૉર્ડના ચેરમેન ડૉ. વાય જી. નાયક તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. વાય. જી. નાયકની સૂચના મંજૂર કરવી.

૧૨. એમ. એસ.સી. ની ફિઝિકસ, કેમિસ્ટ્રી અને બાયોલોજી તથા બોટાનીની પરીક્ષાના કન્વીનરોને ચેરમેન તરીકે નીમવા બાબતના એમ.એસ.સી. ના ફિઝિકસ તથા બોટાનીની પરીક્ષાના કન્વીનરો તરફથી આવેલા પત્રો.

(નોંધ:-કેમિસ્ટ્રી બાબતમાં સિન્ડિકેટની તા. ૯-૧-૧૯૫૩ની મિટીંગમાં નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું છે:

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો."

કેમિસ્ટ્રીની બૉર્ડ ઑફ સ્ટડીઝની ભલામણ તથા ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ નીચે મુજબ છે:-

કેમિસ્ટ્રીની બૉર્ડ ઑફ સ્ટડીઝની ભલામણ

"The Board is of the opinion that at the M.Sc. Theory and Practical Examination, a Chairman should be appointed in the same way as at Intermediate Science and B.Sc. Examination."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડની ભલામણ મંજૂર કરવી.")

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એસ. સી. ની ફિઝિકસ, કેમિસ્ટ્રી, બાયોલૉજી તથા બોટાનીની પરીક્ષાના કન્વીનરોને ચેરમેન તરીકે નીમવા અને તે મુજબ તેમને મહેનતાણું આપવું.

૧૩. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદનું ટી. ડી. (T.D) ના અભ્યાસક્રમ માટેનું જોડાણ ચાલુ રાખવા બાબતની અરજી અંગે સેનેટે નક્કી કરેલી શરતો પરિપૂર્ણ કરવા અંગે યુનિવર્સિટી તરફથી લખાયેલા પત્રના જવાબમાં મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલના કાગળ પ્રમાણે સરકારને રિપોર્ટ કરવો.

૧૪. એમ. એન. કૉલેજ, વિસનગરના ફર્સ્ટ ઇયરના બે વિદ્યાર્થીઓને કૉલેજની વાર્ષિક પરીક્ષામાં ગેરવ્યાજબી ઇલાજો લીધા બદલ Expel કર્યા છે પરંતુ યુનિવર્સિટીએ આ વિદ્યાર્થીઓને યુનિવર્સિટીની કોઇ પણ કૉલેજમાં દાખલ થવા માટે જુન ૧૯૫૫ સુધી debar કરવા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના સૂચન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જો કોઈ પણ પ્રિન્સિપાલે કોઇ વિદ્યાર્થીને પોતાની કૉલેજમાંથી કાઢી મૂકયો હોય અને તેને બીજી કોઇ કૉલેજમાં દાખલ ન થવા દેવો એવી તેમની ઇચ્છા હોય તો આવા કેસમાં તેમણે યુનિવર્સિટીને રિપોર્ટ કરવો જોઇએ અને કાગળો મોકલવા જોઇએ. આ કેસની અંદર કેસના કાગળો મંગવવા અને તે મેળવી આ કામ આવતી મિટીંગ રૂબરૂ મૂકવું.

૧૫. ગુજરાત યુનિવર્સિટીની ઑફિસ નવા બિલ્ડીંગમાં શીફ્ટ થયેલી હોવાથી નીચે મુજબનો વધુ સ્ટાફ મંજૂર કરવા બાબત:

૧ ટેલીફોન ઓપરેટર
૬ પટાવાળા
૨ હમાલ
૧ વોચમેન
૧ ભંગી—ઝાડુવાળો
૨ માળી

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર પ્રમાણેની જગ્યાઓ મંજૂર કરવી અને તેમાં પટાવાળા, હમાલ અને વોચમેનના હાલના યુનિવર્સિટીના સ્કેલ છે તે ચાલુ રાખવા અને ટેલીફોન ઓપરેટર, ભંગી તથા માળીના સ્કેલ ગવર્મેન્ટમાં શું છે તે પુછાવી તે પ્રમાણે રાખવા.

૧૬. સ્ટેનોગ્રાફર શ્રી. બી. એમ. વૈશ્યની તેઓ પોતાના કામ ઉપરાંત ટાઇપિંગના કામની વહેંચણી કરતા હોવાથી સિન્ડિકેટે હેડ ટાઇપિસ્ટની જગ્યા માટે મંજૂર કર્યા મુજબનું એલાવન્સ તેઓ જ્યારથી આ કામ કરતા હોય ત્યારથી આપવા અને ઑફિસના જે ટાઇપિસ્ટો અંગ્રેજી તથા ગુજરાતી બંને પ્રકારનું ટાઇપિંગ કરતા હોય તેઓને એલાવન્સ આપવાનું સિન્ડિકેટે મંજૂર કર્યું છે તે ધ્યાનમાં લઇને, પોતે અંગ્રેજી અને ગુજરાતી સ્ટેનોગ્રાફર તરીકે કામ કરતા હોવાથી તેમને ગુજરાતી સ્ટેનોગ્રાફી માટે યોગ્ય એલાવન્સ આપવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૧૭. યુ. પી. એસ. સી. ટ્રેનિંગ કલાસના કન્વીનર તરફથી આવેલો મજકૂર કલાસ અંગેનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે આ રિપોર્ટ દફતરે કરવો.

૧૮. મુંબઇ સરકારે ઍાફિસરેાનાં મુસાફરી તથા રેાજીંદા ભથ્થામાં દસ ટકાનેા કાપ મૂકી તે અંગેના નિયમેામાં ફેરફાર કરી તેને તા. ૧-૫-૧૯૫૩થી અમલમાં મૂકયેા છે તેા યુનિવર્સિટી સ્ટાફના સભ્યેાને મુસાફરી ભથ્થું સરકારી ધેારણે મળતું હેાવાથી તેમાં પણ દસ ટકાનેા કાપ મૂકવેા કે કેમ અને મુંબઈ સરકારના સુધારાનેા અમલ કયારથી કરવેા તે અંગે સિન્ડિકેટે કરેલા ઠરાવ અનુસાર મુંબઈ સ્ટેટની યુનિવર્સિટીઓએ આ બાબતમાં શું ધેારણ અખત્યાર કર્યું છે તે પૂછાવતાં આવેલા જવાબેા.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં કાંઈ પણ કાપ મૂકવેા નહિ પણ યુનિવર્સિટીના પેાતાના નિયમેા બનાવવા માટે આ કામ ફાઈનાન્સ કમિટી તરફ મેાકલવું.

૧૯. સૌરાષ્ટ્ર ઝેાન લેાકલ સ્પેાર્ટ્સના સભ્યેાને નિયમ પ્રમાણે જે દિવસે મિટીંગ હેાય તે દિવસનું હેાલ્ટીંગ એલાવન્સ મળે પરંતુ ત્યારપછીના બે દિવસેા કે જે સમયે સ્પેાર્ટ્સ મીટ હતી તે દિવસેાનું હેાલ્ટીંગ એલાવન્સ આપવું કે કેમ તે બાબત નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્પેાર્ટ્સ મીટના દિવસેાનું હેાલ્ટીંગ એલાવન્સ આપવું.

૨૦. નીચે જણાવેલા ઍાર્ડિનાન્સીઝ સેનેટે સિન્ડિકેટને રિફર બેક કર્યા છે તે અંગે વિચારણા કરવા બાબત.

એા. નં. ૧૨૯, ૪૩૫.

આથી ઠરાવવામાં આવે છે કે ઍાર્ડિનાન્સ ૧૨૯ની વિચારણા મુલતવી રાખવી પણ. ઍાર્ડિનાન્સ ૪૩૫માંથી "and M.A. (External)" એ શબ્દેા કમી કરવા.

૨૧. યુનિવર્સિટી બેાર્ડ ઍાફ સ્પેાર્ટ્સની તા. ૬-૩-૧૯૫૪ના રેાજ મળેલી બેઠકના કામકાજની નેાંધને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બેાર્ડ ઍાફ સ્પેાર્ટ્સના કામકાજની નેાંધ મંજૂર કરવી.

(કામકાજની નેાંધ આ સાથે પરિશિષ્ટ " ખ " તરીકે આપવામાં આવી છે.)

૨૨. સિન્ડિકેટે સુધારેલેા નીચે મુજબનેા સ્ટેટ્યુટ ૧૦૭ સેનેટે સિન્ડિકેટને રિફર બેક કર્યો છે તે ઉપર વિચારણા કરવા બાબત.

S. 107. Each Faculty shall meet at the time of the Annual Convocation for the purpose of electing the Dean in the year in which the election of the Dean is due to take place.

For the purpose of electing a Dean, the procedure shall be as per S. 148, 1 9, 150, 151, 152 and 153 (e).

Each of the Deans so elected shall hold office for three years or until another Dean is elected, and may be re-elected.

આથી ઠરાવવામાં આવે છે કે ડીનના હોદ્દાની મુદત એક વર્ષની રાખવી અને તે પ્રમાણે સ્ટેટ્યુટ ૧૦૭માં સુધારો કરવો.

૨૩. સ્ટેટ્યુટ નં. ૭૬ને મુંબઇ યુનિવર્સિટીના સ્ટેટ્યુટ ૫૪-એ મુજબ સુધારવા બાબત વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હાલના સ્ટેટ્યુટ ૭૬ને બદલે નીચે પ્રમાણેનું સ્ટેટ્યુટ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી:

"All motions, together with their amendments, if any, on the Agenda of a Senate meeting which have not been moved or voted upon for want of time or any other reason at the meeting to which the Agenda relates, shall at the close of the meeting be deemed to lapse. Such motions shall not be placed on the agenda of the next or subsequent meetings, save on receipt of a fresh notice from the mover of the same or from any other member of the Senate stating that he intends to move the proposal at such meeting.

Provided, however, that a motion shall not lapse if a part thereof or an amendment thereto has been voted upon."

૨૪. માધ્યમિક શિક્ષક વિભાગમાંથી સેનેટ ઉપર ચૂંટાઈ આવેલા ૨. શ્રી. ગીરજાશંકર ભવાનીશંકર ઓઝા અને ૨. શ્રી. રાવજીભાઇ ચતુરભાઇ પટેલને ફૅકલ્ટી એસાઇન કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બન્ને સભાસદોને આર્ટ્સ ફૅકલ્ટી એસાઇન કરવી.

૨૫. નીચે જણાવેલા શ્રી. એસ. એમ. શાહુના ઠરાવ ઉપરનો સિન્ડિકેટનો રિપોર્ટ સેનેટે મંજૂર કર્યો છે તે અંગે સ્ટેટ્યુટ ઘડવા બાબત.

શ્રી. એસ. એમ. શાહુનો ઠરાવ

"In S. 78 (2) After the words–the election shall be held instead of words "by post" put the words "by ballot at a polling centre or centres to be fixed by the Syndicate"

"In S. 78 (3) After the words–the election shall be held instead of the words "by post" put the words "by ballot at a polling centre or centres to be fixed by the Syndicate."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટના સભાસદપણા માટે જે બધાં ઇલેકશન કરવાનાં છે તે બધાં સેનેટની મિટીંગમાં થાય એવો સિન્ડિકેટનો અભિપ્રાય છે."

આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રારે રજૂ કરેલા સ્ટેટ્યુટ ૭૮, ૯૧, ૯૨, ૧૫૩(૨) અને ૧૫૭ના ડ્રાફ્ટ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી. (ડ્રાફ્ટ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે આપવામા આવ્યા છે.)

૨૬. નીચે જણાવેલો શ્રી. રામચંદ્ર દા. શુકલનો ઠરાવ સેનેટે સિન્ડિકેટને રિફર કર્યો છે તે અંગે વિચારણા કરવા બાબત:

શ્રી. રામચંદ્ર દા. શુકલનો ઠરાવ

"Delete the following cl. 2 of Statute 4:

"All graduates of the University of Gujarat shall be entered on the register of Graduates on their first graduation in the University, and shall pay a fee of Rs. 5/- cash for such registration, which will be for five years, along with the fees for admission to the first degree."

"In Statute 4 cl. 3 delete the first words "In addition."

In Statute 4 cl. 3 after sub-clause c add the followidg sub-clause:

"(d) All graduates of the Gujarat University."

In Statute 4 cl. 4 after the words sub-clauses 3 (a), (b), (c), add sub-clauses 'd' ".

In Statute 4 cl. 5 after the words sub-clauses 3 (a), (b), (c), add sub-clause 'd' ".

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેટ્યુટ ૪માં ફરજિયાત રજિસ્ટ્રેશનનું પ્રોવિઝન છે તે રહેવા દેવું અને આ સ્ટેટ્યુટમાં નીચે જણાવ્યા સિવાયનો બીજો કોઈ ફેરફાર કરવાનું સિન્ડિકેટને જરૂરી જણાતું નથી:

પાંચ વર્ષ પછી ફરી રજીસ્ટ્રેશન કરાવતી વખતે લેવાની ફી રૂા. પાંચને બદલે રૂા. બે રાખવી અને આ માટે મજકૂર સ્ટેટ્યુટમાં નીચે પ્રમાણેનો પ્રોવિઝો ઉમેરવો:

"Provided that notwithstanding anything contained above, the fee to be paid for re-registration at the end of five years shall be Rs. 2/- only."

૨૭. શિક્ષણના માધ્યમ અંગેના સેનેટે પસાર કરેલા રિપોર્ટમાં ૧૯૫૩ના જૂનથી શરૂ થતા સત્રથી ફર્સ્ટ યર ગ્રુપ "એ", "બી" અને "સી" માં હિન્દીનો ૧૦૦ માર્કનો

એક પેપર ફરજિયાત રાખવાનું ઠરાવેલું છે તેમાં ફેરફાર કરવાની ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની ભલામણો મંજૂર કરવા બાબતનો ઠરાવ સેનેટે સિન્ડિકેટને રિફર એક કર્યો છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ૧૧મું સ્ટાન્ડર્ડ (મેટ્રીકયુલેશન) હિંદી ભણીને વિદ્યાર્થીઓ આવે તેમને માટે એટલે કે ૧૯૫૫ના જૂનથી હિંદી ફરજિયાત દાખલ કરવા સેનેટે સ્વીકારેલા કાર્યક્રમમાં ફેરફાર કરવા સેનેટને ભલામણ કરવી અને તે પ્રમાણેના અભ્યાસક્રમ ઘડી કાઢવા આ સવાલ હિંદી બૉર્ડ તરફ પાછો મોકલવો."

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૫૩ના જૂનથી હિંદીનો ફરજિયાત પેપર શરૂ કરી શકાય તેવો "ઇન્ટેરિમ કોર્સ" આપવા ઍકેડેમિક કાઉન્સિલને જણાવવું."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલ તેના આગળના ઠરાવને વળગી રહે છે અને એમ ઠરાવે છે કે ફર્સ્ટ ઇયર આર્ટ્સમાં હિંદીને જૂન ૧૯૫૫થી શરૂ થતા વર્ષથી ફરજિયાત વિષય તરીકે દાખલ કરવું."

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને સેનેટને તે સ્વીકારવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાતી અને હિંદી બંનેનો એક એક પેપર ફરજિયાત રાખવો અને તે બંને પેપરના માર્કસ એક સરખા રાખવા.

૨૮. પબ્લિકેશન બૉર્ડની ભલામણ સિન્ડિકેટે સ્વીકાર્યા મુજબ પુસ્તકોનાં ભાષાંતર કરાવવા અંગે, ભાષાંતરકારોને આપવાનું મહેનતાણું, કોપીરાઇટ, સમયમર્યાદા વગેરે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૨૯. પ્રો. હટ્ટનની "Caste in India" નામક ગ્રંથનો ગુજરાતી અનુવાદ કરવા માટે પબ્લિકેશન બૉર્ડની ભલામણ અનુસાર સિન્ડિકેટે શ્રી. કે. એમ. કાપડિયાને નીમ્યા છે પરંતુ તેઓ તે કામ કરવા અશક્તિ દર્શાવતા હોવાથી તેમની જગ્યાએ બીજા કોઈ ગૃહસ્થને નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલ પબ્લિકેશન બૉર્ડ તરફ રિપોર્ટ માટે મોકલી આપવો.

૩૦. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યુટ, નડિયાદના નીચે જણાવેલા વિદ્યાર્થીઓની "Epidemic Dropsy" ના રોગને કારણે પ્રથમ સત્રમાં ખૂટતી હાજરી કોન્ડોન કરવા મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા પત્ર ઉપરથી તે કોન્ડોન કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

વિદ્યાર્થીઓની હાજરી નીચે મુજબ છે:—

ઇન્ટરમિડિયેટ આર્ટ્સ.

નામ.	પ્રથમ સત્રની હાજરી.	બીજા સત્રની હાજરી.	કુલ હાજરી.
૧. શ્રી. દેસાઇ સી. એચ.	૫૭	૮૦	૧૩૭
૨. શ્રી. પટેલ વી. કે.	૪૭	૮૪	૧૩૧
૩. શ્રી. શુકલ આર. પી.	૫૯	૮૦	૧૩૯
૪. શ્રી. તેવાર એ. પી.	૬૪	૮૦	૧૪૪
૫. શ્રી. ઠાકર આઇ. એમ.	૬૨	૬૯	૧૩૧
૬. શ્રી. ભટ્ટ એમ. સી.	૫૮	૭૨	૧૩૦
૭. શ્રી. દેસાઇ આર. આર	૭૪	૬૪	૧૩૮
૮. શ્રી. ગોર એ. પી.	૭૦	૬૦	૧૩૦
૯. શ્રી. પટેલ સી. એમ.	૬૧	૬૯	૧૩૦
૧૦. પટેલ આર. આર.	૭૧	૫૯	૧૩૦
૧૧. શ્રી. શાહ જી. એસ.	૫૫	૭૮	૧૩૩
સિનિયર બી.એ			
૧૨. શ્રી. ઠડીયા એમ. કે.	૫૫	૭૮	૧૩૩
૧૩ શ્રી. શાહ કે. એ.	૫૬	૮૩	૧૩૯
૧૪. કુ. પટેલ વી. એન.	૬૪	૭૪	૧૩૮
ઇન્ટરમિડિયેટ સાયન્સ.			
૧૫. શ્રી. શાહ જે. એચ.	૫૫	૭૫	૧૩૦
૧૬. શ્રી. શાહ કે. સી.	૬૪	૮૭	૧૫૧

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૩૨. સરકયુલર નં. ૧૦૮૦૫-૧૯૫૧માં ફેરફારો કરવા બાબતનો પ્રિન્સિપાલ અ. ક. ત્રિવેદીનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૩૩. વી. પી. મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગરને બી.એ. (સ્પેશિયલ) સંસ્કૃત માટે જોડાણનું એકસ્ટેન્શન આપવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ કામમાં નીચે પ્રમાણેની સ્થાનિક તપાસણી સમિતિ નીમવી:

૧. પ્રોફેસર આર. બી. આથવલે
૨. પ્રોફેસર જી. કે. ભટ્ટ

૩૩. એફ. વાય. એકસ્ટર્નલ પરીક્ષાના પ્રશ્નપત્રો, પરિણામો અને પરીક્ષકોના રિપોર્ટ ઇત્યાદિ આવે તે અંગે કોણ પ્રોસિજર રાખવો તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આવા રિપોર્ટ વગેરે ઇકતરે કરવા.

૩૪. સેનેટમાં માધ્યમિક શિક્ષકોની જગા માટેની ચૂંટણી માટે સૂરત શહેરની અઢાર આવેલી એમ. ટી. બી. કૉલેજને હવેથી ચૂંટણી મથક ન રાખતાં શહેરના મધ્યસ્થ ભાગમાં આવેલી કોઇપણ માધ્યમિક શાળાના મકાનમાં રાખવા બાબતના નૂતન શિક્ષણ સંઘના ઠરાવ બાબતનો મજકૂર સંઘના પ્રમુખ તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે સૂરતમાં ગવર્મેન્ટ ટ્રેનિંગ કૉલેજને ચૂંટણીના કેન્દ્ર તરીકે રાખવી.

૩૫. ગુજરાત યુનિવર્સિટી માધ્યમિક શિક્ષક મતદાર વિભાગના પોલિંગ કેન્દ્રો વધારવા બાબત તેમજ મતદાનની સગવડો આપવા બાબત તેમજ તે અંગે એક પેટા સમિતિ નીમવા બાબતનો શ્રી. ગિરજાશંકર ઓઝા તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ગિરજાશંકર ઓઝાની વિનંતી માન્ય રાખવી નહિ.

૩૬. ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૫૪-૫૫ના બજેટ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કમિટીએ રજૂ કરેલું બજેટ મંજૂર કરવું. (મંજૂર કરેલું બજેટ અલાયદું છાપવામાં આવ્યું છે.)

૩૭. નીચેની બાબતો સિન્ડિકેટ સમક્ષ મુકવા બાબતનો શ્રી. ઝીણાભાઇ ૨. દેસાઇનો પત્ર:

"1. That that Syndicate frame statutes pertaining to the medium of instruction in the Science and Commerce Faculties on the same lines as adopted by the Senate while

framing the statute with regard to the medium of instruction in the Faculty of Art and place the same before the next meeting of the Senate. In the proposed statutes a further provision be made to apply the same to all the remaining faculties gradually and stage by stage when the candidates in whose case the change of medium of instruction has taken place according to these statutes, enter the same.

2. That in the appointment of University Professors no relaxation be made with regard to the conditions laid down their high academic qualifications and that no candidate be invited who does not fulfil the requirements for appointment to such a post as advertised. If no candidate is available who can fulfil the conditions for appointment to such a post the same may be kept vacant and a Reader may be appointed, if need be, even with the highest salary in the Reader's grade."

આઇટેમ નં. ૧ની બાબતમાં એમ ઠરાવવામાં આવે છે કે આ બાબત સેનેટ સમક્ષ હોઈ આ તબકકે સ્ટેટ્યુટ ઘડવાનું સિન્ડિકેટને જરૂરી જણાતું નથી.

આઇટેમ નં. ૨ શ્રી. ઝીણાભાઇ દેસાઈએ મિટીંગ રૂબરૂ પાછી ખેંચી લીધી હોવાથી તે અંગે કાંઇ પણ કરવાનું રહેતું નથી.

૩૮. માર્ચ ૧૯૫૪ની ઇન્ટરમિડિયેટ સાયન્સની પરીક્ષામાં બેઠનાર વિદ્યાર્થી શ્રી. દિનેશચંદ્ર કે. રાજાના પિતાશ્રી તરફથી આવેલી મજકૂર વિદ્યાર્થી માંદગીના કારણોસર પરીક્ષામાં બેસી શકે એમ ન હોવાથી તેની ફી પરત કરવા બાબતની અરજી.

(નોંધ:-ડાક્ટરનું સર્ટિફીકેટ રજૂ કરેલું છે તે મુજબ બારામની મુદ્દત પરીક્ષા શરૂ થતાં પહેલાં પુરી થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ કેસમાં રિફન્ડ આપવું નહિ.

૩૯. સ્ટેટ્યુટ ૧૧૮ પ્રમાણે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગ ઉપર સિન્ડિકેટે તેની તારીખ ૨-૬-૧૯૫૨ના રોજ મળેલ સભામાં નોમીનેટ કરેલા બે સભ્યો, શ્રી. બી. કે. મુઝુમદાર અને શ્રી. મગનભાઇ પ્ર. દેસાઈની મુદ્દત તા. ૨-૬-૧૯૫૪ના રોજ પુરી થાય છે તો તેમની જગ્યાએ સભ્યો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી બી. કે. મુઝુમદાર અને શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇને બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગ ઉપર સભાસદો તરીકે ચાલુ રાખવા.

૪૦. નીચેના ઠરાવો સેનેટ સમક્ષ રજૂ કરવા બાબતનો શ્રી. ગિરજાશંકર ભ. ઓઝાનો પત્ર.

ઠરાવ નં ૧

"ગુજરાત યુનિવર્સિટીના માધ્યમિક શિક્ષક મતદાર વિભાગ તરફથી થતી સેનેટના સભ્યોની ચૂંટણી માટે, હાલ ગુજરાત યુનિવર્સિટી તરફથી, લગભગ ૨૪ મતદાન કેન્દ્રો નક્કી થયાં છે.

પરંતુ આ માધ્યમિક શિક્ષક મતદાર વિભાગમાં, બૃહદ ગુજરાતનાં લગભગ ૧૧૨ ગામોની ૧૯૨ હાઇસ્કૂલોમાં ૩૦૦૦ ઉપર શિક્ષક મતદારો છે. આ જોતાં લગભગ ૮૮ ગામોનાં શિક્ષક મતદારોને, મતદાન કેન્દ્રોની સંખ્યા ઓછી હોવાને લીધે, મતદાનની મુશ્કેલી ઉભી થઈ છે. તેથી આ બાકીનાં ૮૮ ગામોમાં મતદાન માટે શક્ય એટલાં નવાં કેન્દ્રો ખોલી મતદાનની સગવડ આપવી અને મતદાન કેન્દ્રો ગામોમાં કેન્દ્રસ્થ જગાંએ રાખવાં, અને હાલનાં ૨૪ મતદાન કેન્દ્રોમાં પણ મતદાન મથકો ગામથી દૂર આવેલી કૉલેજોમાં ન રાખતાં ગામમાં મધ્યસ્થ સ્થળે રાખવાં અને આ કાર્ય તુરત અમલી બનાવવા માટે એક પેટા સમિતિ આજની સેનેટની સભામાં નીમવી એમ સેનેટની આ સભા ઠરાવે છે."

ઠરાવ નં. ૨

"ગુજરાત યુનિવર્સિટી તરફથી લેવાતી ઇન્ટર આર્ટ્સની એકસટર્નલ (External) પરીક્ષાઓ તથા ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ અને ઇન્ટર કૉમર્સની ઇન્ટરનલ (Internal) પરીક્ષાઓમાં નીમાતા પરીક્ષક અધ્યાપકો કે પ્રાધ્યાપકો જેટલી જ કે તેથી પણ વધુ પદવીઓ (degrees) ધરાવતા માધ્યમિક શાળાઓના અગ્રગણ્ય નિષ્ણાત શિક્ષકોને, કેળવણીની એકસૂત્રતા જાળવવા માટે, પરીક્ષકોની કુલ સંખ્યાના ઓછામાં ઓછા ૨૫ ટકા જેટલી સંખ્યામાં, પરીક્ષકો તરીકે નીમવા એમ આ સેનેટની સભા ઠરાવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ઓઝાના બન્ને ઠરાવોની તરફેણમાં સિન્ડિકેટ નથી એવો સેનેટને રિપોર્ટ કરવો.

૪૧. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના ઇન્ટરમિડિયેટ કૉમર્સના વિદ્યાર્થી શ્રી. બી. સી. પટેલની માંદગીના કારણે ખૂટતી હાજરી કોન્ડોન કરવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના શેરા સહિત આવેલી અરજી.

(નોંધ:–વિદ્યાર્થીએ ડાક્તરી સર્ટિફીકેટ રજૂ કર્યું છે.

વિદ્યાર્થીની હાજરી નીચે મુજબ છે:–

સત્ર	કુલ હાજરી	જોઈતી હાજરી	ભરેલી હાજરી	ખૂટતી હાજરી
પહેલું	૮૪	૬૩	૫૯	૪
બીજું	૮૮	૬૬	૩૫	૩૧

કુલ હાજરી ..... ૯૪ ખૂટતી હાજરી ૩૫)

આથી ઠરાવવામાં આવે છે કે આ કેસમાં ખૂટતી હાજરી માફ કરવી નહિ.

૪૨. માર્ચ ૧૯૫૪ની ઇન્ટરમિડિયેટ સાયન્સની પરીક્ષામાં બેસનાર એમ. ટી. બી. કૉલેજના વિદ્યાર્થી શ્રી. તૈયબ ડી. ઝવેરીની, માંદગીના કારણે પરીક્ષામાં બેસી શકે તેમ ન

હોવાથી, તેમણે ભરેલું ફોર્મ withdraw કરવા બાબતની, મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફતે આવેલી અરજી ઉપરથી તેમને ફીનું રિફંડ આપવું કે કેમ તે નક્કી કરવા બાબત.

(નોંધ:-દાક્તરી સર્ટિફીકેટ વિદ્યાર્થીએ રજૂ કરેલું છે દાક્તરી સર્ટિફીકેટ જોતાં બે મહિનાથી બીમારી છે તેથી બો. ૧૩૦ મુજબ "Sudden Illness" ગણી શકાય કે કેમ તે નક્કી કરવા સિન્ડિકેટ સમક્ષ મૂકવામાં આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ કેસમાં કાંઈ પણ રિફંડ આપવું નહિ.

૪૩. માર્ચ ૧૯૫૪ની ઈન્ટરમિડિયેટ આર્ટ્સની પરીક્ષામાં બેસનાર બહાઉદ્દીન કૉલેજના વિદ્યાર્થી શ્રી. જે. એસ. સૈયદની, માંદગીના કારણે પરીક્ષામાં બેસી શકે તેમ ન હોવાથી, તેમણે ભરેલી ફી પરત કરવા અથવા તો આવતી પરીક્ષા માટે રીઝર્વ રાખવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફતે આવેલી અરજી.

(નોંધ:-વિદ્યાર્થીએ દાકતરી સર્ટિફીકેટ રજૂ કરેલું છે. દાકતરી સર્ટિફીકેટમાં Chronic Bronchitis જણાવેલું છે તે બો. ૧૩૦ મુજબ Sudden Illness ગણી શકાય કે કેમ તે નકકી કરવા સિન્ડિકેટ સમક્ષ મૂકવામાં આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ કેસમાં કાંઇ પણ રિફન્ડ આપવું નહિ.

૪૪. માર્ચ ૧૯૫૪ની ઇન્ટરમિડિયેટ આર્ટ્સની પરીક્ષામાં બેચનાર, એલ. ડી. આર્ટ્સ કૉલેજના વિદ્યાર્થી શ્રી. એન. એન. ભટ્ટ, માંદગીના કારણે પરીક્ષામાં બેસી શકે તેમ ન હોવાથી, તેમણે ભરેલી ફી પરત કરવા બાબતની અરજી.

(નોંધ:-વિદ્યાર્થીએ દાકતરી સર્ટિફીકેટ રજૂ કરેલું છે. દાક્તરી સર્ટિફીકેટમાં સારવાર શરૂ કર્યાની તારીખ ૨-૨-૫૪ની જણાવી છે તેથી બો. ૧૩૦ મુજબ Sudden Illness ગણી શકાય કે કેમ તે નક્કી કરવા સિન્ડિકેટ સમક્ષ મૂકવામાં આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ કેસમાં કાંઇ પણ રિફન્ડ આપવું નહિ.

૪૫. સેનેટની રેફરીઝીશન બેઠક બોલાવવા અંગે નીચે મુજબ ઠરાવો આવ્યા છે તે અંગે સિન્ડિકેટનો રિપોર્ટ મોકલવા બાબત.

પહેલો ઠરાવ

"ઠરાવવામાં આવે છે કે ઇ. સ. ૧૯૫૫ના જૂનથી ફર્સ્ટ ઇયર સાયન્સ, ફર્સ્ટ ઇયર કૉમર્સ અને ઇ. સ. ૧૯૫૬ના જૂનથી ઇન્ટર કૉમર્સ, ઇન્ટર સાયન્સ અને ફર્સ્ટ ઇયર ઍગ્રિકલ્ચરના બધા વિષયો માટે શિક્ષણ અને પરીક્ષાના માધ્યમ તરીકે ગુજરાતી અને/અથવા હિન્દીને સ્થાન આપવું; અને સેનેટે ૧૯૫૪ના માર્ચની તા. ૪થી અને પમીએ પસાર કરેલા આર્ટ્સને લગતા

સ્ટેટ્યુટના ધોરણે સ્ટેટ્યુટ તૈયાર કરી સિન્ડિકેટે સેનેટ સમક્ષ હવે પછીની સેનેટની જે પહેલી સભા મળે તેમાં રજૂ કરવા."

બીજો ઠરાવ

"ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૫૭થી યુનિવર્સિટીની બધી ફૅકલ્ટીઓમાં અન્ડર-ગ્રેજ્યુએટ કક્ષાથી શિક્ષણ અને પરીક્ષાના માધ્યમ તરીકે ગુજરાતી અને અથવા હિન્દીને ક્રમિક રીતે અમલમાં આવે તે રીતે દાખલ કરવા ઘટતા સ્ટેટ્યુટ તૈયાર કરી સિન્ડિકેટે સેનેટની હવે પછી મળનાર પહેલી સભામાં રજૂ કરવા."

આથી ઠરાવવામાં આવે છે કે આ કામ સેનેટ સમક્ષ હોઇ સિન્ડિકેટ આ બાબતમાં કાંઈ પણ અભિપ્રાય આપવા માગતી નથી.

૪૬. "Current Science Association" ને આ યુનિવર્સિટી તરફથી વાર્ષિક ગ્રાન્ટ આપવા બાબતનો મજકૂર એસોસિએશનના પ્રેસિડેન્ટ તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની નાણાંકીય સ્થિતિ જોતાં યુનિવર્સિટી કાંઇ પણ ગ્રાન્ટ આપી શકે તેમ નથી એવો જવાબ આપવો.

૪૭. ગુજરાત કૉલેજ, અમદાવાદના શ્રી. પરમાનંદ મગનલાલ શાહની એમ.એસ.સી. કેમિસ્ટ્રીની થિસિસ રેફરીઝે મજકૂર ડિગ્રી માટે સ્વીકાર્યા બાબતની ભલામણ ઉપરથી તેમને તે ડિગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૪૮. બોર્ડીંગ માટે જરૂરી પાઇપો બરીદલી તેનું દશરથ આયર્ન વર્કસ, અમદાવાદનું રૂા. ૧૮૦૦-૦-૦નું બીલ મંજૂર કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૪૯. જે સ્ટેટ્યુટરી કમિટીઓ હોય તેમાં ત્રણ લાગલાગટ મિટીંગોમાં હાજરી ન આપે અને બીજી કમિટીઓમાં લાગલાગટ બે મિટીંગમાં હાજરી ન આપે તે સભાસદ તે કમિટીના સભાસદ મટી જાય તે જાતની જોગવાઇ ઑર્ડિનાન્સોમાં કરવા અંગેના સિન્ડિકેટના ઠરાવ અનુસાર એ. ૨, ૮, ૩૪, ૩૮, ૪૨, ૪૮, ૫૨ અને ૫૯માં કરવા ના સુધારા અંગેના રજિસ્ટ્રારના ડ્રાફ્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં ઑર્ડિનાન્સોમાં સુધારા કરવાને બદલે આ બાબતનો એક જનરલ ઑર્ડિનાન્સ ઘડી તેનો ડ્રાફ્ટ સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવા રજિસ્ટ્રારને જણાવવું.

૫૦. સેનેટની આવતી સામાન્ય બેઠકમાં નીચેનો ઠરાવ રજૂ કરવા બાબતનો શ્રી. વિ. ર. ત્રિવેદીનો પત્ર.

ઠરાવ

"The Senate Resolves to recommend to the Syndicate to lay down the following as the minimum scales and grades of pay for the full-time members of the staff of all the colleges affiliated to the Guiarat University:-

1.	Professors and Assistant Professors	Rs. 250-15-160
2.	Lecturers and Assistant Lecturers	Rs. 150-10-350
3.	Demonstrators and Tutors	Rs. 100—5-200

Further resolved to recommend—

(a) that the scales and grades be irrespective of the dearnees allowance which should be compulsory according to Government Scale;

(b) that a tutor or Demonstrator be given an advance increment of Rs 10/- in his scale on his passing the M A. or M.Sc. Examination in his subject or in an allied subject;

and (c) that a Professor, Assistant Professor, Lecturer, Assistant Lecturer, Demonstrator or Tutor be given an advance increment of Rs. 25/- in his scale on his passing the Ph.D. Examination in his subject or in an allied subject."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં સિન્ડિકેટે શ્રી. એસ. એમ. શાહના ઠરાવની તરફેણમાં છે એવો અગાઉ અભિપ્રાય આપેલો હોઈ આ ઠરાવ ઉપર અભિપ્રાય આપવાનો રહેતો નથી.

૫૧. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના ડાયરેક્ટર અંગે સિલેક્શન કમિટીને તેમની ભલામણ કરી વિચારણા માટે સિન્ડિકેટે ઠરાવ કર્યો હતો તે વિષે ડૉ. લાકડાવાળા જો પોતાને માત્ર પ્રોફેસર ઑફ ઇકોનોમિક્સ તરીકે નીમવામાં આવે તો તે જગા સ્વીકારવા તે ખુશી નથી એવું એમણે શ્રી. વાઇસ-ચાન્સેલરને જણાવ્યાથી હવે ડાયરેક્ટર માટે કમિટીની ભલામણ પ્રમાણે ડાયરેક્ટરની નિમણુક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સિલેક્શન કમિટીનો રિપોર્ટ મંજૂર કરવો અને શ્રી. બી. આર. શિનોઈની યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના ડાયરેક્ટર તરીકે નીચેની શરતોએ નિમણૂક કરવી:

૧. તેમને શરૂઆતથી ગ્રેડનો maximum પગાર આપવો અને તે ઉપરાંત રૂ. ૧૦૦-૦-૦ ડાયરેક્ટર તરીકેનું એલાવન્સ તથા યુનિવર્સિટીના નિયમો પ્રમાણેનું મોંઘવારી ભથ્થું અને હાઉસ રેન્ટ એલાવન્સ આપવાં.

૨. તેમની સાથે ૩ વર્ષનું બાઈન્ડીંગ કરવું અને ત્યાર પછી એક ટર્મની mutual નોટિસ આપીને તેઓ છૂટા થઇ શકે કે યુનિવર્સિટી તેમને છૂટા કરી શકે.

૫૨. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ માટે નિમાયેલ ટ્રાયેનિયલ ઈન્સ્પેક્શન કમિટીનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે કામકાજ નં. ૬ માં નિમાયેલી કમિટી તરફ આ રિપોર્ટ મોકલી આપવો.

૫૩. 'એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના બી.એડ. (B.Ed.) ક્લાસમાં ૭૫ વિદ્યાર્થીઓને બદલે ૮૫ વિદ્યાર્થીઓને દાખલ કરવા પરવાનગી આપવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપાલનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓની સંખ્યા વધારીને ૮૫ કરવાનું મંજૂર કરવું.

૫૪. પૂના યુનિવર્સિટીએ "સ્કેલ ઑફ રેમ્યુનરેશન ટુ પેપર સેટર્સ ઍન્ડ એક્ઝામીનર્સ"માં કરેલો ફેરફાર સિન્ડિકેટે તપાસી જોવા તેમજ મજકૂર યુનિવર્સિટીએ "એન્સરબુક" માં કરેલા ફેરફાર તપાસી એ ફેરફારો આપણી યુનિવર્સિટી માટે આવકારદાયક છે કે કેમ તે તપાસવા બાબતનો એલ. ડી. ઍન્જિનિયરીંગ કૉલેજના પ્રિન્સિપાલનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે એન્સર બુકસમાં થતા ફેરફાર કરવામાં આવ્યા છે. અને સ્કેલ ઑફ રેમ્યુનરેશનમાં આ તબકકે કાંઇ પણ ફેરફાર કરવાની સિન્ડિકેટ જરૂર જોતી ન હોઇ એલ. ડી. ઍન્જિનિયરીંગ કૉલેજના પ્રિન્સિપાલની સૂચના સ્વીકારવા નહિ.

૫૫. ગુજરાત કૉલેજ, અમદાવાદના સિનિયર બી એ. ના વિદ્યાર્થી શ્રી. પટેલ આઈ. બી. ની માંદગીના કારણે નિયમ કરતાં ઓછી હાજરી હોવાથી, ખૂટતી હાજરી અંગેનો મજકૂર કૉલેજના પ્રિન્સિપાલનો રિપોર્ટ.

(નોંધ:– વિદ્યાર્થીએ દાક્તરી સર્ટિફીકેટ રજૂ કરેલું છે પ્રિન્સિપાલના પત્રમાં જણાવ્યું છે કે " Shri Patel I.B., Sr. B.A., has kept attendance of 68 days only for the whole year.- His case may be considered on its merits. "

વિદ્યાર્થીની હાજરી નીચે મુજબ છે:–

સત્ર	હાજરી	જોઇતી હાજરી	ખૂટતી હાજરી
પહેલું	૩૫	૬૫	૩૦
બીજું	૩૩	૬૫	૩૨
	૬૮	૧૩૦	૬૨

કુલ હાજરી... ૬૮ જોઇતી કુલ હાજરી...૧૩૦ કુલ ખૂટતી હાજરી .. ૬૨).

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીની ખૂટતી હાજરી માફ કરવી નહિ.

૫૭. સને ૧૯૫૪ના વર્ષના પહેલા છ માસ દરમિયાન લેવાયેલી પરીક્ષાઓ વખતે જે વિદ્યાર્થીઓએ ગેરવ્યાજબી (unfair) ઇલાજો લીધા હોય તેવા કેસો ઉપર વિચાર કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા અંગે સમિતિની નિમણૂક કરવા બાબત.

(નોંધ:- ૧૯૫૩ના છેલ્લા છ માસ દરમિયાન લેવાયેલી પરીક્ષાઓ અંગે નીચે મુજબ સમિતિ નીમવામાં આવી હતી:

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર
૨. પ્રિન્સિપાલ એસ., વી. દેસાઇ
૩. પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોર
૪. શ્રી. બટુભાઈ એચ. દેસાઈ.)

આથી ઠરાવવામાં આવે છે કે નીચે મુજબની સમિતિ નીમવી:

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર,
૨. શ્રી. બટુભાઈ એચ. દેસાઇ,
૩. પ્રિન્સિપાલ ડૉ. આર. પી. પટેલ,
૪. શ્રી. રતિલાલ એમ. ત્રિવેદી.

૫૮. સને ૧૯૫૪ના વર્ષના પહેલા છ માસ દરમિયાન લેવાયેલી પરીક્ષાઓમાં પ્રશ્નપત્રો કાઢનાર, પરીક્ષકો, સિનિયર સુપરવાઇઝરો અને જુનિયર સુપરવાઇઝરો, ફેકટોટમ વગેરે ભૂલો કરે તેમના કેસો તપાસી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે સમિતિની નીમણૂક કરવા બાબત.

(નોંધ:-૧૯૫૩ના છેલ્લા છ માસ દરમિયાન લેવાયેલી પરીક્ષાઓ અંગે નીચે મુજબ સમિતિ નિમવામાં આવી હતી:

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર,
૨. પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ,
૩. પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોર,
૪. શ્રી. બટુભાઇ એચ. દેસાઈ.)

આથી ઠરાવવામાં આવે છે કે નીચે મુજબની સમિમિ નીમવી:

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર.
૨. શ્રી. બટુભાઈ એચ. દેસાઇ,
૩. પ્રિન્સિપાલ ડૉ. આર. પી. પટેલ,
૪. શ્રી. રતિલાલ એમ. ત્રિવેદી

૫૯. માર્ચ-એપ્રિલ ૧૯૫૪ની બી. એસ. સી. ની પરીક્ષામાં માંદગીને કારણે બેસી શકે તેમ ન હોવાથી, ભરેલી ફી રિફંડ કરવા બાબતની શ્રી. યુ. એમ. ભટ્ટની અરજી.

૩-૪-૧૯૫૪

(નોંધ:-ડાક્ટરનું સર્ટિફીકેટ જોતાં વિદ્યાર્થીનો આરામનો સમય તા. ૨૯મી માર્ચે પૂરો થાય છે અને વિદ્યાર્થીની પરીક્ષા તા. ૩૧મીથી શરૂ થાય છે. તેથી આ કેસમાં રિફંડ આપી શકાય કે કેમ ?)

આથી ઠરાવવામાં આવે છે કે આ કેસમાં કાંઈ પણ રિફન્ડ આપવું નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઑર્ડિનાન્સ ૧૩૦માં જણાવેલ "Commencement of Examination" શબ્દનો અર્થ "પરીક્ષા જે દિવસે શરૂ થતી હોય તે દિવસ" એવો કરવો. અમુક વિદ્યાર્થીએ જે દિવસે પોતાનો પહેલો પેપર આપ્યો હોય તે દિવસને આ માટે ગણી શકાય નહિ

૬૦. સામળદાસ કૉલેજ ઍન્ડ સર પી. પી. ઇન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ, ભાવનગર, ના આર્ટ્સ સાઇડના ટ્રાયેનિયલ ઇન્સ્પેકશન માટે નિમાયેલી સમિતિનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે કામકાજ નં. ૬માં નિમાયેલા કમિટી તરફ આ રિપોર્ટ મોકલી આપવો.

૬૧. જ્ઞાતિના વહીવટદાર તરીકે અને પોળના વહીવટદાર તરીકે અવેતન સેવા કરવા દેવા પરવાનગી આપવા બાબતની ઑફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રી. એસ. પી. મેઢની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ઑફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રી. મેઢે માગેલી પરવાનગી આપવી.

૬૨. લાયબ્રેરી કમિટીની નીચે મુજબની ભલામણ:

"સને ૧૯૫૩-૫૪નું રિવાઇઝડ અંદાજ પત્રક તથા સને ૧૯૫૪-૫૫નું અંદાજપત્રક જે ઑફિસ તરફથી તૈયાર કરવામાં આવ્યું હતું તે મંજૂર કરવામાં આવે છે. આ અંદાજપત્રક મંજૂર કરવાની સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે લાયબ્રેરી કમિટીની ભલામણ મંજૂર કરવી. (મંજૂર થયેલા અંદાજપત્રકની નકલ આ સાથે પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૬૩. લાયબ્રેરી કમિટીના નીચે મુજબનો ઠરાવ:

"તા ૧-૭-૫૩ થી તા. ૩૧-૧૨-૫૩ સુધીના છ માસિક આવક-ખર્ચના હિસાબની નોંધ લેવામાં આવે છે. આ હિસાબ સિન્ડિકેટની જાણ માટે મોકલી આપવો."

આથી ઠરાવવામાં આવે છે કે હિસાબ મંજૂર કરવો અને હકીકતરે કરવો. (મંજૂર થયેલો હિસાબ આ સાથે પરિશિષ્ટ "છ" તરીકે આપવામાં આવ્યો છે.)

૬૪. ઇન્ડિયન કેમિકલ સોસાયટી, કલકત્તાને વાર્ષિક ગ્રાન્ટ આપવા બાબતનો મજકૂર સોસાયટીના માનદ મંત્રી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી કાંઇ પણ ગ્રાન્ટ આપી શકે તેમ નથી એવો જવાબ આપવો.

૬૫. ઑફિસના ઉપયોગ માટે વીજળીના સીલીંગ પંખા નંગ ૫૦ અંગેનું મેસર્સ. હુડીસીંગ એન્જિનિયરીંગ કંપની, અમદાવાદનું ટેન્ડર સ્વીકાર્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૬૬. પબ્લિકેશન બૉર્ડની ભલામણો ઉપર સિન્ડિકેટે નીચે મુજબ ઠરાવ્યા પ્રમાણે દરેક ફૅકલ્ટીના ડિન તરફથી આવેલાં સૂચનો.

"ઠરાવઃ-આથી ઠરાવવામાં આવે છે કે——

૧. યુનિવર્સિટી જર્નલ કાઢવું.

૨. જર્નલની એડિટોરિયલ કમિટીઓનાં નામો જુદી જુદી ફૅકલ્ટીઓના ડિન પાસેથી મંગાવવાં અને તે આવેથી સિન્ડિકેટ સમક્ષ પરભાર્યા રજૂ કરવાં."

આ બાબતમાં નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છેઃ

૧. જર્નલના ચાર ક્વાર્ટર્લી ઇશ્યુ કાઢવા.

૨. જર્નલની અંદરના લેખો વગેરે ઇંગ્લીશ, હિંદી અથવા ગુજરાતીમાં હોવા જોઇએ.

૩. નીચે પ્રમાણેનું જનરલ એડિટોરિયલ બૉર્ડ નીમવુંઃ

૧. પ્રિન્સિપાલ ડૉ. એમ. એસ. શાહ,
૨. ડૉ. મોતીભાઈ ડી. પટેલ,
૩. પ્રોફેસર એસ. આર. ભટ્ટ,
૪. પ્રોફેસર વી. આર. ત્રિવેદી.

ફૅકલ્ટીવાર નીચે પ્રમાણેની એડવાઇઝરી કમિટીઓ નીમવીઃ

૧. આર્ટ્સ ફૅકલ્ટીઃ

૧. પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી,
૨. પ્રિન્સિપાલ કે. એલ. દેસાઈ,
૩. પ્રોફેસર કે. એચ. કામદાર.

૨. સાયન્સ ફૅકલ્ટી:

૧. ડૉ. કે. આર. રામનાથન,
૨. પ્રોફેસર જે. ડી. ઓઝા,
૩. પ્રિન્સિપાલ એન. એમ. શાહ.

૩. ટેકનોલૉજી સહિતની ઍન્જિનિયરીંગ ફૅકલ્ટી:

૧. પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર,
૨. પ્રિન્સિપાલ એ. ડિસોઝા,
૩. શ્રી. કે. વી. કાર્ડિલે.

૪. ઍગ્રિકલ્ચર ફૅકલ્ટી:

૧. પ્રિન્સિપાલ એમ. ડી. પટેલ,
૨. શ્રી. એચ. એમ. દેસાઈ,
૩. શ્રી. સી. સી. શાહ.

૫. લૉ ફૅકલ્ટી:

૧. શ્રી. સી. ડી. વ્યાસ,
૨. શ્રી. એન. જી. ખારોડ,
૩. શ્રી. એમ. એસ. પંડિત.

૬. મેડિકલ ફૅકલ્ટી:

૧. પ્રિન્સિપાલ ડૉ. આર. પી. પટેલ,
૨. ડૉ. આર. બી. મહેતા,
૩. ડૉ. મિસ એસ. સી. પંડ્યા.

૭. કૉમર્સ ફૅકલ્ટી:

૧. પ્રિન્સિપાલ એમ. બી. દેસાઇ,
૨. પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ.
૩. પ્રિન્સિપાલ એમ. બી. ત્રિવેદી.

દરેક ઇશ્યુ માટે કયા કયા વિષયોનું એકીકરણ કરવામાં આવે છે તે બાબત મુંબઈ યુનિવર્સિટીને પૂછાવવું.

૬૭. **ઇન્ટર યુનિવર્સિટી સ્પોર્ટ્સ બૉર્ડની બેઠક તા. ૧૦મી એપ્રિલ ૧૯૫૪ના રોજ મળનાર હોવાથી મજકૂર બૉર્ડ ઉપર આ યુનિવર્સિટીના પ્રતિનિધિ નીમવા બાબતનો ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયાના સેક્રેટરીનો પત્ર.**

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર મિટીંગ માટે યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈને મોકલવા નહિ.

૬૮. બી.એ. ની ઉર્દુની પરીક્ષા માટે પ્રાશ્નિક અને પરીક્ષક તરીકે નિમાયેલ શ્રી. એન. એસ. ગોરેકર, પેપર સેટીંગની મિટીંગમાં હાજર રહ્યા ન હતા તેમજ તેમનાં સૂચનો મોકલ્યાં નથી અને તેથી શ્રી. એ. એફ. મોલવીને પ્રશ્નપત્રો તૈયાર કરવાં પડેલાં, આમ હોવાથી મજકૂર પરીક્ષાના જવાબપત્રો શ્રી. ગોરેકરને મોકલવા સંબંધી શ્રી. મોલવી સખ્ત વાંધો દર્શાવતા હોવાથી તે અંગે શું કરવું તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ગોરેકરની પેપર-સેટર અને એકઝામિનર તરીકેની નિમણૂક રદ કરવી અને ડીનને પૂછીને તેમની જગ્યાએ નિમણૂક કરવા શ્રી. વાઈસ-ચાન્સેલરને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પેપર-સેટીંગ માટેનું મહેનતાણું એકલા પ્રોફેસર મોલવીને આપવું.

૬૯. માર્ચ ૧૯૫૪ની બી.એસ.સી. સપ્લિમેન્ટરીની પરીક્ષામાં, માંદગીને કારણે બેસી શકે તેમ ન હોવાથી, ભરેલી ફી રિફન્ડ કરવા બાબતની શ્રી. એસ. જી. વસાવડાની અરજી.

(નોંધ:- વિદ્યાર્થીએ દાક્તરી સર્ટિફીકેટ રજૂ કરેલું છે. અરજી તા. ૨૯-૩-૫૪ના રોજ આવેલ છે અને બી.એસ.સી. ની પરીક્ષા તા. ૨૯-૩-૫૪થી શરૂ થઇ, પરંતુ મજકૂર વિદ્યાર્થીનાં પેપર્સ તા. ૩૦-૩-૫૪ના રોજ શરૂ થતાં હતાં, તેથી અરજી સમયસર આવેલી ગણી રિફન્ડ આપવું કે કેમ?)

આથી ઠરાવવામાં આવે છે કે આ કેસમાં કાંઇ પણ રિફન્ડ આપવું નહિ.

૭૦. માર્ચ ૧૯૫૪ની જુનિયર બી.એસ.સી. ની પરીક્ષામાં માંદગીને કારણે બેસી શકે એમ ન હોવાથી, ભરેલી ફી રિફન્ડ કરવા બાબતની શ્રી. બિપિનચંદ્ર આર. શાહના પિતાશ્રીની અરજી.

(નોંધ:-વિદ્યાર્થીએ દાક્તરી સર્ટિફીકેટ રજૂ કરેલું છે. અરજી તા. ૨૯-૩-૧૯૫૪ના રોજ આવેલ છે અને બી. એસ. સી. ની પરીક્ષા તા. ૨૯-૩-૧૯૫૪થી શરૂ થઈ છે પણ મજકૂર વિદ્યાર્થીના પેપર્સ તા. ૩૦-૩-૧૯૫૪ના રોજ શરૂ થતાં હતાં તેથી અરજી સમયસર આવેલી ગણી રિફન્ડ આપવું કે કેમ?)

આથી ઠરાવવામાં આવે છે કે આ કેસમાં કાંઈ પણ રિફન્ડ આપવું નહિ.

૭૧. એસ. એસ. સી. (એપ્રિ.) ની પરીક્ષા માટે એક વધુ એક્સ્પર્ટ મંજૂર કરવા બાબતના મજકૂર પરીક્ષામાં નિમાયેલા પરીક્ષક શ્રી. બી. વી. મહેતા તરફથી આવેલા પત્ર ઉપરથી તે મંજૂર કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

ઑર્ડિનાન્સ ૧૭૬ (ii) માં ફેરફાર કરવા બાબતનો પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદીનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલ આર્ટ્સ ફૅકલ્ટી તરફ તાકીદે રિપોર્ટ કરવા માટે મોકલી આપવો.

૭૩. ઑર્ડિનાન્સ પ્રમાણે બે માસના પહેલા અઠવાડિયામાં એલ. એલ. એમ. ની પરીક્ષા લેવાય પરંતુ આ સાલ માત્ર બેજ વિદ્યાર્થીઓ હોવાથી મજકૂર પરીક્ષા એમ. એ., એમ. એસ. સી., એલ એલ. બી.ની પરીક્ષાઓ સાથે તા. ૨૧, ૨૨ અને ૨૪મી એપ્રિલે લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ સાલે આ તબકકે એલ. એલ. એમ. ની પરીક્ષાની તારીખોમાં કાંઈ પણ ફેરફાર કરવો નહિ.

૭૪. આર. આર. લાલન ઇન્ટરમિડિયેટ કૉલેજ, ભૂજના નીચેના વિદ્યાર્થીઓની હાજરી તેમનાં નામ સાથે જણાવેલ કારણોસર ખૂટતી હોવાથી, તે અંગે યોગ્ય કરવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપાલનો રિપોર્ટ.

વિદ્યાર્થીનું નામ.	હાજરી. પહેલું સત્ર.	હાજરી. બીજું સત્ર.	કુલ હાજરી.	ખૂટતી હાજરી	કારણ
૧. શ્રી મામાનીઆ કે. એ.	૫૩	૬૫	૧૧૮	૧૨	He was unavoidably absent in the first term on account of domestic reasons and his illness in his village.

(નોંધ:-પ્રિન્સિપાલની આ કેસમાં રિમાર્કસ નીચે મુજબ છે.

"I strongly recommend that his absence may be condoned.")

૨. શ્રી. જોષી પી. એલ.	૬૪	૫૬	૧૨૦	૧૦	He was unavoidably absent on account of his father's death.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બન્ને વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી માફ કરવી.

૭૫. બિરલા વિશ્વકર્મા વલ્લભ વિદ્યાનગરના નીચેના વિદ્યાર્થીઓની હાજરી, તેઓનાં પરિણામો એક માસ મોડાં જાહેર થયાને કારણે, નિયમ કરતાં ઓછી હોવાથી ખૂટતી હાજરી કોન્ડોન કરવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપાલનો પત્ર.

૩-૪-૧૯૫૪

વર્ગ.	વિદ્યાર્થીનું નામ.	ખૂટતી હાજરી.
એસ. ઇ. (સિવિલ)	શ્રી. સત્યમૂર્તિ એસ.	૪
બી. ઇ. (મિકેનીકલ ઍન્ડ ઇલેકટ્રીકલ)	શ્રી. કોલોલગી વી. ડી.	૫

(નોંધ:-આ વિદ્યાર્થીઓનાં પરિણામો તા. ૨૧મી તથા ૨૨મી જુલાઈ ૧૯૫૩ના રોજ એટલે કે લગભગ એક માસ મોડાં બહાર પડતાં કૉલેજ મોડી જોઇન કરતાં પહેલા સત્રમાં હાજરી ખૂટે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બન્ને વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી માફ કરવી.

૭૬. ફાઇનલ એમ. બી., બી. એસ. ની વર્ષના પહેલા છ માસ દરમિયાન લેવાતી પરીક્ષામાં જે વિદ્યાર્થી પ્રથમ આવે તેને રૂા. ૧૦૦-૦-૦નું ઇનામ આપવા માટે તેમજ ફાઇનલ બી. ઇ. (સિવિલ) ની વર્ષના પહેલા છ માસ દરમિયાન લેવાતી પરીક્ષામાં " સ્ટ્રકચરલ ડિઝાઇન ઍન્ડ ડ્રોઇંગ " ના વિષયમાં સૌથી વધુ માર્કસ લાવે તે વિદ્યાર્થીને રૂા. ૧૦૦-૦-૦ નું ઇનામ આપવા માટે રૂા. ૫૫૦૦-૦-૦ની સંભાવત આપવા બાબતનો શ્રી. એ. વી. શાહ તરફથી આવેલો પત્ર.

(નોંધ:-રૂા. ૫૫૦૦-૦-૦ ઉપરાંત બીજા રૂા. ૭૦૦-૦-૦ ગઇ કાલે મજકૂર સંભાવત માટે આપેલા છે. આ વર્ષની પરીક્ષાનાં ઇનામો આપવા માટે રૂા. ૨૦૦ આ ઉપરાંત આપેલા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૭૭. ઉચ્ચ કેળવણીના વિકાસ માટે તેમજ નોન-સાયન્ટીફિક અને નોન-ટેકનીકલ વિષયોમાં સંશોધન માટે યુનિવર્સિટીઓને અને ઉચ્ચ કેળવણીની સંસ્થાઓને આર્થિક મદદ આપવાની વિચારણા હિંદ સરકાર સમક્ષ હોવાથી, મજકૂર પ્રશ્ન અંગે યુનિવર્સિટીએ આ અંગે યોજના મોકલવા બાબતના મુંબઇ સરકારના ડાયરેક્ટર આફ્ એજયુકેશનના પત્ર અંગે સિન્ડિકેટે **Economic Survey of Gujarat** ની સ્કીમ તૈયાર કરવા માટે નીમેલા પ્રિન્સિપાલ એમ. બી. દેસાઇ તરફથી આવેલી યોજના.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૭૮. બિલ્ડીંગ કમિટીની તા. ૨-૪-૧૯૫૪ના રોજ મળેલી બેઠકની નોંધને બહાલી આપવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે બિલ્ડીંગ કમિટીના કામકાજની નોંધ મંજૂર કરવી.

(કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ " જ " તરીકે આપવામાં આવી છે.)

૬૯ બી. એ., બી. એસ. સી., એમ. એ. એમ. એસ. સી. અને એન્જિનિયરીંગની પરીક્ષા માટે નિમાયેલા જુદા જુદા સિનિયર સુપરવાઇઝરોએ સૂચવેલા માણસોને કેટલું મહેનતાણું આપવું તે નક્કી કરવા બાબત.

(નોંધ:– સિન્ડિકેટે તેની ઑગસ્ટ ૧૯૫૩ની સભામાં ઠરાવ્યું છે કે આઠ દિવસ કરતાં પરીક્ષા વધારે દિવસ માટે ચાલતી હોય તો તેને બે ભાગમાં વહેંચી નાખવી. તેમ છતાં ફેકટોટમના મહેનતાણાની વહેંચણી કેવી રીતે કરવી તે અંગે કાંઈ ઉલ્લેખ નથી અને દરેક જૂથના ફેકટોટમને મિનિમમ રેમ્યુનરેશન આપવું કે કેમ તે નક્કી કરવાની જરૂર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલનો નિકાલ કરવા શ્રી. વાઇસ–ચાન્સેલરને સત્તા આપવી.

૮૦. પ્રેસ સુપરવાઇઝરોની નિમણૂકો અંગે સૂચનો દર્શાવતો પ્રિન્સિપાલ એ' ડિસોઝાનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રેસ સુપર-વાઇઝર તરીકે કૉલેજના ક્લેરિકલ સ્ટાફના કોઇ પણ માણસને નીમવો નહિ અને એ ધોરણે હવે પછીથી અખત્યાર કરવું.

૮૧. ટોપીવાળા નેશનલ કૉલેજ, બૉમ્બે, થી બી. જે મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ટ્રાન્સફર થયેલા શ્રી. એસ. એમ. જોષી અને શ્રી. ડી. એન છત્રપતિનાં મુંબઈ યુનિવર્સિટીનાં સત્રો જો આ યુનિવર્સિટીની કૉલેજમાંથી ટ્રાન્સફર થયેલા વિદ્યાર્થીઓનાં સત્રો મુંબઇ યુનિ. વર્સિટી માન્ય કરે તો જ માન્ય રાખવાં એમ સિન્ડિકેટે ઠરાવ્યાથી મુંબઇ યુનિવર્સિટીને પુછાવતાં તેઓ તરફથી નીચે પ્રમાણેનો જવાબ આવ્યો છે તે ઉપર વિચારણા કરવા બાબત.

"I write to inform you by direction of the Syndicate, that the Syndicate regret their inability to recognize the terms kept by the students in the Gujarat University after June, 1953."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીઓએ મુંબઈ યુનિવર્સિટીમાં રાખેલાં સત્રો મંજૂર કરવાં નહિ.

૮૨. ફાઇનાન્સ કમિટીની તા. ૩-૪-૧૯૫૪ની સભાની નીચેની ભલામણો.

૧. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે એકસ્ટ્રા–મ્યુરલ બૉર્ડે ઠરાવ્યા પ્રમાણે એક એપિડાયેસ્કોપ તેનાં સાધનો સાથે કુલ્લે રૂા. ૨૯૯૦-૦-૦ મુંબઇ ડિલીવરી હિસાબે પેકીંગ, વીમો, સેલ્સટેકસ વિગેરે અલગ મેસર્સ ધી સાયન્ટીફિક ઈન્સ્ટ્રુમેન્ટ કું. લિમિટેડ, મુંબઈ પાસેથી પ્રોફેસર વાય. જી. નાયકની ભલામણ અનુસાર ખરીદવું:.

૨. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે નીચેનું ફર્નિચર નીચેના વેપારીઓ પાસેથી જણાવેલા ભાવે ખરીદવું:

વિગત.			હાલના વેપારીનું નામ.		હાલના દીઠ કિંમત યુનિવર્સિટી ડિલિવરી.	નોંધ:-
લાકડાના ઘોડા	નંગ	૯	કાંતિલાલ પી. મીસ્ત્રી	રૂા.	૩૮-૦-૦	સૌથી ઓછા
મોટી ટિપોઈ	નંગ	૪	અમરીશ ફર્નિચર માર્ટ	,,	૧૮-૮-૦	સૌથી ઓછા
નાની ટિપોઈ	નંગ	૨	અમરીશ ફર્નિચર માર્ટ	,,	૧૬-૮-૦	સૌથી ઓછા
ટેબલ ફેન માટેની ટિપોઇ	નંગ	૧૩	અમરીશ ફર્નિચર માર્ટ	,,	૧૩-૩-૦	સૌથી ઓછા
ટેબલ ઉપર મૂકવાની બારકેટ	નંગ	૨૪	ન્યુ ફર્નિચર માર્ટ	,,	૫-૦-૦	સૌથી ઓછા
વલસાડી લાકડાના બાંકડા	નંગ	૧૦	કીર્તિચંદ્ર મગનલાલ કોન્ટ્રાકટર વડોદરા.	,,	૪૦-૦-૦	બંને પાસેથી એક એક સેમ્પલ તેમના
			કાંતિલાલ પી. મીસ્ત્રી	,,	૮૧-૦-૦	ખર્ચે મંગાવી જેનો નમુનો મંજૂર થાય તેને ઓર્ડર મૂકવો.
કી બૉર્ડ	નંગ	૧	ન્યુ ફર્નિચર માર્ટ	,,	૨૫-૦-૦	સૌથી ઓછા
ઢળતું ટેબલ	નંગ	૧	ભારતી ફર્નિચર માર્ટ, અમદાવાદ.	,,	૬૦-૦-૦	સૌથી ઓછા
ટેબલ	નંગ	૧	ન્યુ ફર્નિચર માર્ટ	,,	૨૫૦-૦-૦	સૌથી ઓછા

લાયબ્રેરી ડિપાર્ટમેન્ટ

ટાઇપિસ્ટ ટેબલ	નંગ	૧	ન્યુ ફર્નિચર માર્ટ	,,	૧૧૫-૦-૦	આ જાતનાં ટેબલો અગાઉ તેમના પાસેથી ખરીદેલાં અને સારાં હતાં તેથી.
ઇઝી ચેર	નંગ	૨	ન્યુ ફર્નિચર માર્ટ	,,	૪૫-૦-૦	સૌથી ઓછા
પટાવાળા માટેનાં સ્ટુલ	નંગ	૪	ન્યુ ફર્નિચર માર્ટ	,,	૧૨-૦-૦	સૌથી ઓછા
કાર્ડ ઇન્ડેકસ કેબિનેટ સ્ટેન્ડ મોટી સાઈઝ.	નંગ	૨	કીર્તિચંદ્ર મગનલાલ કોન્ટ્રાકટર, વડોદરા.	,,	૩૦-૦-૦	સૌથી ઓછા
કાર્ડ ઇન્ડેકસ કેબિનેટ સ્ટેન્ડ નાની સાઈઝ.	નંગ	૧	ન્યુ ફર્નિચર માર્ટ	,,	૧૮-૦-૦	સૌથી ઓછા
પુસ્તકોનાં ડબ્બા	નંગ	૫૦૦	ન્યુ ફર્નિચર માર્ટ	,,	૦-૮-૦	સૌથી ઓછા
સ્ટીલના ઘોડા ૬'.૩"x૧૨'x૧½'	નંગ	૬	સ્ટીલ એઇજ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ	,,	૧૭૩-૦-૦	સૌથી ઓછા
સ્ટીલના ઘોડા ૬'.૩" ૯'.૩"	નંગ	૬	સ્ટીલ એઇજ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ	,,	૨૫૯-૦-૦	સૌથી ઓછા

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ કમિટીની બંને ભલામણો મંજૂર કરવી.

૮૩. યુનિવર્સિટી બિલ્ડીંગની લાયબ્રેરી વિન્ગ બાંધવાનો કોન્ટ્રેક્ટ આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની જે બે વિન્ગ બંધાઇ છે તેજ ભાવે લાયબ્રેરી વિન્ગ બાંધવાનો કોન્ટ્રેકટ મેસર્સ ગેનન ડંકર્લી ઍન્ડ કંપનીને નીચેના કારણોસર આપવો.

૧. એકજ કોન્ટ્રાકટરના હાથે બધી વિન્ગો બંધાય તો કામનું એકસરખુ ધોરણ જળવાય જે ઇચ્છવા જોગ છે.

૨. સિમેન્ટ અને સ્ટીલના હાલમાં ભાવ વધ્યા છે છતાં અસલનાજ ભાવે (જે ભાવ ટેન્ડર મંગાવી હરિફાઇથી નક્કી કરવામાં આવ્યા હતા) કોન્ટ્રાકટર કામ કરવા તૈયાર છે તે યુનિવર્સિટીને લાભકર્તા છે.

૮૪. યુનિવર્સિટીનું અનુસ્નાતક શિક્ષણ કોઓર્ડિનેટ કરવા બાબત નિમાયેલી કમિટીની નીચે મુજબની ભલામણો.

૧. કમિટી ઉપર મેડિકલ સભ્યને નિમવા બાબત

૨. કમિટીને રિપોર્ટ કરવા માટે જૂન માસ સુધી મુદત આપવા બાબત.
આથી ઠરાવવામાં આવે છે કે:

૧. ડૉ. મોતીભાઇ ડી. પટેલને વધારાના સભ્ય તરીકે નીમવા.

૨. કમિટીને જૂન માસથી સિન્ડિકેટની મિટીંગ સમક્ષ રજૂ કરી શકાય તેવી રીતે પોતાનો રિપોર્ટ તૈયાર કરી રજૂ કરવા જણાવવું.

ત્યારબાદ સભાનું કામકાજ પુરૂં થયું હતું.

નં સિં. ૧૯૨૧૬-૩૧ -૧૯૫૪
અમદાવાદ.
તા. ૧૫-૪-૧૯૫૪.

ભદ્રિકલાલ અંબાલાલ પટેલ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"

કામકાજ નં. ૨

યુનિવર્સિટીની પરીક્ષાના પરિણામો તૈયાર કરવા માટેની પદ્ધતિ બાબત વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી કમિટીની બેઠક તા. ૧-૩-૧૯૫૪ના રોજ સાંજના ૫-૦૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં મળી હતી જે વખતે હાજરી નીચે પ્રમાણે હતી.

૧. શ્રી. હરસિદ્ધભાઈ વ. દ્વિવેટિયા હાજર,
વાઇસ-ચાન્સેલર,
૨. પ્રિન્સિપાલ ડૉ. કે. જી. નાયક હાજર,
૩. પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી હાજર,
૪. શ્રી. ખટુભાઈ એચ. દેસાઇ હાજર.

૧. ૧૯૫૪ અને તે પછીની પરીક્ષાઓનાં પરિણામ તૈયાર કરવા અંગે શી પદ્ધતિ અખત્યાર કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષાનાં પરિણામો બનાવતી વખતે રજિસ્ટ્રાર અને આસિસ્ટન્ટ રજિસ્ટ્રારે વારાફરતી હાજર રહી તેમની જાતી દેખરેખ નીચે તે અંગેનું કામકાજ કરાવવું.

૨. સિન્ડિકેટે પ્રિન્સિપાલ જુન્નારકરની એક સૂચના અનુસાર પરિક્ષકોની ફાઇનલ મિટીંગમાં જે વિદ્યાર્થીઓ ૧, ૨ કે ૩ માર્કે એક અથવા વધારે વિષયમાં નપાસ થતા હોય અથવા જેમનું કોઇ વિષયમાં એકઝમ્પશન ૧, ૨, કે ૩ માર્કથી રહી જતું હોય તો તેવા કેસોની વિચારણા કરવા માટે ઑક્ટોબર ૧૯૫૩ પુરતું Experiment તરીકે કરવા ઠરાવ્યું હતું. હવે તે પ્રમાણે કરવું કે કેમ ?

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત વિચારણા કરવા કમિટીની મિટીંગ તા. ૬-૩-૧૯૫૪ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે રાખવી.

૩. પરીક્ષા અંગેનું યુનિવર્સિટીના સ્ટાફને મહેનતાણા આપવા બાબત વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષાના કામકાજ અંગે યુનિવર્સિટીના સ્ટાફને અને અધિકારીઓને કેટલું એલાવન્સ અપાય છે અને તે કયા ધોરણે અપાય છે, તે માટે પુના, મુંબઇ, કર્ણાટક, વડોદરા, કલકત્તા અને મદ્રાસ યુનિવર્સિટીઓને પુછાવવું.

૪. Conduct of Examinations અંગેના કેટલાંક સૂચનો દર્શાવતો પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદીના સિન્ડિકેટે રિપોર્ટ કરવા માટે મોકલેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે સિનિયર અને જુનિયર સુપરવાઇઝરોને નીચેના દરે મહેનતાણું આપવા સિન્ડિકેટને ભલામણ કરવી:

૩-૪-૧૯૫૪

સિનિયર સુપરવાઇઝરને આખા દિવસના રૂા. ૨૫-૦-૦ લેખે. } અડધા દિવસ માટે
જુનિયર સુપરવાઇઝરને આખા દિવસના રૂા. ૧૦-૦-૦ લેખે } આથી અડધું આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટને ભલામણ કરવી કે:-

૧. એકજ સેન્ટરમાં પરીક્ષા અને તેટલા ઓછા સ્થળોએ લેવાય તે જોવું.

૨. પ્રેસ સુપરવાઇઝરને ફકત અર્ધા દિવસ માટે નીમવા અને તેને અર્ધા દિવસનું મહેનતાણું રૂા. ૫-૦-૦ આપવું.

૩. કોઇ પણ વ્યકિતની સિનિયર સુપરવાઇઝર તરીકે નિમણુંક છ દિવસ કરતાં વધુ વખત માટે કરવી નહિ.

૪. ફેકટોટમને હાલ જે દરે મહેનતાણું આપવામાં આવે છે તેમાં કશો ફેરફાર કરવો નહિ.

૫. પરીક્ષાના પ્રશ્નપત્રો છાપવામાં આવે તેમાં તે મુદ્રણની ભૂલ માલૂમ પડે તો તે માટે સિનિયર સુપરવાઇઝર અથવા જે પ્રુફ તપાસનાર હોય તેના મહેનતાણામાંથી દરેક ભૂલ દીઠ રૂા. ૧-૦-૦ કાપી લેવો.

ત્યારબાદ પરીક્ષકો અને પ્રશ્નપત્રો કાઢનારાઓની જુદા જુદા પ્રકારની જે જે ભૂલો થાય છે તે અંગે નીચેના ધોરણે મહેનતાણામાંથી કાપ મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું:

Amount to be deducted:	Nature of the mistake or omission:
Rs. 15/-	For each failure to assess an answer or part of an answer.
Rs. 15/- (*should not be appointed in future)	For each question outside the prescribed syllabus. (Such a paper setter*)
Rs. 15/-	If any examiner fails to send in his marks within the prescribed limit of time, for each day by which he exceeds the time, unless an explanation is given which satisfies the Syndicate.
Rs. 10/-	For each discrepancy between the marks entered in the answer book and those entered in the mark list.
Rs. 5/-	For each mistake in totalling marks.
Rs. 5/-(*be reported to the Syndicate for considering whether he should not be continued next time.)	For each ambiguous question. (Such cases should*)

ત્યારબાદ બેઠક પૂરી થઇ હતી.

B. A. Patel
રજીસ્ટ્રાર

પરિશિષ્ટ "અ"

કામકાજ નં. ૨૧

ગુજરાત યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની બારમી સભા જે તા. ૨૨-૨-૧૯૫૪ને સોમવારના રોજ કોરમના અભાવે મુલતવી રહી હતી તે શનિવાર તા. ૬-૩-૫૪ના રોજ સવારના ૧૧-૧૫ કલાકે ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં નીચેનાં કામો ઉપર વિચારણા કરવા મળી હતી અને તેમાં નીચેના સભ્યો હાજર હતા:

૧.	પ્રિન્સિપાલ એમ. એસ. શાહ	ચેરમેન	હાજર,
૨.	પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી		હાજર,
૩.	પ્રિન્સિપાલ એ. મેનેજીઝ		ગેરહાજર,
૪.	પ્રિન્સિપાલ જી. આર. કોટવાલ		ગેરહાજર,
૫.	શ્રી. છગનભાઇ પી. પટેલ		હાજર,
૬.	શ્રી. મણીભાઇ એન. નાયક		હાજર,
૭.	શ્રી. બી. કે. નાયક		ગેરહાજર,
૮.	શ્રી. આર. જી. પટેલ		ગેરહાજર.

ડૉ. આર. એમ. વૈદ્ય માનદ્ મંત્રી હાજર હતા.

૧. તા. ૧૮-૧૧-૧૯૫૩ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની અગિયારમી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની અગિયારમી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી હતી અને તે ઉપર શ્રી. ચેરમેને સહી કરી હતી.

(2) If, on the exclusion of a candidate or candidates, the number of the then continuing candidates is equal to the number of vacancies

unfilled, the continuing candidates shall thereon be elected, and no further transfer of votes shall be made.

S. 165. H. The order of priority of election of elected members shall be the order in which they are severally elected. If, at the end of any count, two or more candidates are elected, the order of priority shall be according to the number of votes credited to such candidates beginning with the greatest.

S. 165. I. (1) Whenever any transfer is made, each sub-parcel of papers trnsferred shall be placed on the top of the parcel, if any, of papers of the candidates to whom the transfer is made and that candidate shall be credited with a number of votes equal to the number of papers transferred to him.

(2) Non-transferrable papers (except such as in the transfer of a surplus may be required for the quota of the elected candidate) shall be set aside as a separate parcel together with any parcel of non-transferrable papers already set aside.

(3) On the transfer of the surplus of an elected candidate, all papers not transferred to continuing candidates and not set aside as provided in the preceding paragraph shall be placed together in one parcel as the quota of the elected candidate and the parcel shall be marked with the name of the elected candidate.

પરિશિષ્ટ "ખ"

કામકાજ નં. ૮૨

AUDIT REPORT:

We, the Members of the Board of Accounts, have carried out the test-check of the accounts of the University for the accounting year closing on 30th June 1953. The work between us was divided as under :—

Shri S. M. Shah	(i)	Petty Cash Register,
	(ii)	Building Accounts,
	(iii)	Advance Register, Dead Stock Register and other Miscellaneous Registers.
Shri C. R Lakhia	(i)	General Fund Cash Book.
Shri J. J. Gandhi	(i)	T. A. Advance Register,
	(ii)	Endowment Fund Account,
	(iii)	Library Account.

We report as follows :—

The accounts of the University are maintained on cash basis, recording only the cash receipts and cash disbursements. No adjustments and provisions in the books, at the close of the year, are made for unexpired expenses, prepaid expenses, outstanding liabilities, depreciation. etc. There is no General (Main) Ledger in which the accounts of the assets and liabilities and nominal accounts are kept. The final accounts of the University, as published, are shown in the form of Receipts and Payments of General Fund Account, Library Account, Building Account, Provident Fund Account, and Abstracts of Endowment Accounts. This can hardly be considered as satisfactory as no Income and Expenditure Account and Balance Sheet are prepared which would disclose the surplus or deficit and the true financial state of affairs of the University at the close of the accounting year. The accounts of the University are kept and final accounts are prepared, as has been explained to us by the accountant, on the lines of other sister universities in the Bombay State, mainly to satisfy the Government requirements for grant purposes. This overlooks the fundamental fact that there are other university authorities which are interested in the accounts and the financial position of the University besides the Government. We, therefore, are of opinion that a Committee should be appointed to study and discuss the systems of accounting followed by other Universities and suggest the adoption

of a system which would serve to give complete information with regard to the financial state of affairs of the University to all concerned.

It appears that the system of internal audit by professional Chartered Accountants adopted by other Universities in the State is not adopted by this University. In our opinion, it is essential to introduce an independent and continuous internal check by qualified auditors as early as possible. The Government audit, which is done once in a year, cannot be considered as complete and exhaustive as only a random check of a few months' accounts is done by the Government auditors. The Members of the Board of Accounts, also, are expected to do the general supervision of the accounts without going into the details and technicalities thereof. Hence continuous periodical and detailed checking of the accounts should be entrusted to the independent auditors.

The accounts, on the whole, are well maintained.

1-6-'54.

1. Sd./- S. M. Shah.
2. Sd./- C. R. Lakhia.
3. Sd./- Jethalal J. Gandhi.

Members of the Board of Accounts.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની એક તાકીદની ખાસ સભા, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, શનિવાર તા. ૨૬-૬-૧૯૫૪ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે મળેલી જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. હરસિદ્ધભાઈ વ. દિવેટિયા, વાઈસ-ચાન્સેલર	હાજર,
૨. ધી ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર,
૩. રૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર,
૪. શ્રી. બદુભાઈ એચ. દેસાઈ	હાજર,
૫. ડૉ. ભાસ્કર આર. પટેલ	ગેરહાજર,
૬. શ્રી. ભાઈલાલભાઈ ડી. પટેલ	હાજર,
૭. શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	હાજર,
૮. શ્રી. [illegible] કે. મુનશી	ગેરહાજર,
૯. શ્રી. [illegible] મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર,
૧૦. શ્રી. રતિલાલ એમ. ત્રિવેદી	હાજર,
૧૧. શ્રી. નવનીતલાલ એસ. શોધન	ગેરહાજર,
૧૨. રૉ. કે. જી. નાયક	હાજર,
૧૩. પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી	હાજર,
૧૪. પ્રિન્સિપાલ રૉ. આર. પી. પટેલ	હાજર,
૧૫. પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર	હાજર,
૧૬. શ્રી. બી. આર. શેનોય	હાજર.

૧. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ અને યુનિવર્સિટી સ્કૂલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ અને લિટરેચર અંગે મુંબઈ સરકારના કેળવણી ખાતાના આસિસ્ટન્ટ સેક્રેટરી તરફથી આવેલો પત્ર :

મુંબઈ સરકારના પત્ર ઉપર વિચારણા કર્યા બાદ આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં વિચારણા કરી શાં પગલાં લેવાં તે બાબત સિન્ડિકેટની તા. ૩જી જુલાઈ ૧૯૫૪ના રોજ મળનારી બેઠકમાં રિપોર્ટ કરવા માટે નીચેના સભ્યોની એક સમિતિ નીમવી :

૧. શ્રી. વાઈસ-ચાન્સેલર
૨. શ્રી. રૉ. કે. જી. નાયક
૩. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ
૪. પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર
૫. શ્રી. બી. આર. શેનોય

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

જે. એમ. મહેતા
ઑડિટિંગ રજિસ્ટ્રાર

નં. સિં. ૩૬૦૭૪-૮૯-૧૯૫૪
અમદાવાદ-૯, તા. ૨-૭-૧૯૫૪

બાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સત્તાવીસમી સામાન્ય સભા, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, શનિવાર તા. ૩-૭-૧૯૫૪ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળી હતી અને રવિવાર તા. ૪-૭-૧૯૫૪ ના રોજ પણ તે જ સમયે ચાલુ રહી હતી, જે વખતે સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી:

	તા. ૩-૭-૧૯૫૪	તા. ૪-૭-૧૯૫૪
૧. શ્રી. હરસિદ્ધભાઈ વ. દિવેટિયા, વાઇસ-ચાન્સેલર	હાજર,	હાજર,
૨. શ્રી. એસ. એસ. ભાંડારકર, ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન, મુંબઈ	ગેરહાજર,	ગેરહાજર,
૩. રો. મોતીભાઈ ડી. પટેલ	હાજર,	હાજર,
૪. શ્રી. બદુભાઈ એચ. દેસાઈ	હાજર,	હાજર,
૫. રો. ભાસ્કર આર. પટેલ	હાજર,	ગેરહાજર
૬. શ્રી. ભાઈલાલભાઈ ડી. પટેલ	હાજર,	હાજર,
૭. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર,	હાજર,
૮. શ્રી. બી. કે. મુઝૂમદાર	ગેરહાજર,	ગેરહાજર,
૯. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર,	હાજર,
૧૦. શ્રી. રતિલાલ એમ. ત્રિવેદી	હાજર,	હાજર,
૧૧. શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર,	ગેરહાજર,
૧૨. પ્રિન્સિપાલ રો. કે. જી. નાયક	હાજર,	ગેરહાજર,
૧૩. પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી	ગેરહાજર,	ગેરહાજર,
૧૪. પ્રિન્સિપાલ રો. આર. પી. પટેલ	હાજર,	હાજર,
૧૫. પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર	હાજર,	ગેરહાજર,
૧૬. શ્રી. બી. આર. શેનોય	હાજર.	હાજર.

૧. તા ૧૬-૬-૧૯૫૪ના રોજ મળેલી સિન્ડિકેટની ખાસ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત:

કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. તા. ૨૪-૬-૧૯૫૪ના રોજ મળેલી સિન્ડિકેટની તાકીદની ખાસ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત:

કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૩. લેકચરર ઇન સ્ટેટિસ્ટિકસ અને લેકચરર ઇન સોશિયોલોજી માટે બોલાવેલા ઉમેદવારોના ઇન્ટરવ્યુ લઈ નિમણૂકો કરવા બાબત.

લેકચરર ઇન સ્ટેટિસ્ટિકસ તથા લેકચરર ઇન સોશિયોલોજીની જગ્યાઓ માટે બોલાવેલા ઉમેદવારોના ઇન્ટરવ્યુ લેવામાં આવ્યા અને તેમાં નીચેના ક્રમ અનુસાર પસંદગી કરવામાં આવી:

ઇકચરર ઇન સ્ટેટિસ્ટીકસ

૧. શ્રી. ભાર્ગવ ત્રિલોકનાથ
નં. ૧ ન આવે તો
૨. શ્રી. નારાયણ પ્રેમ
નં. ૨ ન આવે તો
૩. શ્રી. શાહ એસ. એમ

લેકચરર ઇન સોશિયોલોજીની જગ્યા માટે બોલાવવામાં આવેલા ઉમેદવારોમાંથી કોઈ પણ ઉમેદવાર યોગ્ય માલૂમ પડયા નહિ તેથી આ જગ્યા માટે પસંદગી કરવામાં આવી નહિ. આસિસ્ટન્ટ લાયબ્રેરિયનની જગ્યા માટેના નીચેના બે ઉમેદવારો તેમને આસિસ્ટન્ટ લાયબ્રેરિયનની જગ્યાના ઇન્ટરવ્યુ આજે લેવાના હતા તે રદ કરવામાં આવ્યા છે તે બાબતના પત્રો નહિ મળવાને કારણે ઇન્ટરવ્યુ માટે આવ્યા હતા તેમના પણ ઇન્ટરવ્યુ લઈ લેવામાં આવ્યા:

૧. શ્રી. કુલકર્ણી એચ. એમ.
૨. શ્રી. રામચંદ્ર એચ. આર.

આ તબકકે કામકાજ નં. ૧૦૯ની વિચારણા પ્રથમ હાથ ઉપર લેવામાં આવી.

૧૦૯. યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટસ બોલવા અંગે મુંબઈ સરકારના ૧૬મી જૂનના પત્ર અંગે સિન્ડિકેટે નીમેલી કમિટીએ તૈયાર કરેલા ડ્રાફટ જવાબ ઉપર વિચારણા કરવા બાબત :

સિન્ડિકેટે નકકી કર્યા પ્રમાણેનો કાગળ કેળવણી ખાતાને મોકલવા ઠરાવ થયો હતો.

૪. યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ અંગેના ડ્રાફટ સ્ટેટયુટસ ઘડવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫. ઉચ્ચ કેળવણીના વિકાસ માટે તેમજ નોન-સાયન્ટિફીક અને નોન-ટેકનીકલ વિષયોમાં સંશોધન માટે યુનિવર્સિટીઓને અને ઉચ્ચ કેળવણીની સંસ્થાઓને આર્થિક મદદ આપવાની વિચારણા હિંદ સરકાર સમક્ષ હોવાથી મજકૂર પ્રશ્ન અંગે યુનિવર્સિટીએ આ અંગે યોજના મોકલવા બાબતના મુંબઈ સરકારના ડાયરેકટર ઓફ એજયુકેશનના પત્ર અંગે સિન્ડિકેટે "Economic Survey of Gujarat"ની સ્કીમ તૈયાર કરવા માટે નીમેલા પ્રિન્સિપાલ એમ. બી. દેસાઈ તરફથી આવેલી યોજના તથા સિન્ડિકેટે શ્રી. આર. સી.

પરીખની " A Draft Scheme for Linguistic Survey (Language & Dialect) of Gujarat " યોજના મુંબઈ સરકારને મોકલવાનું ઠરાવ્યું હતું તે મોકલ્યા બાદ મુંબઈ સરકાર તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે મુંબઈ સરકારનો કાગળ દફ્તરે કરવો.

૬. ઑર્ડિનાન્સ ૧૨૯ સેનેટે સિન્ડિકેટને રિફર બેક કર્યો છે તે અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે નીચેના સભ્યોની કમિટી નીમવી :

૧. શ્રી. અટુભાઈ ગોચ. દેસાઈ

૨. ડૉ. એમ. ડી. પટેલ

૩. પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી

૪. શ્રી. રતિલાલ એમ. ત્રિવેદી

૭. પબ્લિકેશન બોર્ડની ભલામણ સિન્ડિકેટે સ્વીકાર્યા મુજબ પુસ્તકોનાં ભાષાંતર કરાવવા અંગે ભાષાંતરકારોને આપવાનું મહેનતાણું, કૉપી રાઈટ, સમય મર્યાદા, વગેરે નક્કી કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૮. જે સ્ટેટયુટરી કમિટીઓ હોય તેમાં ત્રણ લાગલાગટ મિટીંગોમાં હાજરી ન આપે અને બીજી કમિટીઓમાં લાગલાગટ બે મિટીંગોમાં હાજરી ન આપે તે સભાસદ તે કમિટીના સભાસદ મટી જાય તે જાતની જોગવાઈ ઑર્ડિનાન્સમાં કરવા અંગેના સિન્ડિકેટના ઠરાવ અનુસાર રજિસ્ટ્રારે રજૂ કરેલા ઑર્ડિનાન્સનો ખરડો મંજૂર કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૯. સેનેટની તા : ૨૬-૪-૫૪ ના રોજ મળેલી રેક્વિઝિશન મિટીંગમાં નીચે મુજબનો ઠરાવ પસાર થયેલ છે તે અંગે આગળનાં ઘટતાં પગલાં લેવા બાબત :

ઠરાવ :

" જૂન ૧૯૫૭ થી યુનિવર્સિટીની બધી વિદ્યાશાખાઓમાં શિક્ષણ અને પરીક્ષણનું અંગ્રેજી માધ્યમ કૉલેજ અભ્યાસના ત્રીજા વર્ષથી અને આગળ બદલવાને અંગે, ક્રમિક રીતે આગળ જવું તેને માટે જરૂરી સ્ટેટયુટ સિન્ડિકેટે તૈયાર કરવા અને મોડામાં મોડું સેનેટની ૧૯૫૫માં મળનારી પહેલી સભામાં તે કામ રજૂ કરવું."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત માધ્યમ માટે નિમાયેલી કમિટી તરફ રિપોર્ટ માટે મોકલી આપવી.

૧૦. યુનિવર્સિટી જર્નલના દરેક અંકમાં માટે કયા કયા વિષયોનું એકીકરણ કરવામાં આવે છે તે સિન્ડિકેટના ઠરાવ અનુસાર મુંબઈ યુનિવર્સિટીને પુછાવતાં તેમ જ જર્નલ અંગેની માહિતી પૂછાવતાં તેમના તરફથી આવેલો જવાબ.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૧૧. ઠરમાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડાને બી. એ. ના અભ્યાસક્રમ માટે જોડાણનું એક્સ્ટેન્શન આપવા અંગે સેનેટે કરેલી ભલામણોમાં જણાવેલી શરતો અંગે ફરી વિચારણા કરવા અંગેનો મજકૂર વિદ્યાલયના પ્રિન્સિપાલ તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં હવે કાંઈ કરવાની જરૂર રહેતી નથી.

૧૨. બિલ્ડિંગ કમિટીની તા. ૨૫-૪-૧૯૫૪ ના રોજ મળેલી બેઠકના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બિલ્ડિંગ કમિટીની તા. ૨૫-૪-૧૯૫૪ના રોજ મળેલી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવી. (કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે આપવામાં આવી છે.)

૧૩. હૉસ્ટેલ નિરીક્ષણ અંગે નિમાયેલી સમિતિની નીચે મુજબની ભલામણો. :

"અ. હૉસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને રસ્તો, સારો તેમજ પુષ્ટિકારક ખોરાક મળે એ ખાતર યુનિવર્સિટી તરફથી એક આહારશાસ્ત્રના જાણકાર (Trained Dietitian)ની નિમણૂક થવી જોઈએ, જે દરેક હૉસ્ટેલની મુલાકાત લે અને આ બાબતમાં યોગ્ય દોરવણી આપે.

બ. બની શકે ત્યાં સુધી દરેક હૉસ્ટેલમાં એક રૂમ દીઠ એક જ વિદ્યાર્થીને રાખવો જોઈએ અને જ્યાં આ શકય ન હોય ત્યાં બે વિદ્યાર્થી રાખવાની પરવાનગી આપવી પરંતુ બેથી વધારે વિદ્યાર્થી રાખવાની પરવાનગી ન જ આપવી જોઈએ. વળી સિનિયર વિદ્યાર્થીઓ માટે તો એક રૂમ દીઠ એક જ વિદ્યાર્થી રહી શકે એવો નિયમ હોવો જોઈએ.

ક. ન્હાવાની ઓરડીઓ, પિશાબખાના તથા જાજરૂ મુખ્ય મકાન સાથે જોડાયલાં હોવાં જોઈએ અને તે માટે સેપ્ટિકટેન્કની ગોઠવણ ફરજિયાત રાખવી.

ડ. જમવાનો ઓરડો વિશાળ તથા સુઘડ હોવો જોઈએ અને અઠવાડિયામાં એક કે બે વખત બધા જ વિદ્યાર્થીઓ સાથે બેસી જમી શકે એવી વ્યવસ્થા કરવી જોઈએ. આવા સહભોજનમાં પ્રિન્સિપાલ, પ્રોફેસરો તથા સુપ્રિન્ટેન્ડન્ટ બધા સાથે અથવા વારાફરતી ભાગ લે.

ઇ. ક્રોમવાર ચાલતાં રસોડાં નાબૂદ કરવાં."

આથી ઠરાવવામાં આવે છે કે સમિતિની ભલામણો બધી એફિલિયેટેડ કૉલેજોના પ્રિન્સિપાલો અને રેકગ્નાઈઝ્ડ સંસ્થાઓના વડાઓને મોકલી આપી તે સૂચનાઓનો અમલ કરવામાં જે કાંઈ મુશ્કેલી હોય તો તે બાબત તેમના અભિપ્રાયો મંગાવવા.

૧૪. વાઈસ-ચાન્સેલર્સ કૉન્ફરન્સમાં લિંગલ એજ્યુકેશનનાં ધોરણ કઈ રીતે જાળવાવાં જોઈએ એ બાબત નક્કી થઈ હતી તે પ્રમાણે આ યુનિવર્સિટીની લૉ કૉલેજે એ ધોરણ જાળવે છે કે કેમ તે બાબત વિચારણા કરવા બાબતનો ચિફ જસ્ટીસ શ્રી. ચાગલાનો શ્રી. વાઈસ-ચાન્સેલર ઉપરનો પત્ર :

આથી ઠરાવવામાં આવે છે કે એમ જવાબ આપવો કે લૉ કૉલેજના અભ્યાસક્રમનું ધોરણ નીચે ઊતરી ગયું હોય એવું કાંઈ સિન્ડિકેટને લાગતું નથી. વધુમાં એમ પણ જણાવવું કે આ યુનિવર્સિટી એલ. એલ. બી. ની એકસ્ટર્નલ ડિગ્રી દાખલ કરવાની તરફેણમાં નથી.

૧૫. ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૫૧-૫૨ ના વર્ષના એકાઉન્ટ્સ અંગે આસિસ્ટન્ટ એકઝામિનર, લોકલ ફંડ એકાઉન્ટ્સ તરફથી આવેલી ઑડિટ નોટ :

આથી ઠરાવવામાં આવે છે કે ઑડિટ નોટની બાબતમાં નીચે પ્રમાણે જવાબ આપવો :

૧. મોટરકારનો ઉપયોગ હવે રજિસ્ટ્રારને કરવા દેવામાં આવતો નથી.

૨. એકાઉન્ટન્ટનું ફાઈડેલિટી ઇન્સ્યોરન્સ વધારવા બાબત ઑડિટરોએ સૂચવ્યા મુજબ વધારો કરવામાં આવ્યો. છે.

૧૬. રજિસ્ટ્રાર, લાયબ્રેરિયન અને મોટર ડ્રાઇવરની ફાઈડેલિટી ઇન્શ્યુરન્સ પૉલિસી લેવામાં આવે છે કે કેમ તે અંગે સિન્ડિકેટના ઠરાવ અનુસાર મુંબઈ સ્ટેટની યુનિવર્સિટીઓને પુછાવતાં તેઓ તરફથી આવેલા જવાબો :

આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રાર, લાયબ્રેરિયન અને મોટર ડ્રાઇવરની ફાઈડેલિટી ઇન્સ્યોરન્સ પૉલિસી સ્ટેટની બીજી યુનિવર્સિટીઓમાં લેવામાં આવતી નથી તેથી તેમની આ પ્રકારની પૉલિસી લેવાની જરૂર આ યુનિવર્સિટીને લાગતી નથી.

૧૭. શ્રી. જી. ડી. પટેલની "Land Revenue Settlements in Gujarat under the Biritish" ઉપરની થિસિસ યુનિવર્સિટીએ પબ્લિશ કરવા બાબતમાં પબ્લિકેશન બોર્ડની ભલામણ અનુસાર શ્રી. બી. કે. પટેલ અને શ્રી. બી. પી. પટેલનો આ અંગે અભિપ્રાય મંગાવતાં તેઓ તે કામ કરવા અશક્તિ દર્શાવતા હોવાથી આ અંગે બીજા કોઈની નિમણૂક કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં શ્રી. ભાઈલાલભાઈ ડી. પટેલનો અભિપ્રાય મંગાવવો.

૧૮. જુનિયર ક્લાર્ક શ્રી. આઈ. એન. શાહ યુનિવર્સિટીની નોકરીમાંથી છૂટા થયા હોઈ તેમનું પ્રોવિડન્ટ ફંડ પરત કરવા બાબતની તેમની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આઈ એન. શાહને તેમનો પોતાનો પ્રોવિડંટ ફંડમાંનો ફાળો વ્યાજ સહિત પાછો આપવો.

૧૯. સિન્ડિકેટે ક્લાર્ક્સ, ટાઈપિસ્ટસ અને પટાવાળાઓને જ ઓવરટાઈમ અલાવન્સ આપવાનું ઠરાવેલું પરંતુ ઑફિસ સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી. એસ. પી. મેઢને પરીક્ષાના કામ માટે ઘણી વાર ઓવરટાઈમ રોકાવું પડતું હોવાથી તેમને આ બદલ અલાવન્સ આપવા બાબતની તેમની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ઑફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રી. મેઢને માસિક રૂા. ૩૦-૦-૦ પ્રમાણે ભથ્થું આપવું.

૨૦. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના સ્ટાફ અંગેની સિલેક્શન કમિટીના સભ્ય શ્રી. એલ. સી. જૈન મજકૂર કમિટીની બેઠક માટે મુંબઈ આવેલા તેમનું ત્રણ દિવસનું હોલ્ટિંગ અલાવન્સ મંજૂર કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે એક દિવસનું હોલ્ટિંગ અલાવન્સ આપવાનું મંજૂર કરવું.

૨૧. એ. ૬૨ - એ મુજબ સિન્ડિકેટના સભ્યો પ્રાશ્નિકો કે પરીક્ષકો તરીકે નિમાય તો તેમને કોઈ પણ જાતનું રેમ્યુનરેશન મળી શકે નહિ પરંતુ તેમને હોલ્ટિંગ અલાવન્સ આપવું કે કેમ તે નક્કી કરવા બાબત :

(નોંધ :– પ્રિન્સિપાલ એમ. બી. દેસાઈએ હૉલ્ટિંગ ઍલાવન્સની માગણી કરેલી છે તેથી આ પ્રશ્ન ઉપસ્થિત થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. બી. દેસાઈની વિનંતી માન્ય રાખવી નહિ.

૨૨. ધી ઇન્ડિયન જર્નલ ઑફ ફાર્મસી. મુંબઈને વાર્ષિક ગ્રાન્ટ આપવા બાબતનો મજકૂર જર્નલના તંત્રી તરફથી આવેલો પત્ર :

આથી ઠરાવવામાં આવે છે કે મુંબઈ સ્ટેટની બીજી યુનિવર્સિટીઓને પુછાવવું કે તેઓ આ સંસ્થાને કાંઈ મદદ આપે છે કે કેમ ?

૨૩. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદમાં એમ. એડ. ના વર્ગમાં ભરેલી હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી મજકૂર ખૂટતી હાજરી માંદગીના કારણે કોન્ડોન કરવા બાબતની શ્રીમતી આર. વી. જની અને શ્રી. એસ. બી. રાજગોરની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફત આવેલી અરજીઓ:

(નોંધ :– વિદ્યાર્થીઓની હાજરી નીચે પ્રમાણે છે :–

	ફરજિયાત પેપર — ૧		ફરજિયાત ગ્રૂપ પેપર — ૧	
	પ્રથમ સત્ર :	બીજું સત્ર :	પ્રથમ સત્ર :	બીજું સત્ર :
શ્રીમતી આર. વી. જની	૧૦ માંથી ૮ લેક્ચર્સ	૧૪ માંથી ૮ લેક્ચર્સ	૧૦ માંથી ૮ લેક્ચર્સ	૧૫ માંથી ૧૧ લેક્ચર્સ
શ્રી. એસ. બી. રાજગોર	૧૦ માંથી ૩ લેક્ચર્સ	૧૪ માંથી ૮ લેક્ચર્સ	૧૦ માંથી ૩ લેક્ચર્સ	૧૫ માંથી ૯ લેક્ચર્સ

નિયમ પ્રમાણે એકંદર લેક્ચર્સમાંથી ૨/૩ હાજરી જોઈએ. આ કેસોમાં શ્રીમતી જનીની બીજા સત્રમાં હાજરી ખૂટે છે જ્યારે શ્રી. રાજગોરની બન્ને ગ્રૂપમાં બન્ને સત્રમાં હાજરી ખૂટે છે. (ખૂટતી હાજરી માટે ડાક્ટરનું સર્ટિફિકેટ રજૂ કરેલું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી માફ કરવી.

૨૪. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢમાં ફર્સ્ટ ઇયર આર્ટ્સના વર્ગમાં ભરેલી હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી કૉલેજમાં મોડા દાખલ થયાને કારણે મજકૂર ખટતી હાજરી કોન્ડોન કરવા બાબતની શ્રીમતી કે. એફ. પૂર્ણાની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફત આવેલી અરજી.

(નોંધ :— વિદ્યાર્થીનીની હાજરી નીચે મુજબ છે :

	ભરેલી હાજરી	જોઈતી હાજરી	ખૂટતી હાજરી
પ્રથમ સત્ર :	૩૪	૬૫	૩૧ વધારે હાજરી
બીજું સત્ર :	૬૦	૬૫	૫
			કુલ ખૂટતી હાજરી .. ૨૬ ..)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીનીની ખૂટતી હાજરી માફ કરવી.

૨૫. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં એમ. એ. ના વર્ગમાં ભરેલી હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તે ખોટ માંદગીના કારણે કોન્ડોન કરવા બાબતની શ્રીમતી આશા સી. બેન્કરની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફત આવેલી અરજી.

(નોંધ: – વિદ્યાર્થીનીએ મેડિકલ સર્ટિફિકેટ રજૂ કર્યું છે. તેમની હાજરી નીચે પ્રમાણે છે:

સત્ર	કુલ લેકચર્સ	ભરવા જોઈતાં લેકચર્સ:	ભરેલાં લેકચર્સ:	ખૂટતી હાજરી:
પ્રથમ સત્ર	૯	૬	૭	૧ વધારે હાજરી
બીજું સત્ર	૧૨	૯	૫	૪ ખૂટતી હાજરી

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીનીની ખૂટતી હાજરી માફ કરવી.

૨૬. બી. કૉમ. માં પ્રિન્સિપલ્સ ઓફ ઇકોનોમિક્સના કન્વીનર શ્રી. એસ. આર. મહેતાએ વાઇસ-ચાન્સેલરની પૂર્વ પરવાનગી સિવાય મુંબઈ ખાતે પરીક્ષકોની મિટીંગ ભરી હતી તો તે મંજૂર રાખી તેમનું ટી. એ. બિલ મંજૂર કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. મહેતાનું ટી. એ. બિલ મંજૂર કરવું અને ભવિષ્યમાં આ પ્રમાણે મિટીંગ નહિ ભરવા તેમને ચેતવણી આપવી.

૨૭. મેડિકલ કૉલેજો અને હૉસ્પિટલોમાં શિક્ષકોની નિમણૂંક અંગેની લાયકાતો અંગે મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના સેક્રેટરી તરફથી આવેલો પત્ર તથા તે ઉપરનો મેડિકલ ફેકલ્ટીનો ઠરાવ:

મેડિકલ ફેકલ્ટીનો ઠરાવ:

"The Faculty is of the opinion that the Post-Graduate qualifications in Surgery and Medicine shall be considered adequate Post-Graduate qualifications for the Professors of Anatomy and Physiology also."

આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ ફેકલ્ટીનો ઠરાવ સ્વીકારવો.

૨૮. ગવર્મેન્ટ મેડિકલ કૉલેજોમાં પ્રોફેસરો અને લેકચરરો નીમવા અંગેના નિયમો સહિત મુંબઈ સરકારના લોકલ સેલ્ફ ગવર્મેન્ટ એન્ડ પબ્લિક હેલ્થ ડિપાર્ટમેન્ટના ડેપ્યુટી સેક્રેટરી તરફથી આવેલો પત્ર તથા તે ઉપરનો મેડિકલ ફેકલ્ટીનો ઠરાવ:

મેડિકલ ફેકલ્ટીનો ઠરાવ:

"(1) Resolved that the Faculty considers that F. C. P. S. is an adequate Post-Graduate qualification for teaching appointments in the Medical Colleges subject to the recognition of the same by the Indian Medical Council.

(2) The Faculty, further, resolves to recommend that the Basic qualifications in Medicine is not considered necessary for the lecturers' post only in Bio-chemistry and Embryology."

આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ ફેકલ્ટીનો ઠરાવ સ્વીકારવો.

૨૯. બી. એસ. સી. ડિગ્રી કોર્સ ઇન નર્સિંગ અને ડિપ્લોમા કોર્સ ઇન નર્સિંગ અંગે સુપ્રિન્ટેન્ડેન્ટ ઑફ નર્સિંગ સર્વિસીઝ ફોર ધી સ્ટેટ ઑફ બોમ્બે તરફથી આવેલો પત્ર તથા તે ઉપરનો મેડિકલ ફેકલ્ટીનો ઠરાવ.

મેડિકલ ફેકલ્ટીનો ઠરાવ :

"Resolved that the Faculty is of the opinion that the B.Sc. degree in Nursing and Diploma in Nursing should be kept on Schedule of the University."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત એકેડેમિક કાઉન્સિલ તરફ અભિપ્રાય માટે મોકલવી.

૩૦. મુંબઈ રાજ્ય માધ્યમિક શિક્ષક મંડળની દસમી પરિષદમાં પસાર થયેલા કેટલાક ઠરાવો ઉપર વિચારણા કરવા બાબતના મજકૂર મંડળના સામાન્ય મંત્રી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર પત્ર દફતરે કરવો.

૩૧. યુનેસ્કો ક્લબ યુનિવર્સિટીએ ઓર્ગેનાઈઝ કરવા બાબતમાં હિંદ સરકારના કેળવણી ખાતાના આસિસ્ટન્ટ એજ્યુકેશનલ એડવાઈઝર તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે યુનેસ્કો ક્લબ આ યુનિવર્સિટીમાં કાઢવાનું મંજૂર રાખવું અને તેને લાયબ્રેરીના એક ભાગ તરીકે રાખવી.

૩૨. પૂના ખાતે મે ૧૯૫૩ દરમ્યાન મળેલી "Linguistics and Educationists ની ઇન્ફોર્મલ કોન્ફરન્સના પ્રોસિડિંગ્ઝ સહિત આ યુનિવર્સિટીની વિચારણા અને સૂચનો માટે ડેક્કન કોલેજ પોસ્ટ-ગ્રેજ્યુએટ એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, પૂનાના ડાયરેક્ટર તરફથી આવેલો પત્ર તથા તે ઉપરનો ફેકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્કલુડિંગ એજ્યુકેશનના ડીનનો અભિપ્રાય.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત ડાયરેક્ટર, યુનિવર્સિટી સ્કૂલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ એન્ડ લિટરેચર તરફ રિપોર્ટ માટે મોકલવી.

૩૩. મિલિટરી ટ્રેઈનિંગ ફોર મેડિકલ સ્ટુડન્ટસ અંગે હિંદ સરકારના હેલ્થ ખાતાના અન્ડર સેક્રેટરી તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત મેડિકલ ફેકલ્ટી તરફ અભિપ્રાય માટે મોકલવી.

૩૪. શ્રી. એન. ડબલ્યુ નેરૂરકરનું કામ સંતોષકારક છે તેથી તેમને વધુ એક વર્ષ માટે ફેલોશિપ આપવા બાબતની ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદના ડાયરેક્ટરની ભલામણ.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. ડબલ્યુ. નેરૂરકરને અપાતી સ્કોલરશિપ વધુ એક વર્ષ માટે ચાલુ રાખવી.

૩૫. વિદ્યાર્થીઓની સરળતા માટે યુનિવર્સિટીમાં દાખલ થવા અંગેના નિયમો એટલે કે રૂટે. ૧૭૩નું ગુજરાતી ભાષાંતર કરાવી સ્થાનિક વર્તમાનપત્રોમાં ત્રણેક જાહેરાતો પ્રસિદ્ધ કરાવવા વિનંતી કરતા ડૉ. એ. એમ. ત્રિવેદીના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે રૂટે. ૧૭૩નું ગુજરાતીમાં ભાષાંતર કરવા માટે શ્રી. ઉમાશંકર જોષીને મોકલવું.

૩૬. અજમેર બોર્ડની ઇન્ટરમિડિયેટ આર્ટ્સની પરીક્ષા પ્રાઇવેટ કેન્ડીડેટ તરીકે આપવા દેવા પરવાનગી આપવા બાબતની સિનિયર ક્લાર્ક શ્રી. આર. બી. ભાવસારની નીચે મુજબની અરજી :

"I intend to appear at the Inter Arts Examination of the Ajmer Board as a Private Candidate for the betterment of my prospects and qualification too. I shall, therefore, thank you to permit me to do so."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. બી. ભાવસારની વિનંતી માન્ય રાખવી.

૩૭. અજમેર બોર્ડની ઇન્ટરમિડિયેટ આર્ટ્સની પરીક્ષા પ્રાઇવેટ કેન્ડીડેટ તરીકે આપવા દેવા પરવાનગી આપવા બાબતની સિનિયર ક્લાર્ક શ્રી. ર. દ. ભગતની નીચે મુજબની અરજી :

"I wish to appear at the Intermediate Arts Examination of the Ajmer Board, Ajmer as a private candidate so that my qualifications may be enhanced. I, therefore, request you to kindly allow me to do so."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ર. દ. ભગતની વિનંતી માન્ય રાખવી.

૩૮. બી. ઈ. (સિવિલ) માટે શ્રી. નટવરલાલ બાલુભાઈ શાહ સુવર્ણચંદ્રક અને મણિગોરી હિંમતલાલ બાપુલાલ પરીખ સુવર્ણચંદ્રક આ વર્ષે માર્ચ-એપ્રિલની પરીક્ષાઓ માટે આપવાના છે તો આ ચંદ્રકો જૂના કોર્સના વિદ્યાર્થીઓને આપવા કે નવા કોર્સના વિદ્યાર્થીઓને આપવા તે નક્કી કરવા બાબત :

(નોંધ :—આ વર્ષે જૂના તેમ જ નવા બંને કોર્સ મુજબ પરીક્ષાઓ લેવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ સાલે "મણિગોરી હિંમતલાલ બાપુલાલ પરીખ સુવર્ણચંદ્રક" બી. ઈ. (સિવિલ) (ઓલ્ડ કોર્સ) માટે આપવો અને "નટવરલાલ બાલુભાઈ શાહ સુવર્ણચંદ્રક" બી. ઈ. (સિવિલ) (ન્યુ કોર્સ) માટે આપવો.

૩૯. કર્ણાટક યુનિવર્સિટીની આઈ. એસ. સી. (એગ્રિ.) (સેકન્ડ ઇયર) પરીક્ષા પસાર કરી આ યુનિવર્સિટીની બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચરમાં દાખલ થાય તો તેને બી. એસ. સી. (એગ્રિ.) માં class consider થાય કે કેમ તે બાબત પુછાવતો શ્રી. એમ. બી. ભોળે તરફથી આવેલો પત્ર :

(નોંધ :—આપણા નિયમો મુજબ એસ. એસ. સી. (એગ્રિ.) માં ક્લાસ આપતો નથી. પરંતુ એફ. એસ. સી. (એગ્રિ.), અને એસ. એસ. સી. (એગ્રિ.), અને બી. એસ. સી. (એગ્રિ.) માં એક

sitting માં પરીક્ષા પસાર કરે તો ત્રણે વર્ષના aggregate માર્કસ પ્રમાણે class consider થાય છે. કર્ણાટક યુનિવર્સિટીની આર્ટ્સ. એસ. સી. (એગ્રિ.) ન્યુ કોર્સની સેકન્ડ ઇયર પરીક્ષા આપણી યુનિવર્સિટીની એફ. એસ. સી. (એગ્રિ.) બરાબર ગણેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૦. નવસારીને બી. એ. અને બી. એસ. સી. ની પરીક્ષાઓ માટે કેન્દ્ર તરીકે રાખવા બાબતનો પ્રિન્સિપાલ અ. ક. ત્રિવેદીનો પત્ર :

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત સિન્ડિકેટે અગાઉ નીમેલી કમિટી તરફ રિપોર્ટ કરવા માટે મોકલવી.

૪૧. પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોરના નીચે જણાવેલા ઠરાવો ઉપરથી ફેકલ્ટી ઑફ લૉની ભલામણ ધ્યાનમાં લઈને સિન્ડિકેટે નીચે મુજબ કરેલા ઠરાવો અનુસાર મુંબઈ સ્ટેટની યુનિવર્સિટીઓને તથા બાર કાઉન્સિલને પુછાવતાં તેમના તરફથી આવેલા જવાબો :

પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોરના ઠરાવો :

"(1) That the terms kept by the students in the Law Preliminary Course shall be considered as equivalent to keeping of two terms for Junior B.A. Class in the same course and that the Syndicate be requested to frame necessary ordinances for the same.

(2) The Syndicate be further requested to frame the necessary transitory ordinances permitting students who have kept terms under the Old Course to appear at the First LL.B. Examination Old Course upto October 1955 and Second LL.B. Examination upto October 1957."

ફેકલ્ટી ઑફ લૉની ભલામણ :

"Approved. The recommendations made by Principal Thakore may be forwarded to the Syndicate and it may be requested to frame the necessary ordinances for the same."

સિન્ડિકેટનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં નીચે મુજબની હકીકત મેળવી આ કામ સિન્ડિકેટની મિટીંગ આગળ મૂકવું :

૧. મુંબઈ, પૂના અને કર્ણાટક યુનિવર્સિટીઓએ આ બાબતમાં શું ધોરણ અખત્યાર કર્યું છે તે પુછાવવું.

૨. ઓલ્ડ કોર્સના વિદ્યાર્થીઓ માટે બાર કાઉન્સિલ કેટલા વખત સુધી પરીક્ષા લેવાની તે પુછાવવું."

નોંધ :—ઠરાવ ૧ અંગે આ અગાઉ એકેડેમિક કાઉન્સિલે નીચેનો ઠરાવ કર્યો છે :

"આથી ઠરાવવામાં આવે છે કે લૉ પ્રિલિમિનરીના વિષયો અને અભ્યાસક્રમ જોતાં તે જુનિયર બી. એ. ના ઇતિહાસ–અર્થશાસ્ત્ર સાથેના જનરલ કોર્સની બરોબરીનો (ઇક્વિવેલન્ટ) અભ્યાસક્રમ હોવાથી જે વિદ્યાર્થીઓએ લૉ પ્રિલિમિનરીનાં બે સત્રો ભર્યાં હોય અને તે પરીક્ષા પસાર કરી હોય તેમને સિનિયર બી. એ માં તે વિષયો સાથે સત્ર ભરવાની છૂટ આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે —

ઠરાવ નં. ૧ બાબતમાં લૉ પ્રિલિમિનરી પરીક્ષા પસાર કરનાર વિદ્યાર્થીને સિનિયર બી. એ. માં દાખલ કરવા અંગેનો ઑર્ડિનાન્સ પસાર થઈ ગયો હોવાથી કાંઈ કરવાનું રહેતું નથી.

ફર્સ્ટ એલ. એલ. બી. ની ઓલ્ડ કોર્સ પ્રમાણેની પરીક્ષા ૧૯૫૫ના એપ્રિલ સુધી અને સેકન્ડ એલ. એલ. બી. ઓલ્ડ કોર્સ પ્રમાણેની પરીક્ષા ૧૯૫૭ના એપ્રિલ સુધી લેવી.

૪૨. જ્યાં બી. એ. જનરલનો અથવા બી. એસ. સી. સબ્સિડિયરીનો વિષય શિખવાતો હોય ત્યાં પ્રોફેસરને બદલે લેક્ચરરને આવા વિષયો શીખવવા પરવાનગી આપવા બાબતનો નિયમ કરવા અંગેનો એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટના પ્રિન્સિપાલ શ્રી. અ. ક. ત્રિવેદીનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત એકેડેમિક કાઉન્સિલ તરફ અભિપ્રાય માટે મોકલવી.

૪૩. યુનિવર્સિટી ઑફિસમાં કામ કરતા કારકુન શ્રી. વિનોદરાય અ. ચોકસીએ મજકૂર યુનિવર્સિટીની ફર્સ્ટ એલ. એલ. બી. ની પરીક્ષા (જૂનો કોર્સ) પાસ કરી છે તો તેમને હવે સેકન્ડ એલ. એલ. બી. પરીક્ષા માટે સત્રો ભરવા પરવાનગી આપવા બાબતની તેમની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ચોકસીની વિનંતી માન્ય રાખવી નહિ.

૪૪. ગુજરાત યુનિવર્સિટી લેબર વેલ્ફેર ઑફિસર્સ માટે અભ્યાસક્રમની વ્યવસ્થા કરી શકે એમ છે કે કેમ તે જણાવવા બાબતનો ધી અમદાવાદ મિલ ઓનર્સ એસોસિયેશન, અમદાવાદના સેક્રેટરી તરફથી આવેલો પત્ર:

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત સિન્ડિકેટને રિપોર્ટ કરવા ડાયરેક્ટર, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ તરફ મોકલવી.

૪૫. સેક્રેટરી ટુ ધી ગવર્મેન્ટ ઑફ બોમ્બે તરફથી સુધારેલા સ્ટેટ્યૂટ ૧૦૪–એ. બાબત શ્રી. ચાન્સેલરે મંજૂરી આપી નથી તે અંગેનો પત્ર સિન્ડિકેટની તા. ૬–૩–૧૯૫૪ના રોજ મળેલી બેઠકમાં મૂકવામાં આવ્યો હતો તે પત્રમાં મજકૂર સ્ટેટ્યૂટ નામજૂર કર્યા અંગે નીચે મુજબ લખાણ છે તો જે જે કમિટીઓ હાલ ચાલુ છે તે ચાલુ રહી શકે કે કેમ તે નક્કી કરવા બાબત:

"because there is no provision in the Gujarat University Act whereunder a Committee of Studies for subjects where no boards are framed can be constituted and also because there is no provision in Section 24 of the University Act which empowers a Dean to invite the Chairman of the Committee of Studies to attend a meeting of the Faculty."

(નોંધ:— જ્યાં બોર્ડ ઓફ સ્ટડીઝ રચાયાં નથી ત્યાં નીચેની કમિટીઓ નીમવામાં આવી છે :

1. Committee for Marathi,
2. Committee for Sindhi,
3. Committee for Bengali,
4. Committee for Kannada,
5. Committee for Tamil,
6. Committee for Modern European Languages : German, French, Portuguese & Russian,
7. Committee for Persian and Arabic,
8. Committee for Urdu,
9. Committee for Avesta & Pahlavi,
10. Committee for Political Science,
11. Committee for Zoology,
12. Committee for Microbiology.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત એકેડેમિક કાઉન્સિલ તરફ વિચારણા માટે મોકલવી.

૪૬. આર. આર. લાલન કૉલેજ, ભૂજ-કચ્છનું બી. એસ. સી. (પ્રિન્સિપલ અને સબ્સિડિયરી) કેમિસ્ટ્રીના વિષયનું જોડાણનું એકસ્ટેન્શન આપવા બાબતની અરજી અંગે કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે નીચેના સભ્યોની સ્થાનિક તપાસણી સમિતિ નીમવી :

૧. પ્રિન્સિપાલ ડૉ. એમ. એસ. શાહ,
૨. પ્રિન્સિપાલ એન. એમ. શાહ,
૩. પ્રોફેસર જે. ડી. ઓઝા.

૪૭. શ્રી જયંતિલાલ હરિલાલ નાયકે ગઈ સાલ એકસ્ટર્નલ વિદ્યાર્થી તરીકે નામ રજિસ્ટર કરાવતી વખતે રૂા. ૧૦-૦-૦ એનરોલમેન્ટ સર્ટિફીકેટ ફીના આપેલા છે, પરંતુ ફર્સ્ટ ઇયર આર્ટ્સની ૧૯૫૪ની પરીક્ષામાં તેઓ બેઠા ન હતા. આ સાલ તેઓ એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં રેગ્યુલર વિદ્યાર્થી તરીકે દાખલ થયા છે અને ફરીથી રૂા. ૧૦-૦-૦, એનરોલમેન્ટ ફી તરીકે આપેલા છે તો આવા કેસમાં માગ્યા મુજબ રૂા. ૧૦-૦-૦ પરત કરવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત :

(નોંધ:—ઇન્ટર્નલ વિદ્યાર્થી તરીકે જે વિદ્યાર્થીઓએ એનરોલમેન્ટ સર્ટિફિકેટ કઢાવ્યું હોય અને જ્યારે તે વિદ્યાર્થી એકસ્ટર્નલ વિદ્યાર્થી તરીકે નામ રજિસ્ટર કરાવવા આવે ત્યારે એનરોલમેન્ટ સર્ટિફિકેટ કઢાવવામાંથી માફી આપવી એમ સિન્ડિકેટે ઠરાવેલું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એકસ્ટર્નલ વિદ્યાર્થી તરીકે રજિસ્ટર થતી વખતે એનરોલમેન્ટ સર્ટિફિકેટ કઢાવ્યું હોય તેવા વિદ્યાર્થીઓ જો બીજા વર્ષે નિયમિત વિદ્યાર્થી તરીકે ફર્સ્ટ ઇયરમાં દાખલ થાય તો તેમણે એનરોલમેન્ટ ફી ભરવાની જરૂર નથી, ફક્ત તેમણે ફોર્મ જ ફરીથી ભરવાનું રહેશે.

૪૮. પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદના સેક્રેટરી તરફથી પેટલાદ કૉલેજની ટેમ્પરરી રેફિસિટ પૂરવા માટે તેમના રિઝર્વ્ડ ફંડમાંથી રૂા. ૫૦,૦૦૦-૦-૦ ઉપાડવા પરવાનગી આપવા બાબતનો આવેલો પત્ર :

આથી ઠરાવવામાં આવે છે કે માગેલી પરવાનગી આપવી નહિ.

૪૯. માર્ચ ૧૯૫૨ અને તે પછીથી લેવાયેલી મજકૂર યુનિવર્સિટીની એમ. બી., બી. એસ. ની પરીક્ષાઓ મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ માન્ય કરેલી છે પરંતુ માર્ચ ૧૯૫૧ અને ઓકટોબર ૧૯૫૧માં લેવાયેલી એમ. બી., બી. એસ. ની પરીક્ષાઓ માન્ય કરેલ નથી તે અંગે વિચાર કરી મજકૂર પરીક્ષાઓ માન્ય કરાવવા અંગે મુંબઈ સરકારને રેપ્રીઝેન્ટેશન મોકલવા અંગે વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલને રેપ્રિઝેન્ટેશન કરવું.

૫૦. એકઝામિનર, લોકલ ફંડ એકાઉન્ટ્સ તરફથી મજકૂર યુનિવર્સિટીના ૧૯૫૨-૫૩ ના વર્ષના હિસાબો અંગે આવેલી ઑડિટ નોટ.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫૧. ગુજરાત યુનિવર્સિટીની સ્કૂલ ઑફ ઇકોનોમિકસ અને સોશિયોલોજી માટે આસિસ્ટન્ટ લાયબ્રેરિયનની જે જગ્યા સિન્ડિકેટે મંજૂર રાખેલી છે તેમાં તે જગા માટેની ગ્રેડ રૂા. ૨૦૦-૨૦-૪૦૦ રાખવામાં આવેલ છે તેમાં વાર્ષિક વધારો ૨૦ નો રાખવામાં આવ્યો છે તેને બદલે ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ, પી. એ. ટુ ધી વાઇસ-ચાન્સેલર કે જેમનો વાર્ષિક વધારો રૂા. ૨૦૦-૧૦-૩૦૦ ની ગ્રેડમાં ૧૦ છે અને એકાઉન્ટન્ટ તથા આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર કે જેમનો વાર્ષિક વધારો રૂા. ૨૫૦-૧૫-૪૦૦-ઈ. બી.-૨૦-૫૦૦ ની ગ્રેડમાં ૧૫ અને ઈ. બી. પછી ૨૦ છે તેમની સરખામણીમાં રાખવા બાબત વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫૨. નીચે જણાવેલા શ્રી. ડાલરરાય ર. માંકડના ઠરાવ બાબત એકેડેમિક કાઉન્સિલે મજકૂર સવાલ વધારે સ્પષ્ટપણે રજૂ કરવાને આર્ટ્સ ફેકલ્ટી તરફ મોકલ્યો હતો તે અંગે આર્ટ્સ ફેકલ્ટીની ભલામણ તથા એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

શ્રી. ડાલરરાય ર. માંકડનો ઠરાવ

"વિજ્ઞાનાદિ વિભાગમાં જેમ લેબોરેટરી કામ આવશ્યક છે તેમ આર્ટ્સ વિભાગમાં પુસ્તકાલય કાર્ય તથા લેખિત કામ આવશ્યક છે તેમ સભા માને છે અને તેથી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે, આર્ટ્સ વિભાગમાં દરેક વર્ગમાં દરેક વિષયમાં વર્ષ દરમ્યાન ઓછામાં ઓછા ચાર લેખિત અને ચાર પુસ્તકાલય કાર્યો ફરજિયાત કરવામાં આવે અને તેમાં ૨૦ ટકા ગુણ વાર્ષિક પરીક્ષામાં ગણવામાં આવે."

ફેકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્કલુડિંગ એજ્યુકેશનની ભલામણ

"આથી આ સમિતિ ફેકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્કલુડિંગ એજ્યુકેશનને ભલામણ કરે છે કે :—

૧. બી. એ. સ્પેશ્યલમાં દરેક સત્રમાં દરેક વિષયમાં ઓછામાં ઓછા બે અધ્યયનો (Studies) સ્વાધ્યાયસૂચિ સહિત પરીક્ષા પ્રવેશ માટે આવશ્યક ગણવા.

૨. એ જ પ્રમાણે આર્ટ્સના પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષમાં પણ અધ્યયનો આવશ્યક ગણવાં જોઈએ એમ આ સમિતિ માને છે. પણ એ વર્ગોમાં વિદ્યાર્થીઓની બહુ મોટી સંખ્યા હોય છે તે જોતાં

કૉલેજમાં અધ્યાપકગણમાં એ માટે જરૂરી વધારા કરવા પડે એમ આ સમિતિ માને છે તેથી આ સમિતિ સૂચવે છે કે આને માટે ઘટતા નિયમો યુનિવર્સિટીએ ઘડવા જોઈએ."

ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્ક્લુડિંગ એજ્યુકેશનની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સમિતિનો ઉપરનો ઠરાવ મંજૂર કરવો અને તે માટે એકેડેમિક કાઉન્સિલને યોગ્ય કરવા ભલામણ કરવી."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલ વધારે સ્પષ્ટપણે રજૂ કરવાને માટે આર્ટ્સ ફૅકલ્ટી તરફ પાછો મોકલવો."

ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્ક્લુડિંગ એજ્યુકેશનની ભલામણ અને તેના ઉપરનો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી આ ફૅકલ્ટી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે **અધ્યયન** શબ્દના અર્થમાં વિદ્યાર્થીના અભ્યાસ અંગેનું કોઈ પણ લેખિત કામ ગણવું." અને સ્વાધ્યાયસૂચિ એટલે "લેખિત કાર્ય માટે ઉપયોગમાં લેવાં પડતાં પુસ્તકોની યાદી" એમ ગણવું. વધુમાં આ ફૅકલ્ટી જણાવે છે કે બી. એ. સ્પેશ્યલના દરેક પ્રશ્નપત્રમાં દરેક પ્રશ્નપત્ર દીઠ બે અધ્યયનો એટલે કે વિદ્યાર્થીના અભ્યાસ અંગેનું કોઈ પણ લેખિત કામ પ્રત્યેક વિદ્યાર્થી માટે આવશ્યક બનાવવું અને દરેક પ્રશ્નપત્રના ૨૦ ટકા ગુણ આવા અધ્યયનો માટે યુનિવર્સિટી પરીક્ષામાં ગણવા. ઉપર જણાવેલા ૨૦ ટકા ગુણમાંથી ગુણ આપવાની વ્યવસ્થા કૉલેજ કરશે.

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બી. એ. સ્પેશ્યલના દરેક પેપરમાં દરેક પ્રશ્નપત્ર દીઠ બે અધ્યયનો એટલે કે વિદ્યાર્થીના અભ્યાસ અંગેનું કોઈ પણ લેખિત કામ પ્રત્યેક વિદ્યાર્થી માટે આવશ્યક બનાવવું અને વિદ્યાર્થીના બી. એ. ની પરીક્ષામાં બેસવાના ફૉર્મમાં પ્રિન્સિપાલે વિદ્યાર્થીએ આ કામ સંતોષકારક રીતે કર્યું છે કે નહીં તે બાબતનું સર્ટિફિકેટ આપવું."

આથી ઠરાવવામાં આવે છે કે બી. એ. સ્પેશ્યલના દરેક પ્રશ્નપત્ર દીઠ બે અધ્યયનો એટલે કે વિદ્યાર્થીના અભ્યાસ અંગેનું કોઈ પણ લેખિત કામ પ્રત્યેક વિદ્યાર્થી માટે આવશ્યક બનાવવું અને વિદ્યાર્થીના બી.એ. ની પરીક્ષામાં બેસવાના ફૉર્મમાં ફેબ્રુઆરી માસ સુધીમાં વિદ્યાર્થીએ આ કામ સંતોષકારક રીતે કર્યું છે કે નહીં તે બાબતનું સર્ટિફિકેટ પ્રિન્સિપાલે આપવું.

૫૩. સરકયુલર નં. ૧૦૮૦૫ અને ૧૦૮૦૯-૧૯૫૧માં જરૂરી સુધારાઓ સૂચવવા અંગે એકેડેમિક કાઉન્સિલે નીમેલી સમિતિનો રિપોર્ટ તથા તે અંગેનો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે કમિટિએ સૂચવેલા સુધારાઓ મંજૂર કરવા અને આર્ટ્સ અને સાયન્સ ફૅકલ્ટીઓમાં ડિગ્રી કક્ષાએ જે વિષયો ફરજિયાત શીખવાતા હોય તે બધા વિષયોને "મેજર" વિષયો ગણવા."

આથી ઠરાવવામાં આવે છે કે કમિટિએ સૂચવેલા સુધારાઓ મંજૂર કરવા અને આર્ટ્સ અને સાયન્સ ફેકલ્ટીઓમાં ડિગ્રી કક્ષાએ જે વિષયો (બી. એસ. સી.માં પ્રિન્સિપલ વિષય) ફરજિયાત શીખવાતા હોય તે બધા વિષયોને "મેજર" વિષયો ગણવા.

૫૪. નીચે જણાવેલા રેગ્યુલેશનોમાં ફેરફાર કરવા બાબતનો રજિસ્ટ્રારે ઘડેલો અને એકેડેમિક કાઉન્સિલે મંજૂર કરેલો ખરડો :

૧. રેગ્યુલેશન ૯ ફર્સ્ટ યર ગ્રૂપ્સ "એ", "બી" અને "સી".

૨. રેગ્યુલેશન ૧૧ ઇન્ટરમિડિયેટ આર્ટ્સ

૩. રેગ્યુલેશન ૧૬ બી. એ. જનરલ

૪. રેગ્યુલેશન ૧૬ બી. એ. સ્પેશ્યલ

૫. રેગ્યુલેશન ૭૧ ઇન્ટર સાયન્સ

૬. રેગ્યુલેશન ૨૦૪ એફ. વાય. કૉમર્સ

૭. રેગ્યુલેશન ૨૦૮ ઇન્ટરમિડિયેટ કૉમર્સ

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુલેશનોમાં રજિસ્ટ્રારે સૂચવેલા સુધારા મંજૂર કરવા."

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુલેશનોમાંના સુધારા મંજૂર કરવા. (સુધારેલા રેગ્યુલેશન આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે આપવામાં આવ્યા છે.)

૫૫. નીચે જણાવેલો ઠરાવ એકેડેમિક કાઉન્સિલે પસાર કર્યો હોવાથી તે અંગેનો રજિસ્ટ્રારે ઘડેલો ખરડો અને એકેડેમિક કાઉન્સિલે પસાર કરેલો ઓર્ડિનાન્સનો ખરડો.

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે લૉ પ્રિલિમિનરીના વિષયો અને અભ્યાસક્રમ જોતાં તે જુનિયર બી. એ.ના ઇતિહાસ-અર્થશાસ્ત્ર સાથેના જનરલ કોર્સની બરોબરીનો (ઇક્વિવેલન્ટ) અભ્યાસક્રમ હોવાથી જે વિદ્યાર્થીઓએ લૉ પ્રિલિમિનરીનાં બે સત્રો ભર્યાં હોય અને લૉ પ્રિલિમિનરી પરીક્ષા પસાર કરી હોય તેમને સિનિયર બી. એ.માં તે વિષયો સાથે સત્ર ભરવાની છૂટ આપવી."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઘડેલો ઑર્ડિનાન્સ મંજૂર કરવો.

વધુમાં એમ ઠરાવવામાં આવે છે કે આ ઑર્ડિનાન્સ સાથે એવી નોંધ રાખવી કે વિદ્યાર્થી પહેલી એલ. એલ. બી. અને સિનિયર બી. એ.ના વર્ગો એકી સાથે ભરી શકશે નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર રાખવો. (મંજૂર થયેલો ઑર્ડિનાન્સ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે આપવામાં આવ્યો છે.)

૫૬. નીચે જણાવેલો શ્રી. ડાલરરાય ર. માંકડનો ઠરાવ અને તે ઉપરનો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

ઠરાવ :

"૧૯૫૫ અને ૧૯૫૬ની પરીક્ષામાં જેમને ટર્મ્સ રાખ્યા વગર એમ. એ.ની હિન્દીની પરીક્ષા આપવાની છૂટ આપવામાં આવી છે તેમને હિન્દીના ૭ પેપરોમાં જ બેસવાની મંજૂરી આપવી અને એનો કલાસ એ ૭ પેપરો ઉપર જ નક્કી કરવો. એમને સબ્સીડિયેટ વિષયમાં બેસવામાંથી મુક્તિ આપવી."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૫૫ અને ૧૯૫૬ની પરીક્ષામાં જેમને ટર્મ્સ રાખ્યા વગર એમ.એ. હિંદીની પરીક્ષા આપવાની છૂટ આપવામાં આવી છે તેમને હિંદીના ૭ પેપરોમાં જ બેસવાની મંજૂરી આપવી અને સબ્સીડિયેટ વિષયોની પરીક્ષામાં બેસવામાંથી એક્ઝમ્પ્શન આપવું. આ પ્રમાણે બેસનારને એમ. એ.માં કલાસ આપવો નહિ. જે કોઈ કૉલેજના અધ્યાપક એમ. એ. કોઈ ભાષાના વિષયો લઈને થયા હોય અને તેમને હિંદીમાં આઠેઆઠ પેપરોમાં બેસવું હોય તો તે પ્રમાણે બેસવાની પણ ટર્મ્સ ભર્યા વગર છૂટ આપવી. પણ અત્યારે માસ્ટર્સ ડિગ્રી ધરાવનાર કોઈ અધ્યાપકને એમ. એ.માં હિંદી લઈને બેસવું હોય તો તેને હિંદીના ૭ પેપર અને તે સાથે નિયમ પ્રમાણે લેવાની સબ્સીડિયેટ ભાષામાં બેસવા માટેની છૂટ આપવી.

હિંદીના સાતમા અને આઠમા પેપરને માટેનો અભ્યાસક્રમ નક્કી કરવા હિંદી બોર્ડને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલના ઠરાવમાંથી "પણ અત્યારે માસ્ટર્સ ડિગ્રી ધરાવનાર કોઈ અધ્યાપકને એમ. એ.માં હિંદી લઈને બેસવું હોય તો તેને હિંદીના ૭ પેપર અને તે સાથે નિયમ પ્રમાણે લેવાની સબ્સીડિયેટ ભાષામાં બેસવા માટેની છૂટ આપવી" એ વાક્ય કાઢી નાખી બાકીનો ઠરાવ મંજૂર કરવો.

૫૭. બી. એ. હિસ્ટરી ગ્રૂપ "સી" (જનરલ અને સ્પેશ્યલ) ના ૯મા પેપર "ઇસ્લામિક કલ્ચર"ના નીચે મુજબનો સુધારેલો અભ્યાસક્રમ તથા તે ઉપરનો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

કમિટીની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે આ કમિટી રે. ૧૮ બી. એ. (જનરલ અને સ્પેશ્યલ) હિસ્ટરી ગ્રૂપ "સી"ના ૯મા પેપર "ઇસ્લામિક કલ્ચર"ના વિષયમાં નીચે મુજબનો ફેરફાર સૂચવે છે :

R. 18 (IX) **Islamic Culture :**

Paper I : Early Islam

Life of the Prophet—Quran and its Central Philosophy—The Military and Administrative Structure of early Islamic State Orthodox Caliphate—The History of the Umayyads and the Abbasids.

Paper II : Spread of Islamic Civilization

Progress of Sciences—Progress of Architecture, Painting, Calligraphy, and other Arts. Social Structure in Islam."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે કમિટીની ભલામણ મંજૂર કરવી અને તેને ૧૯૫૫ના જૂનથી અમલમાં લાવવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૫૮. બી. એ. સ્પેશ્યલ અને જનરલ હિસ્ટરી ગ્રૂપ "સી"માં ૧૦મા અને ૧૧મા વિષય તરીકે શીખવાતા "ફિઝિકલ એન્થ્રોપોલોજી" અને "કલ્ચરલ એન્થ્રોપોલોજી" ના અભ્યાસક્રમમાં સુધારો સૂચવવા બાબતની સોશિયોલોજી અને એન્થ્રોપોલોજી બોર્ડની ભલામણ અને તે ઉપરનો એકેડેમિક કાઉન્સલનો ઠરાવ:

બોર્ડની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે, બી. એ. સ્પેશ્યલના " હિસ્ટરી ગ્રૂપ સી " માં ૧૦મા અને ૧૧ મા વિષય તરીકે શીખવાતા રેગ્યુલેશન નં. ૧૮ માં (x) Physical Anthropology and (xi) Cultural Anthropology–ના વિષયોમાં નીચેનો ફેરફાર કરવો અને તે સ્વીકારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

(X) **Physical Anthropology :**

Paper I—

1. Evolution (with special reference to Anatomy of the Human Body, in particular, to his brain).
2. Elements of Genetics.
3. Palaeontology.

Paper II—

1. Study of Human Bones and Muscles.
2. Anthropometry.
3. Races of Man.

(XI) **Cultural Anthropology :**

Paper I—

General Culture, Material Culture, Economic Habits and Ethnology —(a) Habitat and economy, (b) Culture of Food gatherer, (c) Culture of Cultivators, (d) Culture of Pestoralists, (e) Culture and primitive mind, (f) Spread of Culture and (g) Evolution and progress.

Paper II—

Social Life—religious beliefs and philosophy of Life—(a) Principles of Grouping, (b) Kinship, (c) Marriage, (d) Family, (e) Social Strata (Class, Caste, Rank), (f) Justice and Government, (g) Clubs and Association, (h) Magic and religion, (i) Shamanism, (j) Gods and ritualism and (k) Faith and the supernatural."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

" આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડે સૂચવેલો અભ્યાસક્રમ મંજૂર કરવો અને તે પ્રમાણે રેગ્યુલેશનમાં સુધારો કરવો. "

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સલની ભલામણ મંજૂર કરવી.

૫૯. બી. એ. સ્પેશ્યલ અને જનરલ હિસ્ટરી ગ્રૂપ "સી" રેગ્યુલેશન ૧૮માં તથા એમ. એ. હિસ્ટરી ગ્રૂપ "એ" અને "બી" રેગ્યુલેશન ૨૪ માં હિસ્ટરી વિષયના બોર્ડે સુધારેલા અભ્યાસક્રમ બાબતની બોર્ડની ભલામણ અને તે ઉપરનો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

હિસ્ટરી બોર્ડની ભલામણ

"The Board carefully considered the History Course at B.A. under the Group C (R. 19) and M.A. History Course Groups A & B (R. 24) as recommended by the Committee appointed by it. It resolves unanimously to recommend to the Academic Council that the courses prepared by the Board as given per Appendix "A" under the revised R. 18 and R. 24 be approved.

(2) The Board further resolves to recommend to the Academic Council that these revised courses both for B.A. and M.A. degrees should be brought into force from June 1955 and that the first examination under the revised course should take place in the year 1957.

(3) The Board further recommends to the Academic Council that the examinations according to the present course (old) should be held till June 1958 in case of those students who have filled in their terms in that course."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે હિસ્ટરી બોર્ડની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ રેગ્યુલેશન નં. ૧૮ અને ૨૪માં ફેરફાર કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી. (સુધારેલા રેગ્યુલેશન ૧૮ અને ૨૪ આ સાથે પરિશિષ્ટ "ચ" તરીકે આપવામાં આવ્યા છે.)

૬૦. ફર્સ્ટ ઇયર કૉમર્સમાં સિવિકસ અને ઍડમિનિસ્ટ્રેશનના સુધારેલા અભ્યાસક્રમ બાબત પૉલિટિકલ સાયન્સની કમિટીની નીચે મુજબની ભલામણ અને તે ઉપરનો એકેડેમિક કાઉન્સલનો ઠરાવ:

કમિટીની ભલામણ

"Resolved to recommend to the Academic Council that the courses in Civics and Administration as framed by the Sub-Committee in Political Science be approved with the following amendments in Para II, line 2 under the heading "Civics" and "Religion" and "Occupation" after the word "State"."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે કમિટીની ભલામણ મંજૂર કરવી અને તેને ૧૯૫૫ના જૂનથી અમલમાં લાવવી અને રેગ્યુલેશનમાં તે પ્રમાણે સુધારો કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી (સુધારેલા અભ્યાસ-ક્રમની નકલ આ સાથે પરિશિષ્ટ "ચ" તરીકે આપવામાં આવી છે.)

૬૧. બી. એ. જનરલ અને સ્પેશ્યલના પોલિટિકલ સાયન્સના સુધારેલા અભ્યાસક્રમ અંગે પોલિટિકલ સાયન્સની કમિટીની નીચે મુજબની ભલામણ અને તે ઉપરનો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

કમિટીની ભલામણ

"Resolved to recommend to the Academic Council that under R. 16 the following group of Political Science be added as a separate Group and the papers in it in B.A. (General and Special) be as under. Further the Committee recommends that this revised course be brought into force from the year 1956 and for the examination of 1958.

2. The Committee further thinks that as this University is going to have a school of Social Sciences which will have **Politics** as one of its specialised subjects, it is necessary that the foundation of the advanced studies in Political Science should be laid firmly at the B.A. Stage. Hence the necessity of Political Science at the B.A. as a separate Group.

3. Further as at the M.A. Groups G & H are of "Political" and "Advanced Politics" respectively, this new separate Group of Politics at B.A. (General and Special) will strengthen the basis of this M.A. Group."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સૂચવેલો અભ્યાસક્રમ મંજૂર કરવો અને તેને ૧૯૫૫ ના જૂનથી અમલમાં લાવવો અને રેગ્યુલેશનમાં તે પ્રમાણે સુધારો કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી. (સુધારેલો અભ્યાસક્રમ આ સાથે પરિશિષ્ટ "છ" તરીકે આપવામાં આવ્યો છે.)

૬૨. ફર્સ્ટ ઇયર અને ઇન્ટર સાયન્સ ફિઝિક્સના સુધારેલા અભ્યાસક્રમ બાબત બોર્ડની ભલામણ અને તે ઉપરનો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

બોર્ડની ભલામણ

The Examination at Inter Science stage will cover the courses of study prescribed for the F.Y. Science and Intermediate Science classes but greater emphasis should be placed on the courses of study in Intermediate Science The Examination in the F.Y. Science and Intermediate Science may be set as per details given below :

F. Y. Science :

Theory :—One Paper—100 marks—3 hours.

Practicals :—Two exercises of simple nature and which can be completed in one hour each carrying 25 marks.

Intermediate Science :

Theory :—Two papers of 60 marks each.

Practicals :—Two exercises of 1½ hours each carrying 40 marks.

The Board resolves to recommend to the Academic Council that the revised courses in Physics as framed by the Board of Studies in Physics at F.Y. Science and Inter Science be accepted."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

" આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડે સુચવેલો અભ્યાસક્રમ મંજૂર કરવો અને તેને ફર્સ્ટ યરમાં ૧૯૫૫ ના જૂનથી અમલમાં લાવવો અને રેગ્યુલેશનમાં તે પ્રમાણે સુધારો કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી. (સુધારેલા અભ્યાસ-ક્રમની નકલ આ સાથે પરિશિષ્ટ " જ " તરીકે આપવામાં આવી છે.)

૬૩. બોર્ડ ઓફ સ્ટડીઝ ઇન જોગ્રાફીની નીચે મુજબની ભલામણ અને તે ઉપરનો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

બોર્ડની ભલામણ

" આ બોર્ડ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે જોગ્રાફીને ઇન્ટર આર્ટ્સના રેગ્યુલેશન ૧૦ ના ગ્રેડ ૫ માં " Sociology " " અથવા " " Psychology " માફક Alternative optional subject તરીકે દાખલ કરવો."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

" આથી ઠરાવવામાં આવે છે કે જોગ્રાફી બોર્ડની ભલામણ મંજૂર કરવી અને બોર્ડને વિગતવાર અભ્યાસક્રમ ઘડી કાઢવા જણાવવું. "

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૬૪. બી. એસ. સી. કેમિસ્ટ્રી (સબ્સીડિયરી અને પ્રિન્સિપલ) ના સુધારેલા અભ્યા-સક્રમ બાબતની કેમિસ્ટ્રી બોર્ડની ભલામણ અને તે ઉપરનો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

કેમિસ્ટ્રી બોર્ડની ભલામણ

" Resolved to recommend to the Academic Council that the courses in B.Sc. Chemistry (Principal and Subsidiary) as finalised by the Board be approved."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

" આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડે ઘડેલો અભ્યાસક્રમ મંજૂર કરવો અને રેગ્યુલેશનમાં તે પ્રમાણે ફેરફાર કરવો. નવો અભ્યાસક્રમ જૂન ૧૯૫૫થી અમલમાં લાવવો. "

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી. (સુધારેલા અભ્યાસ-ક્રમની નકલ આ સાથે પરિશિષ્ટ " ઝ " તરીકે આપવામાં આવી છે.)

૬૫. એન્શ્યન્ટ ઇન્ડિયન અને ઇસ્ટર્ન કલ્ચરની બોર્ડે કરેલી નીચે મુજબની ભલામણ અને તે ઉપરનો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

બોર્ડની ભલામણ

"આથી આ બોર્ડ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે બી. એ. માં એન્શન્ટ ઇન્ડિયન કલ્ચર" નું છ પ્રશ્નપત્રોવાળું સ્વતંત્ર ગ્રૂપ રાખવું જોઈએ. એ દૃષ્ટિથી બોર્ડે જે પેટા સમિતિ અભ્યાસક્રમ સૂચવવા માટે નીમી હતી તેના અહેવાલ પર વિચારણા કરી આ સાથે પરિશિષ્ટ "અ" માં જણાવ્યા પ્રમાણેનો અભ્યાસક્રમ બોર્ડે નિયત કર્યો છે. એ અભ્યાસક્રમ મંજૂર કરવા માટે આ બોર્ડ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે એન્શન્ટ ઇન્ડિયન અને ઇસ્ટર્ન કલ્ચરની બોર્ડની ભલામણ મંજૂર કરવી અને રેગ્યુલેશનમાં તે પ્રમાણે સુધારો કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી. (મંજૂર થયેલા અભ્યાસક્રમની નકલ આ સાથે પરિશિષ્ટ "૬" તરીકે આપવામાં આવી છે.)

૬૬. ફિલોસોફી બોર્ડના ચેરમેનની સૂચના અનુસાર રે. ૧૭ માં સાયકોલોજી, ફિલોસોફી, લોજિક અને પોલિટિકલ ફિલોસોફીની બોર્ડે નીચેનો ફેરફાર સૂચવ્યો છે તે અંગે એકેડેમિક કાઉન્સિલના ઠરાવ અનુસાર તે ઉપર એજ્યુકેશનની બોર્ડના અભિપ્રાય ઉપરથી ફેકલ્ટી ઑફ આર્ટ્સની ભલામણ અને તે ઉપરનો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

Regulation No. 17.

"Delete the resolutions that one of the sub-groups must be from VII, VIII and IX for the Examination at B.A. (Special) Philosophy."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુલેશન નં. ૧૭ બોર્ડ ઑફ સ્ટડીઝ ઇન એજ્યુકેશનનો અભિપ્રાય મેળવી આર્ટ્સ ફેકલ્ટીના અભિપ્રાય માટે મોકલી આપવો અને બોર્ડે રેગ્યુલેશન નં. ૨૩ માં સૂચવેલો સુધારો મંજૂર કરવો."

એજ્યુકેશન બોર્ડની ભલામણ

"આથી આ બોર્ડ ફેકલ્ટી ઑફ આર્ટ્સને ભલામણ કરે છે કે ફિલોસોફી બોર્ડે જે ઠરાવ કર્યો છે તેની સાથે આ બોર્ડ સહમત છે."

ફેકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્ક્લુડિંગ એજ્યુકેશનની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડની ભલામણ સ્વીકારવી."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ફેકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્ક્લુડિંગ એજ્યુકેશનની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે રેગ્યુલેશનમાં સુધારો કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો અને આ ઠરાવને ચાલુ વર્ષથી જ અમલમાં લાવવો.

૬૭. નીચે જણાવેલા વિદ્યાર્થી તરફથી તેમના નામ સામે જણાવેલ વિષય તથા ડિગ્રી સંબંધી આવેલી થિસિસ અંગે રેફરીની નિમણૂક કરવા બાબતની બોર્ડ ઑફ સ્ટડીઝ ઇન બોટાનીના ચેરમેને કરેલી નીચેના રેફરીની ભલામણ અને તે ઉપરનો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

(નોંધ:—બોર્ડના દરેક સભ્યે રેફરીની નિમણૂક બાબતની ચેરમેનની ભલામણ મંજૂર રાખેલ છે.)

વિદ્યાર્થીનું નામ.	ડિગ્રી.	વિષય.
શાહ ચંદ્રકુમાર કાન્તિલાલ એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ અમદાવાદ-૯.	એમ. એસ. સી.	"Botany" "The Morphological and Embryological studies in the Family cyperaceae with reference to cyperas Niveus Ritz and Kyllinga Triceps Rottb."

Name of the referee suggested.

1. Dr. P. Maheswari, D.Sc.,
   Professor of Botany,
   Delhi University, Delhi.
2. Dr. L. N. Rao, D.Sc.,
   Professor of Botany,
   Central College, Bangalore.

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. પી. મહેશ્વરી હાલમાં ભારતમાં છે કે કેમ તે બાબત તપાસ કરવી અને જો તેઓ ટૂંક મુદતમાં પાછા આવવાના હોય નહિ તો તેમને બદલે ડૉ. એલ. એન. રાવને રેફરી તરીકે નીમવા.

આથી ઠરાવવામા આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૬૮. નીચેના વિદ્યાર્થીઓ તરફથી તેમના નામ સામે જણાવેલ ડિગ્રી સંબંધી આવેલ થિસિસ માટે રેફરીની નિમણૂક કરવા બાબતની ફિઝિક્સ બોર્ડની ભલામણ અને તે ઉપરનો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

વિદ્યાર્થીનું નામ.	ડિગ્રી.	વિષય.
૧. શ્રી. પટેલ નારણભાઈ વાઘજીભાઈ ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬.	એમ એસ સી.	"Physics" "Optical Properties of Thin Films of Silver."
૨. શ્રી. સહિજ્વાની નારાયણદાસ હીરાનંદ ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬.	,,	"Physics" "Application of Mie's Theory to the transmission of light Theory Artificial clouds of water."

બોર્ડની ભલામણ

"Resolved to recommend to the Academic Council that the following referees be appointed for the thesis submitted by the candidates shown against their names :

વિદ્યાર્થીનું નામ.	ડિગ્રી.	વિષય.	રેફરીનું નામ.
૧. શ્રી. પટેલ નારણભાઈ વાઘજીભાઈ ગુજરાત કૉલેજ, અમદાવાદ-૯.	એમ. એસ. સી.	"Physics" Optical Properties of thin Film of Silver.	Dr. S. Ramchandra Rao, D. Sc. Central College, Bangalore.
૨. શ્રી. સહિજવાની નારાયણદાસ હીરાનંદ ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬.	એમ. એસ. સી.	"Physics" "Application of Mie's Theory to the transmission of light theory Artificial clouds of Water."	Dr. G. Ramchandra N. D. Sc. Uni. Professor of Physics, Madras University.

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

"આથી ઠરાવવામાં આવે છે કે ફિઝિકસ બોર્ડની ભલામણ મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૬૯. નીચેના વિદ્યાર્થી તરફથી તેમના નામ જણાવેલ ડિગ્રી તથા વિષય અંગે આવેલ થિસિસ સંબંધી રેફરીની નિમણૂક કરવા બાબત સાયકોલોજી, લોજિક, ફિલોસોફી અને પોલિટિકલ ફિલોસોફીના ચેરમેનની ભલામણ અને તે ઉપરનો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

વિદ્યાર્થીનું નામ.	ડિગ્રી.	વિષય.	ભલામણ કરેલ રેફરીનું નામ.
શ્રી. ભુચ પ્રિયકાન્ત મગનલાલ એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ-૯.	એમ. એ.	"The Ethical Philosophy of Sidgwick and its place in the development of Hedoism."	1. Dr. G. N. Lavande, M. A., Ph.D., (Wilson College) 44, Kings Circle, Bombay, 19. 2. Dr. J. N. Chub M. A., Ph.D. Elphinstone College, Bombay - 1.

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. જે. એન. ચુબને રેફરી તરીકે નીમવા."

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૭૦. નીચેના વિદ્યાર્થીઓ તરફથી તેમના નામ સામે દર્શાવેલ વિષય તથા ડિગ્રી માટે આવેલ થિસિસ સંબંધી રેફરીની નિમણુક કરવા બાબત કેમિસ્ટ્રી બોર્ડની ભલામણ અને તે ઉપરનો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

નામ.	ડિગ્રી.	વિષય.
૧. શ્રી. પટેલ ચંદ્રકાન્ત ચતુરભાઈ ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬.	પી. એચ. ડી.	"Chemistry" "Studies in Chalkones"
૨. શ્રી. અમીન જયરામદાસ હીરાભાઈ એલ. ડી. આર્ટ્સ કૉલેજ એન્ડ એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ-૯.	પી. એચ. ડી.	"Chemistry" "Studies in Fries Reaction."
(2) The Rector, if any ;

(3) The Chairman of the Board of Sports (ex-officio) ;

(4) The Chief Medical Officer of the University ;

(5) The University Organiser of Physical Training, Games and Sports, if any ;

(6) One member elected by the Faculty of Medicine ;

(7) Six members to be nominated by the Syndicate, at least one of whom shall be from amongst the Principals in the Ahmedabad Area, and at least one from amongst the Principals of Colleges, outside the Ahmedabad Area, and the remaining from amongst the members of the Senate ;

(8) The Senior Officer amongst the Commanding Officer of the N. C. C.

પરિશિષ્ટ "ત"

કામકાજ નં. ૮૩

નં. સિ. ૩૮૯૧૨-૧૭ -૧૯૫૪
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯
તા. ૧૨-૭-'૫૪

એફિલિયેટેડ કૉલેજોના અને માન્ય થયેલી સંસ્થાઓના અધ્યાપક વર્ગમાં થતા ફેરફાર ઉપર વિચારણા અને રિપોર્ટ કરવા સિન્ડિકેટે નીમેલી સ્ટેન્ડિંગ કમિટીની ૭મી બેઠક ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં શુક્રવાર તા. ૨-૭-૧૯૫૪ના રોજ સાંજના ૪-૩૦ કલાકે મળેલી જેમાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧. શ્રી. હરસિદ્ધભાઈ વ. દ્વિવેદિયા, વાઇસ-ચાન્સેલર — હાજર,
૨. પ્રિન્સિપાલ એસ. વી. દેસાઈ — હાજર,
૩. પ્રિન્સિપાલ એન. એમ. શાહ — ગેરહાજર,
૪. પ્રિન્સિપાલ એમ. એસ. શાહ — હાજર,
૫. ડૉ. સી. એસ. પટેલ — ગેરહાજર,
૬. પ્રિન્સિપાલ એ. ડિસોઝા — હાજર.

૧. તા. ૪-૧૨-૧૯૫૩ના રોજ મળેલી ૬ ઠ્ઠી બેઠકની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૪-૧૨-૧૯૫૩ના રોજ મળેલી છઠ્ઠી બેઠકની નોંધને બહાલી આપવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. તા. ૪-૧૨-૧૯૫૩ના રોજ મળેલી છ ઠ્ઠી બેઠક વખતે એફિલિએટેડ કૉલેજો અને માન્ય થયેલ સંસ્થાના સ્ટાફમાં થયેલ ફેરફારમાંની નીચે જણાવેલી કૉલેજોના અને સંસ્થાના સભ્યોનાં નામ સામે જણાવેલી મંગાવવામાં આવેલી હકીકત.

૧. જે. એન્ડ જે કૉલેજ ઑફ સાયન્સ એન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યુટ નડિયાદ.	૧. શ્રી. એલ. એચ. ટેંગશેએ બી. એ.માં કયો વર્ગ મેળવ્યો તે અને કઈ કઈ સંસ્થાઓમાં સર્વિસ કરી છે અને હાલ કયાં સર્વિસ કરે છે તે બાબત વિષે પુછાવતાં તે અંગે કૉલેજ તરફથી આવેલ પત્ર.
૨. સામળદાસ કૉલેજ એન્ડ સર પી. પી. ઇન્સ્ટિટ્યુટ ઑફ સાયન્સ, ભાવનગર.	૨. શ્રી. કે. સી. શાહનો મુકરર કરેલ ફૉર્મમાં આવેલ રિપોર્ટ.
૩. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ એન્ડ કોટક ઇન્સ્ટિટ્યુટ ઑફ સાયન્સ, રાજકોટ.	૩. ૧. શ્રી. ડી. વી. જોગ અને ૨. શ્રી. જી. ટી. ટોનાપીની જગ્યાએ કોની કોની નિમણૂક કરી છે તે પુછાવતાં નિમાયેલાં માણસોની મુકરર કરેલ ફૉર્મમાં આવેલી વિગત.

૪. એલ. ડી. આર્ટસ કૉલેજ એન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદ.	૪. શ્રી. એચ. સી. ત્રિવેદીનો ફૉર્મમાં જણાવેલ ૮½ વર્ષનો શિક્ષણનો અનુભવ પોસ્ટ ગ્રેજ્યુએટ વર્ગોમાં છે કે કેમ તે બાબત વિષે પુછાવતાં તે અંગે કૉલેજ તરફથી આવેલ પત્ર.
૫. પેટલાદ કૉલેજ, પેટલાદ.	૫. શ્રી. આર. એમ. ચિટનિસની જગ્યાએ થયેલી નિમણૂક બાબતનો મુકરર કરેલા ફૉર્મમાં આવેલો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે:

૧. શ્રી. એલ. એચ. ટ્રેન્ગશેની નિમણૂકને હાલ માન્ય રાખવી નહિ પરંતુ આ સત્રના અંત સુધીમાં પીએચ. ડી. થઈ જાય તો માન્ય રાખવી.

૨. શ્રી. કે. સી. શાહની નિમણૂક ચાલુ વર્ષ માટે માન્ય રાખવી નહિ.

૩. શ્રી. મહેન્દ્રકુમાર એચ. દવેની નિમણૂક માન્ય રાખવી નહિ અને પુરતી લાયકાત ધરાવતા બીજા માણસની નિમણૂક કરવા પ્રિન્સિપાલને જણાવવું અને શ્રી. અર્જુનદેવની નિમણૂક તેઓ ઝૂલોજી માટેની શૈક્ષણિક લાયકાત ધરાવતા ન હોવાથી માન્ય રાખવી નહિ અને તેમની જગ્યાએ બીજા લાયકાત ધરાવતા માણસની નિમણૂક કરવા જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર સરકારના ડાયરેક્ટરને સૌરાષ્ટ્ર સરકારની કૉલેજોમાં યુનિવર્સિટીએ ઠરાવેલ લાયકાતો મુજબના માણસો નિમણૂકો કરવા માટે ધ્યાન આપવા જણાવવું.

૪. શ્રી. એચ. સી. ત્રિવેદીની નિમણૂક મંજૂર કરવી.

૫. શ્રી. જે. એમ. દવેની નિમણૂક મંજૂર કરવી.

૩. તા. ૪-૧૨-૧૯૫૩ના રોજ મળેલી છઠ્ઠી બેઠકના ઠરાવ મુજબ જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યુટના શ્રી. એમ. જી. પારેખ પ્રોફેસર માટેની યુનિવર્સિટીએ મુકરર કરેલી લાયકાત ધરાવતા નહિ હોવાથી તેમની નિમણૂક ના મંજૂર કરવામાં આવી હતી. તે અંગે ફરી વિચારણા કરવા બાબતના અને શ્રી. એચ. એલ. ટ્રેંગશે અંગેના ઠરાવ પ્રમાણે તેમનો કુલ અનુભવ મંગાવતાં તે બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા પત્રો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. જી. પારેખની નિમણૂક મંજૂર કરવી.

૪. તા. ૪-૧૨-૧૯૫૩ના રોજ મળેલી છઠ્ઠી બેઠકના ઠરાવ પ્રમાણે એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદમાં નિમાયેલા આસિસ્ટન્ટ લેક્ચરર ૧. શ્રી. વી. સી. કવાલી અને ૨. શ્રી. આર. એન. મહેતાની નિમણૂકો તેઓ યુનિવર્સિટીએ મુકરર કરેલી લાયકાત ધરાવતા ન હોવાથી નામંજૂર કરવામાં આવી હતી તે પ્રમાણે પ્રિન્સિપાલને જણાવતાં તેઓને ડિગ્રી ક્લાસીસના લેક્ચર પિરિયડસ આપવામાં આવતા નથી પરંતુ ફક્ત ડિગ્રી ક્લાસિસના પ્રેક્ટિકલ પિરિયડસ આપવામાં આવે છે તેમ જણાવતાં અને તદુપરાંત તેઓની

નિમણૂકો યુનિવર્સિટીના કયા નિયમો મુજબ નામંજૂર કરવામાં આવી છે તે જણાવવા બાબતોના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા પત્રો.

આથી ઠરાવવામાં આવે છે કે ૧. શ્રી. વી. સી. કવાલી અને ૨. શ્રી. આર. એન. મહેતા બંને ડેમોન્સ્ટ્રેટરનું કામ કરતા હોવાથી તેમની નિમણૂકો માટે મંજૂરીની જરૂર નથી. શિક્ષકોના ઇલેક્ટોરલ રોલ પર તેઓને લેવા નહિ.

૫. તા. ૫-૨-૧૯૫૪ના રોજ મળેલી બેઠકના ઠરાવ પ્રમાણે લખધીરજી એન્જિનિયરિંગ કૉલેજ, મોરબીના શ્રી. એલ. આઈ. ભટ્ટ કૉલેજમાં શિક્ષક તરીકેનો પૂરતો અનુભવ ન હોવાથી તેમની નિમણૂક નામંજૂર કરવામાં આવી હતી તો તે અંગે તેમનો વિગતવાર અનુભવ ધ્યાનમાં લઈને તે બાબત અંગે ફરી વિચારણા કરવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપાલનો આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એલ. આઈ. ભટ્ટની પ્રોફેસર તરીકેની નિમણૂકને મંજૂર કરવી.

૬. નીચે જણાવેલ માન્ય સંસ્થાઓ અને એફિલિએટેડ કૉલેજોના અધ્યાપક વર્ગમાં થયેલા ફેરફારો.

૧. ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬.

૨. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, નવરંગપુરા, અમદાવાદ-૯.

૩. એલ. ડી. આર્ટ્સ કૉલેજ એન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, નવરંગપુરા, અમદાવાદ-૯.

૪. શેઠ વાડીલાલ સારાભાઈ જનરલ હૉસ્પિટલ એન્ડ શેઠ ચીનાઈ મૅટરનિટી હોમ, એલિસબ્રિજ, અમદાવાદ-૬.

૫. પેટલાદ કૉલેજ, પેટલાદ.

૬. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત.

૭. શ્રી. આર. આર. લાલન ઇન્ટરમિડિયેટ કૉલેજ, ભૂજ-કચ્છ.

૮. ધી લખધીરજી એન્જિનિયરિંગ કૉલેજ, મોરબી, સૌરાષ્ટ્ર.

૯. શામળદાસ કૉલેજ અને સર પી. પી. ઇન્સ્ટિટ્યુટ ઑફ સાયન્સ, ભાવનગર.

૧૦. એમ. એન. કૉલેજ, વિસનગર.

૧૧. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.

૧૨. બી. જે. મેડિકલ કૉલેજ, અસારવા, અમદાવાદ-૧૬.

૧૩. ભીખાભાઈ જીવાભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર, વાયા આણંદ.

૧૪. બી. જે. ઇન્સ્ટિટ્યુટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, ભદ્ર, અમદાવાદ.

૧૫. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર.

અ. આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજોના **નામ સામે જણાવેલ સ્ટાફમાં થયેલ**

ફેરફારો મંજૂર કરવા:

કૉલેજનું નામ:	સ્ટાફ સભ્યનું નામ:
૧. ગુજરાત કૉલેજ અમદાવાદ.	૧. શ્રી. જી. સી. અમીન ૨. શ્રી. જે. આર્. સેતલવાડ ૩. શ્રી. એમ. સી. પરીખ
૨. એલ. ડી. આર્ટ્સ કૉલેજ એન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદ-૯.	૧. શ્રી. વી. એલ. ભટ્ટ (ખાસ કેસ તરીકે નિમણૂક મંજૂર રાખવી.) ૨. શ્રી. અમરલાલ માથુર
૩. વી. એસ. જનરલ હૉસ્પિટલ અને શેઠ ચીનાર્ઈ મૅટરનિટી હોમ, અમદાવાદ-૬.	૧. ડૉ. ડી. ડી. ભુવારીવાલા
૪. પેટલાદ કૉલેજ, પેટલાદ.	૧. ડૉ. એસ. વી. શાહ
૫. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત.	૧. શ્રી. ડી. આર સામન્ત
૬. લખ્ખીરજી એંજિનિયરિંગ કૉલેજ, મોરબી.	૧. શ્રી. પી. એસ. લેલે
૭. એમ. એન. કૉલેજ, વિસનગર.	૧. શ્રી. યુ. જે. ત્રિવેદી
૮. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.	૧. ડૉ. સી. એન. વાડિયા
૯. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.	૧. ડૉ. કે. સી. ગુપ્તા ૨. ડૉ. જી. બી. માંકડ
૧૦. બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર, વાયા આણંદ.	૧. શ્રી. જે. એલ. દેસાર્ઈ ૨. શ્રી. આર. કે. અમીન
૧૧. બી. જે. ઇન્સ્ટિટ્યુટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, ભદ્ર, અમદાવાદ.	૧. મીસ ઇન્દુકલા એચ. ઝવેરી, (સિન્ડિકેટે નીમેલી કો-ઑર્ડિનેશન કમિટીની જે ભલામણો થાય તે ભલામણો અનુસાર જો લાયકાત ધરાવતાં હશે તો જ તેમની માન્યતા ચાલુ રાખવામાં આવશે તેમ જણાવવું. હાલમાં નિમણૂક માન્ય કરવી.)

૪. નીચે દર્શાવેલ કૉલેજોનાં નામ અને સામે જણાવેલ સ્ટાફના સભ્યોની નિમણૂકો મંજૂર રાખની નહિ.

કૉલેજનું નામ:	સ્ટાફના સભ્યનું નામ:
૧. શેઠ વાડીલાલ સારાભાર્ઈ જનરલ હૉસ્પિટલ એન્ડ શેઠ ચીનાર્ઈ મૅટરનિટી હોમ, અમદાવાદ-૬.	૧. ડૉ. કબીરભાર્ઈ એમ. પટેલ, (યુનિવર્સિટીએ મુકરર કરેલી લાયકાત ધરાવતા નથી.)

૨. લખ્ખીરજી એન્જિનિયરિંગ કૉલેજ, મોરબી. ૧. શ્રી. આર. આર. શર્મા,
(ડિગ્રી ક્લાસિસ માટે લાયકાત ધરાવતા નહિ હોવાથી તેમની નિમણૂક નામંજૂર કરવામાં આવે છે.)

૬. નીચે જણાવેલી કૉલેજોનાં નામ સામે જણાવેલ સ્ટાફ અંગે જરૂરી માહિતી મંગાવવી.

કૉલેજનું નામ:	સ્ટાફના સભ્યનું નામ:
૧. શેઠ વાડીલાલ સારાભાઈ જનરલ હૉસ્પિટલ એન્ડ શેઠ ચીનાઈ મૅટરનિટી હોમ, અમદાવાદ-૬.	૧. શ્રી. જે. ટી. ભટ્ટ કયા વિષયો કયા ક્લાસિસમાં તેઓ શીખવે છે અને અઠવાડિક કેટલા પિરિયડસ લે છે તે બાબત અંગે પુછાવવું.
૨. પેટલાદ કૉલેજ, પેટલાદ.	૧. શ્રી. કે. એન. ગુપ્તે, બી. એસસી ની પરીક્ષા કયા વિષયો સાથે કયા વર્ગમાં પાસ કરી છે અને એમ. એસસી.ની પરીક્ષા પેપર્સ સાથે પાસ કરી છે કે થિસિસથી પાસ કરી છે તે પુછાવવું.
૩. શામળદાસ કૉલેજ, ભાવનગર.	૧. શ્રી. એસ. એસ. દવેની બાબતમાં એમ. એસસી. એપ્લાઈડ મૅથેમૅટિક્સમાં ૧૯૩૭માં ક્લાસ અપાતો હતો કે કેમ તે અંગે મુંબઈ યુનિવર્સિટીમાં પુછાવવું તેમજ એમ. એસસી. મૅથેમૅટિક્સ ગ્રુપ 'બી'માં ૧૯૪૭માં ક્લાસ અપાતો હતો કે કેમ તે અંગે મુંબઈ યુનિવર્સિટીમાં પુછાવવું.
૪. એમ. જે. કૉલેજ ઓફ કૉમર્સ, ભાવનગર.	૧. કૉ. એમ. બી. દેસાઈની જગ્યાએ જે માણસની નિમણૂક થાય તેનો રિપોર્ટ મુકરર થયેલા ફૉર્મમાં નિમણૂક થયે તુર્ત જ કરવો.

૭. નીચેની કૉલેજમાં તેનાં નામ સામે જણાવેલ નિમણૂક ઉપરની વિચારણા મુલતવી રાખવી.

કૉલેજનું નામ:	સ્ટાફના સભ્યનું નામ:
૧. શેઠ વાડીલાલ સારાભાઈ જનરલ હૉસ્પીટલ એન્ડ શેઠ ચીનાઈ મૅટરનિટી હોમ, અમદાવાદ-૬.	૧. કૉ. એમ. ડી. પટેલ.

૮. નીચે જણાવેલ કૉલેજોના નામ સામે જણાવેલ સ્ટાફના સભ્યો ડેમોન્સ્ટ્રેટરનું કામકાજ કરતા હોવાથી તેમની નિમણૂક માટે મંજૂરીની જરૂર નથી. શિક્ષકોના પ્લેકટોરલ રોલ ઉપર તેઓને લેવા નહિ.

૧. એલ. ડી. કૉલેજ ઓફ એન્જિનિયરિંગ, નવરંગપુરા, અમદાવાદ-૯.	૧. શ્રી. પી. એલ. એલાની ૨. શ્રી. પી. એસ. અગ્નિહોત્રી ૩. શ્રી. ટી. આર. સુબ્રામન્યન.

ફ. નીચે જણાવેલ કૉલેજનાં નામ સામે જણાવેલ સ્ટાફના સભ્ય ડિપ્લોમા કોર્સ માટે જ નિમાયેલા હોવાથી તેમની નિમણૂક અથવા ફેરફારી અંગે આ ઑફિસને મુકરર કરેલા ફૉર્મમાં રિપોર્ટ કરવાની જરૂર નથી. એટલે કે ડિપ્લોમા કોર્સ માટે જ નિમાયેલા સ્ટાફના સભ્યોની નિમણૂક અથવા ફેરફારી અંગે આ ઑફિસને રિપોર્ટ કરવાની જરૂર નથી તે બાબત અંગે એન્જિનિયરિંગ કૉલેજોના પ્રિન્સિપાલોને પરિપત્રથી જણાવવું.

૧. લાખીરજી એન્જિનિયરિંગ કૉલેજ, મોરબી. ૧. શ્રી. પી. ડી. ઝાલા.

ગ. આથી ઠરાવવામાં આવે છે કે આર. આર. લાલન ઇન્ટરમિડિયેટ કૉલેજ, ભૂજ-કચ્છના પ્રિન્સિપાલને જણાવવું કે આ યુનિવર્સિટીએ મુકરર કરેલી લાયકાતો ધરાવતા માણસની તાકીદે પર્શિયન શીખવવા માટે નિમણૂક કરવી.

૭. નીચે જણાવેલી એફિલિયેટેડ કૉલેજોના અધ્યાપક વર્ગમાં થયેલા ફેરફારો

૧. એસ. બી. ગાર્ડા કૉલેજ એન્ડ બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, નવસારી

૨. ભાઈભાઈ જીવાભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર, વાયા આણંદ.

૩. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત

૪. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર.

અ. આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજોનાં નામ સામે જણાવેલ સ્ટાફમાં થયેલા ફેરફારો મંજૂર કરવા :

કૉલેજનું નામ :	સ્ટાફના સભ્યનું નામ :
૧. એસ. બી. ગાર્ડા કૉલેજ એન્ડ બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યુટ નવસારી.	૧. શ્રીમતી મીસ દુધા કેટી માનજી ૨. શ્રી. એચ. પી. સુરાણીવાલા
૨. બી. જે. કૉલેજ ઑફ કૉમર્સ, વલ્લભવિદ્યાનગર, વાયા આણંદ.	૧. શ્રી. એમ. પી. ભટ્ટ
૩. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર.	૧. શ્રી. આઈ. જે. ધ્રુવ

બ. નીચે દર્શાવેલ કૉલેજનાં નામ સામે જણાવેલ સ્ટાફના સભ્યોની નિમણૂકો મંજૂર રાખવી નહિ.

૧. એસ. બી. ગાર્ડા કૉલેજ એન્ડ બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, નવસારી.	૧. શ્રીમતી મિસ સુધા રઘુનાથ રૈરીકર ૨. શ્રીમતી મિસ ખુરશીદ માણેક મહેતા, (એક લેક્ચરરની ખાલી પડેલી જગ્યા બે ટ્યુટર નીમીને પૂરી શકાય નહિ.)

ક. નીચે જણાવેલી કૉલેજનાં નામ સામે જણાવેલ સ્ટાફ અંગે જરૂરી માહિતી મંગાવવી.

૧. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત.	૧. શ્રી. બાળગોપાળ કેશવ આચાર્ય ૨. શ્રી. દોલતરામ નારણજી દેસાઈ ૩. શ્રી. ઠાકોરદાસ મનમોહનદાસ વકીલની જગ્યાઓએ જે માણસોની નિમણૂક થાય તેમના રિપોર્ટો મુકરર કરેલા ફૉર્મમાં નિમણૂક થયે તુરત જ કરવા.

૮. નીચે જણાવેલી કૉલેજોનાં નામ સામે જણાવેલ સ્ટાફના સભ્યોમાં થયેલા ફેરફારો મુકરર કરેલા ફૉર્મમાં આવેલા રિપોર્ટો.

કૉલેજનું નામ :	સ્ટાફના સભ્યનું નામ :
૧. એ. જી. ટિચર્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ.	૧. શ્રી. આર. પી. પંડ્યા
૨. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિમાબાડા.	૧. શ્રી. એન. એસ. યાજ્ઞિક ૨. શ્રી. બી. એ. પરીખ
૩. એમ. ટી. બી. કૉલેજ, સુરત.	૧. શ્રી. કે. બી. વ્યાસ

અ. આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજોનાં નામ સામે જણાવેલા સ્ટાફમાં થયેલા ફેરફારો મંજૂર કરવા.

કૉલેજનું નામ :	સ્ટાફના સભ્યનું નામ :
૧. એ. જી. ટિચર્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ-૯.	૧. શ્રી. આર. પી. પંડ્યા
૨. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય. અલિમાબાડા.	૧. શ્રી. એન. એસ. યાજ્ઞિક ૨. શ્રી. બી. એ. પરીખ
૩. એમ. ટી. બી. કૉલેજ, સુરત.	૧. શ્રી. કે. બી. વ્યાસ

જ. મ. મહેતા
ઑફિસિંગ રજીસ્ટ્રાર

પરિશિષ્ટ "થ"

કામકાજ નં. ૯૨

નં. ફિઝિ : ૮૫૨ – ૮૬૦ – ૧૯૫૪.
અમદાવાદ. ૯. તા. ૩૦-૭-૧૯૫૪.

ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તેરમી સભા શનિવાર તા. ૨૪-૭-'૫૪ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં નીચેનાં કામો ઉપર વિચારણા કરવા માટે મળી હતી. અને તેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧.	પ્રિન્સિપાલ આર. ડી. દેસાઈ	હાજર
૨.	,, કે. એલ. દેસાઈ	,,
૩.	,, એસ. વી. શાહ	,,
૪.	,, જે. બી. શાંડિલ્ય	,,
૫.	શ્રી. છગનભાઈ પી. પટેલ	,,
૬.	શ્રી. મણિભાઈ એન. નાયક	,,
૭.	શ્રી. બી. કે. નાયક	ગેરહાજર
૮.	શ્રી. આર. જી. પટેલ	,,

પ્રિન્સિપાલ એમ. એસ. શાહ ખાસ આમંત્રણથી હાજર હતા.

૧. તા. ૬-૩-૫૪ના રોજ મળેલી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની બારમી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

બોર્ડ ઑફ સ્પોર્ટ્સની બારમી સભાના કામકાજની નોંધને બહાલી આપવામાં આવી હતી. અને તે ઉપર શ્રી. ચેરમેને સહી કરી હતી.

૨. સને ૧૯૫૪-૫૫ના વર્ષ માટે મજકૂર બોર્ડના ચેરમેનની ચૂંટણી કરવા બાબત.

સાઉથ ઝોનના ચેરમેન પ્રિન્સિપાલ કે. એલ. દેસાઈ એ ચેરમેન તરીકે પ્રિન્સિપાલ આર. ડી. દેસાઈનું નામ સૂચવ્યું હતું અને તેને નોર્થ ઝોનના ચેરમેન પ્રિન્સિપાલ એસ. વી. શાહે ટેકો આપ્યો હતો અને ત્યાર બાદ પ્રિન્સિપાલ આર. ડી. દેસાઈ ને ૧૯૫૪-૫૫ની સાલ માટે બોર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રમુખ તરીકે સર્વાનુમતે ચૂંટવામાં આવ્યા હતા.

૩. ચાલુ વર્ષ દરમિયાન ઇન્ટર-ગ્રુપ સ્પોર્ટ્સ માટે કઈ કઈ રમતોમાં હરીફાઈઓ કરવી તે તથા તેની તારીખ નક્કી કરવા બાબત

૬. આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ સાલે ઇન્ટર-ગ્રુપની એથ્લેટિક્સની હરીફાઈ સુરતની એમ. ટી. બી. કૉલેજના ગ્રાઉન્ડસ ઉપર તા. ૧૧ અને ૧૨ ડિસેમ્બરના રોજ યોજવી.

ખ. વધુમાં ઠરાવવામાં આવે છે કે ઇન્ટર-ગ્રુપ સ્પોર્ટ્સ માટે નીચેની રમતો રાખવી.

ખ. ૧. **રમતો-વિદ્યાર્થીઓ માટે.**

૧. ક્રિકેટ ૨. હૉકી. ૩. ફૂટબૉલ. ૪. વૉલીબૉલ. ૫. હૂ-તુ-તુ. ૬. બો-બો ૭. ટેનિસ ૮. બેડમિન્ટન (ટેનિસ માફક ટીમ તરીકે.)

ખ. ૨. **રમતો-વિદ્યાર્થીનીઓ માટે.**

૧. બો-બો. ૨. બેડમિન્ટન (ટેનિસ માફક ટીમ તરીકે) ૩. ટેબલ ટેનિસ (સિંગલ્સ)

ખ. ૩. એથ્લેટિક્સ વખતે નીચેના આઈટેમો રાખવા :

વિદ્યાર્થીઓ માટે

૧.	૧૦૦	મીટર	દોડ
૨.	૨૦૦	,,	,,
૩.	૪૦૦	,,	,,
૪.	૮૦૦	,,	,,
૫.	૧૫૦૦	,,	,,
૬.	૧૧૦	,,	હર્ડલ્સ
૭.	૧૬૦૦	,,	મેડલે રીલે
	(૨૦૦, ૪૦૦, ૮૦૦, ૨૦૦ રેલે)		
૮.	લાંબો કૂદકો		
૯.	ઊંચો કૂદકો		
૧૦.	લંગડી ફાળ કૂદકો		
૧૧.	વાંસ કૂદકો		
૧૨.	૧૬ રતલ ગોળા ફેંક		
૧૩.	ચક્ર ફેંક		
૧૪.	ભાલા ફેંક		
૧૫.	કુસ્તી :		
૧.	એન્ટમ વેઇટ	૩.	લાઇટ વેઇટ
૨.	ફેધર વેઇટ	૪.	વેલ્ટર વેઇટ

વિદ્યાર્થિનીઓ માટે

૧. ૧૦૦ મીટર દોડ

૨. ૨૦૦ ,, ,,

નોંધ. ૧૬૦૦ મીટર મેડલે રીલે પૉઇન્ટસ માટે ગણાશે નહિ.

ગ. વધુમાં ઠરાવવામાં આવે છે કે ચાલુ સાલે ઇન્ટર-ગ્રુપની એથ્લેટિક્સની હરીફાઈ સુરત મુકામે કરવા માટે સાઉથ ઝોનની લોકલ સ્પોર્ટ્સ કમિટીને સત્તા આપવી.

ઘ. વધુમાં ઠરાવવામાં આવે છે કે નીચેના સભ્યોની બનેલી એડવાઈઝરી કમિટી ઇન્ટર-ગ્રુપ સ્પોર્ટ્સ કરવા માટે નીમવી.

૧. પ્રિન્સિપાલ આર. ડી. દેસાઈ,
ચેરમેન, યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સ

૨. પ્રિન્સિપાલ કે. એલ. દેસાઈ,
પ્રેસિડેન્ટ, સાઉથ ઝોન લોકલ સ્પોર્ટ્સ કમિટી

૩. શ્રી. વી. પી. મહેતા,
ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન.

ચ. વધુમાં ઠરાવવામાં આવે છે કે ઇન્ટર-ગ્રુપ સ્પોર્ટ્સમાં ચેમ્પિયનશિપ નક્કી કરવા માટે ચાલુ સાલે નીચે પ્રમાણે પૉઇન્ટસ આપવાં :

ટીમ ઇવેન્ટ્સ

વિનર્સને	૮ પૉઇન્ટસ આપવા
રનર્સ અપને	૪ ,, ,,

વ્યક્તિગત હરીફાઈઓમાં

પ્રથમ આવનારને	૪ પૉઇન્ટસ આપવા
દ્વિતીય આવનારને	૩ ,, ,,
તૃતીય આવનારને	૨ ,, ,,
ચોથા આવનારને	૧ ,, ,,

તથા ટેનીસ અને બેડમિન્ટનની (વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ) સીંગલ્સ અને ડબલ મળીને દરેકને ટીમ ઈવેન્ટસ ગણવાં અને તે પ્રમાણેનાં પોઈન્ટસ આપવાં તથા ટેબલ ટેનીસ સીંગલ્સ (વિદ્યાર્થીનીઓ માટે) ને વૈયક્તિક રમત ગણવી અને વિજેતાને ૪ પોઈન્ટસ આપવાં. સેકન્ડ બેસ્ટ નક્કી કરીને ૩ પોઈન્ટસ આપવાં, તૃતિય આવનારને ૨ પોઈન્ટસ આપવાં અને ચોથાને એક પોઈન્ટ આપવું.

છ. વધુમાં ઠરાવવામાં આવે છે કે બહેનોની હરીફાઈઓના પૉઇન્ટસ પણ ચેમ્પિયનશિપ નક્કી કરવામાં ઉમેરવા.

જ. વધુમાં ઠરાવવામાં આવે છે કે ટીમ ઇવેન્ટસની હરીફાઈઓમાં ત્રણ ઝોન ભાગ લેતા હોય તો જ યોજવી.

ઝ. વધુમાં ઠરાવવામાં આવે છે કે ચાલુ સાલે ટેનિસ, બેડમિન્ટન (ભાઈઓ અને બહેનો માટે) અને ટેબલ ટેનિસ (બહેનો માટે)ની હરીફાઈઓ તા. ૧૧ અને ૧૨ ડિસેમ્બરના રોજ સુરત મુકામે યોજવી અને તે સિવાયની બીજી રમતો આ સાથે આપેલ પરિશિષ્ટ 'ક'માં જણાવેલ તારીખો તથા સ્થળોએ યોજવી. તથા તેમાં દર્શાવેલ ઝોનોના ચેરમેનને વિનંતી કરવામાં આવે છે કે તે હરીફાઈઓની બાબતમાં ઘટતું કરવા માટે જરૂરી પગલાં લેવાં.

ટ. વધુમાં ઠરાવવામાં આવે છે કે જે ગ્રુપની ટીમ સેમી-ફાઇનલમાં વિજેતા થઈ હોય તેની જાણ તે ગ્રુપના ચેરમેન સાહેબે યુનિવર્સિટી ઑફિસને તથા બીજા ગ્રુપોના ચેરમેનોને તારથી કરવી.

ઠ. વધુમાં ઠરાવવામાં આવે છે કે તા. ૧૧ અને ૧૨ ડિસેમ્બરના રોજ સુરત મુકામે થનાર ઇન્ટર-ગ્રુપની એથ્લેટિક્સ હરીફાઈ, ટેનિસ, બેડમિન્ટન (ભાઈઓ અને બહેનો માટે) તથા ટેબલ ટેનિસ (સિંગલ્સ) (બહેનો માટે)ની હરીફાઈઓ માટેનાં હરીફોનાં નામ દરેક ગ્રુપે તે માટેનાં પ્રવેશપત્રોમાં ભરીને મોડામાં મોડાં તા. ૯-૧૨-૫૪ સુધીમાં સાઉથ ઝોનના ચેરમેનને મોકલાવી આપવાં અને તેની એક નકલ યુનિવર્સિટી ઑફિસને પણ મોકલી આપવી.

૪. ગુજરાત યુનિવર્સિટી હેન્ડબુક ઑફ સ્પોર્ટ્સમાં પાનાં નં. ૭ ઉપર ૧૨મી આઈટેમમાં ચેમ્પિયનશિપ નક્કી કરવા માટે જે પૉઇન્ટસ ઠરાવેલાં છે તેમાં સુધારો કરવા માટે વિચારણા કરવા બાબત.

(નોંધ — સને ૧૯૫૨-૫૩ તથા ૧૯૫૩-૫૪ની ઇન્ટર-ગ્રુપ સ્પોર્ટ્સમાં ગેમ્સ ઇવેન્ટસમાં વિનરને ૮ પૉઇન્ટસ અને રનર્સ-અપને ૪ પૉઇન્ટસ આપવાનાં ઠરાવ્યાં હતાં અને વ્યક્તિગત ઇવેન્ટસમાં "હેન્ડ બુક ઑફ સ્પોર્ટ્સ"માં દર્શાવેલ પૉઇન્ટસ આપવાનાં ઠરાવ્યાં હતાં.)

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગેનો સુધારો મંજૂર કરવો ને ઠરાવ નં. ૩ (ચ)માં જણાવ્યા પ્રમાણે પૉઇન્ટસ રાખવાં.

૫. ઇન્ટર યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડના સેક્રેટરી તરફથી આવેલા તા. ૮-૫-'૫૪ના પત્રાંક ૪૨૭-૪૮૮ એસ. પ્રમાણે ગુજરાત યુનિવર્સિટીના હરીફો માટે ઇન્ટર યુનિવર્સિટીમાં ભાગ લેતી વખતનો કલર નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી માટે "Blue & White" કલર્સ નક્કી કરવો.

૬. ઇન્ટર યુનિવર્સિટી તરફથી થતી જુદી જુદી રમતોની હરીફાઈઓમાં કઈ કઈ હરીફાઈમાં ચાલુ સાલે ભાગ લેવો તે નક્કી કરવા બાબત.

(નોંધ — ઇન્ટર યુનિવર્સિટી માટે બજેટમાં રૂા. ૧૩૦૦૦-૦-૦ની રકમ મંજૂર કરવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટર યુનિવર્સિટી તરફથી થતી રમતોમાંથી નીચેની રમતોમાં આ યુનિવર્સિટીએ ભાગ લેવો :

૧. ક્રિકેટ, ૨. ટેનિસ ૩. બેડમિન્ટન ૪. ફૂટબૉલ અગર હૉકી ૫. વૉલીબૉલ ૬. એથ્લેટિક્સ ૭. હુતૂ-તુ-તુ ૮. કુસ્તી ૯. ખો-ખો (બહેનો માટે). પરંતુ ઉપરની રમતોમાં આ યુનિવર્સિટીના હરીફો ઇન્ટર યુનિવર્સિટી રમતોનું બોજામાં કંઈક ઘોરણ બતાવે તો જ ઉપરની રમતોમાં યુનિવર્સિટીની ટીમો મોકલવી.

૧. વધુમાં ઠરાવવામાં આવે છે કે બેડમિન્ટન (વિદ્યાર્થીઓ માટે) વૉલીબૉલ, હુ-તુ-તુ અને કુસ્તીની ઇન્ટર યુનિવર્સિટીની હરીફાઈઓ માટે આ યુનિવર્સિટીની ટુકડીઓ અને હરીફોની પસંદગી કરવા માટે તા. ૧૦ અને ૧૧ ઑક્ટોબર ૧૯૫૪ના રોજ અમદાવાદ મુકામે સિલેક્શન ટ્રાયલ યોજવી અને ફૂટબૉલની સિલેક્શન ટ્રાયલ સપ્ટેમ્બર તા. ૨૧-૨૨ ના રોજ યોજવી.

૨ (અ) સિલેક્શન ટ્રાયલ માટે દરેક ગ્રુપે બેડમિન્ટન સિંગલ્સ તથા ડબલ્સ માટે ૪, કુસ્તી માટે દરેક વેઈટના એ. એક અને કુલ ચાર અને હુ-તુ-તુ અને વૉલીબૉલ માટે ૭, ૭ હરીફોના નામ માંડામાં મોડાં તા. ૩-૧૦-૫૪ સુધીમાં નક્કી થયેલ એન્ટ્રી ફૉર્મમાં ભરીને યુનિવર્સિટી ઑફિસે મોકલાવી આપવાં અને ફૂટબૉલ માટેના દરેક ગ્રુપે ૭ હરીફોનાં નામ તા. ૧૪-૯-૫૪ સુધીમાં મોકલી આપવાં.

(બ) હુ-તુ-તુ, વૉલીબૉલ અને ફૂટબૉલ માટે જો કોઈ ગ્રુપને પોતાના સારા હરીફો રહી જતા હોય તેમ લાગે તો ઉપર દર્શાવેલ ૭, ૭ હરીફો ઉપરાંત દરેક રમત માટે વધુમાં વધુ બે હરીફો, તેઓનો સમસ્ત ખર્ચ ગ્રુપને માથે આપવાનો રાખીને, સિલેક્શન ટ્રાયલ મેચો માટે મોકલી શકશે.

૩. હુ – તુ – તુ માટેની સિલેક્શન ટ્રાયલ્સ માટે આવતાં હરીફો સારા પકડનાર (Catcher) કે સારા મારનાર (Killer) છે અને વૉલીબૉલ માટે હરીફોનાં નામ સામે તેઓ સારા ઉછાળનાર (Lifter) કે દબાવનાર (Smasher) છે તેની વિગત તેઓનાં નામની સાથે મોકલાવી આપવી. અને ફૂટબૉલ માટેના હરીફો કઈ પોઝિશન ઉપર રમે છે તે તેમનાં નામ સામે જણાવવું.

૪. ઉપર દર્શાવેલ રમતો માટેની સિલેક્શન ટ્રાયલ મેંચો માટે બીજા ઝોનોમાંથી આવતા હરીફોનું અમદાવાદ આવવા જવાનું રેલવે ભાડું તે કૉલેજ યા ગ્રુપે આપવાનું રહેશે અને યુનિવર્સિટીએ નક્કી કરેલ સંખ્યાના હરિફોનું જમવાનું તથા નાસ્તાનું ખર્ચ બોર્ડ ઑફ સ્પોર્ટ્સ યુનિવર્સિટીના નિયમ મુજબ આપશે.

૭. સને ૧૯૫૪ – ૫૫ના વર્ષ માટે બજેટ નક્કી કરવા બાબત.

(નોંધ. – ઇન્ટરગ્રુપ સ્પોર્ટ્સ કરવા માટે બજેટમાં રૂ. ૪૦૦૦–૦–૦ ની રકમ મંજૂર કરવામાં આવી છે અને ઇન્ટર કૉલેજિયેટ સ્પોર્ટ્સ માટે બજેટમાં રૂ. ૮૦૦૦–૦–૦ ની રકમ મંજૂર કરવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટર – કૉલેજિયેટ સ્પોર્ટસ માટે બજેટમાં જે પ્રોવિઝન છે તેની જુદા જુદા ઝોનો વચ્ચે – નૉર્થ સાઉથ અને સૌરાષ્ટ્ર ઝોનોને હરીફો અંગે રેલવે ફેર તથા બોર્ડિંગ અને લૉજિંગ અંગે જે ખર્ચો ચાલુ સાલે કરવો પડશે તે ધ્યાનમાં લઈ ને નીચેના ધોરણે વહેંચણી કરવી.

	ઝોનનું પોતાનું કૉન્ટ્રીબ્યુશન :	યુનિવર્સિટી તરફથી ઝોનને આપવાનું કૉન્ટ્રીબ્યુશન :
અમદાવાદ લોકલ સ્પોર્ટસ કમિટી	રૂ. ૩૦૦૦	રૂ. ૨૦૦૦
નૉર્થ ઝોન ,, ,, ,,	રૂ. ૧૪૫૦	રૂ. ૨૨૦૦
સાઉથ ઝોન ,, ,, ,,	રૂ. ૧૨૭૦	રૂ. ૧૬૦૦
સૌરાષ્ટ્ર ,, ,, ,, ,,	રૂ. ૧૬૨૫	રૂ. ૨૨૦૦
	રૂ. ૭૩૪૫	રૂ. ૮૦૦૦

ત્યાર બાદ પ્રમુખની પરવાનગીથી નીચેનાં કામો પર વિચારણા કરવામાં આવી હતી.

૮. મધ્યસ્થ સરકારના કેળવણી ખાતા તરફથી "યુથ વેલ્ફેર" કમિટીઓ નીમવા અંગેના સૂચનો કરતાં આવેલાં તા. ૮–૩–૫૪ ના – પત્રાંક ૧, ૫–૨–'૫૪ વાય – ડબલ્યુ પર વિચારણા કરવા બાબત.

આ અંગે અમદાવાદ, ઉત્તર તેમજ દક્ષિણ વિભાગની લોકલ સ્પોર્ટસ કમિટીઓએ કરેલા ઠરાવ વાંચવામાં આવ્યાં હતા અને પછી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું હતું :

આથી ઠરાવવામાં આવે છે કે હાલના સ્પોર્ટ્સ અંગેના ઝોન આ કામ માટે અનુકૂળ નથી કારણ કે કેટલાક ઝોનમાં કૉલેજો હોય એવાં ગામ અથવા શહેરો એકબીજાથી ઘણા દૂર છે તેથી જે એક જ સ્થળે એક કરતાં વધારે કૉલેજો હોય ત્યાં મધ્યસ્થ સરકારના કેળવણી ખાતા તરફથી આવેલા પત્રમાં જણાવ્યા મુજબની 'એરિયા' કમિટીઓ નીમવી.

આ પ્રમાણે અમદાવાદ, આણંદ, સુરત અને ભાવનગરમાં આવી કમિટીઓ બનાવી શકાય.

૯. તા. ૨૫, ૨૬ અને ૨૭ જાનેવારી ૧૯૫૪ના રોજની સિલ્વર જ્યુબિલી ઓવરસીઝ ક્રિકેટ ટીમ અને યુનિવર્સિટી ઇલેવનની મેચ માટે યુનિવર્સિટીઝ ઇલેવનની પસંદગી માટેની સિલેક્શન ટ્રાયલ્સ માટે બોલાવવામાં આવેલ હરીફ શ્રી. એચ. પી. ત્રિવદીની નિયમ મુજબ મંજૂર કરવામાં આવેલા ખર્ચ કરતાં તેમને થયેલ રૂ. ૧૦૦ના વધુ ખર્ચને મંજૂર કરવા માટેના તા. ૯-૬-૫૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. પી. ત્રિવેદીની માંગણી નામંજૂર કરવી અને આ બાબતમાં શ્રી. ચેરમેને લીધેલાં પગલાંને બહાલી આપવી.

૧૦. શ્રી એચ. સી. બકના પુસ્તકની નવી આવૃત્તિ બાબતમાં ઇન્ટર યુનિવર્સિટી બોર્ડ ઓફ ઇન્ડિયા, મદ્રાસના સેક્રેટરી તરફથી આવેલ તા. ૨૪-૬-૫૪ના પત્રાંક ૧૩૦૮-૧૩૩૩-એસ. પર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. સી. બકના પુસ્તકની નવી આવૃત્તિની પાંચ નકલ મંગાવવી."

ત્યાર બાદ નીચેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો :

આથી દરેક ગ્રુપના હરીફો માટે જુદી જુદી રમતોની હરીફાઈઓમાં ભાગ લેતી વખતે રેલ્વે કન્સેશન મેળવવાની અનુકૂળતા પડે તે માટે યુનિવર્સિટીના રજિસ્ટ્રારની સહીવાળાં કોરાં કન્સેશન એપ્લીકેશનનાં ફોર્મ્સ કે જેના ઉપર તે ગ્રુપના ચેરમેનની કાઉન્ટર સિગ્નેચર થયા પછી જ વેલિડ (Valid) ગણાય તેવાં સહીવાળાં પચાસ ફોર્મ્સ દરેક ગ્રુપના ચેરમેનને મોકલી આપવાં અને આ પ્રમાણેના કન્સેશન અરજીનાં કોરાં ફોર્મ્સ ઉપર શ્રી. રજિસ્ટ્રારને સહી કરવા જણાવવા માટે આ બોર્ડ સિન્ડિકેટને વિનંતી કરે છે.

વાસુદેવ મહેતા
સેક્રેટરી
યુનિવર્સિટી બોર્ડ ઓફ સ્પોર્ટ્સ

પરિશિષ્ટ "અ"

ક્રિકેટ -- સમય ૧૦-૩૦ થી ૫-૧૫

	સેમી ફાઇનલ	ફાઇનલ
૧. નોર્થ ગ્રુપ	તા. ૧૮. ૧૯. ૨૦-૬-૫૪	તા. ૨૫. ૨૬. ૨૭. ૨૮-૬-૫૪
૨. સાઉથ ગ્રુપ	સ્થળ :- સાઉથ ગ્રુપની વિજેતા કૉલેજને સ્થળે.	સ્થળ :- અમદાવાદ-સૌરાષ્ટ્ર ગ્રુપની વિજેતા કૉલેજને સ્થળે
૩. અમદાવાદ ગ્રુપ	તા. ૧૮. ૧૯. ૨૦-૬-૫૪	
૪. સૌરાષ્ટ્ર ગ્રુપ	સ્થળ :- સૌરાષ્ટ્ર ગ્રુપની વિજેતા કૉલેજ સ્થળે.	

વૉલીબૉલ

૧. નોર્થ ગ્રુપ	તા. ૨૪-૬-૫૪	તા. ૧-૧૦-૫૪
૨. સાઉથ ગ્રુપ	સ્થળ :- નોર્થ ગ્રુપની વિજેતા કૉલેજને સ્થળે.	સ્થળ :- અમદાવાદ-સૌરાષ્ટ્ર ગ્રુપની વિજેતા કૉલેજને સ્થળે

૩. અમદાવાદ ગ્રુપ તા. ૨૪-૯-૫૪
૪. સૌરાષ્ટ્ર ગ્રુપ સ્થળ :- સૌરાષ્ટ્ર ગ્રુપની વિજેતા કૉલેજને સ્થળે.

હુ-તુ-તુ

૧. નોર્થ ગ્રુપ તા. ૨૪-૯-૫૪ તા. ૧-૧૦-૧૯૫૪
૨. સાઉથ ગ્રુપ સ્થળ :- નોર્થ ગ્રુપની વિજેતા કૉલેજને સ્થળે સ્થળ :- અમદાવાદ-સૌરાષ્ટ્ર ગ્રુપની વિજેતા કૉલેજને સ્થળે
૩. અમદાવાદ ગ્રુપ તા. ૨૪-૯-૫૪
૪. સૌરાષ્ટ્ર ગ્રુપ સ્થળ :- સૌરાષ્ટ્ર ગ્રુપની વિજેતા કૉલેજને સ્થળે

ખો-ખો-વિદ્યાર્થીઓ માટે

૧. નોર્થ ગ્રુપ તા. ૨૪-૯-૫૪ તા. ૩-૧૦-૫૪
૨. સાઉથ ગ્રુપ સ્થળ :- સાઉથ ગ્રુપની વિજેતા કૉલેજને સ્થળે સ્થળ : નોર્થ -સાઉથ ગ્રુપની વિજેતા કૉલેજને સ્થળે.
૩. અમદાવાદ ગ્રુપ તા. ૨૪-૯-૫૪
૪. સૌરાષ્ટ્ર ગ્રુપ સ્થળ :- સૌરાષ્ટ્ર ગ્રુપની વિજેતા કૉલેજને સ્થળે

હૉકી

૧. નોર્થ ગ્રુપ તા. ૨૦-૧૧-૫૪ તા. ૨૭-૧૧-૫૪
૨. સાઉથ ગ્રુપ સ્થળ : - સાઉથ ગ્રુપની વિજેતા કૉલેજને સ્થળે સ્થળ :- નોર્થ-સાઉથ ગ્રુપની વિજેતા કૉલેજને સ્થળે
૩. અમદાવાદ ગ્રુપ તા. ૨૦-૧૧-૫૪
૪. સૌરાષ્ટ્ર ગ્રુપ સ્થળ :- સૌરાષ્ટ્ર ગ્રુપની વિજેતા કૉલેજને સ્થળે

ફૂટબૉલ

૧. નોર્થ ગ્રુપ તા. ૮-૯-૫૪ તા. ૧૫-૯-૫૪
૨. સાઉથ ગ્રુપ સ્થળ :- નોર્થ ગ્રુપની વિજેતા કૉલેજને સ્થળે સ્થળ :- નોર્થ-સાઉથ ગ્રુપની વિજેતા કૉલેજને સ્થળે
૩. અમદાવાદ ગ્રુપ તા. ૮-૯-૫૪
૪. સૌરાષ્ટ્ર ગ્રુપ સ્થળ : સૌરાષ્ટ્ર ગ્રુપની વિજેતા કૉલેજને સ્થળે

ખો-ખો-વિદ્યાર્થિનીઓ માટે

૧. નોર્થ ગ્રુપ તા. ૨૦-૧૧-૫૪ તા. ૨૭-૧૧-૫૪
૨. સાઉથ ગ્રુપ સ્થળ :- નોર્થ ગ્રુપની વિજેતા કૉલેજને સ્થળે સ્થળ :- નોર્થ-સાઉથ ગ્રુપની વિજેતા કૉલેજને સ્થળે
૩. અમદાવાદ ગ્રુપ તા. ૨૦-૧૧-૫૪
૪. સૌરાષ્ટ્ર ગ્રુપ સ્થળ :- સૌરાષ્ટ્ર ગ્રુપની વિજેતા કૉલેજને સ્થળે

પરિશિષ્ટ "દ"

કામકાજ નં. ૧૦૩

Revised Programme of Examinations

Examination :	Dates
B.Sc. (Subsidiary) (2 days)	11-10-54
B.Com. (5 days)	11-10-54
B.Pharm. (3 days)	11-10-54
B.E. (C.M. & E.) (7 days)	18-10-54
Law Preliminary	11-10-54
1st LL.B. (Old & New)	11-10-54
2nd LL.B. (Old & New)	11-10-54
1st M.B., B.S. (2 days)	11-10-54
2nd M.B., B.S. (½ day)	13-10-54
3rd M.B., B.S. (4½ days)	11-10-54
Ph.D. Tr. Test (½ day)	11-10-54
M.D.	
M.S.	
B.Sc. (Med.)	11-10-54
M.Sc. (Med.)	
M.Sc. (Agri.)	22-11-54

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની એક ખાસ સભા, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, શુક્રવાર તા. ૨૭-૮-૧૯૫૪ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળેલી, તે વખતે હાજરી નીચે પ્રમાણે હતી:

૧. શ્રી. હરસિદ્ધભાઈ વ. દિવેટિયા, વાઈસ-ચાન્સેલર	હાજર
૨. શ્રી. એસ. એસ. ભાંડારકર, ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન, બૉમ્બે સ્ટેટ	ગેરહાજર,
૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર,
૪. શ્રી. બટુભાઈ એચ. દેસાઈ	હાજર,
૫. ડૉ. ભાસ્કર આર. પટેલ	ગેરહાજર,
૬. શ્રી. ભાઈલાલભાઈ ડી. પટેલ	હાજર,
૭. શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈ	ગેરહાજર,
૮. શ્રી બી. કે. મુનશી	હાજર,
૯. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર,
૧૦ શ્રી. રતિલાલ એમ. ત્રિવેદી	હાજર,
૧૧. શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર,
૧૨. પ્રિન્સિપાલ ડૉ. કે. જી. નાયક	હાજર,
૧૩. પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી	ગેરહાજર,
૧૪. પ્રિન્સિપાલ ડૉ. આર. પી. પટેલ	હાજર,
૧૫. પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર	ગેરહાજર,
૧૬. શ્રી બી. આર. શેનોય	હાજર.

૧. તા. ૭-૮-૧૯૫૪ના રોજ મળેલી સિન્ડિકેટની સામાન્ય સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત:

કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઈસ-ચાન્સેલરે સહી કરી.

૨. ઑક્ટોબર ૧૯૫૪ માં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકો નીમવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે મીટિંગમાં કરવામાં આવેલા ફેરફારો સાથે પરીક્ષકોની નિમણૂકો કરવી. (લિસ્ટ આ સાથે છાપવામાં આવ્યું નથી.)

૩. પબ્લિકેશન બોર્ડની ભલામણ સિન્ડિકેટે સ્વીકાર્યા મુજબ પુસ્તકોનાં ભાષાંતર કરાવવા અંગે ભાષાંતરકારોને આપવાનું મહેનતાણું, કૉપી રાઈટ, સમયમર્યાદા વગેરે નક્કી કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે :—

૧. ઑથર કે પબ્લિશર જેનો કૉપીરાઈટ હોય તેમની પરવાનગી મેળવવી.

૨. યુનિવર્સિટી જે ભાષાંતર બહાર પાડે તેનો કૉપીરાઈટ યુનિવર્સિટીનો રહેશે.

૩. ઑરેપ્ટેશનના પાના દીઠ ૧૬ પેજ ક્રાઉન સાઈઝના પાનાનું વધારેમાં વધારે રૂા. ૩-૦-૦ મહેનતાણું આપવું.

૪. કર્ણાટક યુનિવર્સિટીની આઈ. એસ. સી. (એગ્રિ.) (સેકન્ડ ઇયર) પરીક્ષા પસાર કરી આ યુનિવર્સિટીની બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચરમાં દાખલ થાય તો તેને બી. એસ. સી. (એગ્રિ.) માં class consider થાય કે કેમ તે બાબત પુછાવતો શ્રી. એમ. બી. ભોબે તરફથી આવેલો પત્ર.

(નોંધ:—આપણા નિયમો મુજબ એસ. એસ. સી. (એગ્રિ.) માં ક્લાસ અપાતો નથી પરંતુ એફ. એસ. સી. (એગ્રિ.) અને એસ. એસ. સી. (એગ્રિ.) અને બી. એસ. સી. (એગ્રિ.) માં એક sitting માં પરીક્ષા પસાર કરે તો ત્રણે વર્ષના aggregate માર્કસ પ્રમાણે class consider થાય છે. કર્ણાટક યુનિવર્સિટીની આઈ. એસ. સી. (એગ્રિ.) ન્યૂ કોર્સની સેકન્ડ ઇયર પરીક્ષા આપણી યુનિવર્સિટીની એફ. એસ સી. (એગ્રિ.) બરાબર ગણેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આવા કેસોમાં બીજી યુનિવર્સિટીની પસાર કરેલી પરીક્ષાઓના માર્કસ ક્લાસ આપવાને માટે ધ્યાનમાં લેવા.

૫. એકઝામિનર, લોકલ ફંડ એકાઉન્ટસ તરફથી મજકૂર યુનિવર્સિટીના ૧૯૫૨-૫૩ના વર્ષના હિસાબો અંગે આવેલી ઑડિટ નોટ.

આથી ઠરાવવામાં આવે છે કે ડ્રાફ્ટ જવાબો મંજૂર કરવા. (ડ્રાફ્ટ જવાબો આ સાથે પરિશિષ્ટ 'ક' તરીકે આપવામાં આવ્યા છે.)

ગુજરાત યુનિવર્સિટી સ્કૂલ ઑફ ઇકોનોમિકસ અને સોશિયોલોજી માટે આસિસ્ટન્ટ લાયબ્રેરિયનની જે જગ્યા સિન્ડિકેટે મંજૂર રાખેલી છે તેમાં તે જગા માટેની ગ્રેડ ૨૦૦-૨૦-૪૦૦ રાખવામાં આવેલ છે તેમાં વાર્ષિક વધારો ૨૦ નો રાખવામાં આવ્યો છે તેને બદલે ઑફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ, પી. એ. ટુ ધી વાઈસ-ચાન્સેલર કે જેમનો વાર્ષિક વધારો રૂા. ૨૦૦-૧૦-૩૦૦ ની ગ્રેડમાં ૧૦ છે અને એકાઉન્ટન્ટ તથા આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર કે જેમનો વાર્ષિક વધારો રૂા. ૨૫૦-૧૫-૪૦૦-ઈ. બી. ૨૦-૫૦૦ ની ગ્રેડમાં ૧૫ અને ઈ. બી. પછી ૨૦ છે તેમની સરખામણીમાં રાખવા વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે આસિસ્ટન્ટ લાયબ્રેરિયનની જગ્યાનો ગ્રેડ રૂા ૨૦૦-૧૦-૨૫૦-ઇ. બી. ૧૫-૪૦૦ નો રાખવો.

૭. સરકયુલર નં. ૧૦૮૦૫-૧૯૫૧ માં ફેરફારો કરવા બાબતનો પ્રિન્સિપાલ અ. ક. ત્રિવેદીનો પત્ર અને તે ઉપરનો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીના સરકયુલર નં. ૧૦૮૦૫ માં પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદીના સૂચવ્યા પ્રમાણે આર્ટ્સના મથાળા હેઠળ પ્રોફેસરોની લાયકાતો અંગેનું ધોરણ સુધારીને નીચે પ્રમાણે રાખવું :

(5) "First Class M.A. of this University or any other University of repute with two years' experience as a Lecturer ;

OR

First Class B.A. (Hons.) of any foreign University of repute."

આ ઉપરાંત લેકચરર તરીકે આર્ટ્સ ફેકલ્ટીમાં પીએચ. ડી. ધરાવનાર એમ. એ. પાસ થયા હોય તો તેને અને સાયન્સ ફેકલ્ટીમાં પીએચ. ડી. ધરાવનાર એમ. એસ. સી. પાસ થયા હોય તેને પણ લાયક ગણવા અને તે પ્રમાણે સરકયુલરમાં સુધારો કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે રાખવું :

(5) First Class M.A. of this University or any other Statutory University ;

OR

First Class B.A. (Hons.) of any foreign University of repute.

આ ઉપરાંત લેકચરર તરીકે આર્ટ્સ ફેકલ્ટીમાં પીએચ. ડી. ધરાવનાર એમ. એ. પાસ થયા હોય તો તેને અને સાયન્સ ફેકલ્ટીમાં પીએચ. ડી. ધરાવનાર એમ. એસ. સી. પાસ થયા હોય તો તેને પણ લાયક ગણવા અને તે પ્રમાણે સરકયુલરમાં સુધારો કરવો.

૮. યુનિવર્સિટીએ એકસ્ટર્નલ ડિગ્રિઝ આપવા અંગેની પદ્ધતિ અખત્યાર કરી હોવાથી યુનિવર્સિટીએ જોડાયેલી કોલેજો અને માન્ય સંસ્થાઓમાં નિમાતા શિક્ષકો માટે નિમણૂક અંગે જે નિયમો કરેલા છે તેમાં ફેરફાર કરવો જરૂરી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબતનો પ્રિન્સિપાલ અ. ક. ત્રિવેદીનો પત્ર સિન્ડિકેટે એકેડેમિક કાઉન્સિલના અભિપ્રાય માટે મોકલ્યો હતો તે અંગે એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે જેઓએ એકસ્ટર્નલ વિદ્યાર્થીઓ તરીકે ડિગ્રી પરીક્ષાઓ પસાર કરી હોય તેઓને કોલેજોમાં પ્રોફેસર, લેકચરર વગેરે જગ્યાઓએ નિમણૂક માટે લાયક ગણવા નહિ."

શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ એ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે આ કામને એકેડેમિક ગણી શકાય કે કેમ.

શ્રી. વાઇસ-ચાન્સેલરે રૂલિંગ આપ્યું કે આ કામને એકેડેમિક કામ ગણી શકાય. ત્યાર પછી એમ ઠરાવવામાં આવ્યું કે એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર રાખવો નહિ પણ સિન્ડિકેટ એકેડેમિક કાઉન્સિલનો અભિપ્રાય નામંજૂર કરી શકે કે કેમ તે સવાલનો નિર્ણય કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરને જણાવવું.

૯. નીચેના વિષયો અંગે શ્રી. ગિરજાશંકર ભ. ઓઝા તરફથી આવેલું મેમોરેન્ડમ.

ગુજરાત યુનિવર્સિટીના માધ્યમિક શિક્ષક મતદાર વિભાગના પોલિંગ કેન્દ્રો વધારવા તેમજ મતદાનની સગવડ આપવા બાબત :

૨. ગુજરાત યુનિવર્સિટીની ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર કૉમર્સ, ઇન્ટર સાયન્સ અને બી. ટી. તથા ટી. ડી. પરીક્ષાઓમાં કૉલેજ અધ્યાપકો જેટલી અથવા વધુ લાયકાત ધરાવતા અગ્રગણ્ય માધ્યમિક શિક્ષકોને પરીક્ષક સ્થાને નીમવા બાબત સિદ્ધાંત સ્વીકારવા તથા શક્ય એટલી પરીક્ષક સ્થાને તેમની નિમણૂક કરવા બાબત :

માધ્યમિક શિક્ષક મતદાર વિભાગ તરફથી ચૂંટાઈ આવેલા સેનેટના સભ્યો ને એકેડેમિક કાઉન્સિલ તેમ જ સિન્ડિકેટની ચૂંટણીમાં ઊભા રહેવાની તક આપવા ગુજરાત યુનિવર્સિટી એક્ટમાં જરૂરી સુધારા સરકાર પાસે કરાવવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે—

૧ માધ્યમિક શિક્ષક મતદાર વિભાગનાં પોલિંગ કેન્દ્રો છે તેથી વધારવાની જરૂર નથી.

૨. શ્રી. ઓઝાની સૂચના માન્ય રાખવી નહિ, પણ તેમને જણાવવું કે આવા શિક્ષકોને બાકાત રાખવામાં આવતા નથી અને કાર્યદક્ષ શખ્સ જે તે લાયકાત ધરાવતા હોય તો નીમવામાં આવે છે.

૩. શ્રી. ઓઝની સૂચના સ્વીકારવી નહિ.

૧૦. બોર્ડ ઓફ એકાઉન્ટ્સનો રિપોર્ટ સિન્ડિકેટે મંજૂર કર્યો હોવાથી નીચેની બાબતો અંગે વિચારણા કરવા બાબત :

૧. જુદી જુદી યુનિવર્સિટીની હિસાબી પ્રથાઓ તપાસી આપણી યુનિવર્સિટી માટે કઈ પ્રથા સ્વીકારવી તે બાબતનો રિપોર્ટ કરવા કમિટી નીમવા બાબત :

૨. યુનિવર્સિટીના હિસાબો તપાસવા continuous internal professional ઑડિટર્સ નીમવા અને તેમનું મહેનતાણું નક્કી કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે —

૧. આ બાબતમાં વિચારણા કરી રિપોર્ટ કરવા માટે નીચે મુજબની કમિટી નીમવી :

૧. શ્રી. એસ. એમ. શાહ,
૨. શ્રી. સી. આર. લાખિયા,
૩. શ્રી. જેઠાલાલ જે. ગાંધી.

૨. આ બાબતમાં કેટલાક સારા ઑડિટર્સનાં નામ શ્રી. શેાધને સૂચવવાં અને તેઓ આ બાબતમાં શું મહેનતાણું લેશે તે પુછાવવું.

૧૧. ૧૯૫૪-૫૫ ના વર્ષની દક્ષિણા ફેલોશિપ્સ કોને આપવી તે નક્કી કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ સાલની દક્ષિણા ફેલોશિપ નીચે મુજબના વિદ્યાર્થીઓને આપવી :

૧. મલિક જગદીશલાલ — જે તે તેમને ખબર આપ્યાની તારીખથી એક અઠવાડિયામાં પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ માટે રજિસ્ટર થાય તો તેમને આપવી, નહિ તો તેમને બદલે,

શાહ પુરુજરાજ ગણપતરાજને આપવી.

૨. પટેલ ગિરિશ છોટાલાલ

૩. દેસાઇ ઇન્દ્રજિત દયાળજી — જે તે તેમને ખબર આપ્યાની તારીખથી એક અઠવાડિયાની અંદર પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ માટે રજિસ્ટર થાય તો તેમને આપવી, નહિ તો તેમને બદલે,

હેમચંદ રામજી છેડાને આપવી.

૪. એક ફેલોશિપ યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝનો જે વિદ્યાર્થી ફર્સ્ટ કલાસમાં પાસ થયો હોય અને જેણે વધુમાં વધુ માર્કસ મેળવ્યા હોય તેને આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોના પ્રિન્સિપાલો અને માન્ય થયેલી સંસ્થાઓના વડાઓને સરકયુલરથી ખબર આપવી કે જે વિદ્યાર્થીઓ ફર્સ્ટ કલાસમાં પાસ થયા હોય અને પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ માટે રજિસ્ટર થયા હોય તેઓને દક્ષિણા ફેલોશિપ મળવાનો સંભવ છે એ હકીકતની તેમના વિદ્યાર્થીઓમાં જાહેરાત કરવી.

૧૨. નીચેનો શ્રી. અ. ક. ત્રિવેદીનો ઠરાવ સેનેટે સિન્ડિકેટને રિફર કર્યો છે તે અંગે વિચારણા કરવા બાબત :

ઠરાવ :

"સેનેટ ઠરાવે છે કે આ યુનિવર્સિટીમાં મનોવિજ્ઞાન (Psychology) અને ગુજરાતીનાં યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટો સ્થાપવાં."

આથી ઠરાવવામાં આવે છે કે બીજી પંચવર્ષીય યોજનામાં સાયકોલોજી ડિપાર્ટમેન્ટ મૂકેલું હોવાથી આ બાબતમાં હવે કાંઈ કરવાનું રહેતું નથી.

૧૩. નીચેનો શ્રી. એમ. જે. પાઠકજીનો ઠરાવ સેનેટે સિન્ડિકેટને રિફર કર્યો છે તે અંગે વિચારણા કરવા બાબત :

ઠરાવ :

"This meeting of the Senate recommends to the Syndicate to introduce a system of University examination for the Junior B.A. and B.Com. candidates at their option in all subjects in the way in which the subsidiary examination is held for Junior B.Sc. It also further recommends that the course in English at B.A. should be so framed that all candidates except those with English Honours may finish their compulsory English examination at the end of the Junior year, if they desire to do so. It further resolves to recommend to the Syndicate to appoint a Committee of the Deans of the Arts, Science and Commerce Faculties and one teacher member and one registered graduate representative of each of the three Faculties to make suitable proposals."

સેનેટ સમક્ષ નીચે મુજબ સુધારો આવ્યો હતો :

શ્રી. યશવંત પ્રા. શુકલનો સુધારો :

"શ્રી. એમ. જે. પાઠકજીના ઠરાવમાં એવી રીતે ફેરફાર કરવો, જેથી તે નીચે પ્રમાણે વંચાય :

"This meeting of the Senate recommends to the Syndicate to introduce University Examinations for the First Year Arts, First Year Science and First Year Commerce courses from March 1955 and University examinations for Junior B.A. and Junior B.Com. studens on the basis of the subsidiary examination for Junior B.Sc. It further recommends to the Syndicate to appoint a Committee of the Deans of the Arts, Science and Commerce Faculties with powers to co-opt suitable members to make necessary proposals for the same."

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલ એકેડેમિક કાઉન્સિલ તરફ વિચારણા માટે મોકલી આપવો.

૧૪. યુનિવર્સિટી ઓથોરિટીઝના સભ્યો તેમ જ પ્રિન્સિપાલો તેમ જ ફેકલ્ટીના સભ્યો અને કોલેજના શિક્ષકો વગેરેની સિનિયોરિટી અંગે ધોરણ ઘડવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૧૫. યુનિવર્સિટી સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સીઝમાં ફાઇનાન્શિયલ પ્રોસિજર અને લાઇબ્રેરીનાં પુસ્તકો ખરીદવા અંગેનો પ્રોસિજર નક્કી કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે લાઇબ્રેરીનાં પુસ્તકો ખરીદવા અંગેનો પ્રોસિજર નક્કી કરવાનો સવાલ લાઇબ્રેરી કમિટી આગળ મૂકવો અને ફાઇનાન્શિયલ પ્રોસિજર નક્કી કરવાનો સવાલ ફાઇનાન્સ કમિટી તરફ મોકલવો.

૧૬. યુનિવર્સિટી સ્કૂલ ઓફ ગુજરાતી લેંગ્વેજ એન્ડ લિટરેચર માટે ફાઇનાન્શિયલ પ્રોસિજર શું રાખવો તે નક્કી કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ કમિટી તરફ આ સવાલ મોકલવો.

૧૭. ગુજરાત રિસર્ચ સોસાયટી, મુંબઈને સંશોધન માટે ગ્રાન્ટ આપવા બાબતનો મજકૂર સોસાયટીના પ્રેસિડેન્ટ તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે માત્ર આ વર્ષ પૂરતી રૂા ૫૦૦-૦-૦ની ગ્રાન્ટ આપવાનું મંજૂર કરવું

૧૮. ડાંગના રહેવાસી ગુજરાત યુનિવર્સિટીની એકસ્ટર્નલ પરીક્ષામાં બેસી શકે કે કેમ તે નક્કી કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે આ વિદ્યાર્થીઓ એકસ્ટર્નલ પરીક્ષામાં બેસી શકે.

૧૯. યુનિવર્સિટી ઑફિસમાં સ્ટાફ સભ્યો એક મહિનાની અથવા વધુ રજા ઉપર જાય તે સમયે substitutes ની નિમણૂક કરવા બાબત નક્કી કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં રજિસ્ટારે પ્રોફેસર શેનોયની મદદ લઈ રિપોર્ટ કરવો.

૨૦. સ્ટેનોગ્રાફર શ્રી. બી. એમ. વૈશ્યની તેઓને અંગ્રેજી-ગુજરાતી સ્ટેનોગ્રાફી માટે એલાવન્સ આપવા બાબતની અરજી સિન્ડિકેટે નામંજૂર કરી હતી તે અંગે તેમની, મજકૂર પ્રશ્ન અંગે સરકારમાંથી માહિતી મંગાવી તથા ટાઇપિસ્ટોને પણ આ પ્રકારનું એલાવન્સ મળે છે તે ધ્યાનમાં લઈ તેમનો કેસ consider કરવા બાબતની અરજી :

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં સરકારમાંથી માહિતી મંગાવવી.

૨૧. બોર્ડ ઑફ સ્ટડીઝ ઇન ફિઝિક્સે કરેલા નીચે મુજબના ઠરાવો અંગે વિચારણા કરવા બાબતનો મજકૂર બોર્ડના ચેરમેન શ્રી. વાય. જી. નાયકનો પત્ર.

(1) "This meeting of the Board of Studies in Physics recommend that the Vice-Chancellor should be requested to appoint a small Committee to organize post-graduate teaching in Physics and that the Committee should then elect its own president or convener."

(2) "The Committee consisting of the following members be appointed and may be authorised to recommend ways and means of promoting research and teaching in Physics in the Gujarat University Area and particularly to work out schemes of financing the research schemes :

(1) Dr. Y. G. Naik,
(2) Dr. K. R. Ramanathan,
(3) Principal J. B. Sandil,
(4) Dr. Kantilal Gatha."

(3) "This Committee consisting of the members of the Physics Board and invited University Professors of Baroda, Bombay, Karnatak Universities recommend to the Vice-Chancellor that other Universities in Bombay State may be requested to formulate common courses of studies for post-graduate degrees in Physics and further to work out a uniform examination system."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત બોર્ડના ચેરમેનને એકેડેમિક કાઉન્સિલ તરફ મોકલવી જોઈએ એમ તેમને જણાવવું.

૨૨. સિન્ડિકેટના ઠરાવ મુજબ પ્રોફેસર ઑફ સ્ટેટિસ્ટિક્સને બદલે રિડર ઇન સ્ટેટિસ્ટિક્સ નીમવા બાબતમાં ડૉ. રાવ, શ્રી. રાજલક્ષ્મણ અને શ્રી. વશીના જવાબો આવી ગયા હોવાથી તે બાબત યોગ્ય કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં રિડરની જગ્યા માટે ફરીથી જાહેરખબર આપી અરજીઓ મંગાવવી.

૨૩. એકસ્ટર્નલ પરીક્ષા અંગેનો એ. ૪૪૦ – એ. ૨૬ કરવા બાબત અને એ. ૪૩૮ માં સુધારો કરવા તથા નવો ઑર્ડિનાન્સ ઘડવા બાબતનો શ્રી. રામચંદ્ર દા. શુકલનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૨૪. નીચે મુજબના ફાઈનલ એલિજિબિલિટીના કેસો અંગે નિર્ણય કરવા બાબત:

૧. શ્રી. આર. આર લાલન કૉલેજ, ભૂજમાં જૂન ૧૯૫૩ માં એફ. વાય. આર્ટ્સમાં દાખલ થયેલા વિદ્યાર્થી શ્રી. પી. આઈ. વૈશ્નવ અને શ્રી એમ. એમ. ઉપાધ્યાયે હજી સુધી ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી લીધું નથી. મજકૂર વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા નથી.

૨. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના ફર્સ્ટ ઇયર આર્ટ્સમાં જૂન ૧૯૫૩માં દાખલ થયેલા વિદ્યાર્થી શ્રી કે. આર. તિવારીએ હજી સુધી ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી લીધું નથી.

૩. ૧૯૫૪ની એકસ્ટર્નલ પરીક્ષાઓ માટે પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ લીધેલું પણ હજી સુધી ફાઈનલ એલિજિબિલિટી સર્ટીફિકેટ કઢાવ્યું નથી અને પરીક્ષામાં બેઠા નથી એવા ૩૦ કેસો બાબત:

૪. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદમાં નવેમ્બર ૧૯૫૩માં દાખલ થયેલા ૧. શ્રી. ત્રિવેદી આર. એસ. ૨. શ્રી. ભટ્ટ એન. વી. અને ૩. શ્રી. દેસાઈ કે. બી. એ હજી સુધી ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી લીધાં નથી.

૫. સર. એલ. એ શાહ લૉ કૉલેજ, અમદાવાદના શ્રી. સી યુ. શાહે તા. ૧૨-૭-'૫૪ ના રોજ બાકી રહેલું સર્ટિફિકેટ આપ્યું છે તો હવે ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ આપવું કે કેમ. નવેમ્બર ૧૯૫૩માં દાખલ થયેલા છે.

૬. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટયુટ, અમદાવાદમાં જૂન ૧૯૫૩ માં દાખલ થયેલા વિદ્યાર્થી શ્રી. વી. એન. મહેતાએ જુનિયર એમ. એ. માટે પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ લીધેલું પરંતુ તેઓએ હજી સુધી ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ કઢાવી લીધું નથી અને આ વર્ષે મજકુર કૉલેજમાં સિનિયર એમ. એ માટે દાખલ પણ થયેલા નથી તેથી તેમની ટર્મ્સ રદ કરવા બાબત :

૭. આર્ટ્સ ટેમ નં ૪માંના વિદ્યાર્થી શ્રી. એન. વી. ભટ્ટે ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ માટે ખૂટતાં સર્ટિફીકેટો તા: ૧૨-૮-૧૯૫૪ના રોજ આપ્યાં હોવાથી તેમને ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ આપવું કે કેમ. નવેમ્બર ૧૯૫૩માં દાખલ થયેલા છે.

આથી ઠરાવવામાં આવે છે કે —

૧ શ્રી. પી. આઈ. વૈશ્નવ અને શ્રી. એમ એમ. ઉપાધ્યાયની ટર્મ્સ રદ કરવી.

૨. શ્રી. કે આર તિવારીની ટર્મ્સ નામંજૂર કરવી અને જો તે ફર્સ્ટ ઇયર આર્ટ્સની પરીક્ષામાં બેઠેલા હોય તો તેનું પરિણામ પણ રદ કરવું.

૩. આ કેસો દફતરે કરવા અને ફી પાછી આપવી નહિ.

૪. શ્રી ત્રિવેદી આર. એસ. અને શ્રી. દેસાઈ કે. બી. ની ટર્મ્સ રદ કરવી.

૫. શ્રી. સી. યુ. શાહને ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ આપવું.

૬. શ્રી. વી. એન. મહેતાની ટર્મ્સ ૨૬ કરવી.

૭. શ્રી. એન. વી. ભટ્ટને ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ આપવું.

૨૫. સેનેટે મંજૂર કરેલી લેક્ચરર ઇન સોશિયોલોજી (ઇન્ડસ્ટ્રીયલ સાયકોલોજી) ની જગ્યાને લેક્ચરર ઇન સોશિયોલોજીમાં ફેરવવા સેનેટને ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લેક્ચરર ઇન સોશિયોલોજી (ઇન્ડસ્ટ્રીયલ સાયકોલોજી) ની જગ્યાને લેક્ચરર ઇન સોશિયોલોજીમાં ફેરવવા સેનેટને ભલામણ કરવી.

૨૬. એકસ્ટર્નલ પરીક્ષાઓમાં બેઠેલા વિદ્યાર્થીઓને માર્કસ આપવા અંગે પદ્ધતિ નક્કી કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૨૭. પબ્લિકેશન બોર્ડ ઉપર સિન્ડિકેટે તેની તા. ૬-૧૦-૧૯૫૧ની સભામાં નીમેલા નીચે મુજબના સાત સભ્યોની મુદત તા. ૬-૧૦-૧૯૫૪ના રોજ પૂરી થતી હોવાથી તેમની જગ્યાએ સભ્યો નીમવા બાબત:

૧. પ્રિન્સિપાલ એન. એમ. શાહ.
૨. પ્રિન્સિપાલ આર. પી. પટેલ
૩. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ
૪. ડૉ. કે. આર. રામનાથન
૫. ડૉ. એમ. ડી. દેસાઈ.
૬ ડૉ. સી. સી. શાહ,
૭. પ્રોફેસર આર. ડી. ગુલાટી.

આથી ઠરાવવામાં આવે છે કે નીચેના ગૃહસ્થોને પબ્લિકેશન બોર્ડ ઉપર નીમવા:

૧. પ્રિન્સિપાલ એન. એમ શાહ
૨. પ્રિન્સિપાલ ડૉ. આર. પી. પટેલ,
૩. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ,
૪. ડૉ. કે. આર. રામનાથન,
૫. ડૉ. એમ. ડી. દેસાઈ,
૬. ડૉ. સી. સી. શાહ,
૭. પ્રોફેસર આર. એચ. ચોખાવટિયા.

૨૮. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદનું બી. એસ. સી. (મેડિકલ) અને એમ-એસ. સી. (મેડિકલ) માટે કાયમનું જોડાણ આપવા બાબતની અરજી

આથી ઠરાવવામાં આવે છે કે નીચે મુજબની સ્થાનિક તપાસણી સમિતિ નીમવી:

૧. ગૌ. ભાસ્કર આર. પટેલ,

૨. ગૌ. એમ. ડી. દેસાઈ,

૩. ગૌ. જે. ડી. પાઠક.

૨૯. મોરબી એન્જિનિયરિંગ કૉલેજ, મોરબીમાં એફ. ઈ. ના વર્ગમાં દાખલ થયા પછી, તેમનું નામ ડાયરેક્ટર ઑફ ટેકનિકલ એજ્યુકેશન, મુંબઈ પાસે રિઝર્વ લિસ્ટમાં હતું એટલે એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજમાં તા. ૨૬. ૭. ૧૯૫૪ ના રોજ એડમિશન મળ્યું અને તેથી તેમાં દાખલ થયા તો હવે તે વિદ્યાર્થીએ મોરબી એન્જિનિયરિંગ કૉલેજમાંથી ટ્રાન્સફરન્સ સર્ટિફિકેટ લેવું કે તેઓ ઇન્ટર સાયન્સ જે કૉલેજમાંથી પાસ થયા હોય ત્યાંથી લેવું તે જણાવવા બાબતનો એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજના પ્રિન્સિપાલનો પત્ર :

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીએ મોરબી કૉલેજમાંથી ટ્રાન્સફરન્સ સર્ટિફિકેટ મેળવવું જોઈએ એમ જવાબ આપવો.

૩૦. પિતાશ્રીની માંદગી અને બહેનની નોકરી બંધ થવાને કારણે તેઓ યુ. પી. એસ. સી. વર્ગમાં હવે ચાલુ રહી શકે તેમ ન હોવાથી તેઓએ ભરેલી રૂ. ૧૦૦ની ફી પરત કરવા બાબતની શ્રી. પી. એન. પાઠકની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ફી પરત આપવી નહિ.

૩૧. શ્રી. એ. આર. દેસાઈની ગ્રાન્ટ યુનિલાઈઝેશન કમિટી તથા સિન્ડિકેટે ૧૯૫૩ મા મંજૂર કરેલી ગ્રાન્ટ રૂા : ૫૦૦ હવે લેપ્સ થઈ હોવાથી તે રિન્યુ કરવા બાબત અને તેઓ જ્યારે પોતાનું કામ પૂરું કરે ત્યારે રકમ ડ્રૉ કરવા દેવા બાબતની તેમના તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રાન્ટ રિન્યુ કરવી.

૩૨. પ્રોફેસર એન. એમ. મજમુદાર હાર્ટફેલથી સ્વર્ગસ્થ થયા હોઈ તેમનું સિનિયર સુપરવાઈઝર તરીકેનું રેમ્યુનરેશન તેમની વિધવા શ્રીમતી કુસુમબહેનને ચેકથી મોકલી આપવા બાબતનો પ્રિન્સિપાલ અ. ક. ત્રિવેદીનો પત્ર.

(નોંધ : શ્રી. મજમુદારને આપવાની રકમ તેમની વિધવાને વારસા સર્ટિફિકેટ જોઈને આપવી કે તે સિવાય.)

આથી ઠરાવવામાં આવે છે કે મહેનતાણું વારસા સર્ટિફિકેટ વગર આપવું.

૩૩. પટાવાળાઓને એક એક છત્રી આપવાનું નક્કી કરેલું છે પરંતુ ફરીથી કેટલા વખતે આપવી તે નક્કી કર્યું નથી તેમ જ ગરમ કોટ વિષે પણ નિયમ કરવાની જરૂર હોવાથી તે બાબતો નક્કી કરવા બાબત :

(**નોંધ :** બીજી સંસ્થાઓ અંગે નીચે પ્રમાણે માહિતી છે.

૧. અમદાવાદ મ્યુ. કૉર્પોરેશન — છત્રીઓ દર ત્રણ વર્ષે આપવામાં આવે છે. ગરમ બંડીઓ દર સાત વર્ષે આપવામાં આવે છે.

૨. ડિસ્ટ્રીક્ટ લોકલ બોર્ડ અમદાવાદ. — છત્રીઓ દર ત્રણ વર્ષે આપવામાં આવે છે. ગરમ યુનિફૉર્મ બાબત કાંઈ પૉલિસી હજી સુધી નથી.

૩. અમદાવાદ એજ્યુકેશન સોસાયટી — આઉટડોર કામ કરતા પટાવાળાઓને રેઈન કોટ અથવા છત્રી દર ત્રણ વર્ષે આપવામાં આવે છે. ફક્ત ચોકીદારને ગરમ યુનિફૉર્મ દર ત્રણ વર્ષે આપનામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે દર ત્રણ વરસે છત્રી અને દર પાંચ વરસે ગરમ કોટ આપવો.

૩૪. ઇન્ટર યુનિવર્સિટી બોર્ડની મૈસૂર ખાતે મળેલી ઓગણત્રીસમી વાર્ષિક બેઠકના ઠરાવો પૈકી નં. IV (2), VIII (2), IX (1), IX (2), IX (3), IX (4), IX (6), IX (7) અને X (1) ઉપર આ યુનિવર્સિટીએ શાં પગલાં લીધાં તે જણાવવા બાબતનો મજકૂર બોર્ડના સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં રજિસ્ટ્રારે રિપોર્ટ કરવો.

૩૫. ઇન્ટર યુનિવર્સિટી બોર્ડની સ્ટેન્ડિંગ કમિટીની મદ્રાસ ખાતે મળેલી બેઠકના ઠરાવ નં. XI (vi) ઉપર આ યુનિવર્સિટીએ શાં પગલાં લીધાં તે જણાવવા બાબતના મજકૂર બોર્ડના સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં રજિસ્ટ્રારે રિપોર્ટ કરવો.

૩૬. પ્રોવિડન્ટ ફંડનું વ્યાજ મળે તે દર વર્ષે ૩૦ મી જૂને જમા આપવું એમ સિન્ડિકેટે ઠરાવેલું છે તેથી ઓ. ૧૧૭ માં સુધારો કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ઑર્ડિનાન્સ ૧૧૭ મંજૂર કરવો. (સુધારેલો ઑર્ડિનાન્સ આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે આપવામાં આવ્યો છે.)

૩૭. શ્રી. બી. આર. પટેલે ચાલુ શૈક્ષણિક વર્ષમાં એસ. બી. ગાર્ડા કૉલેજ નવસારીમાં એફ. વાય. આર્ટ્સના વર્ગો જૂન ૧૯૫૪ માં જોઈન કર્યા છે પરંતુ તેમની પ્રાથમિક શિક્ષક તરીકે કાયમી નોકરી થઈ હોવાથી હવે વર્ગો ભરી શકે તેમ નથી તો તેમને ૧૯૫૫ ની એફ. વાય. આર્ટ્સની એક્ષ્ટર્નલ પરીક્ષા આપવા પરવાનગી આપવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીની વિનંતી મંજૂર કરવી નહિ.

૩૮. પોતાની માંદગી અંગે ખર્ચ થયેલ હોવાથી યુનિવર્સિટીમાંના પોતાના પ્રોવિડન્ટ ફંડના કૉન્ટ્રિબ્યુશનમાંથી રૂા. ૫૦-૦-૦ ની લોન આપવા બાબતની ટાઇપિસ્ટ શ્રી. વી. એમ. વ્યાસની અરજી ઉપરથી તે મંજૂર કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૩૯. ગુજરાત યુનિવર્સિટી એક્ટની કલમ ૨૩ માં સુધારો થયા પ્રમાણે સેનેટના સભ્યોમાંથી ફેકલ્ટી એસાઇન કરવા બાબતની એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

આથી ઠરાવવામાં આવે છે કે નીચેના ફેરફાર સાથે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી:

શ્રી. ગણેશ વાસુદેવ માવલંકરને આર્ટ્સ નહિ પણ લૉ ફેકલ્ટી એસાઇન કરવી. (મંજૂર થયા પ્રમાણેનું લિસ્ટ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે આપવામાં આવ્યું છે.)

૪૦. આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટી ઉપર સિન્ડિકેટે તેની તા. ૬-૧૦-૧૯૫૧ ની સભામાં નીમેલા નીચે મુજબના છ સભ્યોની મુદત તા. ૬-૧૦-૧૯૫૪ના રોજ પૂરી થતી હોવાથી તેમની જગ્યાએ સભ્યો નીમવા બાબત:

૧. શ્રી. પી. જી. શાહ,
૨. શ્રી ભાઈલાલભાઈ ડી. પટેલ,
૩. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ,
૪. ડૉ. એમ. ડી. પટેલ,
૫. શ્રી. આર. સી પરીખ,
૬. ડૉ. કે. આર. રામનાથન.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટસ યુટિલાઇઝેશન કમિટી ઉપર નીચે પ્રમાણેના સભ્યો નીમવા:

૧. પ્રિન્સિપાલ ડૉ. કે. જી. નાયક
૨. શ્રી. ભાઈલાલભાઈ ડી. પટેલ,
૩. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ,
૪. ડૉ. એમ. ડી. પટેલ,
૫. શ્રી. આર. સી. પરીખ,
૬. ડૉ. કે. આર. રામનાથન.

૪૧. ૧૯૫૫ ના જૂનથી ફર્સ્ટ યર આર્ટ્સ, સાયન્સ અને કોમર્સમાં હિંદીનો એક પેપર ફરજિયાત રાખવાનું ઠરાવેલું હોવાથી તે વિષય માટે કૉલેજોને એફિલિયેશનની અરજી કરવાની જરૂર છે કે કેમ તે નક્કી કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં એફિલિયેશન માટે અરજી કરવાની જરૂર નથી.

૪૨. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદમાં ફર્સ્ટ એલ. એલ. બી. ના વર્ગમાં નવેમ્બર ૧૯૫૩ માં દાખલ થયેલા શ્રી. એસ. એમ. જોષીની એલિજિબિલિટી સર્ટિફિકેટ માટેની અરજી તા. ૧૧-૮-૧૯૫૪ના રોજ આવેલી છે તો તે સ્વીકારવી કે કેમ?

(પ્રિન્સિપાલનો ખુલાસો પુછવવામાં આવ્યો હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અરજી સ્વીકારવી નહિ.

૪૩. દરબાર ગોપાલદાસ મહાવિદ્યાલય, અલિયાબાડાના બી એ. (જનરલ) ફિલોસોફી (સાયકોલોજી) અને ઇકોનોમિકસ (પ્રિન્સિપલ્સ ઓફ ઇકોનોમિકસ) માટે જોડાણના એકસ્ટેશન અંગે વધારાના લેકચરરોની જરૂર છે કે કેમ તે નક્કી કરવા બાબત અને જો કોલેજને આ વિષયો શીખવવાની પરવાનગી આપવામાં આવે તો તે પ્રમાણે સરકારને ખબર આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

આ તબક્કે આઇટેમ નં. ૬૦ ની વિચારણા હાથ ઉપર લેવામાં આવી.

૬૦ બી. ડ. ની પરીક્ષાઓ ૧૮મી ઓકટોબર ૧૯૫૪ ને બદલે નવેમ્બરના પહેલા અઠવાડિયામાં રાખવા બાબતની બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના બી. ડ. ના વિદ્યાર્થીઓ તરફથી મજકૂર કોલેજના પ્રિન્સિપાલ મારફત આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે બી. ડ. ની પરીક્ષાઓ નવેમ્બરના પહેલા અઠવાડિયામાં શરૂ કરવાનું મંજૂર કરવું.

૪૪. શ્રી. એસ. આર. મહેતા કે જેઓ અંધ છે અને ફર્સ્ટ ડયર આર્ટસની પરીક્ષામાં બેસવા ઇચ્છે છે તેમને બદલે ફોર્મમાં તેમના ભાઈ શ્રી. કે. આર. મહેતા સહી કરી શકે એવી પરવાનગી આપવા બાબતની શ્રી. કે. આર. મહેતાની અરજી.

(નોંધ : — મજકૂર વિદ્યાર્થીએ એસ. એસ. ની પરીક્ષા "રાઇટર" ની મદદ વડે જ પસાર કરી છે. તેઓ લખી અથવા વાંચી શકતા નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. આર. મહેતાનું અંગૂઠાનું નિશાન કઢાવી તેમને બદલે શ્રી. કે. આર. મહેતાને સહી કરવા પરવાનગી આપવી.

૪૫. સૌરાષ્ટ્ર સરકાર તરફથી રાજકોટ ખાતે ૧૯૫૫ના જૂનથી શરૂ કરાનારી બી. ટી. કોલેજને જોડાણ આપવા બાબતની સૌરાષ્ટ્ર સરકારના ડાયરેકટર ઓફ એજ્યુકેશન તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે મુજબની સ્થાનિક તપાસણી સમિતિ નીમવી :

૧. શ્રી. મગનભાઈ પ્ર દેસાઈ,
૨. પ્રિન્સિપાલ એલ. આર. દેસાઈ.

૪૬. શ્રી. જી. ડી. પટેલની "Land Revenue Settlements in Gujarat under the British" ઉપરની થિસિસ યુનિવર્સિટીએ પબ્લિશ કરવા બાબતમાં સિન્ડિકેટના ઠરાવ અનુસાર શ્રી. ભાઈલાલભાઈ ડી. પટેલનો અભિપ્રાય મંગાવતાં તેમના તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ કામ પબ્લિકેશન બોર્ડ તરફ મોકલી આપવું.

૪૭. શ્રી. એમ. એન. જકાતે પીએચ. ડી. માટે શ્રી. વાય. ડી. કેસ્કરના હાથ નીચે રજિસ્ટર થયેલા પરંતુ શ્રી. કેસ્કરના અવસાન બાદ શ્રી જકાતેને સ્વતંત્ર રીતે પીએચ. ડી.

કરવા પરવાનગી આપી હતી પરંતુ હવે પ્રિન્સિપાલ ડી. આર. સામન્ત પીએચ. ડી. ઇન કોમર્સ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલા હોવાથી હોવાથી હવે તેમના હાથ નીચે પીએચ. ડી. માટેનું કામ પૂરું કરવા પરવાનગી આપવા બાબતની શ્રી. જકાતે તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જકાતેની વિનંતી મંજૂર રાખવી.

૪૮. શ્રી. સી. એસ. સંઘવીએ આપણી યુનિવર્સિટીની બી. કોમ. ની પરીક્ષા પસાર કરી છે અને હવે તેઓ મુંબઈ યુનિવર્સિટીમાં પહેલી એલ. એલ. બી. માં ભણે છે. ઓક્ટોબર ૧૯૫૫ની આ યુનિવર્સિટીની બી. કોમની પરીક્ષામાં એડીશનલ વિષય લઈ બેસવા માગે છે તો તેમને માઈગ્રેશન સર્ટિફિકેટ લાવવાની જરૂર છે કે કેમ?

આથી ઠરાવવામાં આવે છે કે તેમને માઈગ્રેશન સર્ટિફિકેટ લેવાની જરૂર નથી.

૪૯. બાઈ ગોદાવરી ચિમનલાલ ચોકસી સ્કોલરશિપની તા. ૩૧-૭-૧૯૫૪ના રોજ પૂરા થતા હપ્તાની રકમ શ્રીમતી આર. કે. વધવાને આપવી કે કેમ તે નક્કી કરવા બાબત:

(નોંધ:— મજકૂર સ્કૉલરશિપ માટેનું ડોનેશન સિન્ડિકેટે તેની તા. ૭-૨-૧૯૫૩ ની બેઠકમાં સ્વીકાર્યું હતું અને તે પ્રમાણે આ સ્કૉલરશિપ માર્ચ ૧૯૫૩ની પરીક્ષા માટે શ્રીમતી આર. કે. વધવાને આપવામાં આવેલી. આ પછી જ્યારે ડોનેશન અંગેના રેગ્યુલેશન્સ તૈયાર કરવા આ કામ એકેડેમિક કાઉન્સિલ પાસે મૂકવું હતું ત્યારે આ જાતની સ્કૉલરશિપ જે ફક્ત લેડી સ્ટુડન્ટસ માટેની હોય તે યુનિવર્સિટી સ્વીકારી શકે કે નહિ તે બાબત જોઈન્ટ બોર્ડ ઑફ વાઈસ-ચાન્સેલર્સને રિફર કરેલી છે. આ સ્કૉલરશિપનો પહેલો હપ્તો આપેલો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે હપ્તાની રકમ આપવી

૫૦ સામળદાસ કૉલેજ અને સર પી. પી. ઇન્સ્ટિટ્યુટ ઑફ સાયન્સ, ભાવનગરના ત્રણ વિદ્યાર્થીઓ કે જેઓ ગઈ સાલ એમ. એ. માં સંસ્કૃત-ગુજરાતીમાં રજિસ્ટર થયેલા છે તેઓની હવે પ્રોફેસર આઈ. આર. દવે ગુજરાતી વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ હોવાથી તેમની પ્રિન્સિપલ અને સબોર્ડિનેટ ભાષાઓનો ફેરફાર (inter change) કરવા બાબતની પ્રિન્સિપાલની આવેલ માગણી અંગે વિચારણા કરવા બાબત:

(નોંધ:— ૧. પ્રોફેસર દવેને તા. ૧-૭-૧૯૫૪ના રોજ મળેલ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની સભાએ સભાએ માન્ય કર્યા છે.

૨. નીચે પ્રમાણેના પોસ્ટ ગ્રેજ્યુએટ નિયમ ૧૩ પ્રમાણે પહેલા વર્ષના અંત પહેલાં ઇન્ટરચેન્જ માટે પરવાનગી આપી શકાય:

RULE 13.

Post-graduate students who have taken up languages, may be permitted to intercharge their Principal and Subordinate languages before the end of their first year, with the permission of the University teacher or teachers under whom they propose to study the new Principal Language. Such students need not register their names afresh.)

Resolution (s) No. :	**Report :**
Resolution No. II (c) The Standing Committee is of opinion that the Post-Graduate Certificate in Education given by the University of London corresponds approximately to the first degree in Education or the Diploma in Education, and that the Academic Diploma in Education of the University of London may be considered as equivalent to the Degree of Master of Education of an Indian University.	This may be placed before the Standing Committee on Equivalence of Examinations.
Resolution No. XI (v) **Recognition by the Foreign Universities in U. K.** Resolved that the Universities be circularised about the position, and they be requested to state if they have applied for recognition, and at what stage the matter stands at present.	Information has been sent.
Resolution No. XI (vi) Resolved that the Letter from Dr. Donald regarding a plan under which New York University would help another University with man-power or Technical or specialised advice, be circularised to all Universities.	A copy of the letter may be sent to Medical College.

Gujarat University

Conventions passed by the Syndicate.

Note : —(1) In the following conventions the word " Teacher ", unless repugnant to the subject or context, shall mean a Teacher in a College or Recognised institution of this or of any other recognised University and the term, " Teaching Experience as a Lecturer, Reader, Assistant Professor or Professor."

(2) For the purposes of these conventions examiners shall be divided into two categories, viz Internal and External : —
Teachers working in any affiliated College or a recognised Institution of this University should only be considered as " Internal "; others should be considered as " External".

In case of Medical Faculty, in selecting the external examiners for the undergraduate examinations, it should be kept in view that the external examiners should be qualified to be internal examiners of the institutions from where they are taken.

A - General Conventions for all Examinations

1. The Board of Studies in the various subjects should be requested to consider applications for examinerships in their respective subjects and should send to the Examination Committee separate panels, for various examinations, of suitable persons from among the applicants and the non-applicants, from this and other Universities, for consideration by the Examination Committee in making their recommendations to the Academic Council and to the Syndicate, for the appointment of paper-setters and examiners. In preparing the panels the Board of Studies shall put on the panels all

the applicants who fulfil the minimum qualifications laid down for appointment as examiner in a particular subject at an examination and shall recommend at least double the number of persons required for appointment in each subject, and when necessary for that purpose, should include persons from other universities. Where non-applicants are included in the panels, the Boards concerned should give the qualifications of these persons and their addresses in the panels. The Board should not include,in their panels, persons who have written guides, pamphlets of questions and answers for students, digests or catechism with reference to the subject of Examination for which the panel is formed. The decision of the Chairman of the Board of Studies as to whether a book written by an applicant should be considered as guide, or pamphlet of Questions and Answers for students, or a digest or catechism, will be final. When submitting their panels to the Examination Committee, the Boards of Studies shall on no account depart from this convention.

N.B.—Where examiners are not appointed for a particular subject but for a whole examination, as in the Law Examinations, the word "Subject" in this convention shall be replaced by the word "examination" wherever the context so requires.

2. At the higher Examinations, except at B.Ed. part II, at Practicals in Science, Agricultural, Engineering, Technological and Medical Examinations not more than one person from the same institution shall be recommended for appointment as examiner or paper-setter in the same subjects at the same Examination.

3. At the Commerce, B.Ed., Agricultural, Engineering, Technological and Medical Examinations, at least one half, and at the Law Examinations, save at the LL. M., at least one third of the number of persons recommended for appointment as paper-setters and examiners shall be teachers of the relevant subjects in this or any other recognised University.

4. Ordinarily no persons shall hold in any examination season more than one appointment as paper-setter or examiner.

5. Except at the Masters' degree and at Commerce (save in Languages, Law, Economics, Administration and Mathematics), Agricultural, Engineering and Technological examinations, no person shall, during a period of ten years, ordinarily be appointed examiners in the same subject at the same examination - and in Law at the same examination - for more than four times, if the examination is held once a year and more than eight times, if the examination is held twice a year.

This convention shall not apply to paper-setters at the higher examinations, i.e. Post-graduate Examinations.

5 (a) In theory examinations there shall not be more than one examiner from the same college, or Institution. In the case of practical examinations, the above rule should not be considered as rigid, provided, however, that the examiner who, belongs to a college or colleges at one centre shall not examine at his cenre, even though there may be two different colleges in the same centre at which the practical examinations are conducted for the purpose of giving facilities to a large number of students of that centre.

If need be, a sufficient number of examiners shall be appointed to put into force this convention.

N. B. -For the purposes of conventions 2 and 5, the theory and practical examinations in Science subjects shall be treated as separate examinations.

6. (a) No member of the Examination Committee or Syndicate shall be recommended by the Examination Committee for appointment as a Paper-setter and or Examiner but the Syndicate may, if it thinks fit, invite any such member as a Paper-setter and or Examiner.

(b) The Examination Committee shall be free to recommend members of the Academic Council for appointment as Paper-setters and/or Examiners at any Examinations.

7. No persons shall ordinarily be recommended for appointment as a paper-setter unless he has had at least two years' experience as an examiner at the higher corresponding examinations.

8. The person who has already worked as an examiner at a higher examination in a particular subject, if appointed at a lower examination, shall be considered senior to all those who have been examiners in that particular subject in that examination irrespective of the number of appointments held by the latter at the lower examinations.

9. In the subjects where no Board of Paper-setters or Examiners is appointed the senior examiner shall act as a convener and shall perform all the functions of a Chairman.

B - Conventions for Specified Examinations

Intermediate Examinations in the Faculty of Arts, Science and Commerce and Examinations other than the degree Examinations in the Faculties of Technology and Agriculture :

(i) Paper-setters

1. In any subject where there are six or more examiners to be appointed, the Examination Committee shall recommend a Board of paper-setters. Where there is a practical examination in a subject at any of these Examinations, the Examination Committee shall recommend separate Boards of paper-setters and or examiners.

2. No person shall be recommended for appointment to the Board of paper-setters unless he has had at least five years' experience as a teacher of the subject at the same or a higher class in a college of this or any other recognised University.

3. For each Board of paper-setters, a person highly qualified in the subject concerned, shall be recommended for appointment as Chairman. The Chairman of the Board of paper-setters in Science subjects should, as far as possible, be a person who is or has been a college teacher or a teacher in any department of this University.

4. Besides the Chairman, the Board of paper-setters in each subject shall have two members on it. At least two of the paper-setters at the examinations in Science should be from among the teachers on the staff of a College affiliated to this University having experience of teaching the subject for the same or a higher Examination at which they are appointed as paper-setters.

(ii) Examiners

No person shall ordinarily be recommended for appointment as an examiner in a subject unless he has had at least three years' teaching experience in that subject in the same or higher class in a college of this or of any other recognised University or unless he has recognised eminence in the subject.

B.A. & B.Com. Examinations

(i) Paper-setters

1. In any subject where there are six or more examiners to be appointed the Examination Committee shall recommend a Board of paper-setters.

2. No person shall ordinarily be recommended for appointment to the Board of paper-setters in a subject unless he has at least seven years' experience as a teacher of the subject at the same or a higher class in a college of this or of any other recognised university or unless he is a person of recognised eminence in the subject. At

least one of the paper-setters must be a teacher from another University or a non-teacher of recognised eminence in the subject.

3. For each Board of paper-setters, a person with high academic qualifications and adequate experience as an examiner in the subject shall be recommended for appointment as Chairman.

4. Besides the Chairman, the Board of paper-setters in each subject shall have four members on it. At the B.A. Examination in Science subjects, at least one of the paper-setters, preferably a teacher of this University, shall be included among the examiners.

(ii) Examiners

No person shall ordinarily be recommended for appointment as an examiner unless he has taken an Honours degree in the first class or a Masters' degree in the second class or a Doctors' degree and has had at least 5 years' teaching experience, or, in the alternative has taken an Honours degree and a Masters' degree in the pass class and has had seven years' teaching experience in the subject in the same or a higher class in a college of this or any other recognised University or unless he is a person of recognised eminence in the subject.

Conventions for appointment of examiners in Science subjects at the B.A. examination shall be the same as those for the corresponding subjects of the Science examinations.

B.Ed. & T.D. Part I

No person shall ordinarily be appointed an examiner unless he holds an Honours degree in Arts or Science or a Master's degree in teaching or an equivalent qualification of this or any other recognised University and is, either :—

(i) a reconised teacher for guiding students for the post-graduate degree in teaching
or (ii) engaged for not less than 3 years, if B.Ed. and 5 years, if T.D. in the work of training secondary school teachers in an affiliated college:

or (iii) a teacher in a secondary school recognised by the University and has had, after obtaining the degree or an equivalent qualification in teaching, not less than 7 years' teaching experience.

B.Ed. & T.D. Part II

No person shall be recommended for appointment as an examiner unless he holds a degree or an equivalent qualification in teaching of this or any other recognised University and has had at least 5 years' experience of supervising lessons in a college affiliated for teaching or in a recognised school.

M.A., M.Com. and M.Sc. (By papers) Examinations

No person shall be recommended for appointment as examiner unless he holds at least a second class Masters' degree or an equivalent qualification of this or any other university and has had at least seven years' experience in teaching as a Post-graduate teacher recognised for teaching and or guiding students in research in this or any recognised university or is a person of recognised eminence in the subject.

B.Sc., B.E., B.Sc. (Ag.) Examinations

1. In any subject where there are four or more examiners to be appointed the Examination Committee shall recommend a Board of paper-setters.

2. No person shall ordinarily be recommended for appointment to the Board of paper-setters in a subject unless he has taken a Bachelor's degree in the first or second class or a Master's degree and has had at least 7 years' experience as a teacher of the subject at the same or a higher class in a college of this or of any other recognised University or unless he is a person of recognised eminence in the subject. At least one of the paper-setters should be from among the teachers in other Universities or a non-teacher of recognised eminence in the subject.

3. For each Board of paper-setters, a person with high academic qualifications and adequate experience as an examiner in the subject, shall be recommended for appointment as a Chairman.

4. Besides the Chairman, the Board of paper-setters in each subject shall have four members on it.

5. At the B.Sc. examination in Science subjects (where the synopsis of the answers are not to be supplied) at least one of the paper-setters, preferably a college teacher shall be included among the examiners.

(ii) Examiners.

No person shall ordinarily be recommended for appointment as an examiner unless he has taken a Bachelor's degree in the first or second class or a Master's degree and has had at least 5 years' teaching experience in the subject in the same or a higher class in a college of this or of any other recognised University or unless he has recognised eminence in the subject.

Referees for thesis for Masters' or Doctors' degrees:—

No person shall be recommended for appointment as a referee for a thesis submitted for a Master's or a Doctor's degree unless he is a person of recognised eminence in the subject. A recognised University teacher of this University shall ordinarily not be eligible for appointment as an external referee.

Law Examinations

Law Preliminary, First and Second LL.B Examinations

(i) Paper-setters

At each of these examinations there shall be a Board of three paper-setters. For the Law Preliminary Examination as the subject covered happen to be arts subjects and as those who pass that examination are eligible for admission to the Sr. B.A. Class, the qualifications applicable to persons to be appointed as Paper-setters should be the same as those prescribed for the Paper-setters at the B.A. Examination. The Board of paper-setters at the First LL.B. Examination shall consist of (i) a practising lawyer of 20 years' standing at the Bar, (ii) a practising lawyer who is doing or has done part time work in a law College. The Board of paper-setters for the second LL.B Examination shall consist of (i) one teacher at a Law College who has had 10 years' standing at the Bar and 7 years' teaching experience at a Law College and (ii) practising lawyers of 20 years' standing at the Bar.

The Board of Studies in Law should frame separate panels of (i) Paper-setters and (ii) Examiners.

(ii) Examiners

No person shall ordinarily be recommended for appointment as an examiner unless he has had at least 5 years' teaching experience in a Law College of this or any other recognised University or has at least 7 years' standing in the profession.

LL.M. Examination

No person shall be recommended for appointment as an examiner or a referee unless he holds at least the LL.M. degree or an equivalent qualification, and has had at least 5 years' teaching experience as a teacher in a Law College in this or any other recognised University or is a person of recognised eminence in the profession.

Medical Examinations

The present examiners need not apply for examinership.

(A) First, Second and Third M.B.,B.S. Examinations

1. No person shall ordinarily be recommended for appointment as an Examiner in the Clinical subject unless he has at least five years' teaching experience in the subject in an affiliated college or a recognised institution of this University or of any recognised University or has had at least 10 years' standing in the profession; provided that, in either case he has taken at least five years' previously a Doctor's or Master's degree or a post-graduate Diploma of a recognised University or an equivalent qualification. Under exceptional circumstances a person who has had original research work published or recognised in a reputed journal may also be appointed.

2. It is desirable that in each subject as far as possible the number of external examiners should be fifty percent. In any case, at least one of the examiners in each subject should be invited from another University.

3. In the subjects of Anatomy, Physiology, Pharmacology, Pathology and Bacteriology, at least one of the internal examiners should be University teacher in the subject of at least 5 years' experience of teaching the subject. Furthermore in Anatomy, one of the examiners should be or should have been not more than three years previously, a teacher in Surgery, while in Physiology and Pharmacology, one of the examiners should be or should have been not more than three years previously a teacher in medicine. A teacher should not be below the rank of a lecturer or a Reader.

4. In Forensic Medicine one of the examiners should be a person who is actually a University Teacher or has been not more than three years previously a University Teacher in the subject and the other may be one who has sufficient practical and clinical experience of Medico-Legal Work, in Preventive Medicine one may be a Health officer of a City Municipality or an officer of comparable rank, and the other a person who is or has been not more than three years previously a university Teacher in the subject.

5. In the clinical subjects ordinarily, at least half the examiners should have not less than five years' teaching experience subsequent to their obtaining the post-graduate qualifications. Further in these subjects a person may ordinarily be appointed for not more than four years; thereafter he should not be appointed for a period of at least three years. Where for absence of a suitable person an examiner has to be appointed to work as senior examiner inspite of the above rules, such appointments should not be for more than one year, save in exceptional circumstances.

It is further provided that the Examiners so appointed must possess a post-graduate qualification in the subject or in an allied subject if such a qualification does not exist, or has to his credit original research work in the subject published in a reputed journal.

A senior examiner at the practical or a paper-setter and examiner at the theoretical examinations must have atleast five years regular undergraduate teaching experience in his subject.

(B.) Post-Graduate Examination

7. No person shall be recommended as an examiner or a referee at a post-graduate examination, unless he holds a Doctor's or a Master's degree or a post-graduate diploma of this or any other recognised University or an equivalent qualification and has had, subsequent to his obtaining the post-graduate qualification, at least 10 years' teaching experience in the subject in a college or recognised Institution of this or of any other recognised University or is a person of recognised eminence in the subject.

Ahmedabad,
20th November 1954.

B. A. Patel,
University Registrar.

Printed by Jivanji Dahyabhai Desai, Navajivan Press, Ahmedabad–14

પરિશિષ્ટ 'છ'

કામકાજ નં. ૫૦

ગુજરાત યુનિવર્સિટી

નં. કિઝિ : ૧૨૪૦–૪૭–૧૯૫૪.

અમદાવાદ, ૯, તા. ૬–૯–'૫૪

ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની ચૌદમી બેઠક તા. ૩–૯–'૫૪ ને શુક્રવારના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં નીચેનાં કાર્યો ઉપર વિચારણા કરવા મળી હતી. તેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. પ્રિન્સિપાલ આર. ડી. દેસાઈ, ચેરમેન	હાજર
૨. ,, કે. એલ. દેસાઈ	,,
૩. ,, એસ. વી. શાહ	,,
૪. ,, જે. બી. સાન્ડિલ	,,
૫. શ્રી. છગનભાઈ પટેલ	,,
૬. શ્રી. મણિભાઈ એન. નાયક	ગેરહાજર
૭. શ્રી. બી. કે. નાયક	,,
૮. શ્રી. આર. જી. પટેલ	,,

૧. તા. ૨૪–૭–'૫૪ ને રોજ મળેલી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તેરમી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તેરમી સભાના કામકાજની નોંધને બહાલી આપવામાં આવી હતી અને તે ઉપર શ્રી. ચેરમેને સહી કરી હતી.

૨. ઇન્ટર – યુનિવર્સિટીની જે રમતોની હરીફાઈઓમાં આ યુનિવર્સિટીએ ભાગ લેવાનું નક્કી કર્યું છે તે માટેની ટુકડીઓ અને હરીફો પસંદ કરવા માટે સિલેક્શન કમિટીઓ નીમવા બાબત.

(નોંધ :— તા. ૧–૧૦–'૫૩ની બોર્ડ ઑફ સ્પોર્ટ્સના ઠરાવ મુજબ આ કમિટીઓ ઉપર એક બોર્ડ ઑફ સ્પોર્ટ્સના સભ્યને તથા બીજા બે નિષ્ણાત કે જેઓ કોઈ પણ કૉલેજ સાથે સંબંધ ધરાવતાં ન હોય તેવાઓને નીમાવા.)

"આથી ઠરાવવામાં આવે છે કે જુદી જુદી રમતો માટે નીચેના સભ્યોની બનેલી જુદી જુદી સિલેક્શન કમિટીઓ નીમવી :"

ફૂટબૉલ સિલેક્શન કમિટી :

૧. શ્રી. છગનભાઈ પી. પટેલ
૨. શ્રી. બખર બાઉ, સેન્ટઝેવિયર્સ હાઈસ્કૂલ, અમદાવાદ.
૩. શ્રી. ખાન સાહેબ.

વૉલીબૉલ સિલેક્શન કમિટી :

૧. પ્રિન્સિપલ આર. ડી. દેસાઈ
૨. શ્રી. છગનભાઈ જોષી, મંત્રી મહાગુજરાત વૉલીબૉલ ઍસોસિયેશન, અસારવા બેઠક પાસે, અમદાવાદ.
૩. શ્રી. જયંતિભાઈ શંકરભાઈ પટેલ, ૧૪૦, એલિસબ્રિજ, અમદાવાદ.

હુ-તુ-તુ સિલેક્શન કમિટી :

૧. શ્રી. છગનભાઈ પી. પટેલ.
૨. શ્રી. રમણિકલાલ એસ. દેસાઈ,
પ્રિન્સિપાલ, ભારતી હાઈસ્કૂલ
ગોલવાડ, અમદાવાદ.
૩. શ્રી. રણછોડભાઈ પટેલ,
સેન્ટઝેવીયર્સ હાઈસ્કૂલ, અમદાવાદ.

કુસ્તી સિલેક્શન કમિટી :

૧. શ્રી. છગનભાઈ પી. પટેલ
૨. શ્રી. રમણલાલ વાડીલાલ મહેતા,
પોલીસ ચોકી પાસે, અમદાવાદ. ૮
૩. શ્રી. શાન્તિલાલ ચૂનીલાલ શાહ
લેબર વેલ્ફેર સેન્ટર,
રામપુર દરવાજા બહાર, અમદાવાદ.

બેડમિન્ટન સિલેક્શન કમિટી :

૧. પ્રિન્સિપાલ આર. ડી. દેસાઈ.
૨. શ્રી. જે પી. આંટિયા,
૩૦. નાણાવટીના બંગલામાં,
સલાપસ રોડ, અમદાવાદ.
૩. શ્રી. ધ્રુમનકાંત ભટ્ટ
કેલિકો મિલ્સ, અમદાવાદ.

ટેનિસ સિલેક્શન કમિટી :

૧. પ્રિન્સપાલ આર. ડી. દેસાઈ
,, કે. એલ. દેસાઈ.
૩. _____
પ્રિન્સિપાલ કે. એલ. દેસાઈ.
જે નામ સૂચવે તે.

એથ્લેટીક્સ સિલેક્શન કમિટી

ખો-ખો-બહેનો માટે-સિલેક્શન કમિટી :

૧. શ્રી. છગનભાઈ પટેલ.
૨. શ્રી. રણછોડભાઈ પટેલ
સેન્ટઝેવીયર્સ હાઈસ્કૂલ, અમદાવાદ.
૩. મિસ જોષી,

૧. ટેનિસ સિલેક્શન કમિટી પ્રમાણે.

(અ) વધુમાં ઠરાવવામાં આવે છે કે ક્રિકેટ સિલેક્શન કમિટીની નિમણૂક આવતી સભામાં કરવી અને તે પહેલાં બીજા ઝોનોમાંથી તથા બહારના ક્રિકેટના નિષ્ણાતો કે જેઓને કોઈ કૉલેજ સાથે સંબંધ ન હોય તેવાઓ આ કમિટી ઉપર કામ કરી શકે તેમ છે કે નહિ તે જાણવા પ્રયત્ન કરી જોવો.

(ક) વધુમાં ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ સ્પોર્ટ્સના સેક્રેટરી શ્રી. વી. પી. મહેતા ઠરાવ "અ" માં નીમેલી સઘળી સિલેક્શન કમિટીઓ ઉપર સલાહ સૂચનાઓ માટે અને દરેક કમિટીનું કામકાજ વ્યવસ્થિત ચાલે તે માટે એક્સ ઑફિશિયો સભ્ય રહેશે.

(ખ) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઠરાવ "અ" માં દર્શાવેલ દરેક સિલેક્શન કમિટીને તે તે રમતની ટુકડીઓ તથા તેના કૅપ્ટન નક્કી કરવાની સત્તા રહેશે.

(ગ) વધુમાં ઠરાવવામાં આવે છે કે સંજોગવશાત્ ઉપરની કોઈ પણ કમિટીના કોઈ પણ સભ્ય નિમંત્રણ ન સ્વીકારે અથવા હાજર ન રહી શકે તો તેમને બદલે બીજા કોઈ સભ્યને નિયુક્ત કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના ચેરમેન તથા સેક્રેટરીને આપવામાં આવે છે.

૩. **ઇન્ટર-યુનિવર્સિટીની ક્રિકેટ, ટેનિસ, એથ્લેટિક્સ અને ખો-ખો "બહેનો માટે" ની હરીફાઈઓ માટે ગુજરાત યુનિવર્સિટીની ટીમો પસંદ કરવા માટેની સિલેક્શન ટ્રાયલ્સની તારીખો તથા હરીફોની સંખ્યા નક્કી કરવા બાબત.**

(નોંધ — ગઈ સાલ ક્રિકેટની સિલેક્શન ટ્રાયલ્સ માટે અમદાવાદ ઝોનમાંથી ૬ વત્તા ૪ મળીને કુલ દસ હરીફો અને દરેક ઝોનમાંથી ૬ વત્તા બે મળીને કુલ આઠ એમ એકંદર ૩૪ હરીફોની સંખ્યા નક્કી કરવામાં આવી હતી.)

અ આથી ઠરાવવામાં આવે છે કે ક્રિકેટ સિલેક્શન માટે દરેક ગ્રૂપ ૬ ક્રિકેટર્સ મોકલી શકશે. આમાં ૨ બૅટસમૅન, ૨ બૉલર, ૧ વિકેટ કીપર અને ૧ ઑલરાઉન્ડર હોવો જોઈએ. આમ છતાં જો કોઈ ગ્રૂપને પોતાના સારા હરીફો રહી જતા હોય એમ લાગે તો ઉપરના ૬ હરીફો ઉપરાંત વધુ હરીફો મોકલી શકશે અને આ વધારાના હરીફોનો સમરત ખર્ચ જે તે ગ્રૂપને માથે રહેશે. આ પ્રમાણેના વધારાના હરીફોની વધુમાં વધુ સંખ્યા અમદાવાદ સિવાયનાં બીજાં ગ્રૂપો માટે બે-૨-ની રહેશે અને અમદાવાદ ગ્રૂપ માટે ૪-ચાર-ની રહેશે.

બ વધુમાં ઠરાવવામાં આવે છે કે ખો-ખો "બહેનો માટે" સિલેક્શન માટેની ટ્રાયલ્સ મેચો તા. ૨૪, ૨૫ ડિસેમ્બર ૧૯૫૪ના રોજ અમદાવાદ મુકામે રમાડવી અને તેને માટે દરેક ગ્રૂપે પાંચ હરીફોનાં નામ યુનિવર્સિટી ઑફિસે મોડામાં મોડાં તા. ૧૬-૧૨-૫૪ સુધીમાં આ અંગે નક્કી થયેલા એન્ટ્રી ફૉર્મમાં ભરીને મોકલાવી આપવાં. આમ છતાં જો કોઈ ગ્રૂપને પોતાના સારા હરીફ રહી જતા લાગે તો ઉપરના પાંચ ઉપરાંત બીજા બે હરીફો મોકલી શકશે, અને આ બે વધારાના હરીફોનો સમસ્ત ખર્ચ જે તે ગ્રૂપને માથે રહેશે.

ક જુદી જુદી રમતોની સિલેક્શન ટ્રાયલ્સ મેચો માટે બીજા ગ્રૂપમાંથી આવતા નક્કી થયેલી સંખ્યાના હરીફોનો રેલ્વેખર્ચ જે તે ગ્રૂપને માથે રહેશે અને તેઓનો અમદાવાદમાં રહેવા તથા જમવાનો ખર્ચ બોર્ડ ઑફ સ્પોર્ટ્સ, યુનિવર્સિટીના નિયમ મુજબ આપશે.

ખ વધુમાં ઠરાવવામાં આવે છે કે ટેનિસ અને એથ્લેટિક્સની ઈન્ટર-યુનિવર્સિટીની હરીફાઈઓ માટે આ યુનિવર્સિટીની ટુકડીઓ અને હરીફોની પસંદગી સુરત મુકામે તા. ૧૧ અને ૧૨ ડિસેમ્બરના રોજ જ્યારે ઇન્ટર-ગ્રુપની હરીફાઈઓ થાય તે વખતે કરવી, અને ટેનિસ માટે વધુમાં વધુ ચાર હરીફો - રમનારા હોય તેવાઓને જ પસંદ કરવા અને એથ્લેટિક્સ માટે સારા આંક બતાવતા અને યોગ્ય હરીફોની ઓછામાં ઓછી સંખ્યા નક્કી કરવી.

૪. **ઇન્ટર-યુનિવર્સિટીની હરીફાઈઓ માટેની ગુજરાત યુનિવર્સિટીની ટીમો પસંદ કરવા માટેની સિલેક્શન ટ્રાયલ્સ અંગે બીજા ઝોનોમાંથી અમદાવાદ આવતા હરીફોના રહેવા તથા જમવા અંગેની વ્યવસ્થા તથા ખર્ચ અંગે વિચાર કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં યોગ્ય કરવા માટે બોર્ડ ઑફ સ્પોર્ટ્સના ચેરમૅન તથા સેક્રેટરીને સત્તા આપવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સિલેક્શ ટ્રાયલ્સ માટે રૂ. ૧૫૦૦ ની રકમ મંજૂર કરવામાં આવે છે.

૫. ઇન્ટર-યુનિવર્સિટીની હરીફાઇઓ માટે જે ટુકડીઓ અને હરીફો ભાગ લેવા જનાર હોય તેમની સાથે જનાર યુનિવર્સિટીના પ્રતિનિધિ નક્કી કરવા બાબત તથા તેમને શી જવાબદારી સોંપવી તે નક્કી કરવા બાબત.

અ આથી ઠરાવવામાં આવે છે કે આવતી સાલ ઇન્ટર-યુનિવર્સિટીની વૉલીબૉલની હરીફાઇ માટે ગુજરાત યુનિવર્સિટી તરફથી આમંત્રણ પાઠવી શકાય તે માટેનો અનુભવ મેળવવા વૉલીબૉલની ટુકડી સાથે, ડાયરેક્ટર ઑફ ફીઝીકલ એજ્યુકેશને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે જવું તથા તેમણે તેવી જ રીતે એથ્લેટિકસની ટુકડી સાથે પણ જવું.

બ વધુમાં ઠરાવવામાં આવે છે કે વૉલીબૉલ અને એથ્લેટિકસ સિવાયની બીજી રમત માટે તે રમતોની ટુકડીઓ સાથે ચાલુ સાલની રમતોની ઇન્ટર-ગ્રૂપની હરીફાઇઓમાં જે કૉલેજની ટીમ ચેમ્પિયન થઈ હોય તે કૉલેજના ગેઇમ્સના પ્રોફેસરનું નામ તે ઝોનના ચેરમેન મારફત આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા મંગાવવું.

ક વધુમાં ઠરાવવામાં આવે છે કે ખાસ સંજોગવશાત મૅનેજર તરીકે નક્કી થયેલ પ્રોફેસર ટીમની સાથે ન જઈ શકે તો તેમની જગ્યાએ બીજા મૅનેજરને પસંદ કરી મોકલવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના ચેરમેન અને સેક્રેટરીને આપવામાં આવે છે.

ખ વધુમાં ઠરાવવામાં આવે છે કે ઇન્ટર-યુનિવર્સિટીની હરીફાઇઓ માટે આ યુનિવર્સિટીની ટુકડીઓ સાથે મૅનેજર તરીકે જનાર સભ્યને બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૧-૧૦-'૫૩ ની દસમી સભામાં ઠરાવ નં. ૪-ગ-માં નક્કી કરેલી જવાબદારીઓ સોંપવી.

૬. ઇન્ટર-યુનિવર્સિટીની હરીફાઇઓમાં ભાગ લેવા જનાર ટુકડીઓ અને હરીફોને યુનિફૉર્મ, કેસ્ટ વગેરે આપવા બાબત તથા તે અંગેના ખર્ચનો વિચાર કરવા બાબત

અ આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટર-યુનિવર્સિટીની હરીફાઇમાં ભાગ લેતા દરેક હરીફને કેસ્ટ આપવો તથા મૅનેજરને પણ કેસ્ટ આપવો.

બ વધુમાં ઠરાવવામાં આવે છે કે ઇન્ટર-યુનિવર્સિટીની રમતોની હરીફાઇઓમાં આ યુનિવર્સિટીના હરિફોનું રમતનું ધોરણ (performance) જોયા પછી જે તે રમતોના મૅનેજરની ભલામણ ઉપરથી જે જે હરીફોએ જે જે રમતોમાં ખાસ વિશિષ્ટતા બતાવી હોય તેઓને યુનિવર્સિટી તરફથી કલર્સ આપવા કે કેમ તે બોર્ડ ઑફ સ્પોર્ટ્સ વિચારશે.

ક વધુમાં ઠરાવવામાં આવે છે કે ચાલુ સાલે ઇન્ટર-યુનિવર્સિટીની હરીફાઇઓમાં ભાગ લેવા જનાર ફૂટબૉલ, હુ-તુ-તુ, વૉલીબૉલ અને એથ્લેટિકસની ટુકડીઓના હરીફોને યુનિવર્સિટી તરફથી યુનિફૉર્મ આપવો અને આ યુનિફૉર્મનો ખર્ચ ૫૦ ટકા યુનિવર્સિટીએ આપવાનો રહેશે અને ૫૦ ટકા જે તે હરીફોએ આપવાનો રહેશે. ત્યાર બાદ તે યુનિફૉર્મ તે હરીફની માલિકીનો રહેશે. "આ પ્રમાણેનો કેસ્ટ, યુનિફૉર્મ તથા કલર્સ અંગે રૂ. ૧૨૦૦ સુધીની રકમ મંજૂર કરવામાં આવે છે."

૭. યુનિવર્સિટી ઇન્ટર-ગ્રુપની સાંઘિક રમતોની હરીફાઇ ઓની સેમી-ફાઇનલ અને ફાઇનલ હરીફાઇઓ વખતે ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનને નિરીક્ષણ માટે હાજર રહેવા નિયુક્ત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની સાંધિક રમતોની ઇન્ટર–યુનિવર્સિટીમાં ભાગ લેવા મોકલવાની ટુકડીઓની ચૂંટણી કરવામાં અનુકૂળતા થાય માટે આપણી ક્રિકેટ સિવાયની જુદી જુદી સાંધિક રમતોની ઇન્ટર ઝોનલ ટુર્નામેન્ટની સેમી ફાઇનલ અને ફાઇનલ મેચો વખતે આપણી યુનિવર્સિટીના ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશને અથવા શકે તે જગાએ હાજર રહેવું.

ત્યાર બાદ ચેરમેનની પરવાનગીથી નીચેનાં વધારાનાં કામો હાથ પર લેવામાં આવ્યાં હતાં.

૮. ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ કલબને ક્રિકેટ અને વૉલીબૉલની રમતો રમવા માટે ગોઠવણ શરૂ કરવા માટે યોગ્ય ગ્રાંટ આપવા બાબતમાં કલબના ચેરમેન શ્રી. વી. એમ. દેસાઈ તરફથી આવેલ તા. ૨૮–૮–૫૪ના પત્ર ઉપર વિચારણા કરવા માટે.

"આથી ઠરાવવામાં આવે છે કે આ બોર્ડને એમ લાગે છે કે આ પ્રશ્નની વિચારણા કરવાનું કાર્ય આ બોર્ડના કાર્યક્ષેત્ર બહારનું છે અને તેથી સિન્ડિકેટને આ બાબતમાં ઘટતું કરવા આ બોર્ડ ભલામણ કરે છે.

૯. ઇન્ટર–યુનિવર્સિટીની ફૂટબૉલની રમતો, ફૂટબૉલના બાસ બૂટ પહેરીને રમવાની છે તે જણાવતા ઇન્ટર–યુનિવર્સિટીના સેક્રેટરી તરફથી આવેલા ૨૪–૮–'૫૪ના પત્રાંક ૨૪૫૫ એસ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવામાં આવે છે કે યુનિવર્સિટી સાથે જોડાયેલી દરેક કૉલેજને આ બાબતની જાણ કરવી અને વધુમાં જણાવવું કે સિલેકશન ટ્રાયલ્સ પણ આ ધોરણે યોજાશે."

ત્યાર બાદ સભાનું કામકાજ પ્રમુખશ્રીનો આભાર માનવા બાદ પૂરું થયું હતું.

વાસુદેવ મહેતા
સેક્રેટરી,
યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સ.

પરિશિષ્ટ 'જ'

કામકાજ નં. ૫૨

ગુજરાત યુનિવર્સિટી

નં. એફ. યુ. બી. ૨૮૧૨-૧૯-૧૯૫૪.
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯. તા. ૨૩ સપ્ટેમ્બર ૧૯૫૪.

ગુજરાત યુનિવર્સિટીના ફૉરેન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યુરોના સભ્યોની ત્રીજી બેઠક ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં તા. ૨૨-૯-૧૯૫૪ને બુધવારના રોજ સાંજના ૫-૦૦ કલાકે મળી હતી તેમાં હાજરી નીચે મુજબ હતી :

૧.	શ્રી વાઇસ-ચાન્સેલર	હાજર
૨.	પ્રિન્સિપાલ કે. એલ. દેસાઈ	ગેરહાજર
૩.	ડૉ. કે. જી. નાયક	હાજર
૪.	પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર	ગેરહાજર
૫.	પ્રિન્સિપાલ મગનભાઈ ડી. પટેલ	હાજર
૬.	પ્રિન્સિપાલ ટી. કે. મોદી (સરદાર હાજર)	ગેરહાજર
૭.	ડૉ. આર. પી. પટેલ	હાજર
૮.	પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ	ગેરહાજર

૧. તા. ૩-૭-૧૯૫૩ના રોજ મળેલી બીજી બેઠકના કામકાજની નોંધને બહાલી આપવા બાબત :

બ્યુરોની તા. ૩-૭-૧૯૫૩ની બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. બ્યુરોના કામકાજનો વાર્ષિક અહેવાલ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બ્યુરોના કામકાજનો વાર્ષિક અહેવાલ મંજૂર કરવો.

ત્યાર બાદ બેઠકનું કામકાજ પૂરું થયું હતું.

ભદ્રિકલાલ અંબાલા પટેલ
રજિસ્ટ્રાર અને સેક્રેટરી
ફૉરેન યુનિવર્સિટી ઇન્ફર્મેશન બ્યુરો.

GUJARAT UNIVERSITY

FOREIGN UNIVERSITIES INFORMATION BUREAU

Annual Report for 1953-54

With a view to help the prospective students, Bureau's Library has collected about 2200 books-Calendars, Hand-books, Bulletins etc. from the various overseas and Indian Universities, colleges and other educational institutions. The Ministry of Education have supplied cyclostyled materials regarding overseas studies - mostly in U. K. and U. S. .A. and the Bureau supplies information to students in form of pamphlets and leaflets prepared in the Bureau.

As many of the queries as could be answered from the material available in the Bureau Library are answered. The rest are referred to the Ministry of Education (Scholarships and Information Division) Government of India, New Delhi; U. S. Information Service, Bombay; Vocational Guidance Bureau, Bombay; British Council Bombay; Office of the High Commisssion of India (Education Dept.) London; etc.

During the year under reference the total number of querics received was 1150 out of which 333 persons visited the Bureau and 817 queries were replied by post. As referred above the leaflets and pamphlets supplied to students give them a fairly good idea about the courses of studies such as, Engineering in U. K. and U. S. A. Medicine in U.K., U.S.A., Germany etc., Technology, Law, Economics, Accountancy, Business Administration, Public Administration, Library courses, Journalism, Pharmacy, Agriculture, Fine Arts etc. From the queries received it seems the general trend of students is towards taking up courses of studies abroad in Technology including Textile Technology, Engineering - Mechanical, Structural, Electrical, Automobile.

The Bureau supplies application blanks for the educational institutions of U. K. and U.S.A. and forwards these applications through proper channels and carries on all correspondence for securing admission to applicants in suitable courses in institutions of their choice as far as possible. 193 forms were supplied for U.K. and 219 for U.S.A. 32 applications for admissions were sent through High Commissioner of India, London, to the educational institutions in U.K. and 156 applications for admission were sent to the American institutions. More students go to U.S.A. as compared to U.K. The students applied for the following courses of studies in order of preference :

1. Engineering including Civil, Mechanical, Electrical, Textile, Chemical, Automobile, etc.
2. Medicine and Pharmacy.
3. Economics, Commerce, Business Administration etc.
4. Law, Veterinary Science, Agriculture, Physics, English literature etc.

Large number of students sought information about Fellowships, Scholarships etc. available in foreign countries and the relevant information was supplied to them from " Study Abroad Vol. V " and " A Note for Indian Students on Scholarships for Study Abroad. " Due publicity was given to various fellowships, Scholarships, etc. offered by foreign agencies or Govt. of India by circulating the information to the affiliated colleges and recognised institutions. Some applications were forwarded to the authorities sponsoring the Fellowships, Scholarships, etc. One applicant has been selected for training abroad under the point four programme.

The Bureau in its meeting held on 3rd July 1953 has resolved to increase the deposit to Rs. 10- from Rs. 5- for lending one book i. e. handbook, calendar, prospectus etc., at a time to the mofussil students.

Work at a glance.	1953-54	1952-53
No. of letters received	1705	1233
No. of letters despatched (including circulars).....	3613	2322
No. of queries attended	1150	845
No. of documents issued to students.	696	601
No. of applications forwarded	188	185
No. of admissions secured	57	21.

It will thus be seen that the work of the Bureau has increased considerably.

16. 9. 1954.

પરિશિષ્ટ 'અ'

કામકાજ નં. ૭૭

Amendment of R. 8 : In 2 (b) Classical Language add, " or a Modern European Language with texts. "

Hence Group A under the Regulation 8 is amended to read as under :

GROUP A.

Compulsory subjects :

1. (a)	English	... ...	One paper	... ...	100 marks	... ...	3 hours.
1. (b)	Hindi	... ...	One paper	... ...	100 marks	... ...	3 hours.

Note :- The candidate must obtain 25 percent of marks separately in 1 (a) and 1 (b) and 30 percent in the total of 1 (a) and 1 (b).

2. (a)	Mother Tongue or Additional English or Additional Hindi.	...	One paper	...	100 marks	...	3 hours.
2. (b)	Classical Language or a Modern Europeon Language with texts.	...	One paper	...	100 marks	...	3 hours.

Note :- The candidate must obtain 25 percent of marks separately in 2 (a) and 2 (b) and 30 percent in the total of 2 (a) and 2 (b).

3.	Indian Administration		One paper	...	100 marks	...	3 hours.

The following shall be the optional subjects out of which the candidates will be required to take any such subjects from among them as carry 300 marks in the aggregate.

1.	Mathematics	...	Two papers	...	100 marks each	...	3 hours each.
2.	An outline of World History	...	One paper	...	100 marks	...	3 hours.
3.	Civics	...	One paper	...	100 marks	...	3 hours.
4.	Geography	...	One paper	...	100 marks	...	3 hours.
5.	An Outline of the Principal Religions of the World.	...	One paper	...	100 marks	...	3 hours.

Amendment of Regulation 9.

The syllabus in English is amended to read as under :

R. 9. The syllabus in English is as follows :-

Groups A & C.

There shall be one paper of three hours and 100 marks on a text or texts prescribed in prose and poetry :

The Distribution of the marks shall be as under :

60 - Marks for Prose and Poetry.
20 - Marks for Essay.
20 - Marks for Grammar.

Group B.

There shall be one paper of three hours and 100 marks on a text or texts prescribed in Prose.

The Distribution of the marks shall be as under :-

60 - Marks for Prose.
20 - Marks for Essay.
20 - Marks for Grammar.

Groups A, B & C.

The paper in English in lieu of paper in Modern Indian Language shall be on the prescribed texts and shall contain questions testing the candidates' ability to express themselves correctly in English and requiring explanation with reference to the context of passages from the texts.

The Distribution of the marks shall be as under :-

50 - Marks for Prose.
50 - Marks for Poetry.

Amendment of Regulation 10.

In 2 (b) Classical Language add " or a Modern European Language with texts. " The Regulation has been amended to read as under :

R. 10. The candidates will be examined in the following heads :-

1. (a)	English	...	One paper	...	100 marks	...	3 hours.
1. (b)	Hindi	...	One paper	...	100 marks	...	3 hours.

Note :- The candidate must obtain 25 percent of marks separately in 1 (a) and 1 (b) and 30 percent in the total of 1 (a) and 1 (b).

2. (a)	Mother Tongue or Additional English, or Additional Hindi.	...	One paper	...	100 marks	...	3 hours.
2. (b)	Classical Language or a Modern European Language with texts.	...	One paper	...	100 marks	...	3 hours.

Note :- The candidate must obtain 25 percent of marks separately in 2 (a) and 2 (b) and 30 percent in the total of 2 (a) and 2 (b).

3.	Principles of Economics.	One paper	...	100 marks	...	3 hours.
4.	Logic -- Indian and European Systems or Mathematics.	... Two papers.	...	100 marks	...	3 hours each.
5.	Sociology or Psychology or Geography.	... One paper	...	100 marks	...	3 hours.

Amendment of Regulation 11.

The syllabus in English is amended to read as under :-

R. 11. The syllabus in English is as follows :

(1) (a) English : There shall be one paper of three hours and 100 marks on texts prescribed in Prose and Poetry. 40 marks shall be assigned to questions on Prose and 30 marks to questions on Poetry. There shall be an essay carrying 20 marks and a question on grammar carrying 10 marks. The paper in English in lieu of a paper in a Modern Indian Language shall be on the prescribed texts and shall contain questions testing the candidates' ability to express themselves correctly in English and requiring explanation with reference to the context of passages from the texts. The Distribution of marks will be 50 for Prose and 50 for Poetry."

Amendment of Regulation 23.

Paper 7 (Old English) and 8 (Middle English) in English have been amended and kept as under :-

R. 23. Paper VII English : Translations in English of great Literary works from other languages. The paper may also include a work or works of American Literature.

Paper VIII Indo - Anglian Literature (English literary works by Indian Authors)

Amendment of Regulation 77.

In Regulation 77 - Mathematics as a subsidiary subject.

(i) **Pure Mathematics Paper I.**

In the Algebra portion omit §§ 4 and 5 of Chapter XXI of the Barnard and Childs' Higher Algebra.

(ii) **Pure Mathematics Paper II.**

In calculus add § 159 of Gibrons' Elementary treatise on calculus.

(iii) **Applied Mathematices - Paper I.**

Add §§ 11.3 and 11.31 (on virtual work) of Ramsey's statics.

Amended Regulation 198.

R. 198. Every candidate for the degree shall be required to put in 750 hours as apprentice in the dispenasary of a recognised Hospital or shop or any manufacturing concern where pharmaceuticals are being manufactured."

પરિશિષ્ટ 'ટ'

કામકાજ નં. ૭૯

ગુજરાત યુનિવર્સિટી

નં. ફિઝિ: ૧૬૭૮–૮૯ –૧૯૫૪.
અમદાવાદ–૯. તારીખ: ૧૭–૯–૧૯૫૪.

ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની પાંચમી બેઠક ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં તા. ૬–૯–૫૪ ને સોમવારના રોજ સાંજના ૪–૦–૦ કલાકે નીચેનાં કામો ઉપર વિચારણા કરવા મળી હતી અને તેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧.	શ્રી. હરસિદ્ધભાઈ વ. દિવેટિયા, વાઈસ–ચાન્સેલર	હાજર
૨.	ડૉ. ભાસ્કર આર. પટેલ	ગેરહાજર
૩.	શ્રી. બી. એચ. દેસાઈ	ગેરહાજર
૪.	શ્રી. ભાઈલાલભાઈ ડી. પટેલ	હાજર
૫.	શ્રી. પી. જી. શાહ	ગેરહાજર
૬.	પ્રિન્સિપાલ એમ. એસ. શાહ	હાજર
૭.	પ્રિન્સિપાલ જી. આર. કોટવાલ	ગેરહાજર
૮.	પ્રિન્સિપાલ આર. ડી. દેસાઈ	હાજર
૯.	શ્રીમતી જ્યોત્સ્નાબહેન શુકલ	હાજર
૧૦.	મેજર કમા. એસ. એસ. ખાન	ગેરહાજર
૧૧.	ડૉ. કે. એ. શાહ, ચીફ મેડિકલ ઑફિસર	હાજર
૧૨.	શ્રી. વી. પી. મહેતા, ડાયરેક્ટર ઑફ ફિઝિકલ–એજ્યુકેશન	હાજર

૧. તા. ૩૦–૬–'૫૪ ના રોજ મળેલી બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની ચોથી બેઠકના કામકાજની નોંધને મહાલી આપવા બાબત.

બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની ચોથી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી હતી અને તેના ઉપર શ્રી. વાઈસ–ચાન્સેલરે સહી કરી હતી.

૨. મધ્યસ્થ સરકારના કેળવણી ખાતા તરફથી "યુથ વેલ્ફેર" કમિટીઓ નીમવા અંગેનાં સૂચનો કરતા આવેલા તા. ૮–૩–'૫૪ ના પત્રાંક એફ, ૫–૨–'૫૪ વાય. ડબલ્યુ ઉપર ૩૦–૬–૫૪ ની ચોથી સભામાં ઠરાવ્યા પ્રમાણે બધી કૉલેજોને પુછાવતાં તે ઉપર દરેક ઝોનની લોકલ કમિટીઓના ઠરાવ ઉપર બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૨૪–૭–૫૪ ની ૧૩ મી સભામાં પસાર કરેલા નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત.

બોર્ડ ઑફ સ્પોર્ટ્સનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે હાલના સ્પોર્ટ્સ અંગેના ઝોન આ કામ માટે અનુકૂળ નથી કારણ કે કેટલાક ઝોનમાં કૉલેજો હોય એવાં ગામ અથવા શહેરો એકબીજાથી ઘણાં દૂર છે તેથી જે એક જ સ્થળે એક કરતાં વધારે કૉલેજો હોય ત્યાં મધ્યસ્થ સરકારના કેળવણી ખાતા તરફથી આવેલા પત્રમાં જણાવ્યા મુજબની એરિયા કમિટીઓ નીમવી. આ પ્રમાણે અમદાવાદ, આણંદ, સુરત અને ભાવનગરમાં આવી કમિટીઓ બનાવી શકાય."

"આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ, આણંદ, સુરત અને ભાવનગરમાં આવેલી કૉલેજોના પ્રિન્સિપાલોને "યુથ વેલ્ફેરની એરિયા" કમિટીઓ નીમવા તથા તેઓ કયું કામ કરવા માગે છે તે તથા તેનો અંદાજી ખર્ચ મોકલી આપવા માટે જણાવવું અને ત્યાર બાદ મધ્યસ્થ યુથ વેલ્ફેર કમિટીની નિમણૂક કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે "યુથ વેલ્ફેર" ની એરિયા "કમિટીઓ" તથા મધ્યસ્થ કમિટીના સભ્યોનાં ટી. એ. બિલોનો ખર્ચ તથા બીજો ખર્ચ મધ્યસ્થ સરકાર તરફથી આપવામાં આવનાર છે કે કેમ તે પુછાવવું."

૩. મધ્યસ્થ સરકાર તરફથી ઑકટોબર ૧૯૫૪માં "યુથ કૅમ્પ અને લેબર સર્વિસ રાખવા અંગે આવેલા તા. ૩૧-૫-૫૪ ના પત્રાંક એફ-૫-૨૧-૫૪ ડી. ૭ ઉપર" ૩૦-૬-૫૪ ની ચોથી સભામાં ઠરાવ્યા પ્રમાણે બધી કૉલેજોમાં પુછાવતાં ફક્ત વિસનગર કૉલેજ તરફથી "કૅમ્પ રાખવા" માટે સંમતિ આવેલ તે ઉપર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે મધ્યસ્થ સરકારને પુછાવવું કે બે અઠવાડિયાનો કૅમ્પ રાખવામાં આવે તોપણ તે અંગેના ખર્ચની રકમની ગ્રાંટ તેમના તરફથી આપવામાં આવશે કે કેમ અને જવાબ હા માં આવે તો તે પ્રમાણે બધી કૉલેજોને ફરીથી જણાવીને જે કૉલેજો તરફથી એ પ્રકારનો કૅમ્પ રાખવા માટે સ્વીકાર કરવામાં આવે તેના નામ યુનિવર્સિટીની મારફતે મોકલાવી આપવાં."

૪. મધ્યસ્થ સરકારના કેળવણી ખાતાના આશ્રયે તા. ૧લીથી ૭ નવેમ્બર ૧૯૫૪ સુધીમાં દિલ્હી ખાતે યોજવામાં આવનાર "ઇન્ટર યુનિવર્સિટી યુથ ફેસ્ટિવલ" માં કઈ આઇટેમોમાં ભાગ લેવા માંગે છે એમ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં પુછાવતાં જુદી જુદી કૉલેજો તરફથી આવેલ માહિતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જુદી જુદી કૉલેજોનાં "નાટકો તથા સંગીત અને લોકનૃત્ય તથા રેડિયો નાટક"ની આઇટેમોમાં ભાગ લેવા માગતી ટુકડીઓના પ્રયોગો જોઈને મોકલવા માટેના હરીફો તથા ટુકડીઓને પસંદ કરીને ભલામણ કરવા માટે નીચેના સભ્યોની બનેલી સિલેકશન કમિટી નીમવી :

૧. શ્રી. યશવંત પ્રા. શુકલ
૨. શ્રી. ધીરુભાઈ ઠાકર
૩. શ્રી. નરેન્દ્ર શુકલ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે "આર્ટ્સ અને ક્રાફ્ટસ" ની આઈટેમમાંનાં ચિત્રો યુનિવર્સિટી ઑફિસે જે તે હરીફ યા કૉલેજને ખર્ચે મંગાવી લેવા અને ત્યાર બાદ શ્રી. રવિશંકર રાવળ જે ચિત્રો મોકલવા ભલામણ કરે તે જ ચિત્રો મોકલવાં અને આ ચિત્રો દિલ્હી મોકલવા માટેનો પૅકિંગ વગેરેનો ખર્ચ તથા નાપસંદ થયેલા ચિત્રોને પાછા મોકલવાનો ખર્ચ તથા સિલેકશન કમિટીના સભ્યોનો ખર્ચ નિયમ પ્રમાણે યુનિવર્સિટીએ ભોગવવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત કમિટીઓએ પસંદ કરેલ હરીફોને તથા ટુકડીઓને તથા ચિત્રોને ભલામણ સાથે "યુથ ફેસ્ટિવલ"માં ભાગ લેવા માટે મોકલવા.

૫. ચીફ મેડિકલ ઑફિસરના મેડિકલ એક્ઝામિનેશન અંગેના છેવટના રિપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ ઇન્સ્પેકશન અંગેનો રિપોર્ટ દરેક કૉલેજના પ્રિન્સિપાલ તરફ મોકલવો અને તે ઉપર કૉલેજ તરફથી નિમાયેલ ડૉક્ટરનાં જે કંઈ સલાહ સૂચનો હોય તે ઑક્ટોબર ૧૫ સુધીમાં યુનિવર્સિટી ઑફીસે મોકલી આપવા જણાવવું."
ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

વ્યા. ૧૫. ૯.

વાસુદેવ મહેતા
સેક્રેટરી,
બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેર.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની એક ખાસ સભા, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, શનિવાર તા : ૧૩-૧૧-૧૯૫૪ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળી હતી, તે વખતે હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. હરસિદ્ધભાઈ વ. દિવેટિયા, વાઈસ-ચાન્સેલર	હાજર,
૨. શ્રી. એસ. એસ. ભાંડારકર ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન, મુંબઈ સ્ટેટ	ગેરહાજર,
૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર,
૪. શ્રી. બટુભાઈ એચ. દેસાઈ	હાજર,
૫. ડૉ. ભાસ્કર આર. પટેલ	ગેરહાજર,
૬. શ્રી. ભાઈલાલભાઈ ડી. પટેલ	હાજર,
૭. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	ગેરહાજર,
૮. શ્રી. બી. કે. મઝૂમદાર	હાજર,
૯. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર,
૧૦. શ્રી. રતિલાલ ગોમ. ત્રિવેદી	હાજર,
૧૧. શ્રી. નવનીતલાલ એસ. શેાધન	ગેરહાજર,
૧૨. પ્રિન્સિપાલ ડૉ. કે. જી. નાયક	હાજર,
૧૩. પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી	હાજર,
૧૪. પ્રિન્સિપાલ ડૉ. આર. પી. પટેલ	ગેરહાજર,
૧૫. પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર,	ગેરહાજર,
૧૬. શ્રી. બી. આર. શેનોય	હાજર,
૧૭. પ્રિન્સિપાલ એમ. ડી. પટેલ	હાજર.

૧. તા : ૯-૧૦-૧૯૫૪ના રોજ મળેલી સિન્ડિકેટની ખાસ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત :

કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને શ્રી. વાઈસ-ચાન્સેલરે તેના ઉપર સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટીમાં બી. એસ. સી. ડિગ્રી ઇન એગ્રિકલ્ચરનો ચાર વર્ષનો અભ્યાસ-ક્રમ દાખલ કરવા સંબંધી એગ્રિકલ્ચર ફેકલ્ટીની નીચે મુજબની ભલામણ અને તે ઉપરનો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

ફેકલ્ટીની ભલામણ :

"Resolved to recommend to the Academic Council that the revised B. Sc. Agriculture Course of four years be accepted."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે એગ્રિકલ્ચર ફેકલ્ટીની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી." આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો.

૩. ઇન્ટર યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાની મૈસૂર ખાતે મળેલી ઓગણીસમી વાર્ષિક બેઠકના કેટલાક ઠરાવો અંગે રજિસ્ટ્રારના રિપોર્ટ પ્રમાણે ઠરાવો નં. VIII (2), IX (1), IX (2), IX (3), IX (4), IX (6), ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે —

ઇન્ટર યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇંડિયાની મૈસૂર ખાતે મળેલી ઓગણીસમા વાર્ષિક સભાના ઠરાવ નં. **VIII (2)** માં કરેલી ત્રણે ભલામણો સાથે સિન્ડિકેટ સંમત થાય છે.
ઠરાવ નં. **IX (1)** ના પેરા એકમાં કરેલી ભલામણ સાથે યુનિવર્સિટી સંમત થાય છે અને પેરા બે બાબતમાં ઇન્ટર યુનિવર્સિટી બોર્ડને જણાવવું કે આ યુનિવર્સિટીએ આર્ટ્સ ફેકલ્ટીમાં એક્સ્ટર્નલ પરીક્ષાઓ ચાલુ કરી છે.

ઠરાવ નં. **IX (2)** સાથે આ યુનિવર્સિટી સંમત થાય છે.
ઠરાવ નં. **IX (3)** સાથે આ યુનિવર્સિટી સંમત નથી.
ઠરાવ નં. **IX (4)** સાથે આ યુનિવર્સિટી સંમત થાય છે.
ઠરાવ નં. **IX (6)** સાથે આ યુનિવર્સિટી સંમત થાય છે.
ઉપર પ્રમાણે ઇન્ટર યુનિવર્સિટી બોર્ડને તારીફે ખબર આપવી.

૪. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા : ૮-૧૦-૧૯૫૪ના રોજ મળેલી નવમી બેઠકના કામકાજની નોંધને બહાલી આપવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગના કામકાજની નોંધને બહાલી આપવી. (કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે આપવામાં આવી છે.)

૫. એક્સ્ટર્નલ પરીક્ષા અંગેનો એ. ૪૪૦-એ ૨૬ કરવા બાબતનો અને એ. ૪૩૮માં સુધારો કરવા તથા નવો ઑર્ડિનાન્સ ઘડવા બાબતનો શ્રી. રામચંદ્ર હ. શુકલનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ કામ એકેડેમિક કાઉન્સિલ તરફ અભિપ્રાય માટે મોકલી આપવું.

૬. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં લાઇબ્રેરીનાં પુસ્તકો ખરીદવા અંગે શો ગ્રોસીજર રાખવો તે બાબત લાઇબ્રેરી કમિટી તરફ મોકલી હતી તે અંગે મજકૂર કમિટીનો નીચે મુજબનો ઠરાવ :

ઠરાવ

ઠરાવ નં. ૧૪૨ : "સરકારી રિપોર્ટ કે એવાં કોઈ તાત્કાલિક જરૂરિયાતનાં પુસ્તકો સમાજવિદ્યા-ભવન કે ગુજરાતી ભાષા સાહિત્યભવનના અધ્યક્ષની એ મુજબની ભલામણ હોય તો લાઇબ્રેરિયને શ્રી. વાઇસ-ચાન્સેલરની મંજૂરીથી બીજા કોઈ બુકસેલરોના સ્ટોકમાંથી મંગાવવાં."

(નોંધ – મજકૂર પ્રશ્ન અંગે ફેરફારનો નિર્ણય કરવામાં આવે નહિ ત્યાં સુધી યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના ડિરેક્ટરને રૂા : ૧,૦૦૦-૦-૦. સુધીનાં પુસ્તકો ખરીદવાની સત્તા આપવી એવો ઠરાવ સિન્ડિકેટે કરેલો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે લાઇબ્રેરી કમિટીનો ઠરાવ નં. ૧૪૨ મંજૂર કરવો.

૭. લાઇબ્રેરી કમિટીની તા. ૬-૯-૧૯૫૪ ના રોજ મળેલી બેઠકમાં થયેલા નીચે મુજબના ઠરાવને બહાલી આપવા બાબત :

ઠરાવ નં. ૧૩૮ :- સિન્ડિકેટના ઠરાવ નં. ૩૨ તા. ૩-૭-'૫૪ પરત્વે વિચાર કરી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે "યુનેસ્કો ક્લબ અંગેનું તમામ સાહિત્ય લાયબ્રેરીમાં રહે એ યોગ્ય જ છે, પરંતુ ક્લબને અંગે ભાષણો ગોઠવવાં, યુનેસ્કોના આદર્શનો પ્રચાર કરવો વગેરે કામોનું સંચાલન સમાજવિદ્યાભવન વધારે સારી રીતે કરી શકે તેમ હોવાથી એ કામ તેમને સોંપવું."

આથી ઠરાવવામાં આવે છે કે હાલના તબક્કે "યુનેસ્કો ક્લબ" આ યુનિવર્સિટીમાં ચાલુ કરવી નહિ.

૮. રાજપીપળાની ગ્રેજ્યુએટ્સ બેઝિક ટ્રેનિંગ કૉલેજને બી. એડ. માટે જોડાણ આપવા માટેની અરજી અંગે સ્થાનિક તપાસણી સમિતિના રિપોર્ટમાં જણાવેલી કેટલીક બાબતો ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે આ કામ એકેડેમિક કાઉન્સિલ તરફ અભિપ્રાય માટે મોકલી આપવું.

૯. એફ. વાય આર્ટ્સના કેટલાક એક્સ-વિદ્યાર્થીઓ દાખલ થવા માગે એમ શક્યતા હોવાથી એવા સાત વિદ્યાર્થીઓને દાખલ કરવા પરવાનગી આપવા બાબતનો સર એલ. એ. શાહ લૉ કૉલેજના પ્રિન્સિપાલનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે મંજૂર કરેલી સંખ્યા કરતાં જો સંખ્યા વધી જતી હોય તો માગેલી પરવાનગી આપવી નહિ.

૧૦. બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગરમાં ગુજરાતીના લેક્ચરર તરીકે કામ કરતા શ્રી. ટી. એમ માસ્ટરની તેમને હિંદીના લેક્ચરર તરીકે પણ કામ કરવા દેવા માન્યતા આપવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે માગેલી પરવાનગી આપવી.

૧૧. "રેકગ્નિશન ઑફ સ્કૂલ્સ" અંગેના સ્ટેટ્યુટ્સ ૧૯૬ થી ૨૦૧ માં સુધારા કરવા બાબત :

(નોંધ – સૌરાષ્ટ્રની સ્કૂલોના શિક્ષકો ગુજરાત યુનિવર્સિટીના માધ્યમિક શિક્ષક વિભાગના ઇલેક્ટોરલ રોલ ઉપર આવી શકે એ હેતુથી સુધારા કરવા જરૂરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્રની સ્કૂલોને મુંબઈ સરકારની પરવાનગી સિવાય રજિસ્ટર કરી શકાય નહિ તેથી આ બાબતમાં મુંબઈ સરકારની મંજૂરી મેળવવા લખવા સૌરાષ્ટ્ર સરકારના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનને જણાવવું.

૧૨. સેનેટે તેની તા. ૨૮-૨૯ જૂન ૧૯૫૪ ની બેઠકમાં સુધારેલા સ્ટેટયુટસ ૪ અને ૭૬ ને મંજૂરી આપ્યા બાબતના અને સ્ટેટયુટ નં. ૭૮, ૯૧ અને ૯૨ માં જણાવેલા સુધારા આલ્ટ્રાવાયર્સ છે એમ જણાવતા અને સ્ટેટયુટ નં. ૧૫૩ અને ૧૫૭ ની અંદર કરેલા સુધારા સ્ટેટયુટસ ૭૮, ૯૧ અને ૯૨ માં સૂચવેલા સુધારાને અંગે હોઈને તેની મંજૂરી withhold કર્યા બાબતના સેક્રેટરી ટુ ધી ગવર્નર ઓફ બોમ્બે તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેટયુટ નં. ૭૮, ૯૧ અને ૯૨ નો આ સાથે પરિશિષ્ટ "ખ"માં આપ્યા પ્રમાણેનો રિવાઇઝ્ડ ડ્રાફ્ટ મંજૂર કરવો અને તે મંજૂર કરવા સેનેટની મિટિંગ આગળ મૂકવો.

૧૩. સેનેટે મંજૂર કરેલી રૂા. ૧૦૦-૦-૦ ની એક એવી દસ સ્કોલરશિપો અંગે જાહેરાત આપતાં અને કોલેજોને સરકયુલર મોકલતાં, આવેલી ત્રણ અરજીઓ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ત્રણે અરજદારોને સ્કોલરશિપ આપવાનું મંજૂર કરવું અને થિસિસ માટેનો વિષય બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગની પ્રથમ મંજૂરી મેળવી નક્કી કરવો જોઈએ એવું ઠરાવવાનું જરૂરી છે કે કેમ તે બાબત બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગનો અભિપ્રાય મેળવવો.

૧૪. શિક્ષણના માધ્યમ અંગે સેનેટે પસાર કરેલા રિપોર્ટમાં ૧૯૫૩ ના જૂનથી શરૂ થતા સત્રથી ફર્સ્ટ ઇયર ગ્રુપ્સ "એ", "બી" અને "સી" માં હિંદીના ૧૦૦ માર્કસનો એક પેપર ફરજિયાત રાખવાનું ઠરાવેલું હતું. પરંતુ તેમાં ફેરફાર કરવાની એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવા અંગેના પ્રશ્ન ઉપર સિન્ડિકેટે કરેલ રિપોર્ટ પસાર થવાથી ગુજરાતી તથા હિંદી બોર્ડ તરફ તે મોકલતાં થયેલા નીચે મુજબના બોર્ડ ઓફ સ્ટડીઝ ઇન હિંદી તથા ગુજરાતીના ઠરાવો.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે ૧૧ મું સ્ટાન્ડર્ડ (મૅટ્રિકયુલેશન) હિંદી ભણીને વિદ્યાર્થીઓ આવે તેમને માટે એટલે કે ૧૯૫૫ ના જૂનથી હિંદી ફરજિયાત કરવા સેનેટે સ્વીકારેલા કાર્યક્રમમાં ફેરફાર કરવા સેનેટને ભલામણ કરવી અને તે પ્રમાણેનો અભ્યાસક્રમ ઘડી કાઢવા આ સવાલ હિંદી બોર્ડ તરફ પાછો મોકલવો.

સિન્ડિકેટનો ઠરાવ:

"આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૫૫ ના જૂનથી હિંદીનો ફરજિયાત પેપર શરૂ કરી શકાય તેવો "ઇન્ટેરિમ કોર્સ" આપવા એકેડેમિક કાઉન્સિલને જણાવવું."

એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલ તેના આગળના ઠરાવને વળગી રહે છે અને એમ ઠરાવે છે કે ફર્સ્ટ ઇયર આર્ટ્સમાં હિન્દીને જૂન ૧૯૫૫ થી શરૂ થતા વર્ષથી ફરજિયાત વિષય તરીકે દાખલ કરવું."

સિન્ડિકેટનો ઠરાવ :

" આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને સેનેટને તે સ્વીકારવા ભલામણ કરવી. "

સિન્ડિકેટનો છેવટનો ઠરાવ :

" આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાતી અને હિંદી બંનેનો એક એક પેપર ફરજિયાત રાખવો અને તે બન્ને પેપરના માર્કસ સરખા રાખવા. "

સેનેટનો ઠરાવ :

" સેનેટની આ સભા ઠરાવે છે કે હિંદીનો ફરજિયાત વિષય રાખવા અંગે સિન્ડિકેટનો છેવટનો રિપોર્ટ મંજૂર કરવો. "

સિન્ડિકેટનો ઠરાવ :

" આથી ઠરાવવામાં આવે છે કે આ કામ બોર્ડ ઑફ સ્ટડીઝ ઇન ગુજરાતી અને બોર્ડ ઑફ સ્ટડીઝ ઇન હિન્દી તરફ મોકલવું. "

બોર્ડ ઑફ સ્ટડીઝ ઇન હિંદીનો ઠરાવ :

" મજકૂર વિષયમાં વિગતવાર અભ્યાસક્રમ બોર્ડે ગયે વર્ષે ઘડેલો છે તે તરફ આ સભા સિન્ડિકેટનું ધ્યાન ખેંચે છે. "

બોર્ડ ઑફ સ્ટડીઝ ઇન ગુજરાતીનો ઠરાવ :

" આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતમાં આ બોર્ડે કાંઈ પણ કરવાનું નથી. "
આથી ઠરાવવામાં આવે છે કે હિંદી બોર્ડ અને ગુજરાતી બોર્ડના ઠરાવો મંજૂર કરવા.

૧૫. શિક્ષણના માધ્યમ અંગે કૉન્ફરન્સ ઑફ પ્રોફેસર્સ ઑફ ઇંગ્લિશના પ્રોસીડિંગ્સમાં કરેલી ભલામણોને મધ્યસ્થ સરકારની સેન્ટ્રલ એડવાઇઝરી બોર્ડ ઑફ એજ્યુકેશને મંજૂર કરેલી છે, અને યુનિવર્સિટીઓને આ અંગે ઘટતાં પગલાં લેવાની ભલામણ કરેલી છે તો આ બાબતમાં ઘટતાં પગલાં લઈ સરકારને જણાવવા બાબતનો મધ્યસ્થ સરકારના શિક્ષણ ખાતાના અન્ડર સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીએ ૧૯૫૫ ના જૂનથી ગુજરાતીને માધ્યમ તરીકે ક્રમે ક્રમે દાખલ કરવાનું સ્વીકાર્યું છે એમ જણાવવું.

૧૬. ચાલુ સાલે એમ. એ. માં સંસ્કૃતમાં વલ્લભ વેદાન્ત પ્રાઇઝનો વધારાનો પેપર લઈને કોઈ વિદ્યાર્થી બેઠો નહિ હોવાથી તેની જગાએ નિબંધ હરીફાઈ રાખીને તેમાં જે વિદ્યાર્થી પ્રથમ નંબરે ઉત્તીર્ણ થાય તેને ઇનામ આપવું અને તેને માટેનો વિષય યુનિવર્સિટીએ નક્કી કરવો એવું નિયમોમાં છે પરંતુ તેવા નિબંધની હરીફાઈ અંગે નીચેની બાબતની સ્પષ્ટતા નથી તો તે બાબત નક્કી કરવા સિન્ડિકેટે બોર્ડ ઑફ સ્ટડીઝ ઇન સંસ્કૃત તરફ રિપોર્ટ માટે મોકલી હતી તે અંગે બોર્ડની નીચે મુજબની ભલામણ :

બાબત : ૧. હરીફાઈમાં કોણ ભાગ લઈ શકે.
૨. હરીફાઈ માટેના નિબંધ લેખિત પરીક્ષા માફક નિયત કરેલા સ્થળે લખાવવાને પ્રબંધ કરવો કે લખેલા નિબંધો મંગાવવા.

બોર્ડની ભલામણ :

"આથી આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે એમ. એ. સંસ્કૃતમાં વલ્લભ વેદાંત પ્રાઈઝ માટેની હરીફાઈમાં ૧. જે વિદ્યાર્થીઓ બી. એ. માં સંસ્કૃત (સ્પેશ્યલ) લઈને ઉત્તીર્ણ થયા હોય તે વિદ્યાર્થીઓ જ આમાં ભાગ લઈ શકે.

૨. મજકૂર હરીફાઈ માટે લખેલા નિબંધો મંગાવવા."
આથી ઠરાવવામાં આવે છે કે સંસ્કૃત બોર્ડની ભલામણ મંજૂર કરવી.

૧૭. હિંદી ભાષામાં યોગ્ય પુસ્તકો તૈયાર કરાવવા તથા બીજી ભારતીય તેમ જ પરદેશી ભાષાઓમાંથી પુસ્તકોનાં ભાષાંતર કરાવવા બાબત યુનિવર્સિટીઓએ એકેડેમી અને બ્યુરો સ્થાપવા ઘટતાં પગલાં લેવા યુનિવર્સિટીને ખાસ ભલામણ કરતો મધ્યસ્થ સરકારના શિક્ષણ ખાતાના અન્ડર સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આવી એકેડેમી કે બ્યુરો આ તબક્કે સ્થાપવા આ યુનિવર્સિટી અશક્તિમાન છે એમ જણાવવું.

૧૮. ઇન્ટર સાયન્સ પ્રેક્ટીકલ્સ ગ્રૂપ્સ "એ" અને "બી", બી. એ. અને બી. એસ. સી. (બી. એસ. સી. પ્રેક્ટીકલ્સ ઇન કેમિસ્ટ્રી, ફિઝિક્સ અને માયક્રોબાયોલોજી સહિત — માઇક્રોબાયોલોજી તો છે જ) ની પરીક્ષાઓ માટે કૉલેજને કેન્દ્ર તરીકે ૧૯૫૫ ની માર્ચ-એપ્રિલની પરીક્ષાથી રાખવા બાબતના એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીના પ્રિન્સિપાલ તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલની વિનંતી માન્ય રાખવી.

૧૯. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યુટ, નડિયાદને ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ, બી. એ. અને બી. એસ. સી, થિયરી અને પ્રેક્ટીકલ્સ સહિતની પરીક્ષાઓ માટે કેન્દ્ર તરીકે રાખવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલની વિનંતી માન્ય રાખવી. વધુમાં, વધુમતે ઠરાવવામાં આવે છે કે નડિયાદ સેન્ટરના સવાલપત્રો અને ત્યાં સુધી નડિયાદમાં છપાવવા પણ તેમ ન કરવાનું જો પ્રિન્સિપાલને યોગ્ય લાગે તો વલ્લભવિદ્યાનગર સેન્ટરે છપાવવાની છૂટ આપવી.

આ તબક્કે આઈટેમ નં. ૬૮ ની વિચારણા હાથ ઉપર લેવામાં આવી.

૬૮. વલ્લભ વિદ્યાનગરને બી. કોમ. માટે કેન્દ્ર બનાવવા અંગે બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય -ના પ્રિન્સિપાલ તરફથી આવેલી અરજી સિન્ડિકેટે નામંજૂર કરી હતી, તે અંગે ફરી વિચારણા કરવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલની વિનંતી માન્ય રાખવી.

૨૦. સુધારેલા ઑર્ડિનાન્સ ૬૮ની નોંધમાંBrother-in-Law અને Step-relative ઉમેરવા બાબતના પ્રિન્સિપાલ અ. ક. ત્રિવેદી તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિનાન્સ ૬૮ નીચેની નોંધમાં "Brother-in-law" શબ્દ ઉમેરવો; "Step-relative" શબ્દ ઉમેરવાની જરૂર નથી.

૨૧. ઇન્ટર આર્ટ્સ (એકસ્ટર્નલ) પરીક્ષાના રજિસ્ટ્રેશન માટે અરજી કરનાર ઉમેદવાર શ્રીમતી હંસા જે. દવે ગયે વર્ષે નેશનલ કૉલેજ, વાંદરા (મુંબઈ) માં એફ. વાય. આર્ટ્સનો અભ્યાસ કરતાં હોવાથી તા. ૯-૩-૧૯૫૪ સુધી મુંબઈમાં હતાં તેમની રજિસ્ટ્રેશન માટેની અરજી તા. ૩૦-૮-૧૯૫૪ના રોજ આવેલી છે એટલે નિયમ મુજબ છ માસ બાબતની શરતમાં ૧૦ દિવસ ખૂટે અને તેથી નામ રજિસ્ટર થઈ શકે નહિ તો તેમની તે ખૂટતી હાજરી માફ કરવા બાબતની તેમની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીનીના રહેઠાણ માટે જે થોડા દિવસ ખૂટે છે તે માફ કરવા અને તેમને રજિસ્ટર કરવાં.

૨૨. જોઇન્ટ બોર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની તા. ૬-૮-૧૯૫૪ના રોજ મળેલી બેઠકમાં થયેલા નીચે મુજબના ઠરાવ અંગે ઘટતાં પગલાં લેવા બાબત :

Resolved unanimously that recomendations Nos. 1, 2, 4, 7 and 8 in the Committee's report be approved and by majority that recommendation No. 5 in the Committee's report be approved.

Resolved that recommendation No. 3 be approved with an addition that a certified statement of marks obtained by the student at the examination of the University from which he is migrating should be produced by the student with his application form for admission to the examination of the University to which he is migrating.

As regards recommendation No. 6 it was resolved that the recommendation be approved with the condition that the exemptions can be recognised only in common subjects and the student must produce a certified statement of marks obtained by him at the examination of the University from which he is migrating and at which he has failed and produce it with his application for admission to the examination of the University to which he is migrating.

Resolved that recommendation No. 9 be accepted with the modification that the word "enrolment" be substituted for the word "eligibility" wherever it occurs.

Resolved that recommendation No. 10 be accepted with the following modifications :

' The word "the" be substituted for the word "this" which occurs after the the words "the examination of".

The word "Produce" be substituted for the word "migrate to this University by producing."

The words "he should not be allowed to appear as an ex-student as he has lost such a privilege by migrating to another University" be dropped.

As regards recommendation No. 11, the first part of the recommendation be accepted and the second part be omitted.

Resolved further that the above decisions of the Joint Board be sent to the Statutory Universities in the State of Bombay with a request to take steps for their implementation as early as possible and write to the Secretary of the Joint Board within three months as to what steps have been taken and communicate their reasons for not implementing any of the recommendations in case they have not been implemented."

આથી ઠરાવવામાં આવે છે કે જોઈન્ટ બોર્ડ ઓફ વાઈસ-ચાન્સેલર્સનો ઠરાવ મંજૂર કરવો.

૨૩. જોઈન્ટ બોર્ડ ઓફ વાઈસ-ચાન્સેલર્સની તા: ૬-૮-૧૯૫૪ ના રોજ મળેલી બેઠકમાં થયેલા નીચે મુજબના ઠરાવ અંગે આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ નીમવા બાબત:

"Resolved that the Joint Board is of the opinion that on and from the date when the first batch of students passes the new S.S.C. Course, there should be uniform rules for admisssion to the colleges in the Statutory Universities in the State of Bombay and that a Committee of two representatives of each University be appointed to draft out such rules. The Secretary of the Board should request the Universities in the State of Bombay to appoint their representatives."

આથી ઠરાવવામાં આવે છે કે જોઈન્ટ બોર્ડ ઓફ વાઈસ-ચાન્સેલર્સની મિટીંગનો ઠરાવ મંજૂર કરવો અને યુનિવર્સિટીના પ્રતિનિધિઓ નીમવાનું કામ સિન્ડિકેટની આવતી મીટિંગ સમક્ષ મકવું.

૨૪. જોઈન્ટ બોર્ડ ઓફ વાઈસ-ચાન્સેલર્સની તા. ૬-૮-૧૯૫૪ના રોજ મળેલી બેઠકમાં થયેલા નીચે મુજબના ઠરાવ અંગે અભિપ્રાય આપવા બાબત:

Resolved that the proposal be referred to the Statutory Universities in the State of Bombay for their opinion.

પ્રપોઝલ નીચે મુજબ છે:

"The Board recommends to the Hon'ble High Court of Bombay and the Bombay Bar Council that students who have passed the I.Sc. Examination of the Statutory Universities in the State of Bombay or an examination of another University considered equivalent thereto should be permitted to join the Law Preliminary Course and those who have passed the B.Sc. Examination of the Statutory Universities in the State of Bombay or an examination considered equivalent thereto should be permitted to join the first LL.B. Course."

આથી ઠરાવવામાં આવે છે કે જોઈન્ટ બોર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સને જણાવવું કે આ યુનિવર્સિટી આ બાબતમાં રજૂ થયેલી પ્રપોઝલ સાથે સંમત છે.

૨૫. જોઈન્ટ બોર્ડ ઑફ વાઈસ-ચાન્સેલર્સની તા. ૬-૮-૧૯૫૪ ના રોજ મળેલી બેઠકમાં થયેલા નીચે મુજબના ઠરાવ ઉપર ઘટતાં પગલાં લેવા બાબત:

Resolved that it be recommended to the Universities in the State of Bombay that it be made a condition precedent to the admissions of N.C.C. Cadets to their examinations that they obtain a certificate from the Commanding Officer of having satisfactorily attended the N.C.C. Parades, annual camp, etc., and that the Universities be requested to amend their Ordinances accordingly.

આથી ઠરાવવામાં આવે છે કે જોઈન્ટ બોર્ડ ઑફ વાઈસ-ચાન્સેલર્સને જણાવવું કે આ યુનિવર્સિટી તેમની ભલામણ સ્વીકારે છે.

૨૬. જોઈન્ટ બોર્ડ ઑફ વાઈસ-ચાન્સેલર્સની તા. ૬-૮-૧૯૫૪ ના રોજ મળેલી બેઠકમાં થયેલા ઠરાવ અનુસાર ગુજરાત યુનિવર્સિટીના, એન્જિનિયરિંગ યુનિટસના એન. સી. સી. કેડેટોને કન્સેશન આપવા બાબતના, પત્ર અંગે આ યુનિવર્સિટીનો અભિપ્રાય આપવા બાબત:

Resolved that the opinion of the Universities in the State of Bombay be invited on this quetsion.

આથી ઠરાવવામાં આવે છે કે જોઈન્ટ બોર્ડ ઑફ વાઈસ-ચાન્સેલર્સને જણાવવું કે આ યુનિવર્સિટી આવાં કન્સેશન્સ આપવાની તરફેણમાં નથી.

૨૭. જોઈન્ટ બોર્ડ ઑફ વાઈસ-ચાન્સેલર્સની તા. ૬-૮-૧૯૫૪ ના રોજ મળેલી બેઠકમાં થયેલા નીચે મુજબના ઠરાવ અનુસાર ત્રણ વર્ષના ઑનર્સ કોર્સ અંગે એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડાના પત્ર અંગે આ યુનિવર્સિટીએ અભિપ્રાય આપવા બાબત:

Resolved that the opinion of the Universities in the State of Bombay be invited on this question.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં જનરલ કોર્સ કેટલા વર્ષનો અને ઑનર્સ કોર્સ કેટલા વર્ષનો તે અંગે ચોખવટ ન થાય ત્યાં સુધી કાંઈ પણ અભિપ્રાય આપી શકાય તેમ નથી.

૨૮. જોઈન્ટ બોર્ડ ઑફ વાઈસ-ચાન્સેલર્સની તા. ૬-૮-૧૯૫૪ ના રોજ મળેલી બેઠકમાં થયેલા નીચેના ઠરાવ ઉપર ઘટતાં પગલાં લેવા બાબત:

"Resolved that it be recommeneded to the Universities in the State that students who have passed an examination of one University should not be allowed to appear at the same examination of another University with the same subjects to improve their results."

આથી ઠરાવવામાં આવે છે કે જોઈન્ટ બોર્ડ ઑફ વાઈસ-ચાન્સેલર્સની મિટીંગના આ ઠરાવ સાથે આ યુનિવર્સિટી સંમત છે.

૨૯. જોઇન્ટ બોર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની તા. ૬-૮-૧૯૫૪ના રોજ મળેલી બેઠકમાં થયેલા નીચે મુજબના ઠરાવ ઉપર ઘટતાં પગલાં લેવા બાબત:

"Resolved that it be recommended to the Universities in the State that the Matriculation Examination of the Statutory Universities in India be recognised only if passed through a school recognised by that University."

આથી ઠરાવવામાં આવે છે કે જોઇન્ટ બોર્ડ ઑફ વાઈસ-ચાન્સેલર્સની મીટિંગના આ ઠરાવ સાથે આ યુનિવર્સિટી સંમત છે.

૩૦. ૧૯૫૫-૫૬ માટેની મોડીફાઈડ ઑવરસીઝ સ્કૉલરશિપો માટેની અરજીઓ મોકલવા અંગેના હિંદ સરકારના પત્ર ઉપર વિચારણા કરવા બાબત:

(નોંધ:— ગયા વર્ષે સિન્ડિકેટે એમ ઠરાવેલું કે કોઈને સ્પોન્સર કરવા નહિ પરંતુ સાથે એમ ઠરાવ્યું હતું કે આવતી સાલે આ કામ સિન્ડિકેટ સમક્ષ વહેલું મૂકવું કે જેથી તે બાબતમાં વખતસર નિર્ણય લઈ શકાય.)

આથી ઠરાવવામાં આવે છે કે જે અરજીઓ આવે તેમાંથી આ સ્કૉલરશિપો માટે નામો મોકલવાની શ્રી. વાઈસ-ચાન્સેલરને સત્તા આપવી, પણ તે એવી શરતે કે ૫૦ ટકા ખર્ચ સરકાર ભોગવે, ૨૫ ટકા યુનિવર્સિટી ભોગવે અને ૨૫ ટકા જે સંસ્થામાં શિક્ષક કામ કરતા હોય તે સંસ્થા ભોગવે.

૩૧. ઇન્ટર યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાની મૈસૂર ખાતે મળેલી ૨૯ મી વાર્ષિક બેઠકમાં પસાર થયેલા નીચેના ઠરાવ અંગે યુનિવર્સિટીએ શાં પગલાં લીધાં છે તે બાબતના મજકૂર બોર્ડના સેક્રેટરીના પત્રને ફૅકલ્ટી ઑફ કૉમર્સ તરફ રિપોર્ટ માટે મોકલતાં ફૅકલ્ટીએ કરેલો નીચે મુજબનો ઠરાવ:

ઇન્ટર યુનિવર્સિટી બોર્ડનો ઠરાવ:

"Considered the proceedings of the conference of Representatives of Commerce Faculties and Deparments of Indian Universities held at Madras on the 18th March 1953.

"The Board approves of the recommendations of the special Committee constituted to consider equivalence of standards of Commerce Degree and commends its conclusions to all the Universities concerned."

ફેકલ્ટી ઑફ કૉમર્સનો ઠરાવ:

"This Faculty resolves to recommend that this University will recognise the the examinations of the other Universities provided that the subjects, curriculum and the standard of passing are equivalent to the subjects, curriculum and the standard of passing in this University."

આથી ઠરાવવામાં આવે છે કે કૉમર્સ ફેકલ્ટીનો અભિપ્રાય મંજૂર કરવો, અને હન્ટર યુનિવર્સિટી બોર્ડને તે પ્રમાણે જણાવવું.

૩૨. મિલિટરી ટ્રેનિંગ ફૉર મેડિકલ સ્ટુડન્ટસ અંગે હિંદ સરકારના હેલ્થ ખાતાના અન્ડર સેક્રેટરી તરફથી આવેલો પત્ર સિન્ડિકેટે મેડિકલ ફેકલ્ટી તરફ મોકલતા ફેકલ્ટીએ કરેલી નીચે મુજબની ભલામણ:

ભલામણ:

"The Faculty recommends to the Syndicate that the Medical students should be encouraged to join the National Cadet Corps Units provided that the State Governments may provide necessary finance to enable as many students as possible to enrol themselves in the Nationsal Cadet Corps."

આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ ફેકલ્ટીનો અભિપ્રાય મંજૂર કરવો અને હિંદ સરકારને તે પ્રમાણે ખબર આપવી.

૩૩. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં પ્રિ-ક્લીનિકલ વિષયો (એનેટોમી, ફિઝિયોલોજી) અને નોન- ક્લીનિકલ વિષયો (બૅથોલોજી-ફાર્મેકોલોજી) માંઑનરરી ડેમોન્સ્ટ્રેટરની (જુનિયર લેકચરરની) નિમણૂક કરવામાં આવે તો યુનિવર્સિટીને કાંઈ વાંધો છે કે કેમ તે જણાવવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલો પત્ર અને તે ઉપરનો મેડિકલ ફેકલ્ટીનો ઠરાવ:

મેડિકલ ફેકલ્ટીનો ઠરાવ:

"Resolved that the Faculty has no objection for appointment of additional honorary Demonstratership in the non-clinical subjects to offer the opportunity for doing post-graduate work in their respective subjects for M.D., M.S., M.Sc., and the like. However, they should never replace the fulltime stipendary Demonstrators or junior Lecturers in correct proportion i.e. 1 for 20 admissions."

આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ ફેકલ્ટીનો ઠરાવ મંજૂર કરવો અને બી. જે. મેડિકલ કૉલેજના પ્રિન્સિપાલને તે પ્રમાણે જણાવવું.

૩૪. યુનિવર્સિટીના હિસાબો તપાસવા માટે Continuous Internal Professional Auditors નીમવા બાબતમાં મેસર્સ સોરાબ એસ. એન્જિનિયર એન્ડ કું. સાથે પત્રવ્યવહાર કરતાં આવેલો જવાબ.

આથી ઠરાવવામાં આવે છે કે આ કામ માટે મેસર્સ સોરાબ એસ. એન્જિનિયર એન્ડ કંપનીની તેમણે જણાવેલી શરતોએ નિમણૂક કરવી.

૩૫. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ અને યુનિવર્સિટી સ્કૂલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ એન્ડ લિટરેચર માટે કેટલીક જગ્યાઓ મંજૂર કર્યા બાબતનો મુંબઈ સરકારના કેળવણી ખાતાના સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે દરેક સ્કૂલ માટે એક સ્ટેનોગ્રાફર, એક ક્લાર્ક અને બે પટાવાળા મંજૂર કરવા તેમ જ ક્લાર્ક મંજૂર કર્યો છે તે હેડ ક્લાર્ક, સિનિયર ક્લાર્ક કે જુનિયર ક્લાર્ક રાખવો તે બાબતની સ્પષ્ટતા કરવા સરકારને જણાવવું.

૩૬. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના મકાન માટેના પ્લાન મંજૂર કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે પ્લાન મંજૂર કરવા.

૩૭. યુનિવર્સિટી સ્કૂલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ અને લિટરેચરના બિલ્ડિંગના પ્લાન્સ મંજૂર કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે પ્લાન મંજૂર કરવા.

૩૮. ગુજરાતી ડિપાર્ટમેન્ટમાં રિડરો અને લેક્ચરરો નીમવા અંગે તેમ જ જોડાયેલી કૉલેજો ને માન્ય સંસ્થાઓના અનુસ્તાનક શિક્ષકોનો ગુજરાતી ડિપાર્ટમેન્ટ સાથે સાથ કેવી રીતે મેળવવો અને ખાસ કરીને સંશોધન અંગે અને પરિભાષા અંગે ગુજરાતી ડિપાર્ટમેન્ટ ત્વરિત અને ઉપયોગી મદદ કેવી રીતે કરી શકે તે બાબતો અંગે નીચે મુજબની સમિતિ નીમવા બાબતનો શ્રી. અ. ક. ત્રિવેદીનો પત્ર.

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર, પ્રમુખ
૨. શ્રી. અ. ક. ત્રિવેદી
૩. શ્રી. યશવંત પ્રા. શુકલ
૪. શ્રી. ગિરિજાશંકર ભી. ઓઝા
૫. ડૉ. એ. એમ. ત્રિવેદી
૬. શ્રી. વિષ્ણુપ્રસાદ ૨. ત્રિવેદી
૭. શ્રી. ડોલરરાય ૨. માંકડ
૮. યુનિવર્સિટી પ્રોફેસર ઑફ ગુજરાતી
૯. રજિસ્ટ્રાર-સમિતિના સભ્ય અને કન્વીનર

આથી ઠરાવવામાં આવે છે કે આ કામ માટે ઉપર પ્રમાણેની સમિતિ નીમવી.

૩૯. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં હેડ કલાર્કની જગ્યા માટે અરજી કરનારા ઉમેદવારો સિનિયર ક્લાર્કસ શ્રી. આર. બી. ભાવસાર તથા શ્રી. એન. જે. પટેલની તેઓને તે જગ્યા ઉપર નીમવા બાબત અથવા તો જ્યાં સુધી ગવર્મેન્ટની મંજૂરી ન આવે ત્યાં સુધી સિનિયર કલાર્ક તરીકે નીમવા બાબતની અરજી.

(નોંધ : મુંબઈ સરકારે આ જગ્યા મંજૂર રાખી નથી.)
આથી ઠરાવવામાં આવે છે કે આ કામની વિચારણા મુલતવી રાખવી.

૪૦. ડૉ. જી. બી. માંકડ મેડિકલ ફેકલ્ટીની રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટસ કૉન્સ્ટિટ્યુઅન્સીમાં ચાલુ રહે છે કે કેમ તે કન્ફર્મ કરવા બાબતના તેમના તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. માંકડ તેમની ઇચ્છા હોય તો રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટસ કૉન્સ્ટિટ્યુઅન્સીમાં રહી શકે છે તે પ્રમાણે તેમને ખબર આપવી.

૪૧. ૧૯૫૫ના એપ્રિલથી મે સુધીના છ અઠવાડિયાનો ઇકૉનૉમિકસ વિષય માટેનો રીફ્રેશર કોર્સ ઇન્ટરનેશનલ ઇકૉનૉમિક એસોસિએશને ઑર્ગેનાઇઝ કરવાનું વિચાર્યું હોવાથી તે અંગે આ યુનિવર્સિટી તરફથી એક નામ તથા એક વધારાનું નામ એમ બે નામો મોકલવા બાબતનો ઇન્ડિયન ઇકૉનોમિક એસોસિએશનના માનદ્ મંત્રી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત ભલામણ કરવા આ કામ પ્રોફેસર બી. આર. શેનોય તરફ મોકલી આપવું.

૪૨. મુઝફ્ફરપુર (બિહાર) ખાતે બિહાર યુનિવર્સિટીના આશ્રયે તા. ૨૬, ૨૭, ૨૮ ડિસેમ્બર ૧૯૫૪ દરમિયાન ભરાનારી ઇન્ડિયન પૉલિટિકલ સાયન્સની ૧૭ મી પરિષદ માટે આ યુનિવર્સિટીના ડેલિગેટો નીમવા બાબતનો મજકૂર એસોસિએશનના જનરલ સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી ડેલિગેટ મોકલવા અશક્ત છે એમ જણાવવું.

૪૩. ઓસ્માનિયા યુનિવર્સિટીના આશ્રયે હૈદ્રાબાદ ખાતે તા. ૨૪-૨૫ અને ૨૬ મી ડિસેમ્બર ૧૯૫૪ દરમિયાન મળનારી ઇન્ડિયન મૅથેમેટિકસ સોસાયટીની વીસમી પરિષદ માટે આ યુનિવર્સિટીના મૅથેમેટિકસ ડિપાર્ટમેન્ટના ઑફિસરો ડેપ્યુટ કરવા બાબતનો મજકૂર એસોસિએશનના માનદ્ મંત્રી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી ડેલિગેટ મોકલવા અશક્ત છે એમ જણાવવું.

૪૪. કૉલેજોની હૉસ્ટેલોના ઇન્સ્પેકશન અંગે મુદ્દાઓ નક્કી કરવા સિન્ડિકેટે નીમેલી સમિતિનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે સમિતિનો રિપોર્ટ આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોના પ્રિન્સિપાલો અને માન્ય થયેલી સંસ્થાઓના વડાઓના અભિપ્રાય માટે મોકલી આપવો.

૪૫. કારકુનોને જે પ્રમાણે ઓવર-ટાઇમ એલાવન્સ અપાય છે તે જ પ્રમાણે એટલે કે જેટલા કલાક કામ કર્યું હોય તેટલા કલાક પ્રમાણે ઓવર-ટાઇમ એલાવન્સ આપવા બાબતની પટાવાળાઓની અરજી.

(નોંધ : હાલ પટાવાળાઓને કલાકના ૬ આના લેખે એકી સાથે રૂા. ૬૦થી વધુ નહિ એ પ્રમાણે ઓવરટાઇમ અપાય છે જ્યારે કારકુનોને કલાકના રૂા. ૧ લેખે જેટલા કલાક કામ કર્યું હોય તે મુજબ અપાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પટાવાળાઓની વિનંતી નામંજૂર કરવી.

૪૬. **એકસ્ટર્નલ પરીક્ષાઓ અંગેનું કામકાજ પરીક્ષા વિભાગને સોંપવામાં આવ્યું હોવાથી કામનો અને જવાબદારીનો વધારો થયો હોવાથી તેમને એકસ્ટ્રા એલાવન્સ આપવા બાબતની પરીક્ષા વિભાગના હેડ કલાર્ક શ્રી. એચ. બી. ખારોડની અરજી.**

આથી ઠરાવવામાં આવે છે કે એકસ્ટર્નલ એકઝામિનેશન્સના ખાતા ઉપર દેખરેખ રાખવા માટે એક હેડ કલાર્કની જગ્યા મંજૂર કરવી અને તે જગ્યાએ નિમણૂક થાય ત્યાં સુધી શ્રી. એચ. બી. ખારોડને ૧-૭-૧૯૫૪થી રૂ. ૨૫-૦-૦ એલાવન્સ આપવાનું મંજૂર કરવું.

૪૭. **ગુજરાત કૉલેજ, અમદાવાદમાં સિનિયર એમ. એસ. સી. ના વર્ગમાં ૧૯૫૪-૫૫ ના પહેલા સત્ર દરમિયાન ભરેલાં લેકચર્સ નિયમ કરતાં ઓછાં હોવાથી તે માંદગીને કારણે કોન્ડોન કરવા બાબતની શ્રી. એ.ડી. મહેતાની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફતે આવેલી અરજી.**

(નોંધ :— ડાકતરનું સર્ટિફીકેટ રજૂ કરેલું છે. વિદ્યાર્થીની હાજરી નીચે મુજબ છે :

પ્રોફેસરનું નામ : કુલ લેકચર્સ. ભરવાં જોઈતાં લેકચર્સ. ભરેલાં લેકચર્સ. ખૂટતી હાજરી:

શ્રી. બી. આર. ટાંગાવકર	૬	૪	૧	૩

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીની ખૂટતી હાજરી માફ કરવી નહિ.

૪૮. **બીજી યુનિવર્સિટીઓ તરફથી અને બીજી સંસ્થાઓ તરફથી જે ઓરિએન્ટલ પરીક્ષાઓ લેવાય છે તેની સમકક્ષાનો વિચાર કરવા અને એવી પરીક્ષાઓ અહીં દાખલ કરવા સંબંધી વિચાર કરવા નીચેના સભ્યોની એક સમિતિ બોર્ડ ઓફ સ્ટડીઝ ઇન સંસ્કૃતે નીમી છે તેમાં સભ્ય નં. ૫ બોર્ડની બહારના હોવાથી તે મંજૂર રાખવા બાબત :**

૧. શ્રી. રસિકલાલ સી. પરીખ,
૨. શ્રી. ડોલરરાય રં. માંકડ,
૩. શ્રી. રામચંદ્ર આઠવલે,
૪. શ્રી. જે. ટી. પરીખ,
૫. શ્રી. નાગરદાસ આંબાણિયા.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કમિટી ઉપર શ્રી. નાગરદાસ આંબાણિયાને નીમવાનું મંજૂર કરવું.

૪૯. **ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ કઢાવવા અંગેની તા. ૩૦-૧૧-૧૯૫૪ સુધી સિન્ડિકેટની મંજુરીની અપેક્ષાએ લંબાવ્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત:**

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૫૦. ગયા વર્ષની માફક આ વર્ષે પણ યુનિવર્સિટી સપ્તાહના કાર્યક્રમો અંગે જે કેન્દ્રમાં એકથી વધારે કૉલેજો હોય તે કેન્દ્રમાં બધી કૉલેજો વચ્ચે રૂા. ૧૦૦-૦-૦ ની ગ્રાન્ટ આપવી અને જે કેન્દ્રમાં એક જ કૉલેજ હોય તેને રૂા. ૫૦-૦-૦ની ગ્રાન્ટ આપવી એમ સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ ઠરાવ્યા બાબતના અને તે પ્રમાણે કૉલેજોને બક્ષર આપવા કરેલા હુકમ અંગેના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૫૧. શ્રી. સદ્‌વિદ્યામંડળ તરફથી ભરૂચ ખાતે ૧૯૫૫ના જૂનથી શરૂ કરાનારી જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજને ફર્સ્ટ ઇયર અને ઇન્ટર આર્ટ્સ અને સાયન્સ માટે જોડાણ આપવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ કામને માટે નીચે મુજબની સ્થાનિક તપાસણી સમિતિ નીમવી :

૧. પ્રિન્સિપાલ ડૉ. કે. જી. નાયક,
૨. પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી,
૩. પ્રિન્સિપાલ કે. એલ. દેસાઈ.

૫૨. આવતા વર્ષથી શરૂ થતા ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમ માટે એસ. એસ. સી. પાસ થયેલા વિદ્યાર્થીઓ લાયક ગણાશે તો તેમને માટે યુનિવર્સિટીની એન્ટ્રન્સ કે એનરોલમેન્ટ સર્ટિફિકેટ માટેની શી શી જરૂરિયાત છે અને શો પ્રોસિજર કૉલેજે પાળવાનો છે તે જણાવવા બાબતનો એલ. એમ. કૉલેજ ઓફ ફાર્મસીના પ્રિન્સિપાલનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુલેશન ૧૭૩ માં જ્યાં જ્યાં "First Year Science" શબ્દો આવે છે ત્યાં "First Year Science or First Year of Diploma in Pharmacy" એ પ્રમાણે શબ્દો મૂકવા, અને રૂ. ૧૭૩ નો આ પ્રમાણેનો સુધારો સેનેટ આગળ મંજૂરી માટે મૂકવો.

૫૩. આગ્રા યુનિવર્સિટીના આશ્રયે, આગ્રા ખાતે તા. ૨૨, ૨૩ અને ૨૪ મી ડિસેમ્બર ૧૯૫૪ દરમ્યાન ભરાનારી ઇન્ડિયન ઇકોનોમિક એસોસિયેશનની ૩૭ મી વાર્ષિક પરિષદ અંગે આ યુનિવર્સિટીના બે ડેલિગેટો નીમવા બાબતનો મજકૂર એસોસિયેશનના માનદ્ મંત્રી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ડેલિગેટ તરીકે શ્રી. બી. આર. શેનોયને મોકલવા.

૫૪. રાજપુતાના યુનિવર્સિટીના આશ્રયે, જયપુર ખાતે મળનારી ઇન્ડિયન કૉમર્સ એસોસિયેશનની આઠમી પરિષદ તા. ૩૦, ૩૧ ડિસેમ્બર ૧૯૫૪ અને ૧ લી જાન્યુઆરી ૧૯૫૫ દરમ્યાન મળનારી હોવાથી તે અંગે આ યુનિવર્સિટીના ડેલિગેટો નીમવા બાબતનો મજકૂર એસોસિયેશનના જનરલ સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ડેલિગેટ તરીકે પ્રિન્સિપાલ એસ. વી. દેસાઈ ને મોકલવા.

૫૫. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં જૂન ૧૯૫૪ થી ઑક્ટોબર ૧૯૫૪ દરમ્યાન સિનિયર બી. કૉમ. માં ભરેલી હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી માતુશ્રીની માંદગી ને કારણે ખૂટતી હાજરી કોન્ડોન કરવા બાબતની શ્રી. કે એસ. શાહની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફત આવેલી અરજી.

(નોંધ :- મજકૂર વિદ્યાર્થીની સિનિયર બી. કૉમ. ના વર્ગમાં નવેમ્બર ૧૯૫૨ થી ઑક્ટોબર ૧૯૫૩ના વર્ષ દરમ્યાન નીચે મુજબની હાજરી છે.

	કુલ હાજરી :	ભરવી જોઈતી હાજરી	ભરેલી હાજરી	ખૂટતી હાજરી
પહેલું સત્ર :	૯૩	૭૦	૪૦	૩૦
બીજું સત્ર :	૮૪	૬૩	૫૬	૭
			કુલ ખૂટતી હાજરી	૩૭

મજકૂર વિદ્યાર્થીએ તેના ૧૯૫૩ના વર્ષ દરમ્યાન ખૂટેલી હાજરી માટે મેડિકલ સર્ટિફિકેટ રજૂ કરેલું અને ખૂટતી હાજરી માફ કરવા માટે અરજી કરેલી પરંતુ સિન્ડિકેટે તે મંજૂર રાખી ન હતી. હવે તેણે જૂન ૧૯૫૪ થી ઑક્ટોબર ૧૯૫૪ સુધી વધારે સત્ર રાખ્યું છે અને તેમાં તેની હાજરી નીચે મુજબ છે :

ભરેલી હાજરી	ભરવી જોઈતી હાજરી	ખૂટતી હાજરી
૫૩	૬૨	૯)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીની ખૂટતી હાજરી માફ કરવી.

૫૬. ઑક્ટોબર ૧૯૫૪ દરમ્યાન લેવાયેલી પરીક્ષાઓ માટે છપાયેલાં પ્રશ્નપત્રોની ઢીલ અંગે બી. ફાર્મ. તથા બી. એસ. સી. (સર્વિસડિયરી) બી. કોમ. તથા લો પરીક્ષાઓ માટેના સિનિયર સુપરવાઈઝરો તરફથી આવેલી ફરિયાદ ઉપરથી નવજીવન પ્રેસને પુછાવતાં તેમના તરફથી આવેલો જવાબ.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫૭. ગેસ્ટ હાઉસના પ્લાન્સ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે "ગેસ્ટ હાઉસ" ના પ્લાન્સ મંજૂર કરવા.

૫૮. એમ. એસ. સી. ની પ્રેક્ટિકલ પરીક્ષામાં બે બેચની વચ્ચેના સમયમાં તૈયારી માટેનું વળતર આપવા બાબતની અને તે પ્રમાણે બિલ મંજૂર કરવા બાબતની ગુજરાત કૉલેજ કેન્દ્રમાં મજકૂર પરીક્ષા માટે નિમાયેલા એકસ્પર્ટ આસિસ્ટન્ટસ, લેબોરેટરી આસિસ્ટન્ટસ, સ્ટોરકીપર અને હમાલ તરફથી મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફત આવેલી અરજી.

(નોંધ :— ગયે વર્ષે આ પ્રમાણે માગણી આવી ત્યારે ખાસ કેસ તરીકે સિન્ડિકેટે મંજૂર રાખી હતી પરંતુ આ અંગે કાયમનું પ્રોવિઝન કરવું હોય તો સ્કેલ ઑફ રેમ્યુનરેશનમાં

એમ. એસ. સી. પ્રેક્ટિકલના હેડીંગના કોલમ નં. ૧ માં નીચે પ્રમાણે ફેરફાર કરવો આવશ્યક છે :

" Days of preparation :

3 days before the first batch
1 day before the suceeding batches. "

સ્ટાફ વગેરે જેમ છે તેમ રહેવા દેવું.)

આથી ઠરાવવામાં આવે છે કે આવેલી વિનંતી મંજૂર રાખવી અને "સ્કેલ ઓફ રેમ્યુનરેશન"માં એમ. એસ. સી. પ્રેક્ટિકલ્સના હેડિંગના કોલમ ૧માં નીચે પ્રમાણે ફેરફાર કરવો :

" Days of preparation :

3 days before the first batch
1 day before the suceeding batches. "

૫૯. ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ ક્લબને ક્રિકેટ અને વૉલીબોલની રમતો રમવા માટે ગોઠવણ શરૂ કરવા યોગ્ય ગ્રાન્ટ આપવા બાબતમાં ક્લબના ચેરમેન તરફથી આવેલ પત્ર અંગે બોર્ડ ઑફ સ્પોર્ટસની નીચે મુજબની ભલામણ :

ભલામણ :

" આથી ઠરાવવામાં આવે છે કે આ બોર્ડને એમ લાગે છે કે આ પ્રશ્નની વિચારણા કરવાનું કાર્ય આ બોર્ડના કાર્યક્ષેત્ર બહારનું છે અને તેથી સિન્ડિકેટને આ બાબતમાં ઘટતું કરવા આ બોર્ડ ભલામણ કરે છે. "

આથી ઠરાવવામાં આવે છે કે આ કામ માટે રૂા. ૨૦૦-૦-૦ ની નૉન-રિકરિંગ ગ્રાન્ટ આપવી.

૬૦. સંસ્કૃત વિશ્વ પરિષદના બંધારણ મુજબ આ યુનિવર્સિટીના ત્રણ પ્રતિનિધિઓ મજકૂર પરિષદ માટે નૉમિનેટ કરવા બાબતના મજકૂર પરિષદના માનદ્ સામાન્ય મંત્રી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રતિનિધિ નીમવા અશક્ત છે એમ જણાવવું.

૬૧. જુનિયર ક્લાર્ક શ્રી. બી. ટી. ત્રિવેદીની નિમણૂકને તા. ૪-૧૨-૧૯૫૪ના રોજ એક વર્ષ પૂરું થતું હોવાથી તેમને તે જગ્યાએ તે તારીખથી કાયમ કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. ટી. ત્રિવેદીને તા. ૪-૧૨-૧૯૫૪ થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૬૨. જુનિયર ક્લાર્ક શ્રી. બી. એન. ગજ્જરની નિમણૂકને તા. ૪-૧૨-૧૯૫૪ ના રોજ એક વર્ષ પૂરું થતું હોવાથી તેમને તે જગ્યાએ તે તારીખથી કાયમ કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. એન. ગજ્જરને તા. ૪-૧૨-૧૯૫૪થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૬૩. જુનિયર ક્લાર્ક શ્રી. એન. સી. ત્રવાડીની નિમણુકને તા. ૪-૧૨-૧૯૫૪ના રોજ એક વર્ષ પૂરું થતું હોવાથી તેમને તે જગ્યાએ તે તારીખથી કાયમ કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી એન સી. ત્રવાડીને તા ૪-૧૨-૧૯૫૪થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૬૪. ઓર્ડિનાન્સ નં. ૧૮૫ (ii) સી અનુસાર જોઈતાં પ્રેક્ટિસ લેસનો માટે વિદ્યાર્થીઓને એક અડવાડિયું ગામડાની સરકાર માન્ય નિશાળોમાં લઈ જવા બાબતની એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપાલ તરફથી આવેલી દરખાસ્ત મંજૂર રાખવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલની દરખાસ્ત મંજૂર કરવી.

૬૫. સાયકલ સ્ટેન્ડ અને મોટર ગેરેજના પ્લાન્સ અને એસ્ટિમેટસ મંજૂર કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સાયકલ સ્ટેન્ડ અને મોટર ગેરેજ માટેના પ્લાન્સ અને એસ્ટિમેટસ મંજૂર કરવા.

૬૬. બોર્ડ ઑફ એકાઉન્ટસ ઉપર માત્ર એક જ સભ્ય ચૂંટાઈ આવ્યા હોવાથી બીજી ખાલી રહેલી બે જગ્યાઓ ઉપર સભ્ય નીમવા બાબત :

(નોંધ : — મુંબઈ યુનિવર્સિટીમાં પુછાવતાં એમ જવાબ આવ્યો હતો કે ખાલી રહેલી જગ્યાઓ સિન્ડિકેટ ઠરાવ કરી પૂરે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ એકાઉન્ટસ ઉપર શ્રી. એસ. એમ. શાહ અને શ્રી. અરવિંદ નરોત્તમ શેઠને નીમવા.

૬૭. હિંદની ટ્રેનિંગ કૉલેજોની ત્રીજી પરિષદ ઓસ્માનિયા યુનિવર્સિટીના આશ્રયે હૈદ્રાબાદ ખાતે તા. ૨૫, ૨૬ અને ૨૭ મી નવેમ્બર ૧૯૫૪ દરમ્યાન મળનારી હોવાથી તે અંગે આ યુનિવર્સિટીના ડેલિગેટો મોકલવા બાબતના હિંદની ટ્રેનિંગ કૉલેજોના એસોસિએશનના મંત્રી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. એલ. આર. દેસાઈને નીમવા.

૬૮. "સિસ્ટરહુડ રિલેશનશિપ" સ્કીમમાં આ યુનિવર્સિટી ભાગ લેવા માગતી હોય તો આ અંગે જે requirements હોય તે મોકલવા બાબતના હિંદ સરકારના શિક્ષણ ખાતાના સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી આ તબક્કે આ સ્કીમમાં ભાગ લેવા માગતી નથી એમ હિંદ સરકારને જણાવવું.

૭૦. યુનિવર્સિટી ઑફિસમાં કામ કરતા પટાવાળા શ્રી. પોપટલાલ જે. જોષી, ઑફિસમાંથી છૂટા થયા હોઈ તેમનું પ્રોવિડન્ટ ફંડ તેમને પરત કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર પટાવાળાનું પ્રોવિડન્ટ ફંડ રૂલ મુજબ પાછું આપવું.

૭૧. **યુનિવર્સિટી ઑફિસમાં કામ કરતા પટાવાળા શ્રી. ભગવાનલાલ એમ. પટેલને ઑફિસમાંથી છૂટા કરવામાં આવ્યા હોવાથી તેમનું પ્રોવિડન્ટ ફંડ તેમને પરત કરવા બાબત :**

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર પટાવાળાનું પ્રોવિડન્ટ ફંડ રૂલ મુજબ પાછું આપવું.

૭૨. **સિન્ડિકેટે તેની તા. ૬-૧૦-'૫૪ની બેઠકમાં ઠરાવ્યા પ્રમાણે રજિસ્ટ્રારે રજૂ કરેલો સ્ટે. ૧૭૮ નો સુધારેલો ડ્રાફ્ટ મંજૂર કરવા બાબત :**

(નોંધ :— સ્ટેટયુટમાં નીચે પ્રમાણે સુધારા કરવામાં આવ્યા છે :

૧. મજકૂર સ્ટેટયુટની બીજી લીટીમાં "ઑગસ્ટ" શબ્દની જગ્યાએ "સપ્ટેમ્બર અથવા ઑક્ટોબર" એમ મૂકવામાં આવ્યું છે.

૨. હેડિંગ ઃ ફેકલ્ટી ઑફ મેડિસિન નીચે નં. ૫, ૬ અને ૭ ઉમેરવામાં આવ્યાં છે.

(5) Bachelor of Science (Medical)

(6) Master of Science (Medical)

(7) Master of Pharmacy.

આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રારે રજૂ કર્યા મુજબનો સ્ટે. ૧૭૮નો સુધારો મંજૂર કરવો.

(સુધારેલો સ્ટેટયુટ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે આપવામાં આવ્યો છે.)

૭૩. **યુનિવર્સિટી કેમ્પાઉન્ડની આસપાસની બૉર્ડર લાઇન ઉપરનાં ઝાડો રોપવા અંગેના બિલ્ડિંગ સુપરવાઇઝરના રૂા. ૧,૦૦૦ એસ્ટિમેટસને સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ મંજૂર કર્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત :**

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૭૪. **પંપ રૂમ અને એટેન્ડન્ટસ કવાર્ટર્સ બાંધવા માટેના બિલ્ડિંગ સુપરવાઇઝરે રજૂ કરેલા એસ્ટિમેટસની રૂા. ૧૦,૫૦૦ ની રકમ સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ મંજૂર કર્યા બાબતના અને તે કામ જૈનન ડંકરલી એન્ડ કું. ને આપ્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત :**

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૭૫. **એન્ડાઉમેન્ટ ફંડ ખાતાની રૂા. ૧૬,૦૦૦ ની રકમ હિંદ સરકારની ત્રણ ટકા કન્વર્ઝન લોનમાં રોકવા મે. વાઇસ-ચાન્સેલર સાહેબે મંજૂરી આપી છે તેને બહાલી આપવા બાબત :**

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૭૬. **પ્રોવિડંટ ફંડ ખાતાની રૂા. ૭,૦૦૦ ની રકમ હિંદ સરકારની ત્રણ ટકા કન્વર્ઝન લોનમાં રોકવા મે. વાઇસ-ચાન્સેલર સાહેબે મંજૂરી આપી છે તેને બહાલી આપવા બાબત :**

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૭૭. ડુપ્લીકેટિંગ પેપર પૅકેટસ નંગ ૧૫૦૦ મેસર્સ. ઓચ્છવલાલ કેશવલાલ પરીખ પાસેથી અને ડુપ્લીકેટિંગ શાહી એક ગ્રોસ ટયુબ્ઝ, કરેક્ટિંગ ફ્લ્યુડ અડધો ગ્રોસ બૉટલ્સ તથા સ્ટેન્સિલ પેપર્સ એક ગ્રોસ પૅકેટસ મેસર્સ. જેસનર ડુપ્લિકેટર્સ લિમિટેડ પાસેથી એમ કુલ આશરે રૂા. ૮,૦૦૦. ની સ્ટેશનરી ખરીદવાનું મંજૂર કર્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૭૮. ફર્સ્ટ ઇયર આર્ટ્સના બન્ને ડિવિઝન મળીને ૧૫ વધારે વિદ્યાર્થીઓ દાખલ કરવા પરવાનગી આપવા બાબતના ગુજરાત કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપાલ તરફથી આવેલા પત્ર ઉપરથી તેવી પરવાનગી આપ્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને-બહાલી આપવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૭૯. લાયબ્રેરી કમિટીની તા. ૧૦-૧૧-'૫૪ ના રોજ મળેલી બેઠકમાં થયેલા નીચે મુજબના ઠરાવો મંજૂર કરવા બાબત:

ઠરાવ નં. ૧૪૬: "તા. ૧-૭-'૫૩ થી તા. ૩૦-૬-'૫૪ સુધીના એક વર્ષના આવક ખર્ચના હિસાબની નોંધ લેવામાં આવે છે. આ હિસાબ સિન્ડિકેટની જાણ માટે મોકલી આપવો.

ઠરાવ નં. ૧૪૭: "સમાજવિદ્યાભવન તથા ગુજરાતી ભાષાસાહિત્ય ભવન અંગે લાયબ્રેરીની વિશેષ જોગવાઈ પેટે કુલ રૂા. ૨૯,૦૦૦. નું અંદાજ વધે છે. આ વિશેષ કામ જોઈને લાયબ્રેરી સ્ટાફમાં એક ટાઇપિસ્ટ ક્લાર્ક રૂા. ૫૫-૩-૮૫-૪-૧૨૫-૫-૧૩૦ ના ગ્રેડ તથા યુનિવર્સિટીના બીજા સેવકોને મળતાં ભથ્થાની જગ્યા ઊભી કરવાની સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

ઠરાવ નં. ૧૪૯: "લાયબ્રેરીમાં આસિસ્ટન્ટ લાયબ્રેરિયનની એક જગ્યા રૂા. ૨૦૦-૧૦-૨૫૦ પ્રો. બો. -૧૫-૪૦૦ ના ગ્રેડ તથા યુનિવર્સિટીના બીજા સેવકોને મળતાં ભથ્થાં. ની જગ્યા ઊભી કરવાની તથા તે જગ્યા ઉપર લાયબ્રેરીના કેટલોગર શ્રી. એ. આર. દેસાઈની નિમણૂક કરવાની સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે લાયબ્રેરી કમિટીના ઠરાવ નં. ૧૪૬, ૧૪૭ અને ૧૪૯ મંજૂર કરવા.

૮૦. ઓ. ૧૨૯ સુધારવા અંગે સેનેટના સભ્યો તરફથી આવેલાં સૂચનો અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિએ નીચેના ત્રણ સભ્યો સમિતિમાં ઉમેરવાની ભલામણ કરે છે તે મંજૂર કરવા બાબત:

૧. પ્રિન્સિપાલ ડૉ. એમ. એસ. શાહ,
૨. પ્રિન્સિપાલ એ. ડિસોઝા
૩. શ્રી. માધવલાલ બી. શાહ.

આથી ઠરાવવામાં આવે છે કે આ સમિતિ ઉપર નીચેના ત્રણ સભ્યો ઉમેરવા :

૧. પ્રિન્સિપાલ ડૉ. એમ. એસ. શાહ,
૨. પ્રિન્સિપાલ એ. ડિસોઝા,
૩. શ્રી. માધવલાલ બી. શાહ.

૮૧. યુનિવર્સિટી બિલ્ડિંગની નોર્થ વિંગના "સેલર" માં "ટ્રાન્સફોર્મર્સ" વગેરે મૂકવા માટે "પાર્ટિશનો" વગેરે કરાવવા બાબતના શ્રી. આત્મારામ ગનજરે રજૂ કરેલા પ્લાન્સ અને એસ્ટિમેટસ મંજૂર કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે રજૂ થયેલા પ્લાન્સ તથા એસ્ટિમેટસ મંજૂર કરવા.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિ. ૭૧૬૭-૩૪-૧૯૫૪
અમદાવાદ-૯, તા. ૨૬-૧૧-૧૯૫૪

જ. મં. મહેતા
for રજિસ્ટ્રાર

પરિશિષ્ટ 'ક'

કામકાજ નં. ૪

ગુજરાત યુનિવર્સિટી

નં. જન. ૬૫૧૮૯-૨૦૫ —૧૯૫૪
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯. તા. ૨૦-૧૦-'૫૪.

ગુજરાત યુનિવર્સિટીની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટિચિંગની નવમી બેઠક, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, શુક્રવાર તારીખ ૮-૧૦-'૫૪ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળેલી તેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર	હાજર
૨. શ્રી. આર. સી. પરીખ	હાજર
૩. પ્રિન્સિપાલ એમ. એસ. શાહ	હાજર
૪. પ્રિન્સિપાલ એ ડિસોઝા	ગેરહાજર
૫. શ્રી. મગનભાઈ ડી. પટેલ	હાજર
૬. પ્રિન્સિપાલ ટી. કે. મોદી	ગેરહાજર
સરદાર દાવર	
૭. રૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૮. પ્રિન્સિપાલ એસ. વી. દેસાઈ	હાજર
૯. શ્રી. બી. કે. મુન્શીમદાર	ગેરહાજર
૧૦. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૧૧. પ્રિન્સિપાલ એન. એમ. શાહ	ગેરહાજર
૧૨. રૉ. એમ. ડી. અવસારે	હાજર
૧૩. રૉ. સી. સી. શાહ	હાજર
૧૪. પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોર	ગેરહાજર
૧૫. રૉ. એમ. ડી. દેસાઈ	હાજર
૧૬. શ્રી. સી. આર. લાખિયા	હાજર
૧૭. શ્રી. જી. જે. કુલકર્ણી	ગેરહાજર

૧. તારીખ ૧.૭.૧૯૫૪ના રોજ મળેલી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટિચિંગની આઠમી બેઠકની મિનિટ્સ મંજૂર કરવા બાબત :

કામેકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા માટે જુદી જુદી કૉલેજો અને માન્ય સંસ્થાઓના અધ્યાપકો તરફથી આવેલી અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે આ સાથે પરિશિષ્ટ "અ" માં જણાવ્યા પ્રમાણેના શિક્ષકોને જૂન ૧૯૫૫ સુધી માન્ય રાખવા, પરિશિષ્ટ "બ" માં જણાવ્યા પ્રમાણેના શિક્ષકોને માન્ય રાખવા નહીં.

૩. સિન્ડિકેટની તારીખ ૭-૮-૧૯૫૪ના રોજ મળેલ સભાના એજન્ડાના આઈટેમ ૩૨ (બોર્ડ ઑફ યુનિવર્સિટી ટિચિંગની મિનિટ્સ બાબત) બાબતમાં એસ. બી. ગાર્ડા કૉલેજના પ્રિન્સિપાલનો અનુસ્નાતક માન્યતા અંગે કેટલાક ખુલાસા માગતો પત્ર આવેલ તે સિન્ડિકેટે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટિચિંગ તરફ રિપોર્ટ માટે મોકલી આપવા ઠરાવ્યા પ્રમાણે તે પત્ર તેમજ તા. ૧-૭-'૫૪ની બોર્ડની બેઠકમાં નામંજૂર કરવામાં આવેલ ૧. પ્રો. ગોઠીવરેકર અને ૨. પ્રો. એન. કે.પંડ્યાની અનુક્રમે એમ. એ. અને એમ. એસ. સી. માં મૅથેમૅટિકસ તેમજ ગુજરાતી વિષયની અનુસ્નાતક માન્યતા માટેની અરજીઓ અંગે ફરી વિચારણા બાબત આવેલ પત્રો અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે :—

અ બોર્ડ તરફથી નામંજૂર કરવામાં આવતી શિક્ષકોની અનુસ્નાતક માન્યતા માટેની અરજીઓ અંગે તેમ કરવા બાબતનાં કારણો સિન્ડિકેટને આપવાં.

બ તારીખ ૧-૭-'૫૪ના રોજ મળેલી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટિચિંગની બેઠકમાં આઈટેમ ૨ પર નામંજૂર કરવામાં આવેલ અરજીઓ પૈકી નીચે દર્શાવેલ શિક્ષકોને નીચે પ્રમાણે જૂન ૧૯૫૫ સુધી માન્ય રાખવા :

૧. પ્રો. એસ. આર. ગોઠીવરેકર એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી.	એમ. એ. અને એમ. એસ. સી. માટે "મૅથેમૅટિકસ" ગ્રુપ "એ" માટે શિક્ષણ (Teaching) માટે.
૨. પ્રો. એન. કે. પંડ્યા, એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી.	એમ. એ. માટે ગુજરાતી વિષયમાં શિક્ષણ (Teaching) માટે.
૩. પ્રો. વાય. પી. શુકલ બી. જે. ઇન્સ્ટિટ્યુટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદ.	પી. એચ. ડી. માટ ગુજરાતી ખાસ કરીને ગુજરાતી ભાષા અને સાહિત્ય સને ૧૮૧૮થી અત્યાર સુધીનું સંશોધન (Research) માટે.

૪. અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા માટે ડિગ્રી કલાસીસમાં અમુક વર્ષનો શૈક્ષણિક અનુભવ હોવો જરૂરી છે એવો યુનિવર્સિટીનો નિયમ છે પરંતુ "એગ્રિકલ્ચરલ એન્ટોમોલોજી" કે જે એગ્રિકલ્ચરના અભ્યાસક્રમમાં ડિગ્રી કલાસમાં શીખવવામાં આવતો નથી તેના વિષયો માટે તે વિષય છેવટના જે અભ્યાસક્રમમાં શીખવાતો હોય તેનો અનુભવ એમ ગણવા બાબતનો અને આ રીતે થવાથી ડો. એચ. કે. પટેલને એમ. એસ. સી. (એગ્રિ) વિષયમાં રિસર્ચ અને ટિચિંગ માટે એન્ટોમોલોજી વિષયમાં માન્યતા આપવા બાબત બી. એ. કોલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદના પ્રિન્સિપાલ તરફથી આવેલ પત્ર બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૭-૮-'૫૪ના રોજ મળેલ સભામાં આઈટમ નં. 33 પર બોર્ડ ઑફ યુનિવર્સિટી ટિચિંગ તરફ રિપોર્ટ માટે મોકલી આપવા ઠરાવ્યા પ્રમાણે તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડો. એચ. કે. પટેલને એમ. એસ. સી. એગ્રિ. માટે એગ્રિકલ્ચરલ એન્ટોમોલોજી વિષયમાં શિક્ષણ અને સંશોધન માટે જૂન ૧૯૫૫ સુધી માન્ય કરવા, તેમજ અનુસ્નાતક માન્યતા મળવાની અપેક્ષાએ તેમના હાથ નીચે જે વિદ્યાર્થીઓ અભ્યાસ સદર વિષયમાં કરતા હોય તો તેઓને રજિસ્ટર કરવા.

૫. શામળદાસ કોલેજ, ભાવનગરના પ્રોફેસર ટી. કે. શહાણી કે જેઓ હિસ્ટરી ગ્રુપ્સ "એ" અને "બી" માટે એમ. એ. માં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ છે અને જેઓની ગ્રુપ્સ "જી" અને "એચ" માટેની અનુસ્નાતક માન્યતા માટેની અરજી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧-૭-૧૯૫૪ ની બેઠકમાં નામંજૂર કરવામાં આવેલ હતી તેમની હિસ્ટરી ગ્રુપ્સ "એ" અને "બી" માટેની અનુસ્નાતક માન્યતા રદ કરી તેમને ગ્રુપ્સ "જી" અને "એચ" માટે માન્ય કરવા બાબત પ્રિન્સિપાલ મારફત આવેલી અરજી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર ટી. કે. શહાણીની વિનંતી મંજૂર કરવી.

૬. સિન્ડિકેટે નીમેલી પોસ્ટ-ગ્રેજ્યુએટ ટિચિંગ અને રિસર્ચના કો-ઑર્ડિનેશન અંગેની કમિટીના રિપોર્ટ અંગે સિન્ડિકેટે તેની તા. ૭-૮-'૫૪ ના રોજ મળેલ સભામાં સદર રિપોર્ટ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટિચિંગ તરફ અભિપ્રાય માટે મોકલી આપવા ઠરાવ્યા પ્રમાણે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદર રિપોર્ટ એકેડેમિક કાઉન્સિલ તરફ અભિપ્રાય માટે મોકલી આપવો અને અભિપ્રાય આવ્યા બાદ તે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ સમક્ષ વિચારણા માટે મૂકવો.

૭. સિન્ડિકેટની તારીખ ૭-૮-૧૯૫૪ ની સભાના એજન્ડાના આઈટમ નં. ૬૭-યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં વિઝીટિંગ લેકચરર્સની પ્રથા રાખવા અંગે વિચારણા બાબતમાં નીચે દર્શાવ્યા પ્રમાણે ઠરાવેલું તે પ્રમાણે ડાયરેકટર ઑફ સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ તરફથી આવેલ પત્ર અને યોજના પરત્વે વિચારણા કરવા બાબત:

સિન્ડિકેટનો ઠરાવ:

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં કામચલાઉ ગોઠવણ કરવા શ્રી. વાઈસ-ચાન્સેલરને સત્તા આપવી અને કાયમી ગોઠવણ માટે આ બાબતમાં એક નોંધ તૈયાર કરી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ તરફ મોકલવા ડાયરેક્ટર ઑફ સ્કુલ ઑફ સોશિયલ સાયન્સીઝને સુચના કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ સાલની બીજી ટર્મ માટે યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં "ઇકોનોમિકસ" "પોલીટિકસ" અને "સોશિયોલોજી" શીખવતા માન્ય અનુસ્નાતક શિક્ષકોને મદદ કરવા માટે આ વિષયો શીખવતા અધ્યાપકોની સ્થાનિક કૉલેજોમાંથી માહિતી મંગાવવી તેમજ તેઓ ઉપર દર્શાવ્યા પ્રમાણે મદદ કરવા તૈયાર છે કે કેમ તે પુછાવવું. તેઓ માન્ય અનુસ્નાતક શિક્ષક હોવા જોઈએ **એ જરૂરનું નથી.**

પેમેન્ટ વિગેરે માટે હાલની વ્યવસ્થા ચાલુ રાખવી.

૮. **એમ. એન. કૉલેજ, વીસનગરના પ્રોફેસર જે. એ. દવેની વીસનગર રહીને અમદાવાદના પ્રોફેસર એ. એમ. રાવળના હાથ નીચે પી. એચ. ડી. ડિગ્રી માટે સંશોધન કરવા દેવા પરવાનગી આપવા બાબતના પત્ર અંગે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટિચિંગની તારીખ ૧-૭-૫૪ ના રોજ મળેલ સભાએ પ્રોફેસર જે. એ. દવેનું ધ્યાન આ યુનિવર્સિટીના સરકયુલર નં. ૮૪૪૩-૧૯૫૨ તા. ૧૭-૪-૧૯૫૨ તરફ દોરી તેમનું પોતાનું જે કાંઈ સંશોધન કાર્ય પ્રસિદ્ધ કર્યું હોય તે અથવા તેની વિગતો મોકલવા તેમને જણાવવા તેમજ વધુમાં પ્રોફેસર એ. એમ. રાવળને તેઓ પોતાના હાથ નીચે પ્રોફેસર જે. એ. દવેને પી. એચ. ડી. માટે દર શનિ રવિના દિવસો દરમ્યાન દોરવણી આપી શકે તેમ છે કે કેમ તે પુછાવવા આઈટેમ ૬ ઉપર ઠરાવ્યા પ્રમાણે પ્રો. એ. એમ. રાવળ તરફથી આવેલ પત્ર અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર જે. એ. દવેની વિનંતી માન્ય કરવી.

૯. **બી. જે. ઈન્સ્ટિટ્યુટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદમાં પી. એચ. ડી. ડિગ્રી માટે સંસ્કૃત વિષયમાં શ્રી. આર. સી. પરીખના હાથ નીચે રજિસ્ટર થયેલા શ્રી. આર. જી. આસ્તી હાલ એમ. ટી. બી. કૉલેજ, સુરતમાં લેકચરર તરીકે કામ કરે છે એમ માહિતી મળવાથી તેમનો ખુલાસો પુછાવતાં તેમના તરફથી આવેલ પત્ર અંગે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટિચિંગની તારીખ ૧-૭-'૫૪ ના રોજ મળેલ સભાના આઈટેમ ૯ ઉપર શ્રી. આર. સી. પરીખને શ્રી આર. જી. આસ્તીને પી. એચ. ડી. માટે દોરવણી આપવા શી ખાસ વ્યવસ્થા કરી હતી તે પુછાવવા ઠરાવ્યા પ્રમાણે શ્રી. આર. સી. પરીખ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આસ્તીને શ્રી. આર. સી. પરીખના હાથ નીચે તેમનું પી. એચ. ડી. માટેનું સંશોધન કાર્ય ચાલુ રાખવા પરવાનગી આપવી તેમજ શ્રી. આસ્તીને તેમણે આ બાબતની અગાઉ પરવાનગી લેવી જોઈતી હતી એમ જણાવવું.

૧૦. એમ. એ. અને એમ. એસ. સી. ના અભ્યાસક્રમમાં "મેથેમેટિક્સ" વિષયમાં ત્રણ ગ્રુપ અનુક્રમે "એ" "બી" અને "સી" એ પ્રમાણે નિયત થયેલાં છે. આ માટે અનુસ્નાતક શિક્ષકો આખાયે "મેથેમેટિક્સ" વિષય માટે અને ગ્રુપવાર પણ માગણી પ્રમાણે માન્ય કરવામાં આવે છે. ગ્રુપ "સી" કોઈ પણ કૉલેજમાં હાલ શીખવવામાં આવતું નથી. આથી "મેથેમેટિક્સ" વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ શિક્ષકો ફક્ત ગ્રુપ "એ" અને "બી" માટે જ છે તે નક્કી કરવા બાબતમાં બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે તા. ૧-૭-૧૯૫૪ના રોજ મળેલ સભામાં આઇટેમ ૧૦ ઉપર નીચે દર્શાવેલ ઠરાવ પ્રમાણે મેથેમેટિક્સ વિષયના માન્ય અનુસ્નાતક શિક્ષકો તરફથી આવેલ માહિતી અંગે વિચારણા કરવા બાબત.

બોર્ડનો ઠરાવ:

"આથી ઠરાવવામાં આવે છે કે એમ. એ. અને એમ. એસ. સી. માટે મેથેમેટિક્સ વિષયમાં માન્ય થયેલા બધા અનુસ્નાતક શિક્ષકો પાસેથી નીચેની માહિતી મંગાવવી.

૧. એમ. એ. અથવા એમ. એસ. સી. ના મેથેમેટિક્સના કયા ગ્રુપમાં કેટલા વિદ્યાર્થીઓ તેમના હાથ નીચે હાલમાં રજિસ્ટર થયેલા છે.

૨. "બી" ગ્રુપમાં રજીસ્ટર થયેલા વિદ્યાર્થીઓ પૈકી સાતમા અથવા આઠમા પેપર માટેના જુદા જુદા વિકલ્પોમાંથી કયા વિકલ્પ માટે તેઓ કેટલા વિદ્યાર્થીને દોરવણી આપે છે."

આથી ઠરાવવામાં આવે છે કે મેથેમેટીક્સ વિષયના માન્ય અનુસ્નાતક શિક્ષકો તરફથી આવેલ માહિતી સ્વીકારવી.

૧૧. જે એન્ડ જે. કૉલેજના ગુજરાતીના લેકચરર શ્રી. આર. એન. પંડ્યાની નડિયાદ રહીને અમદાવાદના પ્રોફેસર એ. એમ. રાવળના હાથ નીચે પી. એચ. ડી. માટે સંશોધન કરવાની પરવાનગી માગતો પત્ર તેમજ પ્રોફેસર રાવળ તે માટે તૈયાર છે કે કેમ તે અંગે આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. એન. પંડ્યાને માગણી પ્રમાણે પી. એચ. ડી. માટે સંશોધન કરવા પરવાનગી આપવી.

૧૨. ધર્મેન્દ્રસિંહજી કૉલેજના પ્રોફેસર સી. એન. વાડિયા જે. એમ. એ. માં હિસ્ટ્રી ગ્રુપ્સ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ છે તેમની સામળદાસ કૉલેજ, ભાવનગરમાં બદલી થવાથી તેમની અનુસ્નાતક માન્યતા (Recognition) સામળદાસ કૉલેજ, ભાવનગરમાં ટ્રાન્સફર કરવા બાબત માગણી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર સી. એન. વાડિયાનું રેકગ્નિશન (Recognition) સામળદાસ કૉલેજ ભાવનગરમાં ટ્રાન્સફર કરવું.

૧૩. ગુજરાત કૉલેજ, અમદાવાદમાંથી પી. એચ. ડી. માટે રજિસ્ટર થયેલ વિદ્યાર્થી શ્રી. સી. સી. પટેલ કે જેઓ તેમની થિસિસ તારીખ ૨૨-૭-૧૯૫૪ના રોજ રજૂ કરવા

પાત્ર થાય છે તેમની તેઓ થિસિસ પૂરી નહી કરી શકયા હોવાથી તે રજૂ કરવા માટે વધુ ત્રણ માસનો સમય આપવા તેમના માન્ય અનુસ્નાતક શિક્ષક મારફત આવેલી માગણી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી સી. સી. પટેલને તેમની થિસિસ રજૂ કરવા માગણી પ્રમાણે વધુ ત્રણ માસનો સમય આપવો.

૧૪. **પ્રોફેસર કે. ટી. જહાંગીરદાર કે જેઓ એસ. બી. ગાર્ડા કૉલેજમાંથી ૧૯૫૩માં પી. એચ. ડી. માટે રજિસ્ટર થયેલા છે અને જેઓ ૧૯૫૫માં તેમની થિસિસ રજૂ કરવા પાત્ર થાય છે અને જેમણે બે વર્ષ પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદીના હાથ નીચે રાખેલી છે તેઓ હવે ડી. એન્ડ એચ. નેશનલ કૉલેજ બાન્દ્રા, મુંબઈમાં નિમાયેલ હોવાથી તેમનું પી. એચ. ડી. નું કામ પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદીના હાથ નીચે ચાલુ રાખવા પરવાનગી આપવા પ્રિન્સિપાલ ત્રિવેદી મારફત આવેલ માગણી અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર કે. ટી. જહાંગીરદારની વિનંતી માન્ય કરવી.

૧૫. **બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧-૭-૧૯૫૪ના રોજ મળેલ સભાએ પ્રોફેસર આઈ. જે. ધ્રુનું રેકગ્નિશન સામળદાસ કૉલેજ, ભાવનગરમાંથી બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢમાં ટ્રાન્સફર કરવા ઠરાવેલું દરમ્યાન પ્રોફેસર ધ્રુની સૌરાષ્ટ્ર સરકારના હુકમથી એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરમાં ઇકોનોમિકસના પ્રોફેસર તરીકે બદલી થવાથી પ્રથમની માફક તેમનું રેકગ્નિશન સામળદાસ કૉલેજમાં ચાલુ રાખવા અને બહાઉદ્દીન કૉલેજનું તેમનું રેકગ્નીશન રદ કરવા એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ અને સામળદાસ કૉલેજ, ભાવનગરના પ્રિન્સિપાલો મારફત આવેલ માગણી અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર આઈ. જે. ધ્રુનું રેકગ્નિશન (Recognition) સામળદાસ કૉલેજમાં ચાલુ રાખવું અને બહાઉદ્દીન કૉલેજનું રેકગ્નીશન રદ કરવું.

૧૬. **એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરના પ્રિન્સિપાલની એમ. કૉમ. ના વર્ગો ચાલુ કરવા પરવાનગી આપવા બદલની માગણી અંગે વિચારણા કરવા બાબત.**

(નોંધ :— શ્રી. એમ. બી. દેસાઈ ગયા બાદ અત્યારે એમ. કૉમ. માટે ફક્ત એક જ અનુસ્નાતક શિક્ષક શ્રી. ગોગટે છે અને તેઓ ફરજિયાત બે વિષયો અને મરજિયાત વિષયો પૈકી ફક્ત એક સબ ગ્રુપ "સી" માટે માન્ય થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરના પ્રિન્સિપાલને એમ. કૉમ. ના વર્ગો ચાલુ કરવા પરવાનગી આપવી અને જે વિદ્યાર્થીઓને ચાલુ સાલે દાખલ કર્યા હોય તેમને રજિસ્ટર કરવા.

૧૭. એમ. એન. કૉલેજ, વીસનગરમાં એમ. એ. માં હિસ્ટરી "એ" અને "સી" ગ્રુપ માટે ચાલુ સાલે રજિસ્ટર થવા માગતા બે વિદ્યાર્થીઓની રજિસ્ટ્રેશન અરજી પર કૉલેજના પ્રિન્સિપાલ શ્રી. દેશપાંડેએ માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે પોતાને હિસ્ટ્રરી ગ્રુપ "એ" અને "સી" માટે માન્યતા મળવાની અપેક્ષાએ સહી કરી છે તે બે વિદ્યાર્થીઓને "એ" અને "સી" ગ્રુપ માટે તેમના હાથ નીચે રજિસ્ટર થવા દેવા પરવાનગી આપવા બાબતના પ્રિન્સિપાલ દેશપાંડે તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ : ૧. પ્રિન્સિપાલ દેશપાંડેએ હિસ્ટરી "એ" અને "સી" ગ્રુપ માટે અનુસ્નાતક માન્યતા મળવા માટે અલાયદા અરજી કરેલ છે જે આઇટેમ નં. ૨ પર છે.

૨. હાલ હિસ્ટરી ગ્રુપ "એ" અને "સી" માટે એમ. એન. કૉલેજ વીસનગરમાં માન્ય અનુસ્નાતક શિક્ષક નથી.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલ શ્રી. દેશપાંડેને હિસ્ટરી ગ્રુપ "એ" અને "સી" માટે એમ. એ. માં શિક્ષણ (Teaching) માટે અનુસ્નાતક શિક્ષક તરીકે જૂન ૧૯૫૫ સુધી માન્ય કરવા અને અનુસ્નાતક માન્યતા મળવાની અપેક્ષાએ રજિસ્ટર થવા માગતા બે વિદ્યાર્થીઓને તેમને રજિસ્ટર કરવા પરવાનગી આપવી.

૧૮. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદના ફાર્માકૉલોજીના પ્રોફેસર એચ. આર. દેરાસરીની ફાર્માકૉલોજી વિષયમાં પી. એચ. ડી. ડિગ્રી માટે સેન્ટ્રલ ડ્રગ રિસર્ચ ઇન્સ્ટિટ્યુટના ડિરેક્ટર ડૉ. બી. મુકરજીની દોરવણી નીચે સંશોધન કાર્ય કરવા દેવા પરવાનગી મળવા બાબત આવેલ અરજી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર એચ. આર. દેરાસરીને નમૂદ કરેલા અરજીના ફૉર્મમાં કૉલેજના પ્રિન્સિપાલ મારફત રીતસર અરજ કરવા જણાવવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભદ્રિકલાલ અંબાલાલ પટેલ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ 'અ'

નીચે જણાવેલા અધ્યાપકોને તેમના નામ સામે જણાવેલી પરીક્ષા, વિષયો, અને શિક્ષણ (Teaching) અને અથવા સંશોધન (Research) માટે સને ૧૯૫૫ના જૂન સુધી માન્ય રાખવા :

નામ :	વિષય :	ડિગ્રી :	શિક્ષણ : ટીચિંગ : અને અથવા સંશોધન : રિસર્ચ : જેને માટે માન્ય રાખવામાં આવ્યા હોય તે.	કૉલેજ અથવા સંસ્થા.
૧. શ્રી. આર. એમ. જોષી.	ગુજરાતી	એમ. એ.	શિક્ષણ	સર એલ. એ. શાહ લૉ કૉલેજ આર્ટસ સેકશન, અમદાવાદ.
૨. શ્રી. આઈ. કે. દવે	ગુજરાતી	એમ. એ.	શિક્ષણ	ગુજરાત કૉલેજ, અમદાવાદ
૩. શ્રી. ડી. પી. ઠાકર	ગુજરાતી ભાષા અને સાહિત્ય	એમ. એ.	શિક્ષણ	ગુજરાત કૉલેજ, અમદાવાદ
૪. શ્રી. ડી. કે. મનશારામાણી	પર્શિયન	એમ. એ.	શિક્ષણ	ગુજરાત કૉલેજ, અમદાવાદ
૫. શ્રી. જી. એમ. પાટિલ	સંસ્કૃત	એમ. એ.	શિક્ષણ	એમ. એન. કૉલેજ, વીસનગર
૬. શ્રી. એમ. સી. દેસાઈ	ઇકોનોમિકસ ગ્રુપ "સી"	એમ. એ.	શિક્ષણ	સર એલ.એ. શાહ લૉ કૉલેજ આર્ટ્સ સેકશન, અમદાવાદ
નોંધ :– શિક્ષણના પિરિયડ ઘટાડી ૧૩ કરવામાં આવશે એમ માની લેવામાં આવે છે.				
૭. શ્રી. કે. સી. દેસાઈ	હિસ્ટરી ગ્રુપ્સ "એ" અને "બી"	એમ. એ.	શિક્ષણ	એલ. ડી. આર્ટસ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ અમદાવાદ–૬.
નોંધ :– શિક્ષણના પિરિયડ ઘટાડી ૧૩ કરવામાં આવશે એમ માની લેવામાં આવે છે.				
૮. શ્રી. સી. ડી. દેશપાંડે	હિસ્ટરી ગ્રુપ્સ "એ" અને "સી"	એમ. એ.	શિક્ષણ	એમ. એન. કૉલેજ, વીસનગર
૯. શ્રી. એચ. એન. પાઠક	હિસ્ટરી ગ્રુપ્સ "સી" અને "ડી"	એમ. એ.	શિક્ષણ	ગુજરાત કૉલેજ, અમદાવાદ
૧૦. શ્રી. કે. જી. દેસાઈ	એજ્યુકેશન	એમ. ઈ. ડી.	શિક્ષણ અને સંશોધન.	એ. જી. ટિચર્સ કૉલેજ, અમદાવાદ.
૧૧. શ્રી. જે. કે. શુકલ	એજ્યુકેશન	એમ. ઈ. ડી.	શિક્ષણ અને સંશોધન	એ. જી. ટિચર્સ કૉલેજ, અમદાવાદ.
૧૨. શ્રી. જે. કે. શુકલ	એજ્યુકેશન	પી. એચ ડી.	સંશોધન	એ. જી. ટિચર્સ કૉલેજ, અમદાવાદ.

૧૩. શ્રી. પી. એમ. જાની	બોટાની	એમ. એસ. સી.	શિક્ષણ અને સંશોધન	એલ. ડી. આર્ટસ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદ–૯
Registration as an external stdent for any examination does not constitute admission to that particular Examination. For admission to an Examination, a candidate must on or before the prescribed date forward the necessary application in the prescribed form to the University together with the necessary certificates and fee.

(4) Registration for an External Examination to be held in the next calandar year is valid only for the particular Examination and it cannot be reserved or transferred for any subsequent Examination.

A candidate who has once registered himself for an External Examination and appeared and failed at that Examination can appear at a subsequent Examination only after a fresh registration.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ઓગણત્રીસમી સામાન્ય સભા, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, શનિવાર તા. ૪-૧૨-૧૯૫૪ ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળી હતી, જે વખતે હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. હરસિદ્ધભાઈ વ. દિવેટિયા, વાઈસ-ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. એસ. એસ. ભાંડારકર ડાયરેક્ટર ઓફ એજ્યુકેશન, મુંબઈ રાજ્ય.	ગેરહાજર,
૩.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર,
૪.	શ્રી. બટુભાઈ એચ. દેસાઈ	હાજર,
૫.	ડૉ. ભાસ્કર આર. પટેલ	ગેરહાજર,
૬.	શ્રી. ભાઈલાલભાઈ ડી. પટેલ	હાજર,
૭.	શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	ગેરહાજર,
૮.	શ્રી. બી. કે. મૂઝુમદાર	હાજર,
૯.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર,
૧૦.	શ્રી. રતિલાલ એમ. ત્રિવેદી	હાજર,
૧૧.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	ગેરહાજર,
૧૨.	પ્રિન્સિપાલ ડૉ. કે. જી. નાયક	હાજર,
૧૩.	પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી	હાજર,
૧૪.	પ્રિન્સિપાલ ડૉ. આર. પી. પટેલ	હાજર,
૧૫.	પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર	હાજર,
૧૬.	શ્રી. બી. આર. શેનોય	હાજર,
૧૭.	પ્રિન્સિપાલ એમ. ડી. પટેલ	હાજર.

૧. તા. ૧૩-૧૧-૧૯૫૪ના રોજ મળેલી સિન્ડિકેટની ખાસ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત :

કામકાજની નોંધની આર્ટિમ ૪૬ ઉપરના ઠરાવની ત્રીજી લીટીમાં "આજની તારીખથી" એ શબ્દોને બદલે "તા : ૧-૭-૧૯૫૪થી" એ પ્રમાણે સુધારી કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને શ્રી. વાઈસ-ચાન્સેલરે તેના ઉપર સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટી ટ્રસ્ટના ચેરમેન શ્રી. જી. વી. માવલંકર તરફથી આવેલો પત્ર તથા તે સંબંધી થયેલા પત્રવ્યવહાર અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઈસ-ચાન્સેલરે સિન્ડિકેટમાં થયેલી ચર્ચાને ધ્યાનમાં લઈને હકીકતો મેળવવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટના સભ્યોને બધી જ એપેન્ડિક્સ અને પ્લાન્સ મોકલાવવા.

૩. **ગ્રાન્ટસ યુનિલાઈઝેશન કમિટીની તા. ૧૨-૧૧-૧૯૫૪ના રોજ મળેલી છઠ્ઠી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪. **શિક્ષણ અને પરીક્ષણના માધ્યમ અંગેની સમિતિની તા. ૨૫-૯-૧૯૫૪ના રોજ મળેલી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત :**

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫. **એસ. બી. ગાર્ડા કોલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઈન્સ્ટિટ્યુટ, નવસારીના પ્રોફેસર શ્રી. એસ. આર. ગોથીવરેકર, જેઓને એમ. એ. અને એમ. એસ. સી. માં મેથેમેટિક્સ "એ" ગ્રુપમાં શિક્ષણ માટે બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૮-૧૦-૧૯૫૪ના રોજ મળેલી સભાએ અનુસ્તાનક શિક્ષક તરીકે માન્ય કર્યા છે અને જેને સિન્ડિકેટે તેની તા. ૧૩-૧૧-૫૪ના રોજ મળેલી સભાએ બહાલી આપી છે તેમના હાથ નીચે સાત વિદ્યાર્થીઓ એમ. એસ. સી. મેથેમેટિક્સ માટે રજિસ્ટર થવા તૈયાર હોઈ તેઓને નવા સત્રની શરૂઆતથી જ એટલે કે જૂન ૧૯૫૪ થી (Retrospective effect) આપી રજિસ્ટર કરવા અને તે શક્ય ન હોય તો ચાલુ વર્ષથી રજિસ્ટર કરવા પરવાનગી આપવા બાબતનો મજકૂર કોલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલો પત્ર.**

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. આર. ગોથીવરેકરના હાથ નીચે સાત વિદ્યાર્થીઓને જૂન ૧૯૫૪થી ("રિટ્રોસ્પેક્ટીવ ઇફેક્ટ" આપી) રજિસ્ટર કરવા પરવાનગી આપવી.

૬. **આગામી ઈન્ટર આર્ટ્સ અને સાયન્સની પરીક્ષાઓ માટે વીસનગરને કેન્દ્ર તરીકે રાખવા બાબતનો એમ. એન. કોલેજ, વીસનગરના પ્રિન્સિપાલ તરફથી આવેલો પત્ર.**

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૭. **પરીક્ષકોની નિમણુંક અંગેના સ્વીકારપત્ર (Form of acceptance) ની નોંધમાં step relative શબ્દ ઉમેરવા બાબતનો પ્રિન્સિપાલ અ. ક. ત્રિવેદીનો પત્ર.**

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૮. **એકસ્ટર્નલ પરીક્ષાઓની ફી ઇન્ટર્નલ પરીક્ષાઓ કરતાં રૂપ ટકા વધુ રાખવા વિચારણા કરવા બાબતનો પ્રિન્સિપાલ અ. ક. ત્રિવેદીનો પત્ર.**

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૯. **રિડર ઇન ઇકોનોમિકસની જગ્યા અંગે જાહેરખબર આપવા બાબત :**

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૧૦. **યુનિવર્સિટી સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સીઝમાં ડેમોન્સ્ટ્રેટર ઇન સ્ટેટિસ્ટિકસની જગ્યા મંજૂર કરી ડેમોન્સ્ટ્રેટર નીમવા બાબત અને તે અંગે સેનેટની મંજૂરી મેળવવા બાબત :**

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૧૧. પાવર હાઉસથી કૉલેજ સુધી ઇલેક્ટ્રિક કનેકશન અંગે સુધરાઈને ૧૬,૦૦૦ રૂપિયા ડિપોઝીટ આપવાની હોવાથી તે રકમ કૉલેજ રિઝર્વ ફંડમાંથી ઉપાડવા પરવાનગી આપવા બાબતનો પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટના સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે માગેલી પરવાનગી આપવી નહિ.

૧૨. સને ૧૯૫૩-૫૪ના હિસાબોમાં પરિશિષ્ટમાં બતાવ્યા પ્રમાણે રિવાઇઝ્ડ અંદાજ કરતાં એકચ્યુલ ખર્ચ વધારે થયેલ છે તે મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રિવાઇઝ્ડ અંદાજ કરતાં એકચ્યુઅલ વધારે થયેલા ખર્ચને મંજૂર કરવો. (મંજૂર થયેલ વધારાના ખર્ચની વિગત આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે આપવામાં આવી છે.)

૧૩. ઇન્ડિયન ફાર્માસ્યુટિકલ કૉન્ગ્રેસની તા. ૨૯, ૩૦ અને ૩૧મી ડિસેમ્બર ૧૯૫૪ દરમ્યાન વડોદરા ખાતે મળનારી પરિષદ માટે આ યુનિવર્સિટીના ડેલિગેટો નીમવા બાબતના મજકૂર પરિષદના ઓર્ગેનાઇઝિંગ સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલ એ. આર. પી. પટેલને આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા.

૧૪. આગ્રા યુનિવર્સિટીના આશ્રયે, આગ્રા ખાતે ૨૨, ૨૩ અને ૨૪મી ડિસેમ્બર ૧૯૫૪ દરમ્યાન ભરાનારી ઇન્ડિયન ઇકોનોમિક એસોસિએશનની ૩૭મી વાર્ષિક પરિષદમાં આ યુનિવર્સિટીના ડેલિગેટ તરીકે નીમવા બાબતનો પ્રિન્સિપાલ આર. કે. અમીનનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલ આર. કે. અમીનની વિનંતી માન્ય રાખવી નહિ.

૧૫. એમ. ડી. ના પાસિંગ સર્ટિફિકેટમાં અન્ય દર્શાવી સર્ટિફિકેટનું ફૉર્મ સુધારવું કે કેમ તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૧૬. ઇન્ટર આર્ટ્સની એકસ્ટર્નલ પરીક્ષાના રજિસ્ટ્રેશન માટે અરજી કરનાર ઉમેદવાર શ્રી. વી. આર. શુકલ ગયે વર્ષે વિલિંગ્ડન કૉલેજ, સાંગલીમાં એફ. વાય. આર્ટ્સનો અભ્યાસ કરતા હોવાથી તા. ૧૦-૩-'૫૪ સુધી સાંગલીમાં હતા. તેમણે રજિસ્ટ્રેશન માટે અરજી તા. ૨૬-૮-૫૪ના રોજ કરેલી છે તેથી નિયમ મુજબ છ માસ બાબતની શરતમાં ૧૫ દિવસ ખૂટે અને તેથી નામ રજિસ્ટર થઈ શકે નહિ તો તેમની ખૂટતી હાજરી માફ કરવી કે કેમ.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીના રહેઠાણના જે ૧૫ દિવસ ખૂટે છે તે માફ કરવા અને તેમનું નામ રજિસ્ટર કરવું.

૧૭. સ્ટેનોગ્રાફર શ્રી. બી. એમ. વૈદ્યની તેઓને અંગ્રેજી-ગુજરાતી સ્ટેનોગ્રાફી માટે એલાવન્સ આપવા બાબતની, અરજી સિન્ડિકેટે નામંજૂર કરી હતી, તે અંગે તેમની. આ પ્રશ્ન અંગે સરકારમાંથી માહિતી મંગાવવા બાબતની, અને ટાઇપિસ્ટોને પણ આ પ્રકારનું એલાવન્સ આપવાનું સિન્ડિકેટે ઠરાવ્યું છે તે ધ્યાનમાં લઈ. તેમનો કેસ વિચારવા બાબતની અરજી.

(નોંધ :- સિન્ડિકેટના ઠરાવ અનુસાર માહિતી મંગાવતાં ટ્રેઝરી ઑફિસ અમદાવાદમાંથી નીચે મુજબની માહિતી આવી છે:

"Govt. in P. &. S. Dept. have precsribed the grant of personal pay of Rs. 10/-p. m. to the Typists who furnish the requisite certificate in typing in the local official regional language.
No allowance is granted to the Stenographer of the Revenue Department.")

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૧૮. રજિસ્ટ્રારની ઑફિસના સ્ટાફ સભ્યોને (રજિસ્ટ્રાર, આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર તથા ઑફિસ સુપ્રિન્ટેન્ડન્ટ સિવાય) હાલ વાર્ષિક પરીક્ષા અંગેનું જે એલાવન્સ મળે છે તેમાંથી પ્રોવિડંટ ફંડ કાપવા બાબતની સ્ટાફ સભ્યોની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૧૯. ૧૯૫૫ના વર્ષની રજાઓ નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રજાઓની યાદી મંજૂર કરવી. (યાદી આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે આપવામાં આવી છે.)

૨૦. જોઇન્ટ બોર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની તા. ૬-૮-૧૯૫૪ના રોજ મળેલી બેઠકમાં થયેલા નીચે મુજબના ઠરાવ અનુસાર આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ નીમવા બાબત.

"Resolved that the Joint Board is of the opinion that on and from the date when the first batch of students passes the new S. S. C. Course, there should be uniform rules for admission to the colleges in the statutory Universities in tne State of Bombay and that a Committee of two representatives of each University be appointed to draft out such rules. The Secretary of the Board should request the Universities in the State of Bombay to appoint their representatives."

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૨૧. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં હેડકલાર્કની જગ્યા માટે અરજી કરનાર ઉમેદવારો સિનિયર કલાર્કસ શ્રી. આર. બી. ભાવસાર અને શ્રી. એન. જે. પટેલની તેઓને તે જગ્યા ઉપર નીમવા બાબત અથવા જ્યાં સુધી ગવર્મેન્ટની મંજૂરી ના આવે ત્યાં સુધી સિનિયર કલાર્ક તરીકે નીમવા બાબતની અરજી.

(નોંધ :- મુંબઈ સરકારે આ જગ્યા મંજૂર રાખી નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૨૨. ઑક્ટોબર ૧૯૫૪ દરમ્યાન લેવાયેલી પરીક્ષાઓ માટે છપાયેલાં પ્રશ્નપત્રોની ઢીલ અંગે બી. ફાર્મ. તથા બી. એસ. સી. (સબ્સિડિયરી), બી. કોમ. તથા લૉ પરીક્ષાઓ માટેના સિનિયર સુપરવાઇઝરો તરફથી આવેલી ફરિયાદ ઉપરથી નવજીવન પ્રેસને પુછાવતાં તેમના તરફથી આવેલો જવાબ.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૨૩. વોલ્ટેર ખાતે મળેલી ઇન્ટર યુનિવર્સિટી બોર્ડની બેઠકમાં થયેલા ઠરાવ નં. VIII (1) ઉપર વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા બોર્ડ ઑફ સ્ટડીઝ ઇન એજ્યુકેશન તરફ મોકલતાં બોર્ડ કરેલી નીચે મુજબની ભલામણ :

ઠરાવ : VIII (1)

" (1) Considered the suggestion that Indian Universities who have the B. T. or B. Ed. courses be asked to include " Home Science " as a special subject for teaching."

Resolved that the University with B. T. or B. Ed. degree courses be requested to the desirability of including Home-Science as an optional subject for the B. T. or B. Ed. degree. "

બોર્ડ ઑફ સ્ટડીઝ ઇન એજ્યુકેશનની ભલામણ :

" Resolved to recommend to the Syndicate that, in view of the fact that the Home Science is not taught in any of the Schools in Ahmedabad or in Gujarat, it is not possible to include Home Science as optional subject in the B. Ed. degree course. "

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૨૪. ૧૯૫૪ના બીજા છ માસ દરમ્યાન લેવાયેલી પરીક્ષાઓ દરમ્યાન જે વિદ્યાર્થીઓએ ગેરવ્યાજબી દલાજો (unfair means) નો ઉપયોગ કર્યો હોય તેવા કેસો તપાસી સિન્ડિકેટને રિપોર્ટ કરવા નીમેલી સમિતિનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે કામકાજની નોંધ મંજૂર કરવી. (કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે આપવામાં આવી છે.).

૨૫. ૧૯૫૪ના બીજા છ માસ દરમ્યાન લેવાયેલી પરીક્ષાઓ દરમ્યાન પ્રાધ્યાપકો, પરીક્ષકો, સિનિયર-જુનિયર સુપરવાઇઝરો, ફેકલ્ટીઝ વગેરેએ જે ભૂલો કરી હોય તેમના કેસો બાબતમાં તપાસ કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા નીમેલી સમિતિનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે કામકાજની નોંધ મંજૂર કરવી. (કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "ઘ" તરીકે આપવામાં આવેલ છે.)

૨૬. ઑલ ઇન્ડિયા આર કમિટીના રિપોર્ટ બાબત યુનિવર્સિટીનો અભિપ્રાય મોકલી આપવા બાબતના મજકૂર રિપોર્ટ સહિત, મુંબઈ સરકારના કાયદા ખાતાના સેક્રેટરી તરફથી આવેલો પત્ર ફેકલ્ટી ઑફ લોના અભિપ્રાય માટે મોકલ્યો હતો તે અંગે ફેકલ્ટીનો નીચે મુજબનો અભિપ્રાય :

" Resolved that the University takes note of the letter and is in full agreement with the recommendations of the Committee in so far as they relate to the University.

This faculty accords its full approval and assures its co-operation in the matter of prospective all India Legislation in this behalf. "

આથી ઠરાવવામાં આવે છે કે ફેકલ્ટી ઑફ લોનો અભિપ્રાય મંજૂર કરવો.

૨૭. પટના બાતે તા : ૨૮ મીથી ૩૧મી ડિસેમ્બર ૧૯૫૪ દરમ્યાન મળનારી બેાલ ઇન્ડિયા બેજ્યુકેશનલ કેાન્ફરન્સ માટે આ યુનિવર્સિટીના રેલીગેટેા નીમવા બાબતનેા બેાલ ઇન્ડિયા ફેડરેશન બાફ બેજ્યુકેશનલ બેસેાસિબેશનના જનરલ સેક્રેટરી તરફથી બાવેલેા પત્ર.

બાથી ઠરાવવામાં બાવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૨૮. ગુજરાત કેાલેજ, બમદાવાદના વિદ્યાર્થિની કુમારી સાચા મબેલ જેકેાબભાઈ બેમની બેમ. બેસ. સી. માટેની થિસિસ માટે બેકેડેમિક કાઉન્સિલની ભલામણેા બનુસાર સિન્ડિકેટે તેની તારીખ ૯-૧૦-૧૯૫૪ના રેાજ મળેલી બેઠકમાં ડેા. ડી. બેલ. મંજુનાથ. વાઈસ-ચાન્સેલર, માઇસેાર યુનિવર્સિટી, બેંગલેાર, બેમની બેકસ્ટર્નલ રેફરી તરીકે નિમણુક કરી હતી, પરંતુ ડેા. મંજુનાથ પશ્ચિમ બાફ્રિકામાં હેાવા બદલ તેમનાં પત્ની તરફથી બન્ટર્નલ રેફરી પ્રેા. બેસ. બાર. પટેલ મારફત પત્ર બાવેલ છે, તેા તે બંગે વિચારણા કરવા બાબત :

(નેાંધ :- કેમિસ્ટ્રીની બેાર્ડ નીચે પ્રમાણે બેકસ્ટર્નલ રેફરીની ભલામણ કરેલી તે પૈકી બેકેડેમિક કાઉન્સિલે ડેા. મંજુનાથની ભલામણ કરેલી જેને સિન્ડિકેટે બદલી બાપી હતી :

1. Dr. D. L. Manjunatha, D. Sc.,
Vice-Chancellor,
Mysore University, Bangalore.

OR

2. prof. T. R. Govindachari,
Dept. of Chemistry,
Presidency College, Madras.

બાથી ઠરાવવામાં બાવે છે કે પ્રેાફેસર ટી. બાર. ગેાવિંદચારી, ડિપાર્ટમેન્ટ બેાફ કેમિસ્ટ્રી, પ્રેસિડેન્સી કેાલેજ, મદ્રાસને બેકસ્ટર્નલ રેફરી તરીકે નીમવા.

૨૯. જુનિયર ક્લાર્ક શ્રી. બે. સી. ભાવસારની નિમણુકને તા. ૫-૧૨-૧૯૫૪ના રેાજ બેક વર્ષ પૂરું થતું હેાવાથી તેમને તે તારીખથી તે જગ્યાબે કાયમ કરવા બાબત :

બાથી ઠરાવવામાં બાવે છે કે જુનિયર ક્લાર્ક શ્રી. બે. સી. ભાવસારને તા : ૫-૧૨-૫૪થી તેમની જગ્યાબે કાયમ કરવા.

૩૦. જુનિયર ક્લાર્ક શ્રી. બાર. બેસ. ગાંધીની નિમણુકને તા. ૭-૧૨-૧૯૫૪ના રેાજ બેક વર્ષ પૂરું થતું હેાવાથી તેમને તે તારીખથી તે જગ્યાબે કાયમ કરવા બાબત :

બાથી ઠરાવવામાં બાવે છે કે જુનિયર ક્લાર્ક શ્રી. બાર. બેસ. ગાંધીને તા. ૭-૧૨-૧૯૫૪ થી તેમની જગ્યાબે કાયમ કરવા.

૩૧. કુમારી વિમળા બેમ. પટેલની નિમણુકને તા. ૧૨-૧૨-૧૯૫૪ના રેાજ બેક વર્ષ પૂરું થતું હેાવાથી તેમને તે તારીખથી તે જગ્યાબે કાયમ કરવા બાબત :

બાથી ઠરાવવામાં બાવે છે કે જુનિયર ક્લાર્ક મિસ વિમળા બેમ. પટેલને તા : ૧૨-૧૨-૧૯૫૪થી તેમની જગ્યાબે કાયમ કરવાં.

૩૨. ગુજરાત કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. એન. એચ. સહીજવાનીની એમ. એસ. સી. ની ડિગ્રી માટેની થિસિસ રેફરીઝે મજકૂર ડિગ્રી માટે સ્વીકાર્યા બાબતની ભલામણ ઉપરથી તેમને તે ડિગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૩૩. ઇન્ટર આર્ટ્સનો એક વધારે વર્ગ ઉઘાડવા પરવાનગી આપવા બાબતના સર એલ. એ. શાહ લૉ કૉલેજના પ્રિન્સિપાલના પત્ર પરત્વે મજકૂર પરવાનગી આપ્યા બાબત અને આ અંગે સ્ટાફ અને બીજી સગવડો છે કે કેમ તે શ્રી. બટુભાઈ એચ. દેસાઇ એ રિપોર્ટ કરવા બાબત સિન્ડિકેટે ઠરાવ કર્યો હતો તે પ્રમાણેનો શ્રી. બટુભાઈ એચ. દેસાઇનો નીચે મુજબનો રિપોર્ટ :

> "I have the honour to state that Sir L. A. Shah Law College has got (Additional) necessary staff and accommodation for the additional division of Inter Arts."

આથી ઠરાવવામાં આવે છે કે રિપોર્ટની નોંધ લેવી.

૩૪. ગુજરાત યુનિવર્સિટીના ૧૯૫૨-૫૩ ના ઑડિટ થયેલા હિસાબો મંજૂર કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે હિસાબો મંજૂર કરવા. (નકલ અલાયદી છાપવામાં આવી છે.)

૩૫. સિન્ડિકેટે ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના શ્રી. નેરૂરકરને તા. ૬-૮-૧૯૫૪ થી ૩૧. ૭૫. ની ફેલોશિપ એક વર્ષ માટે મંજૂર કરી હતી પરંતુ તેઓએ એટોમિક એનર્જી કમિશન ઑફ ઇન્ડિયાની જુનિયર રિસર્ચ આસિસ્ટન્ટશિપ સ્વીકારી હોવાથી તેમની જગ્યાએ હવે શ્રી. કે. રામનાથનને મજકૂર ફેલોશિપ આપવા બાબતનો ડૉ. વિક્રમ એ. સારાભાઈ તરફથી આવેલો પત્ર. (પત્રમાં નીચે પ્રમાણે જણાવેલું છે :

> "Shri Ramanathan is registered for the M. Sc. degree of the Gujarat University and he is in charge of the project "Intensity of Cosmic Ray Neutrons" financed by the Gujarat University.
>
> Shri Ramanathan has made good progress in this project and his work has been satisfactory")

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૩૬. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદમાં, ઇન્ટર આર્ટ્સના વર્ગમાં ભણતા વિદ્યાર્થી શ્રી. એન. જી. વિરપુરે ગુજરાત કૉલેજ, અમદાવાદમાં મરાઠીનાં લેક્ચર્સ ભરતા હોવાથી મજકૂર પરીક્ષા માટે આ વિષય લેવા પરવાનગી આપવા બાબતની તેમના તરફથી મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફત આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલે માગેલી પરવાનગી આપવી નહિ.

૩૭. **સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદમાં ફર્સ્ટ ઈયર અને ઇન્ટર આર્ટ્સમાં અભ્યાસ કરતા કેટલાક વિદ્યાર્થીઓને ઉર્દૂ, હિંદી, મરાઠી, સિંધી વગેરે વિષયોનો આનગી અભ્યાસ કરવા દેવા પરવાનગી આપવા બાબતની કૉલેજના પ્રિન્સિપાલ મારફત આવેલી અરજી નામંજુર કરેલી તે અંગે ફરી વિચારણા કરવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલો પત્ર.**

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલની વિનંતી નામંજૂર કરવી.

૩૮. **એમ. એસ. સી. (મેડિકલ)ની પરીક્ષા માટે એપ્રિલ અને ઓક્ટોબરમાં નિમાયેલા એકસ્ટર્નલ પરીક્ષકોની તેમને મુસાફરી ભથ્થું તથા હોલ્ટીંગ એલાવન્સ આપવા બાબતની અરજી.**

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર પરીક્ષકોની વિનંતી મંજૂર રાખવી.

૩૯. **Encouragement of Dramatic Art અંગેની યોજના અનુસાર ગુજરાત યુનિવર્સિટીએ પોતાની યોજના મોકલવા બાબત તથા રિજિયનલ કમિટી ઉપરના ત્રણ પ્રતિનિધિઓ નીમવા બાબતના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન, સ્ટેટ ઓફ બોમ્બે તરફથી આવેલો પત્ર.**

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૦. **બી. એસ. સી. (મેડિકલ), એમ. એસ. સી. (મેડિકલ), એમ. ઈ., એમ. ફાર્મ. અને એમ. ઈ.ડી. ની પરીક્ષાઓ માટે પ્રશ્નપત્રો કાઢવા માટે તેમ જ તપાસવા માટે આપવાના મહેનતાણાના દર નક્કી કરવા બાબત તેમ જ મજકૂર પરીક્ષાઓમાં પ્રેક્ટિકલ્સ માટે કેટલો સ્ટાફ આપવો તેમ જ તેમને મહેનતાણું શું આપવું તે નક્કી કરવા બાબત :**

આથી ઠરાવવામાં આવે છે કે—

૧. બી. એસ. સી. (મેડિકલ), એમ. એસ. સી. (મેડિકલ), એમ. ઈ. અને એમ. ઈ. ડી. ની પરીક્ષાઓ માટે મુંબઈ યુનિવર્સિટી પ્રમાણે નિયમો રાખવા. (નિયમો આ સાથે પરિશિષ્ટ " ચ " તરીકે આપવામાં આવ્યા છે.)

૨. એમ. ફાર્મ. માટે નીચે મુજબ નિયમો રાખવા :

For papers.....Rs. 100/- each (per paper)
For Thesis.....Rs. 25/-
For Practicals .....Rs. 7/8 - per candidate
Daily Allowance .....Rs. 10/-
T. A. .....Second Class Fare.

(પ્રેક્ટિકલ્સ માટેના સ્ટાફને માટેનું ટેબલ પરિશિષ્ટ " છ " માં જણાવ્યા મુજબ રાખવું.)

૪૧. યુનિવર્સિટી સ્ટાફના સભ્યો માટે મુસાફરી ભથ્થા અંગેના નિયમો તૈયાર કરવા બાબત ફાઇનાન્સ કમિટી તરફ મોકલતાં થયેલી નીચે મુજબની ભલામણ :

" આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી સ્ટાફના સભ્યોને મુસાફરી ભથ્થું બોમ્બે સિવિલ સર્વિસ રૂલ્સ પ્રમાણે આપવું. વધુમાં, કોઈ પણ જગ્યાએ ૨૪ કલાક અથવા તેથી ઓછા સમય માટે કરેલા રોકાણ માટે પણ હૉલ્ટિંગ એલાવન્સ આપવું. "

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ કમિટીની ભલામણ મંજૂર કરવી.

૪૨. ફાઇનાન્સ કમિટીની નીચે મુજબની ભલામણ :—

" આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે મેસર્સ જહાંગીર બ્રધર્સ, અમદાવાદના ભાવ સૌથી ઓછા હોવાથી તેમની પાસેથી નીચે પ્રમાણે સ્ટીલ ફરનીચર ખરીદવાં :

૧. સ્ટોરવેલ કબાટ નંગ ૨ — ૩. ૧૮૫-૦-૦ નંગના.

૨. ગ્લાસ ડોર કબાટ નંગ ૧૦ — ૩. ૧૩૦૭-૦-૦ નંગના. "

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ કમિટીની ભલામણ મંજૂર કરવી.

૪૩. આર. આર. લાલન કૉલેજ, ભુજને બી. એ. (જનરલ) માં સાયકૉલોજી વિષય શીખવવા પરવાનગી આપવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપાલનો પત્ર અને તે ઉપરનો સ્થાનિક તપાસણી સમિતિનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજમાં બી. એ. (જનરલ) માં સાયકૉલોજી વિષય શીખવવા પરવાનગી આપવી અને તે બાબત સરકારને જણાવવું.

૪૪. શ્રી. એમ. કે. કાતરિયા, કે જેઓને ગુજરાત કૉલેજ, અમદાવાદમાં ફર્સ્ટ ઈયર આર્ટ્સમાં દાખલ કરેલા છે, પરંતુ એનરોલમેન્ટ સર્ટિફીકેટ માટેનાં ફૉર્મ સહિત આવેલું એસ. એસ. સી. માર્કસ સર્ટિફિકેટ જોતાં તેઓ ફર્સ્ટ ઈયર આર્ટ્સમાં દાખલ થવાને લાયક નથી, તેમ જણાવતાં, તેઓને બીજા સત્રમાં ફર્સ્ટ ઈયર સાયન્સમાં ટ્રાન્સફર કરી આપવા પરવાનગી આપવા બાબતનો અને તેઓની પહેલા સત્રની હાજરી ફર્સ્ટ ઈયર સાયન્સ માટેની ગણી લેવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલો પત્ર.

(નોંધ:—તે રૂ. ૧૭૩ (II) (બી.) પ્રમાણે એફ. વાય. સાયન્સમાં દાખલ થવા લાયક છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલની વિનંતી મંજૂર કરવી.

૪૫. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં એમ. એ. ના વર્ગમાં ભરેલી હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તે કોન્ડોન કરવા બાબતની શ્રી. જી. આર. છાબ્રીઆ તરફથી મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફત આવેલી અરજી.

(નોંધઃ—વિદ્યાર્થીની હાજરી નીચે મુજબ છેઃ—

કુલ લેક્ચર્સઃ	ભરવાં જોઈતાં લેક્ચર્સઃ	ભરેલાં લેક્ચર્સઃ	ખૂટતી હાજરીઃ
૧૫	૧૦	૬	૪.)

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૬. **મુંબઈ સરકારે શ્રી. એચ. એન. પાઠકનું રાજીનામું મંજૂર કર્યું ન હોવાથી તેઓ આ યુનિવર્સિટીમાં રિડર ઇન ઇકોનોમિક્સ તરીકે થયેલી તેમની નિમણુકને સ્વીકારી શકે તેમ નથી એમ જણાવતો તેમના તરફથી આવેલો પત્ર.**

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૭. **ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી લેવા માટેની તારીખ ૩૧-૧૨-'૫૪ સુધી લંબાવવા બાબત :**

આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી લેવા માટેની છેલ્લી તારીખ ૩૧-૧૨-૧૯૫૪ સુધી લંબાવવી.

૪૮. **કોલેજોના નિયમિત વિદ્યાર્થીઓ માટેનાં પ્રોવિઝનલ એનરોલમેન્ટ સર્ટિફિકેટોને ફાઈનલ એનરોલમેન્ટ સર્ટિફિકેટો ગણી લેવા કોલેજોને ખબર આપવા ઠરાવ કરવા બાબત :**

(નોંધઃ—છેલ્લાં બે વર્ષથી આપણે આ પ્રમાણે કરીએ છીએ.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોવિઝનલ એનરોલમેન્ટ સર્ટિફિકેટોને ફાઈનલ એનરોલમેન્ટ સર્ટિફીકેટો તરીકે ગણી લેવા કોલેજોને ખબર આપવી.

૪૯. **યુનિવર્સિટી બોર્ડ ઓફ સ્પોર્ટસની તા. ૨૦-૧૧-'૫૪ ના રોજ મળેલી બેઠકના ઠરાવ નં. ૫ અને ૬ માં થયેલી ભલામણો મંજૂર કરવા બાબત તથા તે સિવાયના ઠરાવોને બહાલી આપવા બાબત :**

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫૦. **યુનિવર્સિટી બોર્ડ ઓફ સ્પોર્ટસ ઉપર સિન્ડિકેટે નીમેલા નીચે મુજબના સભ્યોની મુદત તા. ૮-૧૨-૧૯૫૪ ના રોજ પૂરી થતી હોવાથી તેમની જગ્યાએ સભ્યો નીમવા બાબત :**

૧. શ્રી. બી. કે. નાયક,

૨. શ્રી. રમણીકભાઈ પટેલ, પ્રિન્સિપાલ, રાજપીપળા ફિઝિકલ ઇન્સ્ટિટ્યુટ.

૩. શ્રી. છગનભાઈ પી. પટેલ,

૪. શ્રી. મણિભાઈ એન. નાયક, પ્રેસિડેન્ટ, મહેમદાવાદ એકેડેમી.

(નોંધ :— સિન્ડિકેટે સભ્યો નીમવા અંગે ઓર્ડિનાન્સ ૮ નીચે પ્રમાણે છે :

"The members appointed by the Syndicate shall ordinarily be persons possessing expert knowledge or experience in a branch or branches of sports and shall hold office for three years, but shall be eligible for re-appointment.")

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫૧. લાયબ્રેરી વિગમાં વાયરિંગ અને લાઈટિંગ ઇન્સ્ટોલેશન માટેનાં ટેન્ડરોમાંથી કોનું ટેન્ડર મંજુર કરવું તે નક્કી કરવા બાબત :

(નોંધ :- ધી ગુજરાત ઇલેક્ટ્રિક કંપની, અમદાવાદ અને ૨. જેસલ ઇલેક્ટ્રીક કંપની, મુંબઈ તરફથી ટેન્ડરો આવ્યાં છે. ૧૨૦ રૂપિયાની બે એન્ટ્રીમાં બીજી કંપની એ ભાવો લખ્યા નથી. એ બાદ કરતાં પહેલી કંપનીનું ટેન્ડર રૂા. ૧૭, ૮૭૨-૧૨-૦ નું થાય છે જ્યારે બીજી કંપનીનું ટેન્ડર રૂા. ૧૭,૮૦૧-૧૨-૦ નું છે. આમ માત્ર ૭૧ રૂપિયાનો ફેરફાર પડે છે તો કઈ કંપનીનું ટેન્ડર મંજૂર કરવું તે નક્કી કરવા બાબત :)

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫૨. એમ. એસ. યુનિવર્સિટી ઓફ બરોડાએ શ્રી. બી. આર. શિનોયને ફેકલ્ટી ઓફ આર્ટ્સ અને ફેકલ્ટી ઓફ કોમર્સમાં વીઝિટિંગ પ્રોફેસર તરીકે છ ભાષણો આપવા આમંત્ર્યા છે, તો તે આમંત્રણ સ્વીકારવા પરવાનગી આપવા બાબતનો શ્રી. બી. આર. શિનોય તરફથી આવેલો પત્ર.

(નોંધ :- દરેક લેકચર દીઠ રૂા. ૧૦૦ મળશે. તેઓ "Indian Monetary Policy since Independence ઉપર લેકચરો આપવા માગે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે માગેલી પરવાનગી આપવી.

૫૩. શ્રી. બી. આર. શિનોયનો યુનિવર્સિટી સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સીઝમાં ડાયરેક્ટર અને પ્રોફેસર ઓફ ઇકોનોમિક્સ તરીકે કાયમ કરવા બાબતનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫૪. એકસ્ટર્નલ પરીક્ષાઓ અંગેના ઓર્ડિનાન્સ ૧૭૪-એ. માં "Prior to the date of his registration" ને બદલે "Immediately preceding the date of their application for registration" શબ્દો મૂકી અને પેરા (૩) માં "Fortnight શબ્દને બદલે "Month" શબ્દ મૂકી સુધારો કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ઓર્ડિનાન્સ ૧૭૪-એ. માં "prior to the date of his registration" ને બદલે "Immediately preceding the date of their application for registration" શબ્દો મૂકી અને પેરા (૩) માં "Fortnight" શબ્દને બદલે "Month" શબ્દ મૂકી સુધારો કરવો. (સુધારેલો ઓર્ડિનાન્સ આ સાથે પરિશિષ્ટ "જ" તરીકે આપવામાં આવ્યો છે.)

૫૫. જે વિદ્યાર્થીઓ પોસ્ટ-ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ તરીકે રજિસ્ટર થયા હોય તેઓની જે માન્ય થયેલ શિક્ષકના હાથ નીચે રજિસ્ટર થયા હોય તેમનાં લેક્ચર્સ અને તે સિવાયનાં બીજાં લેક્ચર્સ જે માન્ય ન થયેલા હોય એવા શિક્ષકોના ભર્યાં હોય, તે બધીય હાજરી નિયમ મુજબ જોઈતી કુલ હાજરીમાં ગણવા બાબત મંજૂર કરવા બાબત:

(નોંધ :- મુંબઈ યુનિવર્સિટીમાં આ પ્રમાણે ગણાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે મુંબઈ યુનિવર્સિટીના નિયમો સ્વીકારવા.

૫૬. શ્રી. વી. જી. અમીન કે જેઓએ ૧૯૫૨-૫૩ના વર્ષમાં એમ. એન. કૉલેજ, વીસનગરમાં એમ. એ. ગ્રૂપ "એ" અને "સી" માટે એક સત્ર ભર્યું છે તેઓને ૧૯૫૪-૫૫ના બીજા સત્રમાં એમ. એન કૉલેજ, વીસનગરને બદલી ધર્મેન્દ્રસિંહજી કૉલેજ રાજકોટમાં દાખલ થવા પરવાનગી આપવા બાબતની ધર્મેન્દ્રસિંહજી કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલી અરજી.

(નોંધ :- નિયમાનુસાર પ્રથમ સત્રના અંત સુધીમાં કૉલેજ બદલી શકાય. મજકૂર કેસમાં ઉમેદવારે ૧૯૫૨-૫૩ના વર્ષમાં પ્રથમ સત્ર ભર્યું છે. લાંબી માંદગી બાદ હવે ૧૯૫૪-૫૫ના બીજા સત્રમાં કૉલેજ બદલવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે માગેલી પરવાનગી આપવી.

૫૭. એકસ્ટર્નલ પરીક્ષામાં બેસનાર એફ. વાય. આર્ટ્સના ઉમેદવારોએ જે વિષયો રાખ્યા હોય અને તે વિષયોની પરીક્ષા લેવાની કોઈ પણ કૉલેજમાં સગવડ ના હોય તે અંગેના કેસો બાબત શું કરવું તે નક્કી કરવા બાબત:

(નોંધ :- નીચે પ્રમાણે કરવું કે કેમ :-

કર્યા તો દરેક કૉલેજને આપણે તે કૉલેજમાં જે વિદ્યાર્થીઓ મોકલીએ તે વિદ્યાર્થીઓની તેના વિષયોમાં પરીક્ષા લેવાની ફરજ પાડવી. જેમને ત્યાં જે વિષયો શિખવાતા ન હોય તે વિષયના પ્રશ્નપત્રો કાઢવાની અને તપાસવાની વ્યવસ્થા તે કૉલેજે કરી લેવાની રહે. આપણે વિદ્યાર્થી દીઠ રૂા. ૧૫ દરેક કૉલેજને આપવા ઠરાવ્યું છે તેથી કૉલેજે તે વ્યવસ્થા કરવી જોઈએ.)

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫૮. યુનિવર્સિટી જર્નલના દરેક ઇસ્યુ માટે કયા કયા વિષયોનું એકીકરણ કરવામાં આવે તે અને જર્નલને લગતા બીજા સવાલોની વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫૯. એમ. ફાર્મ. ની પરીક્ષા માટે કેટલી ફી રાખવી તે નક્કી કરવા બાબત અને તે પ્રમાણે એ. ૧૨૯ માં સુધારો કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે એમ. ફાર્મ ની પરીક્ષાની ફી રૂા. ૨૦૦-૦-૦ રાખવી.

૬૦. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં સિનિયર એમ. એ. માં હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તે કોન્ડોન કરવા બાબતની મિસ. એલ. સી. બોરસદાની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફત આવેલી અરજી.

(નોંધ :- અરજીમાં જણાવે છે કે તેઓ યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષા માટે તા. ૧૪ મી સપ્ટેમ્બરથી ૧૭ મી ઓકટોબર સુધી મુંબઈ હોવાથી તેમની હાજરી ખૂટે છે. વિદ્યાર્થિનીની હાજરી નીચે મુજબ છે :

	કુલ લેકચર્સ	ભરેલાં લેકચર્સ	ભરવાં જોઈતાં લેકચર્સ	ખૂટતી હાજરી
ગ્રૂપ "સી"	૨૬	૧૩	૧૮	૫
ગ્રૂપ "એ"	૧૪	૫	૧૦	૫
			કુલ ખૂટતી હાજરી	૧૦)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થિનીની ખૂટતી હાજરી માફ કરવી.

૬૧. નીચે મુજબની બોર્ડ ઓફ સ્ટડીઝ ઇન જોગ્રેફીની ભલામણ :

"The list of applicants for Examinership together with the Panels of the previous year must be sent to all members of the Board together with Agenda."

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૬૨. સિન્ડિકેટ વિભાગ માટે એક જુનિયર કલાર્કની જગ્યા સિન્ડિકેટે એક વર્ષ માટે ગયા ડિસેમ્બરમાં મંજૂર કરી હતી તો તે જગ્યા કાયમ કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર જગ્યા કાયમ કરવી.

૬૩. ઓર્ડિનાન્સ નં. ૮૭માં સુધારો કરવા અંગેના પ્રિન્સિપાલ અ. ક. ત્રિવેદીના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૬૪. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ. ડી. અને એમ. એસ. પાર્ટ ૧ નાં લેકચર્સ લેવાય છે તેના પ્રોગ્રામની યાદી વાડીલાલ સારાભાઈ હોસ્પિટલમાં મોકલાવવા બાબત અને મજકૂર કૉલેજને આવાં લેક્ચર્સની વખતોવખતની યાદી હવે પછી મજકૂર હૉસ્પિટલમાં મોકલાવવા લખવા બાબતના વી. એસ. હોસ્પિટલના એમ. ડી. અને એમ. એસ. ના કેટલાક વિદ્યાર્થીઓ તરફથી આવેલી અરજી અને તે અંગે બી. જે. મેડિકલ કૉલેજના પ્રિન્સિપાલનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ વિદ્યાર્થીઓને ભાષણોમાં બેસવા દેવા જોઈએ એમ બી. જે. મેડિકલ કૉલેજના પ્રિન્સિપાલને જણાવવું.

૬૫. સોરાષ્ટ્ર સરકાર તરફથી રાજકોટ ખાતે શરૂ કરાનારી લૉ કૉલેજને માટે નિમાયેલી સ્થાનિક તપાસણી સમિતિના સભ્ય શ્રી. સરદાર દાવર ટી. કે. મોદીએ અશક્તિ જણાવી હોવાથી તેમની જગ્યાએ શ્રી. એમ. એસ. પંડિતને સભ્ય તરીકે નીમ્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ — ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૬૬. હાલની ઑફિસની કાર નાની હોવાને લીધે તેને બદલે નવી મોટી કાર લેવા બાબતની ફાઇનાન્સ કમિટીની નીચે મુજબની ભલામણ :

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે હાલની કાર જાહેરખબર આપી વેચી દેવી અને તેને બદલે "સ્ટાન્ડર્ડ વેન્ગાર્ડ" ૧૯૫૪ના મોડલની મેસર્સ. અમદાવાદ મોટર્સ લી. પાસેથી રૂ. ૧૩,૯૯૫-૦-૦ની કિંમતે ખરીદવી."

(નોંધ :- હાલની કારની કિંમત લગભગ રૂા. ૬,૦૦૦ આપણને મળશે એટલે રૂ. ૭,૯૯૫-૦-૦ આપણે આપવાના રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ કમિટીની ભલામણમાં જણાવેલી "સ્ટાન્ડર્ડ વેન્ગાર્ડ" કારને બદલે "ડોજ" કાર લેવી અને હાલની કારને જાહેરખબર આપી વેચી નાખવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં. ૭૫૭૫૭-૭૩-૧૯૫૪,
અમદાવાદ - ૯, તા. ૨૧-૧૨-૧૯૫૪.

જ. મં. મહેતા
For રજિસ્ટાર.

પરિશિષ્ટ "ક"

કામકાજ નં. ૧૨

ગુજરાત યુનિવર્સિટી

વર્ષ ૧૯૫૩–૫૪

રિવાઇઝડ અંદાજ કરતાં વધુ ખર્ચ થયેલ હોય તેવાં ખાતાંઓની માદી અને ખુલાસા

	રિવાઇઝ અંદાજ	એકચ્યુઅલ્સ	વધારો	ખુલાસો
	રૂ. આ. પા.	રૂ. આ. પા.	રૂ. આ. પા.	
પરીક્ષા ખર્ચ		**જનરલ ફંડ એકાઉન્ટ**		
પ્રૂફ તપાસણી ખર્ચ	૩,૦૦૦–૦–૦	૬,૪૭૦–૦–૦	૩,૪૭૦–૦–૦	પરીક્ષકો જેઓ પ્રૂફ તપાસવાનું કામ કરતા તેઓ તે અંગેનો ચાર્જ તેઓના મહેનતાણાના બિલોમાં સમાવેશ કરતા હતા અને તેથી પ્રૂફ તપાસણી અંગેનો ખર્ચ જે તે પરીક્ષાના મહેનતાણાના ખર્ચ ખાતે પડતો હતો પણ આ વર્ષે ઘણા પરીક્ષકોએ પ્રૂફ તપાસણી માટેનાં જુદાં બિલો રજૂ કર્યાં છે અને તેથી તે અંગેનો ખર્ચ પ્રુફ તપાસણી ખર્ચ ખાતે પડયો છે અને તેટલે અંશે જુદી જુદી ફેકલ્ટીઓના પરીક્ષકોના મહેનતાણાના ખર્ચમાં ઘટાડો થયેલ છે. ઉપરાંત નવસારી અને મોરબીને સેન્ટરો તરીકે આ વર્ષે રાખવામાં આવ્યાં હોવાથી તે સેન્ટરો પૂરતો પ્રૂફ તપાસણીનો ખર્ચ થયેલ છે.

પ્રૂફ તપાસણી ખર્ચ અંગેના પેટા ખાતામાં ખર્ચનો વધારો છે છતાં "પરીક્ષા ખર્ચ" ના મુખ્ય મથાળે એકંદરે રિવાઇઝડ અંદાજ કરતાં એકચ્યુઅલ ખર્ચમાં વધારો નથી.

	રિવાઇઝ્ડ અંદાજ	એકચ્યુઅલ્સ	વધારો	ખુલાસો
પરીક્ષાના સવાલ-પત્રોની છપામણી	૪૫,૦૦૦-૦-૦	૪૯,૮૨૯-૨-૩	૪,૮૨૯-૨-૩	આ વર્ષે નવસારી અને મોરબીને સેન્ટરો તરીકે રાખેલ તેથી રૂા. ૨,૪૭૫ નો સવાલપત્રોની છપામણી અંગેનો ખર્ચ ઉપરનાં સેન્ટરોમાં થયો. ઉપરાંત માર્ચ-એપ્રિલ ૧૯૫૩ની એન્જિનીયરિંગ પરીક્ષા માટે સવાલપત્રોમાં છાપવા માટે બ્લોકસ બનાવેલ તેનો રૂા. ૨,૫૬૦-૮-૦ નો ખર્ચ ૧૯૫૨-૫૩ ના વર્ષમાં નહીં પડતાં બિલો મોડાં આવવાથી તે ખર્ચ ૧૯૫૩-૫૪ ના વર્ષમાં પડેલ છે. આ પેટા મથાળે ખર્ચનો વધારો હોવા છતાં "પરીક્ષા ખર્ચ" ના મુખ્ય મથાળે એકંદરે રિવાઇઝ્ડ અંદાજ કરતાં એકચ્યુઅલ ખર્ચમાં વધારો નથી.
પરીક્ષકોના મહેનતાણા ખર્ચ-એગ્રીકલ્ચરલ પરીક્ષા	૬,૦૦૦-૦-૦	૮,૫૫૪-૧૨-૦	૨,૫૫૪-૧૨-૦	રિવાઇઝ્ડ અંદાજ કરતાં એકચ્યુઅલ ખર્ચ વધુ છે પણ રૂા. ૧૧૦૦૦ ના મૂળ અંદાજ કરતાં ઓછો છે.
ઉમેદવારોનાં નામોના લિસ્ટ તથા બીજું છપામણી ખર્ચ.	૧૮,૦૦૦-૦-૦	૧૮,૪૪૮-૬-૦	૪૪૮-૬-૦	આ બંને પેટા મથાળે ખર્ચનો સામાન્ય વધારો છે. "પરીક્ષા ખર્ચ" અંગેના મુખ્ય મથાળે એકંદરે રીવાઇઝ્ડ અંદાજ કરતાં એકચ્યુઅલ ખર્ચ ઓછો છે.
પરીક્ષા પરચૂરણ ખર્ચ	૨૦,૦૦૦-૦-૦	૨,૦૫૫૧-૦-૩	૫૫૧-૦-૩	
યુનિવર્સિટી મીટિંગોનાં મુસાફરી ભથ્થાં.				
મુસાફરી ભથ્થાં સેનેટ	૯,૦૦૦-૦-૦	૧૦,૮૬૨-૧૨-૦	૧,૮૬૨-૧૨-૦	તા. ૨૬-૪-૧૯૫૪ના રોજ સેનેટની રીકિવઝિશન સભા રાખવામાં આવેલ તેથી તે અંગેના મુસાફરી ભથ્થાંના ખર્ચને લીધે આ વધારો થવા પામેલ છે. તેમ છતાં આ અંગેના મુખ્ય ખર્ચ ખાતામાં એકંદરે રિવાઇઝ્ડ અંદાજ કરતાં એકચ્યુઅલ ખર્ચ ઓછો થયેલ છે.

	રિવાઇઝ્ડ અંદાજ	એક્ચ્યુઅલ	વધારો	ખુલાસો
છપામણી, સ્ટેશનરી તથા ટપાલ ખર્ચ.				
યુનિ-કૅલેન્ડર તથા હૅન્ડ બુકની છપામણી :	૬,૦૦૦-૦-૦	૬,૪૭૦-૧૨-૦	૪૭૦-૧૨-૦	આ બંને પેટા મથાળે અંદાજે રકમના પ્રમાણમાં ખર્ચનો સામાન્ય વધારો છે. તેમ છતાં મુખ્ય ખર્ચ ખાતામાં એકંદરે રિવાઇઝ્ડ અંદાજ કરતાં એક્ચ્યુઅલ ખર્ચ ઓછો થયેલ છે.
તાર તથા ટપાલ ખર્ચ	૧૫,૦૦૦-૦-૦	૧૫,૧૩૮-૫-૧૧	૧૩૮-૫-૧૧	

જનરલ ફંડ એકાઉન્ટ

શારિરિક શિક્ષણ પ્રવૃત્તિઓ, રમતગમત વગેરે				
વિદ્યાર્થીઓની તંદુરસ્તી અને દાક્તરી તપાસ વિભાગ–મોંઘવારી તથા બીજાં ભથ્થાં.	૨,૫૦૦-૦-૦	૨,૬૬૧-૧૦-૦	૧૬૧-૧૦-૦	રિવાઇઝ્ડ અંદાજ કરતાં એક્ચ્યુઅલ ખર્ચ વધુ છે પણ રૂા. ૩,૬૦૦. ના મૂળ અંદાજ કરતાં ઓછો છે. ચિફ મેડિકલ ઓફિસરને માસિક રૂા. ૩૦. મકાન ભાડાં ભથ્થાં તરીકે આપવાનું સિન્ડિકેટે નક્કી કર્યું તેને લીધે ખર્ચનો વધારો થયો છે.
પરચૂરણ ખર્ચ				
કન્ટીજન્સી ખર્ચ	૩,૫૦૦-૦-૦	૫,૧૭૫-૧-૩	૧,૬૭૫-૧-૩	રિવાઇઝ્ડ અંદાજ કરતાં એક્ચ્યુઅલ ખર્ચ વધુ થયો છે પણ રૂા. ૬,૦૦૦ ના મૂળ અંદાજ કરતાં ઓછો થયો છે. ખર્ચનો વધારો મુખ્યત્વે કરીને નવા મકાનમાં બારીઓ માટે સાદા પડદા વેનીશિયન પડદા તથા બારણા માટે ગોદરેજ તાળાઓ ખરીદ્યા તેને લીધે છે. આ પેટા ખર્ચ ખાતે વધુ ખર્ચ થયા છતાં "પરચૂરણ ખર્ચ" નામના મુખ્ય ખર્ચ ખાતે એકંદરે રિવાઇઝ્ડ અંદાજ કરતાં એક્ચ્યુઅલ ખર્ચ ઓછો છે.

ગુજરાત યુનિવર્સિટી લાયબ્રેરી એકાઉન્ટસ ૧૯૫૩-૫૪

	રિવાઇઝ્ડ અંદાજ	એક્ચ્યુઅલ	વધારો	ખુલાસો
ફરનિચર	૧૨,૦૦૦-૦-૦	૧૨,૨૦૬-૧૦-૯	૨૦૬-૧૦-૯	રૂા. ૧૨,૦૦૦ ની અંદાજેલ રકમના પ્રમાણમાં, રૂા. ૨૦૬-૧૦-૯ ના ખર્ચનો વધારો સામાન્ય છે. લાયબ્રેરી ડિપાર્ટમેન્ટમાં રિવાઇઝ્ડ અંદાજમાં કુલ રૂા. ૮૬,૪૫૦. ના ખર્ચ સામે એકંદરે એક્ચ્યુઅલ ખર્ચ રૂા. ૭૩,૩૧૩-૧૪-૩ થયેલ છે.

પરિશિષ્ટ 'અ'

કામકાજ નં. ૧૯

The following are the Holidays for the year 1955.

1.	New Year's Day	1 st January	Saturday
2.	Makarsakranti	14th January	Friday
3.	Indian Republic Day	26th January	Wednesday
4.	Holi (2nd day)	9th March	Wednesday
5.	Jamshedji Navroz	21st March	Monday
6.	Ramanavmi	1st April	Friday
7.	Mahavir Jayanti	5th April	Tuesday
8.	Good Friday	8th April	Friday
9.	Ramzan-Id (Id-ul-Fitr)	24th May	Tuesday
10.	Bakri-Id(Id-ul-Azha)	30th July	Saturday
11.	Cocoanut Day	3rd August	Wednesday
12.	Gokul Ashtami	11th August	Thursday
13.	Independance Day	15th August	Monday
14.	Moharam	29th August	Monday
15.	Parsi New Year	2nd September	Friday
16.	Khordad Sal	7th September	Wednesday
17.	Ganesh Chaturthi	19th September	Monday
11.	Samwatsari	20th September	Tuesday
19.	Dassera	26th October	Wednesday
20.	Id-e-Milad	29th October	Saturday
21.	Dhan Teras	12th November	Saturday
22.	Diwali (2 days i. e. Diwali & New Year's day)	14th November 15th November	Monday Tuesday
23.	Bhai Bij	16th November	Wednesday
24.	University Incorporation Day.	23rd November	Wedensday

Note:- No days have been notified as Holidays on account of Maha Shivratri (20th Februrary), Mahatma Gandhi's Birthday (2nd October), Kali Chaudash (13th November) and Christmas (25th December), as these Holidays fall on Sundays.

પરિશિષ્ટ 'ગ'

કામકાજ નં. ૨૪

GUJARAT UNIVERSITY

A meeting of the Committee appointed by the Syndicate to consider the cases of candidates who have resorted to unfairmeans during the examinations of the University held in second half of the year 1954 and to report thereon was held in the University Office on 12th November 1954 at 4-30 p. m. when the attendance was as under :—

1.	The Vice-Chancellor	Present
2.	Shri Batubhai H. Desai,	Present
3.	Principal R. P. Patel	Present
4.	Shri R. M. Trivedi	Present

The Committee had before it all the original papers of the cases referred to and the short summary prepared by the office. The Committee carefully considered the explanations received from the candidates No. 137 at 2nd LL. B. and No. 10 of B. Com. The explanation of No. 62 at the 2nd LL.B. (Old Course) even though called upon, was not received. Considering the evidence and the explanations recived, the Committee resolved to recommend as under :—

The Committee is of the opinion that the candidates mentioned below should be declared to have failed at the Examination and be debarred from appearing at any of the University examinations upto the date mentioned against each and that the exemptions, if any, earned by them in this or any previons examination be forfeited.

Case No :

No. 62 at 2nd LL.B. (Old Course)	Permanently debarred from appearing at any examination of this University.
No. 137 at 2nd LL.B. (Old Course)	Debarred upto 30th June 1955.

As regards Candidate No. 10 at the B.Com Examiation, the Committee recommends that no action be taken against him and his result be declared.

The Committee further resolved to call for certain information from the chairman of the Board of Paper Setters at the 2nd LL.B. Examination (Old Course) Examination of October 1954.

1. Sd/ H. V. Divatia
2. " Batubhai H. Desai
3. " R. P patel
4. " R. M. Trivedi

પરિશિષ્ટ 'ઘ'

કામકાજ નં. ૨૫

GUJARAT UNIVERSITY

A meeting of the Committeee appointed by the Syndicate to consider the cases of mistakes committed by the Paper-setters, Examiners, Supervisors, Factotums, etc. and to report thereon was held in the University Office on the 12th November 1954 at 4-OO P. M. when the attendance was as under:-

1. The Vice-Chancellor	Present
2. Shri Batubhai H. Desai	Present
3. Shri R. M. Trivedi	Present
4. Prin. R. P. Patel	Present.

The Committee had before it all the original papers of the cases referred to and the short summary prepared by the office. The Committee after carefully considering all the cases report as under :—

The Committee recommends to the Syndicate that action as mentioned below against each person should be taken. :

S.No.	Subject.	Name of the person	Recommendation of the committee.
1.	Anatomy at 1st M.B.B.S. April 1954.	Dr. G. V. Barve	No action as the spelling mistake was immaterial.
2.	Physiology at 1st M.B. B. S. April 1954.	Dr. E. M. Best	Warning be given for the spelling mistake and want of punctuation signs in the manuscript.
3.	Pharmacology at 2nd M.B.B.S. April 1954.	Dr. A. D. Joseph	No action for not crossing 't's and 'i's.
4.	Medicine at 3rd M.BB.S. April 1954.	Dr. H. S. Khandheria	Warning be given for spelling mistakes in the manusripts.
5.	Forensic Medicine at 3rd M.B.B.S. April 1954.	Dr. C. K. Patel	Deduction of Rs 5/- be made for not inserting the instructions regarding answering two sections separately in the manuscript and for spelling mistakes.
6.	Preventive Medicine at 3rd M.B.B.S. April 1954.	Dr. R. D. Vohra	No action for spelling mistakes.

S.No.	Subject	Name of the person:	Recommendation of the Committee
7.	Midwifery and Gynaecology at 3rd M. B. B. S. April 1954.	Dr. S. B. Anklesaria	No action as no definite instructions are issued in the matter of giving instructions to the candidates regarding options.
8.	Pathology at 3rd M. B. B. S. April 1954.	Dr. Y. M. Bhende	No action as the instructions did not provide for initialling each page.
9.	Surgery at 3rd M.BB.S. April 1954.	Dr. P. P. Sheth	Rs. 20/- mainly to be deducted for putting manuscripts in wrong envelopes.
10.	Opthalmology at 3rd M.B.B.S. April 1954.	Dr. V. B. Mankad	Rs.5/-to be deducted for spelling mistakes and for not putting question mark at the end of the question.
11.	Ancient Indian Culture at M.A. April 1954.	Prof. H. G. Shastri	Rs.5/- be deducted for putting wrong entry of marks.
12.	Mohomedan Law at 2nd LL.B. Examination October 1954.	Prin. M.M. Thakore	Rs./5-be deducted for omission of the word "Testator" in question 8 (f).
13.	Law of Property etc. at the 2nd LL.B. (Old) October 1954.	Prin. S.G. Chitle	Rs.10/-be deducted for mistakes in assigning 60 maximum marks in section I of the paper instead of 50.
14.	2nd LL.B. & B. Com. Examinations October 1954.	Shri. R. M. Shah	Rs.20/-be deducted for having accepted Junior Supervisorship at the Examination though his relatives were appearing at the Examinations.

Ahmedabad,
Dated the 18th November 1954.

1. Sd/- H. V. Divatia,
2. Sd/- Batubhai H. Desai
3. Sd/- R. P. Patel
4. Sd/- R. M. Trivedi.

પરિશિષ્ટ 'ચ'

કામકાજ નં. ૪૦

REMUNERATION FOR WRITTEN EXAMINATIONS

B.Sc. (Medical)

	Rs. As. Ps.
1. Drawing up a question paper of three hours	75—0—0
2. Examining an answer-paper of three hours	1—8—0
3. Attendance at a Printing Press to correct a proof or proofs of a paper or papers	10—0—0

M.Ed. & M.Sc. (Med.) Examinations

1. Drawing up a question paper	100—0—0
2. Examining an answer papcr	3—0—0
3. Attendance at a Printing Press to correct a proof or proofs of a paper or papers	10—0—0
4. Examining a dissertation at the M. Ed.	20—0—0
5. Examining a dissertation at the M. Sc. (Med.)	25—0—0
*6. Examining a thesis	100—0—0

(Associate Examiners appointed to set questions of translation in French and German in some of the special subjects at the M.Sc. Examinatton will be paid remuneration of Rs.15/-per question paper)

*Payable separately to each

External referee or Examiner.

M. E. Examination

An honorarium of Rs. 200/-to each Referee or to cach Examiner in each Branch.

PRACTICAL AND ORAL EXAMINATIONS

B.Sc. (Med.) Examination

For each practical examination, or for each day where it is laid down that the practical examination shall occupy a certain number of days	2—0—0

M. Sc. (Med.) Examination

For each practical, oral or other special examination necessary in the case of candidates who submit thesis, or for each day where it is determined that such practical, oral or other **Special** examination shall occupy more than one day Rs.	4—0—0

The minimum remuneration to each examiner for each practical oral, or other special examination, or for each day where it is determined that such practical, or other special examination shall occupy more than one day shall be Rs. 12/-.

SCALE OF REMUNERATION TO ASSISTANTS TO EXAMINERS AT PRACTICAL EXAMINATIONS

Medical Examinations

	Rs. As. Ps.
Expert Assistant	10—0—0 per day
Laboratory Assistant.	5—0—0 ,,
Qualified Nurse	5—0—0 ,,
Machine Minder	5—0—0 ,,
Storekeeper	3—0—0 ,,
Hamal	2—0—0 ,,

Laboratory Supervisors

In each Laboratory or workshop, where the practical examination is held, the Principal of the college to which the laboratory or worksoop belongs is authorised to appoint a responsible member of his staff attached to that laboratory or workshop where the practical examination is going on to supervise the laboratory or workshop in case (i) none of the examiners for the practical examination is a member of the staff of the college or (ii) examiners are not required to be personally present at the time of practical examination. Such supervisors will be paid as under.

For Engineering Examinations.....Rs. 25

For others:—

4 hours or less ... ...Rs. 10

More than 4 hours to 7 hours ...Rs. 15

Two Practicals ... ...Rs. 15

Tabular Statement of Assistants for the Practical Examinations

B. Sc. (Med.)

Subject:	Days of preparation	Days of Cleaning	Expert Asstt.	Laboratory Asstt.	Store-keeper	Hamal
Human Anatomy	1	—	1	1	—	2
Human Physiology:-						
*(i) Experimental Physiology	1	1 day 1 Lab. Asstt.) 1 Hamal)	1	1	—	1
*(ii) Practical Bio-Chemistry	1	1 day 1 Lab. Asstt.) 1 Hamal)	1	1	—	1
Pharmacology	1	1	1	1	—	1
Pathology, Bacteriology and Parasitology,	—	—	—	1	—	1

M.Sc. (Med.)

In each Branch	1	—	1	1	—	1

*One store-keeper will also be allowed only for the actual days of both the above practical examinations.

પરિશિષ્ટ "છ"

કામકાજ નં. ૪૦

M. PHARM EXAMINATION

Subject:-	Days of prepa-ration	Days of clean-ing	Expert Assis-tants.	Laboratory Assistants	Machine minder	Hamal	Student for batch.
Pharmaceu — tical Technology	2	1	2	1	1	2	6
Pharmaceu — tics	2	1	2	1	1	2	6
Pharmaceu — tical Chemistry	2	1	2	I	—	2	6
Pharmaco — gnosy	2	1	—	—	—	—	—
Pharmaco — logy.	2	1	2	1	—	2	6

પરિશિષ્ટ 'જ'

કામકાજ નં. ૫૪

Amended Ordinance 174-A.

Registration as external students for the First Year Arts, Intermediate Arts, B.A. (External) Examination shall be open to students within the Gujarat University Area Saurashtra or Cutch living continuously for a period of at least six months immediately preceding the date of their application for registration as an external student for a particular Examination. Army Education Corps personnel are exempted from the condition about residential qualification.

(1) No student whose name is registered in a College or at the University during an academic year, for any course either in the Arts Faculty or in any other Faculty shall be registered as an external student during that academic year, except in exceptional cases sanctioned by the Syndicate.

(2) Every student intending to register as an external student must obtain from the Registrar, the appropriate Registration Form. This duly completed must be received at the University together with the Registration Fee, on or before the date prescribed for registration.

An application for registration as an external student shall be endorsed in a prescribed form by a member of the Senate of the University or by a teacher of the University or an affiliated college or by a Head Master of a High School or by Gazetted Officer of Government.

Registration as an external student shall be treated as cancelled, if the external student after such registration joins a college or University.

The Registration Fee shall be Rs.5/-. Registration Fee shall not be returned in any circumstances after the student has been once registered. If the candidate after applying for registration withdraws his application or requests it to be cancelled or does not complete the application or fails to supply the information required for registration and his application for registration is rejected on account of this, only half the fee will be refunded.

(3) The Registrar shall send an official intimation of Registration to every student who has applied for Registration as an external student within a month from the date of the receipt of application with the necessary fee, provided the application is in order.

Registration as an external stdent for any examination does not constitute a mission to that particular Examination. For admission to an Examination, a can date must on or before the prescribed date forward the necessary application in th prescribed form to the University together with the necessary certificates and fee.

(4) Registration for an External Examination to be held in the next calandar year is valid only for the particular Examination and it cannot be reserved or transferred for any subsequent Examination.

A candidate who has once registered himself for an External Examination and appeared and failed at that Examination can appear at a subsequent Examination only after a fresh registration.